# રાજકઠીઆરો.



રણછોડલાલ મોતીલાલ બુકસેલર.

ॐ तत् सत परमात्माने नमः

અસલી

# રાજ કઠીઆરો.

નૉવેલ

ભાગ ૧-૨ સંપુર્ણ.

કર્તા.

હલાલ જેઠાલાલ વાડીલાલ

દોહરો

સુખ દુઃખ વિધિએ નિરમ્યું, નહી કોથી મટનાર;
હું કર્તા સુખ દુઃખનો, કહેનારોજ ગમાર.

છપાવી પ્રસિદ્ધ કર્તા

બુકસેલર રણછોડલાલ મોતીલાલ.

રીચીરોડ—અમદાવાદ.

આવૃતિ ૩ જી  પ્રત ૨૦૦૦  સને ૧૯૨૫

કીમત રૂ. ૧—૪—૦

ધી "સૂર્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદભાઇ ત્રીકમલાલે છાપી.
કાળુપુર ટંકશાળ અમદાવાદ.

# પ્રસ્તાવના.

---

સુજ્ઞ વાંચક વૃંદ.

જો કે ઘણી ખરી નોવેલો આપે વાંચી હશે પરંતુ સરળ અને સહેલું લખાણ વાંચવાથી મને જે આનંદ ઉપજે તેટલો આનંદ અઘરૂં લખાણ વાંચવાથી ઉપજતો નથી; સમ ભાષામાં સંસ્કૃત ભાષા ઉમેરવાથી વિદ્વતા ભર્યું લખાણ ગણાય છે, ને તેને વિદ્વાનો પસંદ કરે છે. પણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોય તેઓને વાંચવામાં અઘરૂં થઇ પડે છે સરળ ભાષાનું લખાણ સર્વેને વાંચવા માટે સરળ પડે છે, હમારા તરફથી નરસી મેહેતો મીરાંબાઈ વીગેરે પુસ્તકો બહાર પડયાં છે, તે નોવેલો જે વાંચકોએ વાંચ્યાં હશે તેમને સરળ લખાણથી આનંદ મળ્યો હશે. રાજકઠીઆરો નોવેલમાં કર્મ બળનો આબેહુબ ચીતાર દર્શાવેલો છે. વિદ્વાન સાક્ષર કવી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીની કસાયલી કલમથી લખાયેલું ને ભજવાયેલું; વીણાવેલી એ નામનું નાટક જગ પ્રસીધ અને લોકપ્રિય થઈ પડેલું છે, તેથી આ નોવેલ તેમાંનાં અસર કારક ભાષણો અને જ્ઞાન સાથે ગમ્મત આપનાર હોવાથી વિશેષ લોકપ્રિય થશે એમ ધારી બહાર પાડવામાં આવ્યું છે. વિશેષમાં આ જમાનાની પ્રજા ગાયનો

વાંચવાનો શોખ ધરાવતી હોવાને લીધે સમયાનુસાર કેટલાંક ચુંટી કાઢેલા રાગનાં ગાયનો પણ મુકવામાં આવેલાં છે જેથી ગાયનો વાંચવાના શોખીનોને પણ સરખીજ રમુજ મળશે.

આવું જ્ઞાન સાથે ગમ્મત આપનારૂ ઉમદુ પુસ્તક લખવા ઇશ્વરે મને સહબુદ્ધિ આપી, તેથી હું તે પરમ કૃપાળુનો તન મનથી આભાર માનું છુ; મારા લખાણમાં લખાણની તેમજ મુદ્દ સુધારવાની સઘળી ખામીને માટે ક્ષમા ચાહુ છું.

લી. શેવક

દલાલ જેઠાલાલ વાડીલાલ

---

ઘણા વખતથી બંધ રહેલી તેથી ઉપરા ઉપરી માગણીઓ થવાથી બીજી આવૃત્તી બહાર પાડી છે.

બુકસેલર રણછોડલાલ મોતીલાલ.



ॐ तत् सत् परमात्मने नमः

# રાજકઠીઆરો.

નોવેલ

ભાગ ૨ જો.

કર્મ બળનો આબેહુબ ચિતાર.

---

## મંગળાચરણ.

કવા—                                    સ્તુતી

ગજાનન ! અતિ ગુણધર-શુભ આરંભે એકર.
સમરૂ નામ ! તું સ્વામિ ! હે સુંઢ ધર. ગજાનન.
સત્ય શરણુ તુજ શુભ આરંભ વિષે,
માગુ નિર્વીઘ્ને માત કાર્ય આ. પુર્ણ કર; ગજાનન.
સ્થાપન' શુભ કાર્યે તુજ પહેલું,
માતુ પાર્વતી તુમં પીતા શીવ શંકર; ગજાનન.

---

## પ્રકરણ ૧ લું.

### પ્રેમી દંપતીનો વાર્તા વિનોદ અને વાદ વિવાદ.

એક રમણિય શરદ પુનમની રમણીય રાત્રીના શુભ પ્રસંગે એક પરમ પ્રેમી રાજવંશી જોડુ રાજ મહેલના અંતઃપુરમાં વારતા વિનોદમાં ગુંથાયું હતું. રાજવીર પોતે સુવર્ણના પલંગમાં બીછાવેલા મખમલના ગાદલામાં આડા પડયા હતા, અને સતી રાણી પતીના પગ દબાવતી પ્રેમ ભરી વાર્તા વીનોદ કરી સતી ધર્માનુસાર રાજાને આનંદ આપતી હતી.

એ પ્રમાણે કેટલી પ્રેમ ભરી વાર્તાઓ રાણીના મુખથી રાજા પોતે શ્રવણ કરતા હતા તે અરસામા રાજાને કાંઇક સાંભરી આવવાથી સીસકારીનો નીસાસા રૂપી ઉદગાર રાજાના મુખમાંથી નીકળી ગયો સીસકારીનો ઉદગાર સાંભળી સતી રાણી મનમાં ઘણોજ ખેદ પામી, અને મન સાથે વીચાર કરવા લાગી કે શું મારી સેવામાં કાંઇ ખામી આવી હશે તેથી આવો ઉદગાર બહાર પડયો હશે, કે બીજી કાંઇ ચિંતા રાજાના દીલમાં હશે તેથી આ ઉદગાર બહાર પડયો હશે; જો કે હજુ સુધી તો તેમની શેવા પ્રભુજી સમાન ગણીનેજ ઉઠાવું છું, કારણ સતિને પતિ એજ પ્રભુ છે, પતિ શેવા એજ મોક્ષનો રસ્તો છે.

તેની શેવા શીવાયની બીજી બધી શેવાઓ, દેવ, દર્શન, જપ તપ, એ સૌ નકામું અને ઢોંગ રૂપ છે. પતિના દુઃખે સતીને દુઃખી થવુંજ જોઈએ તે ખાસ સતિનો ધર્મ છે તો તેમને શું લાગણીથી આ ઉદગાર બહાર પડયો તે પુછીને પ્રવિણ થવુંજ જોઈએ. જો કે શેવામાં કોઇ વાતની ખામી આવવા દીધી નથી, છતાં વખતે જાણે અજાણે ખામી આવી હોયતો તે સુધારી તેમને સંતોષ આપવોજ જોઈએ, અગર બીજી કોઇ વાતની લાગણી હોયતો તેમના દુખમાં ભાગ લઈ તેમને યોગ્ય સલાહ આપી હીમત આપવી તે સતીનો સાચો ધર્મ છે; માટે તેણે રાજવીરને પુછયું ! પ્રાણપ્રભુ ! કોઇ દીવશ નહીને આજે આપના મુખમાંથી નીસાસા રૂપી સીસકારીને ઉદગાર શા કારણથી બહાર પડયો, તેનું કારણ આ દાશીને જણાવી કૃતાર્થ કરશો.

રાજવીરે કહ્યું પ્રીયા તે જાણવાથી તમને શો ફાયદો છે. સતીએ કહ્યું પ્રાણેશ ! પતીના દુઃખે દુખી અને સુખે સુખી થવું તેજ સતીનો ધર્મ છે, તે આપનાથી ક્યાં અજાણ્યું છે ? આપના પવિત્ર મુખમાંથી આવો ઉદગાર કેમ બહાર પડયો તેનું કારણ હું કેવી રીતે સમજી શકું ! કદાપી આ દાશીની શેવામાં કાંઈ ખામી આવી હોય, તો તેને માટે ક્ષમા કરશો, અને તે કસુર આ દાશીને જણાવશો જેથી તેવી કસુર આ દાશી સુધારી આપને સંતોષ આપે

અગર બીજી કોઈ વાતમાં એવો ઉદગાર બહાર નીકળ્યો હોય તો તે પણ જણાવી આ દાશીને દુઃખમાં ભાગ આપો હું સદાની આપના સુખ દુઃખની ભાગીઅણ છું, સુખમાં ભાગ આપો છો, તો દુઃખમાં ભાગ કેમ ન આપો! સુખની ભોક્તા બની દુઃખથી વિમુખ રહુ, તો મારા સતિ પણાને બાધ ન લાગે ? માટે નાથ આપના નીસાસાના ઉદગાર બહાર પડવાનું કારણ આ દીન દાશીને જણાવો એવી માગણી છે, વિનંતી છે, રાજવીરે કહ્યું પ્રિયા! તમારી શેવાની અવધિ છે! તમારી શેવાથી જે સુખ અને સંતોષ મળે છે, તે વર્ણવ્યો જાય તેમ નથી; સતી ધર્મની જાણ હોઇ કસુર કરે તે કદાપી બનેજ નહી, પણ મારો નિસાસાનો ઉદગાર જુદા કારણ રૂપ છે.

સતીએ કહ્યું તો તે કારણ જણાવી દાસીને કૃતાર્થ કરો આપના સુખ દુઃખથી ભાગીને તે કારણ નહી જણાવાય તેવું હોય તો લાચાર! પણ જણાવાય તેવું હોય તો સત્વર કહી અધિરીને ધીરજ મળે તેમ કરો, ગરીબને વૈસાની અરે હોય, તેથી તેવા ઉદગાર નીકળવા સંભવીત છે, કે જેને પૈસાની અરે, પીડ રોગીને તેવા ઉદગાર નીકળવા સંભવીત છે, કે જેને મરવાની પીડા; પૈસાદારને તેવા ઉદગાર નીકળવા સંભવિત છે, કે જેને પૈસો સાચવવાની પીડા, રાજાઓને તેવા ઉદગાર નીકળવા સંભવિત છે. કે જેના રાજ્યમાં

અંધેર; પણ આપના ન્યાઈ અને નેકી રાજ્યમાં અંધેર તો શું, પણ અન્યાયનું નામ નથી, તેમજ ગરીબ અને તવંગર સર્વે ઉપર એક સરખી રીતે વર્તો છો; જેથી રઈયતનો આપના ઉપર પુર્ણ ચાહ છે; અને આપના નેક રાજ્યમાં વાઘ અને બકરી એક આરે પાણી પીએ છે. અને આપની રઈયતના સુખ દુઃખ ઉપર પુરણ કાળજી છે. તેમજ સર્વ પ્રજાને નિષ્પક્ષપાત ન્યાય મળે છે, જેથી રાજ્ય તરફની એવી કોઇ ચીંતા નથી કે જેથી આવા ઉદગાર આપના મુખ માંથી બહાર પડે. માંટે આપના નીસાસાના ઉદગાર આ દાશીને જણાવવા કૃપા કરશો.

રાજવીએ કહ્યું પ્રિયા ! જે જે દ્રષ્ટાંતો તમોએ કહ્યાં, તે યથાર્થ છે. પણ રાજાઓએ અદ્દલ ન્યાય આપ્યો તેથી શું થયું ? રઈયતનો ચાહ મેળવ્યો તેથીએ શું થયું ? વાઘ ને બકરી એક આરે પાણી પીએ એવું ધરમાચરણી રાજ્ય ચલાવ્યું. તેથીએ શું થયું ? તે શીવાય બીજી ચીંતાઓ નથી ! રાણીએ કહ્યું નથી કેમ, બીજી ઘણી ચીંતાઓ છે કદાચ કોઈ દુશ્મન માંથે જાગે અને રાજય મેળવવા લડાઇ કરે તે ચીંતા કેમ નહી ? રાણીએ કહ્યું શું કોઇ દુશ્મન માથે ઉભો થયો છે, જેથી તેને જીતવાની ચીંતા છે ?

રાજાએ કહ્યું બહારનો દુશ્મન સારો, કે એની વખતે

જીતીને વશ કરી શકાય, પણ અંદરના દુશ્મન ખુશી સદંતરનું સત્યાનાશ વાળે, રાણીએ કહ્યું એવા દુશ્મન અંદરનો કોણ છે. તે કૃપા કરી દાશીને જણાવો.

રાજવીરે કહ્યું, કોણ શું ? છોકરો ખરાબ નીકળે તો બાપને ચીંતા નહી ? નોકર ખરાબ નીકળે. તો શેઠને ચીંતા નહી ?

રાણીએ કહ્યું એવો કોયો નોકર ખરાબ નીકળ્યો છે. અને તેણે શું ખરાબી કરી છે કે જેથી કોઇ દીવશ નહી ને આજ આવો ઉદગાર આપના કોમળ મુખમાંથી બહાર પડયો. નોકર ખરાબ નીવડયો હોય તો તેને નોકરીમાંથી બાતલ કરો. નોકરીમાં રાખશો નહી એને માટેજ આવો ઉદગાર આપના મુખમાંથી બહાર પડયો હોય તો પ્રાણેશ આપ સર્વ સત્તાધિશ રાજવી હોવા છતાં ના હીંમત થઇ આવા ઉદગાર મુખમાંથી કહાડી ના હીંમત શું બનો છો ! સતિનો ઉપયોગ કરી તે નોકરને રજા આપો. અને કોઇ બીજા નોકરની પેરવી કરો.

રાજાએ કહ્યું કીયા નોકરને બરતરફ કરૂં ! એક હોય તો એકને કરૂં પણ બધાએ નાહાનાથી તે મોટા સુધીના તેવા હોય, તેમને શું કરૂં ! તેમને બધાને બરતરફ કરૂં, તો તેવા પ્રવીણ નોકરો ક્યાંથી મેળવી શકું ? .

રાણીએ કહ્યું પ્રાણનાથ ? શું બધા નોકરો તેવા ?

રાજાએ કહ્યું હા, દરેક નોકરો હાજી હા કહેનારા રાણીએ કહ્યું શું પ્રધાનજી, દીવાનજી, સેનાધિપતી વગેરે તમામ નોકરો હાજી હા કહેનારા છે !

રાજાએ કહ્યું તમામ નોકરો હાજી હા શીવાય બીજો પાઠ ભણ્યાજ નથી. બીજા હાજી હાજી ખુશી રહેનારા રાજવીઓની માફક મને સમજી સાચું કે જુઠું, સારૂ કે બુરૂ દરેક વાતની હાજી હા કહે જાય છે, ને તેથીજ હું ખુશી છુ તેમ તેઓ સમજે છે.

રાણીએ કહ્યું પ્રાણપ્રભુ ! તમારૂ સમજવું ફેર છે, નહાના નોકરો વખતે હાજીહા કહેનારા હશે પણ પ્રધાનજી દીવાનજી અને સેનાધિપતી વીગેરે મોહોટા અને રાજ્યના મોભાદાર નોકરો કદાપી કાળે તેવા હોયજ નહી. ને તમો સદગુણ સંપન્ન અરે નિ:પક્ષપાતી અદલ ન્યાયી હોવાથી તમારા કૃત્યો તેમને કબુલ કરવાજ પડે ને કાંઇ હાજી હા પણ કહેવાય નહી.

રાજાએ કહ્યું પ્રિયા તમારૂ કહેવું હું સમજું છું, છતાં હું કાંઈ તેવો મુર્ખ નથી કે ખાત્રી કર્યા શીવાય તેમને હાજી હા કહેનારા કહું; ખાત્રી થવાથીજ આજ જીવને ચેન પડતું નથી ને જો તે પ્રમાણે તેઓ વર્તશે તો રાજાનું ને પ્રજાનું

ખુરૂ થવા સંભવ હોવાથી મન દુખાય છે; અને તેને લીધેજ આજે નીસાસાના ઉદગાર બહાર પડી ગયા છે.

રાણીએ કહ્યું, પ્રાણનાથ ! હજી પણ પુર્ણ ખાત્રી કરો, ખાત્રી કરવામાં કદાપી આપની ભુલ ન થઈ હોય !

રાજાએ કહ્યું ભુલ શેની; આજની ખાત્રીથી મારા મનને નિશ્ચય થયો કે આવી મધ્યરાત્રીને મધ્યાનકાળ કહું તો તેઓ મારી ભુલ કાઢી મને શીક્ષણ આપવાને બદલે મધ્યાનકાળ કબુલ કરશે.

રાણીએ કહ્યું, પ્રાણનાથ ! આવી મધ્યરાત્રીને મધ્યાનકાળ કબુલ કરશે ! તે વાત સંભવીત નથી. શું તેવા તેઓ મુર્ખ છે ? ને જો મુર્ખ હોય તો રાજકાજ તેમનાથી બનેજ કેમ ?

રાજાએ કહ્યું, તેઓ મુર્ખ નથી, પણ મારૂ કહેલું સાચું કરાવી મને રાજી રાખવા ધારે છે, પણ સમજતા નથી, તેમનું આ વર્તન મને નારાજ કરે છે, આજની બીનાની અવધી છે. મેં ફકત તેમની પરીક્ષા જોવા માટેજ ખોટો ન્યાય કરી ખોટો ઇનસાફ આપ્યો, પણ પ્રધાનજી કે દીવાનજી કશું બોલી શકયા નહી.

રાણીએ કહ્યું, એવો શો ઉંધો ન્યાય કર્યો, એવો શો

ખોટો ફેંસલો આપ્યો, કે જેમાં પ્રધાનજી વીગેરે કોઈ કાંઈ બોલી શકયા નહી. ?

રાજાએ કહ્યું પ્રિયા ! આજના દરબારમાં એક વાણીઆનું એક કણબી પાસે લેહેણું હતું તે બાબતનું કામ હતું. કામ ચાલી ગયું, સાક્ષીઓ લેવાઈ ગયા. બાદ, કામનો ચુકાદો આપવાનો વખત આવ્યો. ત્યારે પ્રધાનજી આદી નોકરોની પરીક્ષા કરવા માટેજ ખોટો ચુકાદો આપ્યો કે કણબીએ વાણીઆનું લેહેણું વ્યાજ સાથે ચુકાવી આપવું, પરંતુ ચોખ્ખો અન્યાય છતાં પ્રધાનજી વીગેરે કોઇ નોકર કાંઈ બોલ્યાજ નહી.

રાણીએ કહ્યું, વાણીયાનું લેહેણું વાણીઆને અપાવ્યું, તેમાં અન્યાય શાનો ? લેહેણદારને લેહેણું અપાવવું તો કાંઈ અન્યાય કહેવાયજ નહી; તો પછી કોઇ શું બોલી શકે ? જો તે વાણીઆનું લેહેણું વાણીઆને ન અપાવ્યું હોત તો તેઓ કાંઇ કહેત, પણ દેખીતો ન્યાય તેમાં તેઓ શું કહે ?

રાજાએ કહ્યું પ્રીયા તમારૂ સમજવું ફેર છે. અન્યાયને ન્યાય મારાથી કહેવાયજ નહી. પરંતુ વાણીઆનું કણબી પાસે કાંઈ લેહેણું નહોતું. પરંતુ વાણીયાનો કણબી પાસેથી ખોટી રીતે પૈસા લેહેણા બનાવી તે લેહેણું લેવાનો દાવો હતો. વાણીઆની જુઠાની લેવડ તેમાં વાણીઆએ કહ્યું એક

માણસ પાસે મને દસ્તાવેજ લખાવી આપીને કણબીએ રૂપયા વ્યાજે લીધા છે, પરંતુ કણબીની જુબાની હોતાં તે ભણેલો અને હોંશિયાર છે. તો પછી બીજા પાસે દસ્તાવેજ લખાવી આપવાનું તેમજ વાણીઆએ બીજા પાસે દસ્તાવેજ લખાવી રૂપીઆ ધીરવાનું કાંઈજ કારણ નહોતું તેમજ સાક્ષીઓ પણ જુબાનીમાં જુઠા પડયા પછી એ હુંડી હેન્ડલ કેમ નહી ? હેન્ડલ ખોટું, ખત ખોટું, સાક્ષીઓ જુઠા છતાં પ્રધાનજી વિગેરેની પરીક્ષા કરવાના હેતુથી મેં સાચો ખોટો આપ્યો છતાં તેઓએ હાજીહા કર્યા કર્યું.

રાણીએ કહ્યું, તો તેમની ભુલ ખરી. રાજાએ કહ્યું ભુલ શેની ! હાજીહા કહી મને રાજી રાખવો એજ. ધણીનું નીમક ખાવું તો પછી ધણીની થતી ભુલ મોંહો પર કહેવી તે હરેક નોકરની ફરજ છે. ને તેમ કહેવાથી ધણી નારાજ થાય તો ભલે, ગુસ્સે થાય તેની પરવા નહી, નોકરીથી બરતરફ કરે તો કાંઇ ચીંતા નહી. સાચાને ઘેર જુવાર કેમે-શાં ઈશ્વર આપી રહેવાનોજ, પરંતુ ધણીને રાજી રાખવા ખાતર અગર ધણીના ગુસ્સે થવાને લીધે, અગર નોકરી પરથી બરતરફ કરશે તેની બીકથી જે નોકર, ધણીએ કરેલું ખોટું અગર ખરૂ ધણીના મોંઢે નહી કહે તો ધણીએ ફીતુર પાપમો જવાબદાર ધણી નથી, પણ તે નોકરજ છે. કારણ તે હુણમાં તેનો ભાગ છે. ધણી નોકર રાખે, તે

પોતાનું કામ સંભાળી લેવા માટે અને પોતાની કદાપી કાંઈ ભુલ થાય તો નોકર મારફત જાણવા માટેજ; નોકર રાખે છે. છતાં તે પ્રમાણે ન વર્તતાં ખોટી રીતે હાજીહા કરે, તેનું પાપ નોકરને માથે કેમ નહી ધણી નારાજ રહે તોએ શું ? ગુસ્સે થાય તોએ શું ! નોકરી પરથી કાઢી મુકે તોએ શું ? પરંતુ સાચો નોકર કદાપી કાળે ખોટાનું ખરૂં નહી કહે તે નહીજ કહે. ને ખરી વાત ધણીના મોંઢા ઉપરજ કહેવાનો. અણુજ ધણી હશે ને મુરખાઇથી તેવા નોકરને રજા આપશે, તો તેવાને હંમેશાં ઇશ્વર મદદગાર છે. અને તેના કરતાં સારા ધણી રાખવા તૈયાર છે. પણ આપણા નોકરો જેવા તો ધણીનું સદંતરને માટે સત્યાનાશ વાળનાર છે, તે ઉઘાડુજ છે. માટેજ નીસાસાના ઉદગારો નીકળે છે.

રાણીએ કહ્યું, પ્રાણ પ્રભુ માણસ માત્રની ભુલ થાય છે, તો કદાપી તેમની ભુલ થઈ હશે, તેમાં આપ આટલા બધા ગુસ્સે શા માટે આવો છો; તેમને સમજુત આપો, કે હવેથી તેવી ભુલ ન કરે.

રાજાએ કહ્યું તેમની ભુલ નથી, પણ જાણપણ છતાં મને રાજી રાખવાની તેમની હાજી હા છે. તેમ મારી તો ખાત્રી થઈ ચુકી છે.

રાણીએ કહ્યું પ્રાણેશ ! કદાપી આપની ભુલ ન થતી

હોય માટે વીચાર કરો, અને એ પ્રમાણે તેમને દોશીત જાણી તેમના ઉપર ગુસ્સો નહીં લાવો.

રાજાએ કહ્યું, એ વાત હવે રહેવાદો. મારૂં મગજ હાલ ઠેકાણે નથી. મારા તપેલા લોહીને વધુ નહીં તપાવો મારી તો ખાત્રી થઈ ચુકી છે. કે આ મધ્ય રાત્રીને તેઓ પાસે મધ્યાનકાળ કબુલ કરાવું.

રાણીએ કહ્યું પ્રાણેશ ! અપની ભુલ છે. શુ તેઓ એટલા બધા મુર્ખ છે, કે આવી શરદ પુનેમની મધ રાત્રીને તેઓ મધ્યાનકાળ કહેશે.

રાજાએ કહ્યુ. મારી તો ખાત્રી છે કે ચાકસ કહેવાનાજ તમારૂ માનવું જુદુ છે; રાણીએ કહ્યું, મારી તો ખાત્રી થતી નથી. રાજાએ કહ્યું. જો ખાત્રી ન થતી હોય તો કાંઇ શરત કરો એટલે ખાત્રી કરાવી આપું.

રાણીએ કહ્યું. તમારી ઇચ્છા મુજબ શરત કરો, તો મારે કબુલ છે. પ્રાણનાથ ? આપનું મગજ આજ ઠેકાણે નથી એમ મને લાગે છે; રાજાએ કહ્યું મગજ ઠેકાણે છે કે નથી તેની ખાત્રી હું તમોને હાલ આપુછું, પણ શરતમાં એટલુંજ કે જો હાજીહા કહેનારાઓથી આ મધ્ય રાત્રીને તેમના મુખેથી મધ્યાનકાળ કહેવરાવી તમોને ખાત્રી કરી આપુ તો તમારે બાર વરસ વનવાસ જવું. કેમ શરત કબુલ છે ?

રાણીએ કહ્યું, હા કબુલ છે; (રાણીએ વિચાર્યું એતો મશ્કરી કરે છે ) રાજાએ કહ્યું, જો જો ? રાણી, હું એક વચની છું, પછી પસ્તાશો; માટે હજી પણ શરત કબુલ કરતાં પહેલાં વિચાર કરો.

રાણીએ વિચાર્યું કે એક ઘડી પણ મારાથી વીખુટા રહી શકતા નથી; તો પછી બાર વરસ કેવી રીતે રહી શકનાર છે. પણ પ્રથમ તો આ મધ્યરાત્રીનેજ મધ્યાનકાળ કહેવરાવી શકનાર નથી, તો શરત ક્યાં રહેવાની છે. છતાં કહેવરાવશે તો પણ મને સગર્ભાને વનવાસ મોકલે તેવું કદાપી કાળે બનવાનું નથી; માટે નોકરોનું પાણી તો જોવુંજ (રાજાજીને) પ્રાણનાથ ! જાઓ કબુલ છે. મારી ખાત્રી કરી આપો, આ મધ્યરાત્રીને મધ્યાનકાળ કહેવરાવો.

રાજાએ તુરત પ્રધાનજી, દિવાનજી; સેનાધિપતી, અને નગર શેઠ, એ પ્રમાણે ચાર માણસોને રાજાજીને હાલ ને હાલ તમારૂ કામ પડયું છે માટે અંતઃપુરમાં બોલાવે છે. એવી શેવકને આજ્ઞા આપી; શેવકને આજ્ઞા મળતાં ચારે જણને બોલાવી લાવવા તેમના ઘર તરફ ગયો.

# પ્રકરણ ૨ જું.

## હાજી હા કહેનારા નોકરોની પરીક્ષા રાણીની હાર અને દેશવટો.

ચારે જણ પ્રધાનજી, પ્રધાન સેનાધિપતી અને નગર શેઠને તેડી શેવક રાજા પાસે આવ્યો. અને તેમના આવવાના ખબર આપ્યા, ખબર મળતાં રાજાએ ચારે જણને અંત:પુરમાં પ્રવેશ કરવા આજ્ઞા આપી; આજ્ઞા મળતાં ચારે જણ રાજાજીની સમક્ષ આવ્યા, અને સવિનય પ્રણામ કર્યા રાજાજીએ તેમને યોગ્ય આસને બેસવાની આજ્ઞા આપી; આજ્ઞા મળતાં ચારે જણ યોગ્ય આસને બીરાજમાન થયા.

તેઓ બીરાજમાન થયા ત્યાં રાજાએ કહ્યું, પ્રધાનજી! આ ગ્રીષ્મ રૂતુનો મધ્યાનકાળ જીવને ચેન પડવા દેતો નથી, ને તન મનને તાપથી હેરાન કરે છે.

પ્રધાનજીએ વિચાર કર્યો, કે આજે મધ્યરાત્રીને રાજાજી મધ્યાનકાળ કહે છે. તે એવું સમજીને કે મારૂં બોલવું બરાબર છે. ને નોકરો મારા વિરૂદ્ધ બોલે તેમ નથી તેવું સમજી આ શબ્દો કહ્યા છે, તો મારે શા માટે મધ્યરાત્રી કહેવી જોઈએ. એવો વિચાર કરી પ્રધાનજીએ કહ્યું, સત્ય છે કૃપા

નાથ! ગ્રીષ્મ ઋતુનો મધ્યાનકાળ તપે અને તપાવે એમાં નવાઇ શી ?

રાજાએ કહ્યું દીવાનજી! આવા મધ્યાનકાળના સમયે કેવી રીતે તનને શિતળતા મળે! તાડછડાના પંખાથી નંખાતો પવન પણ ઉષ્ણતા ભર્યો આવે છે. ઠંડા પાણીની ઠંડક પણ પાણી શરીર ઉપર પડે તેટલાજ વખતની, તો પછી શું કરવું? કે બધો વખત તન મનને શીતળતા મળે.

દીવાનજીએ વિચાર્યું કે પ્રધાનજી હાજી હા કહેતા આવ્યા તો મારે શા માટે તેમના મતને મળતું ન થવું? એવો વીચાર કરી કહ્યું, કૃપાનાથ! ફુલ બગીચામાં ચોતરફ ફુવારા ઉડતા હોય, અને સુગંધી પવન વાતો હોય, ત્યાં આપના કહેવા મુજબની શીતળતા મળી શકે ખરી.

રાજાજીએ કહ્યું. સેનાધિપતી! તમારી ધ્યાન તે બાબતમાં શી પહોંચે છે? ફુલ બગીચામાં તપતો મધ્યાન કાળનો સુર્ય શું અસર કરતો નથી? જેવી લુ બધે વાય, તેવીજ લુ ત્યાં પણ વાય, તો પછી ઠંડક શેની?

સેનાપતીએ વીચાર કર્યો, કે સર્વે જણા રાજાના મતને મળતા થયા, તો મારે શા માટે મળતા ન થવું, એવો વીચાર કરી કહ્યું કૃપાનાથ! આપનું કહેવું સત્ય છે. પરંતુ મરા ખાસ્તામાં કેમ આવે જી? કે શરીરે ચંદનનો લેપ કરી તેવી જગ્યામાં બેસવાથી આપના મન માફકી ઠંડક લાગે ખરી.

રાજાએ કહ્યું નગરશેઠ ! અતારે મધ્યાન કાળ સમયે આપ શું કરતા હતા ? આવો તાપ આપ કેવી રીતે સહન કરી શકો છો ? આકાશે ઉગેલા સુર્ય સામુ તો જુઓ ! જાણે પૃથ્વી ઉપર પ્રલય કરવા સરખુ કાળ રૂપ ધરી કેવો પુર્ણ તપી રહ્યો છે ?

નગરશેઠે વીચાર્યું કે જ્યારે ત્રણે જણા એક મત થયા, તો મારે શા માટે વિરૂદ્ધ પડવું જોઈએ;એવો વીચાર કરી કહ્યું, કૃપાનાથ દેવતા દેવતાનું, ને સમય સમયનુ કામ બજાવે જાય છેઃજ્યારે મધ્યાનકાળે ન તપે, તો પછી તેનો તપવાનો બીજો સમય કીયો છે.

રાજાએ કહ્યું, તમો ચારે જણ છજામાં જઇ જુવો, સુર્યની લાલાશ જાણે કે અંગારા ખરતા હોય તેવી રીતે કેમ ભભુકી રહી છે ? ચારે જણે કહ્યું કૃપાનાથ ! સુર્ય સામે કેવી રીતે જોઈ શકાય ? રાજાએ કહ્યું આ સામે પડેલા કાચને એક તરફથી મેશવાળો કરી જુઓ, એટલે જોઈ શકાશે.

આ પ્રમાણે રાજાજીનું કહેવું થતાં નગરશેઠે ઉઠી કાચને દીવાપર ધરી એક તરફથી મેંશવાળો કર્યો, ને જેવી રીતે સુર્ય સામુ જુવે તેવો ઢોંગ કરી, ચારે જણા એક પછી એક જોઇને પાછા આસન ઉપર આવીને બેઠા, અને કહ્યું,કૃપા-

નાથ ! આપના કહેવા મુજબ કાચના પ્રયોગથી હમો બરો-બર જોઈ શકયા. સુર્યનારાયણની લાલાશ અને તે પણ આવા મ'ધ્યાનકાળની લાલાશમાં શું બાકી હોય.

રાજાએ કહ્યું પ્રધાનજી ! જેવી લાલાશ છે, તેવોજ સખત તડકો છે. અને તેવીજ સખત ગરમી છે. તમો ચારે જણને કેમ લાગે છે? ચારે જણે કહ્યું મહારાજ ! અત્યા-રના સખત તડકાથી અને તાપથી, શરીર આકળ વીકળ થઈ ગયાં છે, અને પરસેવાથી પલળી ગયાં છે. અત્યારના મધ્યા-નકાળનો તાપ અવધિ છે.

રાજાએ કહ્યું પ્રિયા અત્યારના સુર્યનો તાપ તમારા કોમળ શરીરે સહન થતો નહી હોય ! રાણીએ કહ્યું, નાથ ! હવે સહન થાય છે, બરોબર સમજાય છે.

ગાયન ૧

( હું આંધળી મનમાં ) એ રાહ

હું મુરખી આપનું ન માન્યું જરીરે
પણ અંતમાં નાથ હું ખોટી ઠરીરે—
આવા હાજી હા બોલા મહોતી જાણતીરે
તેથી શંકા નાથ વચને આણી હતીરે—
મધ્યરાત્રી તે બપોર આ પાપી તણારે
બોળી ન્યાય ને રાજ તે કરે ફનારે

ધિક્કાર છે ચંડાળ તમને અતીરે
આવા હાજી હા કહેનાર નહોતી જાણુતીરે—
બન્યા પ્રધાન દિવાન ને સેનાપતીરે
સાથે નગર શેઠ તમો પણ મુંઢ મતીરે—
પ્રાણપ્રભુ ઉદગાર સત્ય આપનારે
સત્ય નેકી ટેકીને તે પીડે ઘણા—
હોડ જીતીઆ છો નાથ હું હારી પડીરે
ફરમાવો મન માન્યો હુકમ આ ઘડીરે—

———o———

રાણીએ કહ્યું, નાથ ! આપનું કહેવું અક્ષરે અક્ષર સાચું છે, તેમજ આપના નીસાસાના ઉદગારો પણ સાચાજ છે. બીજો હાજી હામાં સંતોષ માનનારો રાજા ભલે સંતોશ માને, પણ નેકી અને ન્યાઈ રાજાને તેમની હાજી હા તે એક કટારીના ઘાવ સમાનજ છે. આહા ! હા ! આવી ! મધ્યરાત્રાને અપોર, મધ્યાનકાળ કહેતાં શરમ ન આવી ? શેની શરમ આવે ! રાજાજીને ખુશી રાખવા મધ્યાનકાળ કબુલ કર્યા; પણ મુર્ખાઓ ! એમ પણ ન સમજ્યા કે હમારી પરિક્ષા જોવા માટેજ મધ્યાનકાળ કહ્યા;છે મુર્ખાઓ ! રાજાજી પ્રધાનાદી ભારી નોકરો રાખે તે છે શું "હાજી હા કહેવરાવા માટે રાખે છે ? ના, ના, પરંતુ પોતાની થતી ભુલ સુધરાવવા માટે નહિ કે આવી રીતે ન્યાયનું રાજ્યનું તેમજ

પ્રજાનું નખ્ખોદ વાળવા માટે; રાજાની થતી ભુલ મોઢે કહેવાથી રાજા શું બચકું ભરનાર હતા, કે ગુસ્સે થનાર હતા, કે શું તમોને નોકરી પરથી રજા આપનાર હતા ? પોતાની થયેલી ભુલ નોકરોના મોંઢેથી સાંભળીને નોકરોપર ગુસ્સે થાય, તો રાજા શાનો ? મન મોજીપણે વરતવું તે રાજાનું લક્ષણ નથી, ને તે પ્રમાણે જે રાજા વરતે તે રાજ્યનું તેમજ રૈયતનું શું ભલું કરી શકે ? કાંઈજ નહી; તેને તમારા જેવા નોકરો મળે તો પછી જોઈલો, થોડી મુદતમાં રાજ્યની પાયમાલી; આતો સારૂ છે, કે ન્યાય અન્યાયને તેમજ ભુલ ચુકને સમજવાવાળા છે, નહીતો અન્યાય ન્યાયમાં કુટાય ને નીરદોશી માર્યા જાય; પરંતુ કદાપી ભુલે ચુકે કાંઈ અન્યાય થાય, તો તેનું પાપ તમારે ભોગવવાનું છે તેવી પક્કી ખાત્રી રાખજો. રાજ્યનું નીમક હક કરવાને બદલે હરામ કરો છો, તો તમારૂ શું સારૂ થશે ? એક કુતરૂ પણ ધણીનો ખાધેલ ટુકડો રોટલો હરામ નાહ કરતાં હલાલ કરે છે, તેવી ગલીમાં તમને મુકવા યોગ્ય નથી, ધન્ય છે તે નોકરને કે જે પણ ધણીનું નીમક હક કરી ધણીની ભુલ ધણીના મોં ઉપર કહી તે સુધારે, છતાં ધણી પોતાની ભુલ કબુલ ન કરે ને ધણીને સમજાવી કબુલ કરાવે. છતાં પણ ધણી પોતે પોતાની ભુલ કબુલ ન કરે તો ધણીની સામા થઈ ધણીની ઇતરાજી મેળવે, ઠપકાને પાત્ર થાય, નોકરીથી દુર થાય, તેની પરવા ન રાખે તેવા નોકરોને લાખો ધન્યવાદ છે.

છપય.

સાચા નોકર તેહ ધણીનું રૂડું કરતા,
સાચા નોકર તેહ ધણીના દુઃખે મરતા,
સાચા નોકર તેહ ન પરવા કોઈની રાખે,
સાચા નોકર તેહ નહી અન્યાયને સાંખે,
નોકર નીમકહલાલ તે ભુલ શેઠની મુખે કહે,"
. જેઠો કહે તે નોકરોની દીનપરદીન ચઢતી રહે.:

---

એવા નોકરોની હમેશાં જે બોલાય છે,ને તેવાનાં પગલાંને હજારો જણ ચહાય છે. નહી કે તમારા જેવાઓને;તમારા જેવા નોકરો તે નોકર રે નહી, પણ પૂર્વભવનાં આવીને વળગેલાં પાપ છે, ને તે તમારા મુખપર દેખીતાં આપો આપ છે; માટે હોદ્દે ચડ્યા તેથી શું થયું ? પણ પાપીઓ રાજાએ કરેલો અન્યાય તેને હાજી હા કહેવાથી ન્યાય મેળવનારના અંતઃકરણના નીસાસા તમોને કેમ નહી લાગે ? જો આવા જાણતી હોતતો કદાપી પતીના બોલવા ઉપર અવિશ્વાસ લાવત નહી; પણ ભવિષ્યે ભુલ ખવરાવી; ભાવીએ ભુલાવી,કે જેથી આવી વખતને લાવી, (રાજાને) પ્રાણ પ્રભુ, હવે આપને જે કરવું હોય તે કરો.

રાજાએ કહ્યું, કરવાનું શું હોય ! કાળો પોશાક પહેરી તૈયાર થાઓ અને વનવાસ જાઓ તેજ;રાણી કહ્યું નાથ !

આવી રાત્રીને સમે ? રાજાએ કહ્યું હા રાત્રી અજવાળી છે છતાં અંધારી હોય તો એ સાચા ક્ષત્રીઓ વચન ભંગ થતા નથી. તે તમથી ક્યાં અજાણ્યું છે. જો કે તમારો પ્રેમ ઘડી પણ વીસરનાર નથી. છતાં વચનને લીધે લાચાર છું, રાણીએ કહ્યું, નાથ ! સવાર પડતા સુખેથી દેશવટો દેજો પણ આજની રાત તો રહેવા ઘો; રાજાએ કહ્યું ના; એક ઘડી પણ નહી, તો પછી સવાર કેવું. દ્વારપાળ જાઓ માવતને કહે કે કાળો રથ કાળા ઘોડા જોડી તૈયાર કરી અહી લાવે દ્વારપાળે કહ્યું જેવો કૃપાનાથનો હુકમ.

હુકમ મળતાં દ્વારપાળ રથ જોડવા ગયો; રાણીએ કહ્યું નાથ મને સગર્ભાને અત્યારે રાત્રીએ દેશવટો આપો છો. તેથી અઘોર જંગલમાં છળવાથી અગર ભયથી ગર્ભને નુકશાન થશે. માટે હાલ રહેવા ઘો, ને સવારમાં સુખેથી દેશવટો આપજો. રાત્રીને સમયે એકલી હું ક્યાં જઇશ ! અને જંગલી જાનવરોની બુમો હું કેવી રીતે સહન કરી શકીશ !

રાજાએ કહ્યું, તેને માટે લાચાર ! જો કે મને ઘણું લાગે છે, પણ વચન એજ 'શબ્દ આડે આવે છે. માણસની કીમત એક વચનમાંજ સમાયેલી છે; જે માણસ વચનનો જુઠો છે, તે માણસ નર નહી, પણ ખર છે, આદમી નહી પણ હેવાન છે.

રાણીએ કહ્યું નાથ ! જેવી તમારી ઇચ્છા તમોને વચન ભંગ કરવા ઇચ્છીતી નથી, મારૂ બુરૂ થવા કાળ તેથી આ પાપીઓના ભરૂસે ભુલી પડી, હું નહોતી જાણતી કે કાળી રાતને બપોર કહેશે. મોરનાં પીછાં ખોશી દેખાવમાં રળીઆમણા દેખાતા કાગડાઓને મોર સમજવામાં ભુલ ખાધી. ને છેવટમાં તેમના કા કા ના શબ્દો નીકળતાંજ કાગડા ઓળખાયા; કાગડા પાસે ગમે તેટલાં મોતી વેરો, પણ વીષ્ટા વીના બીજી ચીજ ગ્રહણ ના કરે તે નાજ કરે, ( ચારેને ) પાપીઆઓ, તમારી કાજી કાર્તુ ફળ મારે ભોગવવું પડે છે ( રાજાને ) નાથ ! હું ભુલી પણ આ કાગડાઓથી ચેતીને ચાલજો, નહીતર પસ્તાશો.

ભાવતે કહ્યું કૃપાનાથ ! આપના કહેવરાવ્યા મુજબ કાળો માફો જોડી લાવ્યો છું, રાજાએ કહ્યું પ્રીયા પધારો; તમને અળગાં કરતાં મારા મનને ઘણોજ ખેદ થાય છે.પણ લાચાર; હરીશ્ચંદ્ર જેવાએ સ્વપત્નીને એક સત્યનેજ ખાતર વેચી પોતે ઢેડનું દાસત્વ ઉઠાવ્યું હતું. કરણ રાજાએ સત્યની ખાતર પોતાનું યોવન બ્રાહ્મણ રૂપમાં ભગવાને માગ્યું હતું. તેમને આપ્યું હતું. સગાળશા શેઠે પોતાના પુત્રનો વધ કરી તેની માટી રગત પતીઆં સાધુ રૂપ ભગવાનને અર્પણ કરી હતી, તો પછી હું તે સત્ય કેમ ચુકુ.

પ્રધાન આદી ચારે જણે કહ્યું, રાજાજી ગજબ થાય

છે. અમારા પાપે સતી રાણી દુર દશાને હવાલે જાય છે. માટે કૃપાનાથ ક્ષમા કરો, સગર્ભા સતી રાણી ઉપર દયા ધરો.

રાજાએ કહ્યું તમારે કોઈને કાંઈ બોલવાની જરૂર નથી. તમો તમારે ઘેર પધારો ભાવી ભાવ બળવાન છે (રાણીને) પ્રીયા હવે પરવરો. સતી તારામતીની માફક ધીરજ ધરો, ઇશ્વર સઉનો સાહુકાર છે, સાચાનો મદદગાર છે, તે તમારૂં રક્ષણ કરશે. તમારા વિયોગનો કારી જખમ આ હૃદયેથી ખસનાર નથી; તમો તથા તમારૂં હેત એક ઘડી પણ વીસરનાર નથી. તમારી માફક મારી જીંદગી પણ તમારી ઝુરનામાંજ થશે. તેમ કરતાં બાર વરસ પુરાં થશે પછી ઇશ્વર ઇચ્છા તો તમારો બેટો થશે. નહી તો છેલ્લા રામ રામ.

રાણીએ કહ્યું નાથ! ધીરજ ધરો, વચન પાળવા ખાતર દેશવટો આપો છો તેથી દુઃખી નહી થાઓ, મને અભાગણીને વીસરી જાઓ, નાથ! વિસરી જાઓ. મને સંભાળી તમારા દિલને દુઃખી કરતા નહી; પરંતુ નાથ! મારી એક અર્જ છે, તે એ કે મને કદાપી પુત્ર પ્રસવે, તો તેની ઓળખ આપને કેવી રીતે પડે! માટે તમારી વીંટી આ દાસીને આપો, જે વીંટી ઓળખ તરીકે રાજકુમારને આપીને ઓળખાણ અપાવી શકું.

રાજાએ કહ્યું; ભલે, એમ કહી પોતાની વીંટી રાણીને

આપીને રડતા અંતઃકરણે રાણીને રથમાં બેસાડી, રાણીએ કહ્યું પ્રાણનાથ ! મારા આપને છેવટના પ્રણામ છે; આપ મને હંમેશને માટે વીસરી જજો, ને આપને ઇશ્વર હંમેશાં સુખી રાખે, એવી મારી પ્રભુ પ્રત્યે માગણી છે; (રાવતને) રથ ચલાવ; આજ્ઞા થતાં રાવતે રથ હાંકયો. ને રાજા રડતા અંતઃકરણે અંતઃપુર તરફ ગયા, અને શોક સાગરમાં ગીરફતાર થયા.

---

## પ્રકરણ ૩ જું.

### વનમાં રાણી પુત્ર પ્રસવ અને પશ્ચાતાપ.

માવત પાછલી રાત્રીએ બાર ગાઉના વગડામાં રથ હાંકી લાવ્યો, અને રાણીને કહ્યું, રાજ માતા ! હવે આપ રથમાંથી ઉતરો, અને આપની ઇચ્છા હોય ત્યાં પરવરો, માતાજી ! આપને આવા ઘોર જંગલમાં મુકીને જતાં મારો જીવ કબુલ કરતો નથી, પણ ધણીનો હુકમ તેથી લાચાર; ધણીનું નીમક ખાઇને હક કરવું તે હરેક નોકરોની ફરજ છે; માટે માતાજી ! કૃપાળુ માતાજી ! મારો દોશ મનમાં લાવશો નહી.

રાણીએ કહ્યું, ભાઇ એમાં તારો મુદ્દલ દોષ નથી.

બનવા કાળ બને જાય છે. જ્યારે આવું બનવું સરજેલું ત્યારે મને આવી કમતડી ધાઇ, જેથી પ્રાણનાથના વચનમાં શંકા આણી. તેમના ના કહેવા છતાં સરત કબુલ કરી ને હાથે કરીને આ દશાને વરી, તેમાં તને શા માટે દોષ આપું.

માવતે કહ્યુ માતાજી ! આવી ભયંકર રાત્રીને વીશે આપની સુકોમળ દેહ જેણે તાપ કે તડકો જોયેલો નથી ને મહેલ બહાર પગ મુકેલો નથી તેવાં પવિત્ર રાજ રાણીને આવા ઘોર જંગલમાં ભયંકર ક્રૂર પ્રાણીઓને વચમાં મોકલાવતાં રાજાજીનો કેવી રીતે જીવ ચાલ્યો ? રાજાઓનાં હ્રદય ઘાતકી તો ખરાં, રૈયતને તેના કર્મની યોગ્ય શીક્ષાઓ આપી તેમનાં હ્રદય તે કામમાં ઘડાઇ રહેલાં, એટલે તેમનો જીવ આવું ઘોર કૃત્ય કરતાં ચાલી શકે; માતાજી હમો ગરીબ છીએ છતાં, પણ કદાપી નોકરીથી પેટનું પોષણ ન થાય તો છેવટ ભીખ માગી બૈરાં છોકરાંનું પોષણ કરીએ, પરંતુ આવુ ઘોર કર્મ હમારાથી તો નજ બને; કારણ એક તો ઘર ભાગવાની પીડા, અને બીજી દુનિયાની લાજ; કદાપી રાજાજી એવું કર્ત્તવ્ય હમારા હાથથી થાય, તો દુનિયામાં મોં કાઢીને બોલવા સરખું પણ ન રહે; પરંતુ રાજાજી તો મ્હોટા લોક રહ્યા, એટલે કોણ કહે ? પરંતુ હમોને તો તરત મોહો ઉપર કહે, પણ એને કોઇ બેરીપણ આપે નહી; રાજાજીને વાત કરતાં લોકની એકલીસ, એટલે

મરજી પ્રમાણે વર્તે; શું તેઓ આપ સરખા પવિત્ર અને સબળા રાણીને વનમાં મોકલી કષ્ટ આપતાં ઇશ્વરથી પણ બ્હીતા નહી હોય !

રાણીએ કહ્યું; ભાઇ તારા સમજવામાં ફેર છે. ક્ષત્રીયો માત્ર વચનને માટે માથાં મુકી દીયે છે, તો પછી સ્રીપુત્રની શી વીસાત ? પોતાના સ્રી પુત્રો કરતાં વચનની કીંમત વધારે ગણે છે. અને વચનની ટેકને લઇનેજ અવટંકી કહેવાણા છે.

સતજુગમાં જો, પ્રશુરામે પોતાની માતાનો વધ કર્યો, તે એક વચનનેજ માટે; પાંડવો વનવાસ ગયા અને એક વરસ વેશ બદલી વૈરાટ નગરમાં ગુપ્ત રહ્યા, તે પણ વચનનેજ ખાતર હરીશ્ચંદ્ર રાજાએ પોતાનાં સ્રી પુત્રને વેચી ઢેડનું દાસત્વ ઉઠાવ્યું, તે એક વચનનેજ માટે, તો પછી જોધપુરની પવિત્ર ગાદી ઉપર બેશીને જોધાણનાથ પોતાનું વચન કેમ જવાદે.

માવતે કહ્યું માતાજી ? હું તો અજ્ઞાન છું, તેથી શું સમજું ? મારામાં આપના જેવી ગુહ્ય બુદ્ધિ ક્યાંથી હોય, હું તો આપનો દાસ છું, તો પછી મારામાં તેવી બુદ્ધિ હોયજ, શાની ? પરંતુ માતાજી ? આવી ભયંકર રાત્રી આપ ક્યાં ગાળશો ?

રાણીએ કહ્યું, જ્યાં નહીંજ લઇ જશે ત્યાં હું તારી

મેળે રથ લઇને ચાલ્યો જો, નહિતર રાજાજીના ઠપકાને પાત્ર થઇશ.

માવતે કહ્યું, માતાજી ? તમને આવી ભયંકર રાત્રીને વીષે આવાં અઘોર અરણ્યમાં એકલાં મુકીને જવા જીવ માનતો નથી, પરંતુ રાજાજીનો હુકમ તેથી લાચાર. માતાજી ? આ અભાગીઆ જીવને પાપી પેટને ખાતર આવાં ઘોર કર્મ કરવાં પડે છે; પ્રભુ ? તારી ગતી ન્યારી છે, આવાં સુકોમળ રાણીને ઘોર રાત્રીમાં જંગલી અને ઘાતકી પાણીઓની વચ્ચે આવા ઘોર જંગલમાં તારાજ આધારે મુકુછું, તેનુ રક્ષણ કરજે; માતાજી ? આ ઘોર પાપીનો અપરાધ ક્ષમા કરજો; તમોને ઇશ્વર આરોગ્ય રાખે, એવી તે દયાળુ દેવાધી દેવ પાસે મારી અરજ છે. ફકત રાજાજીનો હુકમ પાળવો તેજ મારી ફરજ છે, માતાજી હવે હું રજા લઇશ.

ગાયન.

માવત—છે પ્રણામ મહારા હે ? માત આપને
છુટીશ કીયે ભવે આ કીધેલ પાપને—છે
આવી પેટ ખાતર આ ખોટું છે કર્યું.
ધર્મ ગુમ. આપણુ આ પાપીએ કર્યું—છે
રાણી—દોશ નથી તારો વીરા કર્મ મુજ નડયો
કા ભોળાપ દેવ આવો દીવસ શીર પડયો—

થઈ વિખુટી નાથથી હુ રાનમાં પડી
દશાએ મુને ભુલવી એ પાપણી નડી–
વોરા કહેજે નાથને પ્રણામ માહારા
સુખ પામ્યુ અસ્ત વાય દુઃખદ વાયરા
મારૂ દુઃખ નવગણું પણ પતિ અતિ દુઃખી
વિયોગે પામે દુઃખ પ્રભુ રાખજે સુખી
કહેજે જઈને એટલુ મુને વીસારજો
ભુલીને મુજ સ્નેહને સદા સુખી થજો
તજી પતીના આસરો પ્રભુજીના ધર્યો
તજાતાં પતીથી સતી કર પ્રભુજીના વર્યો
માગુછુ પ્રભુ એટલું પતી રાખજો સુખી
આવીશું આપ આશરે હું અબળા છું દુખી
છેવટના પ્રણામ મારા કેજે નાથને
મારી ચીંતા સોંપી અનાથોના નાથને–
માવત–પ્રભુ વિનંતી મારી રાખો રાણી સુખમાં
પ્રણામ મારી જાઉંછું મુકીને દુઃખમાં–છે.

---

માવતના ગયા પછી રાણી શોક કરતી જંગલમાં ચાલવા લાગી શીયાળવાંના સાદ, વાઘની ત્રાડ અને રીંછના ઘુરકવાના નાદથી રાણીનું શરીર કાંપવા લાગ્યું, રાણીને પોતાની કઈજ ચીંતા નહોતી, પણ પોતાનો ગર્ભ કે જે રાજનો

વારસ તેનું અશ્રેય ન થાય તેનીજ ચીંતા હતી; પોતે વીર રજપુતાણી હોવાથી હીંમત નહી હારતાં એક વૃક્ષ ઉપર બેશીને રાત્રી ગુજારો કરવો એવો વીચાર કરી એક વડનુ વૃક્ષ શોધી કાઢી તે ઉપર ચઢીને વડની ડાળીઓની ઘટ માં બેઠી અને પોતાના નશીબમાં આવું નીર્મીત કરનાર વીધીને દોશ સાથે ધીટકાર આપવા લાગી.

ભલા ભગવાન ! આવો દીવશ મારે કઈં ક્યાંથી આવ્યો. મેં તે પુર્વે એવાં શાં પાપ કર્યાં હશે, કે હું આ દશાને પામી. રાજ રાણી થઈ મહેલની બહાર પગ મુકેલો નઈ તો આવું ઘોર જંગલ મારા સુધી ક્યાંથી હોય ! આવા ઘોર જંગલમાં પ્રેમી પતી તરછોડીને કાઢશે, એવો વીચાર સ્વપ્નમાં પણ નહોતો, છતાં ભાવીએ ભુલ ખવરાવી તેથીજ નાથના વચનમાં શંકા લાવીને આ દશા હાથે કરીને વ્હોરી લીધી.

વીધી ! વીધી ! મેં તે તારૂં એવું શું બગાડયું હતું, કે ભુંડી આવો લેખ લખ્યો ! મારા જેવું તને બીજું કોઇ ન મળ્યું, કે હુંજ તારા હાથમાં આવી. પણ તું શું કરે. કરમ કરે તે કોઇ ન કરે; પુર્વ ભવનું સંચિત હતું એવો લેખ તેં લખ્યો, તેમાં તને શા માટે દોશ આપું; હવે જીવવામાં પણ શો સાર છે ! પણ પતીની પાછળ થનાર વારસે મારે પેટ ગર્ભ ધારણ કર્યો છે, એજ પીડા છે. હવે હીંમત હારી જવામાં ફાયદો નથી. અહલ્યા તારા દ્રોપદી સીતા સતીઓએ થોડાં કષ્ટો સહ્યાં છે ? તો મારે માંથે દુઃખ

પડે તેથી શું થયું, હું ક્યાં તે સતીઓની રીતથી વર્તવામાં પાછી પડીશું, કે ના હીમત થાઉં, જેમ અહલ્યાને.

ગીતી.

સ્વામી શ્રાપે અહલ્યા સલ્યા થઇને પડી ડગી નાંહી,
છેવટ પ્રભુએ તારી નામ અમર કીધુ જગની માંહી.

તો પછી હું કેમ કહું તારામતીને પણ કષ્ટ પડવામાં શી બાકી રહી છે. તે પણ રાજરાણીજ હતી, ને મારા કરતાં વધારે સુકોમળ હતી પણ.

ગીતી.

પતિ વચને દુઃખ વેઠી, પતી દુઃખે જઇ પરઘર વેચાણી;
નામ અમર જગ કીધું, હરીશ્ચંદ્ર શ્રી તારામતી રાણી.

એક પતીના સત્યને ખાતરજ દુઃખ વેઠી પતીના દુઃખને માટેજ વેચાણી, પરંતુ તેવી રીતે સતીઓની કસોટી કરીનેજ ઇશ્વરે આપો આપ તારી છે, તો હું હીંમત શામાટે મુકુ ? દ્રૌપદી કે જે જગત અંબાનો અવતાર તેને ક્યાં ઓછું દુઃખ પડયું છે ?

ગીતી.

પતી સંગે વન વેઠી પતી સેવમાં દુઃખ સહ્યાં ભારી;
નામ અમર જગ કીધું સતી દ્રૌપદી પાંન્ડવની નારી.

એવી રીતે સતીઓએ દુઃખ વેઠી નામના કાઢી છે; સદાનું સુખ સતીને હોયજ નહી; દુઃખ અને વિપતીએ સતીની સાચી કસોટી છે. તો તે કસોટીમાં ના હીંમત બનું, તો હું સતી શાની

રામચંદ્રજીએ સીતાને સગર્ભાજ તજી હતી, ત્યારે વનમાં તેનું કોણ હતું ? પણ રૂષીનો આશ્રય સ્વબળે મેળવ્યો હતો; માટે કોઈ આશ્રય મેળવી ગર્ભનું રક્ષણ કરવા પેરવી કરૂં; સવાર થવા આવી છે, પોહો ફાટયો છે, રવી નારાયણ ઉગવાની તૈયારીમાં છે, માટે હવે સુ આશ્રય મેળવવા આગળ જવાની જરૂર છે. આવા અઘોર વનમાં આશ્રય મેળવવો કઠીણ છે. જ્યાં માણુસનું નામ દેખાતું નથી, ત્યાં આશ્રય ક્યાંથી મળે ? માટે ચાલ્ય જીવ ઝાડ ઉપરથી ઉતરી આશ્રય મેળવવા આગળ વધુ. હીંમતથી સૌ સારૂ થશે. ના હીંમત થવામાં સાર નથી કહેવત છે કે હીંમતે મરદા મદદે ખુદા.

એવો વીચાર કરી આગળ પ્રયાણ કરવા ઝાડ ઉપરથી નીચે ઉતરી, અને ચાલવા માંડયું; જે રાણીએ મહેલ બહાર પગ મુકેલો નહી, તે રાણી હીંમત રાખી કઠણ ધરતી ઉપર ચાલી જાય છે. સુકોમળ પગમાં કાંકરા કાંટા વીગેરે ભોંકાય છે, તેની દરકાર કર્યા શીવાય એક સરખી રીતે સાધારણ સ્ત્રીની માફક આગળ વધવા લાગી.

એ પ્રમાણે મધ્યાનકાળ થવા આવ્યો ત્યાં સુધી ભુખ અને થાકની દરકાર કર્યા શીવાય ચાલ્યા કર્યું મધ્યાનકાળ થયો ત્યાં ભુખે તે સતી ઉપર હુમલો કર્યો, તેથી રાણી ગભરાણી અને એક વીશાળ આંબાના વૃક્ષની છાંયે બેઠી. બેશીને મન સાથે કહેવા લાગી; ભલા ભગવાન હીંમતવાન મુજ બાળને તો હું ગણુતી નથી ! પણ પાપી પેટને ભાડુ

આપ્યા શીવાય કેવી રીતે નભે ? હવે આવા બીહામણા જંગલમાં ખાવાનું પણ ક્યાંથી મળે ! અજાણી હોવાથી ક્યાંથી મેળવી શકુ; ફળ ફુલ શીવાય બીજી ચીજ મળવાની નથી; પણ તે ઝાડ ઉપરથી કોણ ઉતારી આપે. બધું દુઃખ સહેવાય છે, પણ આ ભુખનું દુઃખ સહેવાતું નથી. હવે તો હે જગત પીતા ! આ બાળકી ઉપર દયા કરો; વિધિએ નમેરી થઈ આવા લેખ લખ્યા, પણ તમો તો કૃપા અને દયાના ભંડાર છો; કદાપી આ દાસીથી કંઈ ભુલ થઈ હોય તો તે ક્ષમા કરી કાંઈ ખાવાનું આપો. આપ તો ક્ષમાની મુરતી છો; આવો કોપ આપને તો નાજ ઘટે.

અરે ! પણ અમાં ભગવાનને શા માટે દોષ આપું ? દોષ મારા નશીબનો; પુર્વ ભવનાં સંચીત પ્રાણી માત્રને ભોગવવાં પડવાનાંજ તેમાં તેમનો દોષ ? મેં કોઇને આ પ્રમાણે દુઃખ પાડયું હશે. તેથી મને આ ભવ પડે છે.

મરાઠી સાખી.

પરભવ કરણી આ ભવ પામું, દોષ પ્રભુનો ન જરીએ;
કરણી કરતાં નહી વિચાર્યું, હવે શોક શીદ ધરીએ.
કીધુ પુર્વ ભવે, તેવું જીવતું પામ હવે.

જીવ હવે શોક શા માટે કરે છે ? ભુખનું દુઃખ ભાગે એવો આશ્રય આવા જંગલમાં દેખાતો નથી. ( ઝાડ ઉપર દ્રષ્ટી કરી ) અરે ! પણ આ આમ્રવૃક્ષ ઉપર કેરીઓ ભરી રહેલી છે, ચાલ્ય પથરો મારી કેરીઓ પાડી તેથી આ

પાપી પેટને ત્રમ કહું; ( બાજુમાં જોઇ ) અરે ! પણ અહીંઆં પથરો કે બીજુ કાંઇ સાધન દેખાતું નથી, તેમજ આ વૃક્ષ ઉપર ચઢી શકાય તેવું પણ નથી, જેથી ઉપર ચઢીને ફળ તોડી શકાય; આવા ઉત્તમ આમ્રવૃક્ષ નીચે બેશી ભુખના દુઃખે પીડીત થાય, એવી અભાગણી મારા જેવી બીજી કોણ હશે !

એ પ્રમાણે સતીને દુઃખી થતી જોઇ ભગવાને તે સતીના ઉપર કૃપાદૃષ્ટી કરી વંટોળીઆને મોકલ્યો; વંટોળીઆને પ્રભુજીની આજ્ઞા થતાંજ એકદમ તે ઠેકાણે આવી જમીનની ધુળ સુધાંત ઉરાડી મુકી, જેથી ત્યાં અંધારૂ ઘોર થઈ રહ્યું. ફળોવૃક્ષો ઉપરથી તુટીને નીચે ઢગલો થવા લાગ્યાં એવું થોડી પળ રહી વંટોળ ચાલતો થયો.

આકાશે ચડેલી ધુળ વંટોળીઓ જતાં ધીમે ધીમે નીચે બેસવા માંડી, અને રેતીને લીધે થયેલ અંધકાર પણ નાશ પામ્યો, તેથી રાણીના જીવને શાન્તિ થઇ. વંટોળ બંધ થતા, રાણીએ બાજુમાં દ્રષ્ટી કરી, તો સંખ્યા બંધ કેરીઓનો ઢગ પોતાની બાજુમાં પડેલો જોયો. ફળનો ઢગલો જોઇ રાણી હરખાણી, અને વંટોળને આશીરવાદ આપવા લાગી. પછી મન સાથે વિચાર્યું, ભલે માણસને આફીન ન હોય, પણ હીમતની કીંમત નથી, તેમજ સબુરીનાં ફળ મીઠાંજ છે. સંતોષ એજ સાચુ સુખનું કારણ છે.

જો કે કાલ અત્યારે રાજ રાણી હતી. અને સેવામાં સંખ્યા બંધ દાશીઓ તૈયાર હતી; પાણી માગતાં દુધ હાજર થતું, તે અત્યારે ભુખના દુઃખે દુઃખી થતી નશીબને દોશ આપતી ઇશ્વર બંદગીમાં ગુંથાણીછું, કહેવતમાં કહ્યું છે કે, "સુખમાં સોની અને દુઃખમાં રામ, તે કહેવત અક્ષરે અક્ષર સત્ય છે. કાલ અત્યારે ઇશ્વરનું નામ સરખું પણું યાદ આવતું ન હતું! શેનુ આવે? તે વખતે ક્યાં ભુખ કે થાકની પીડા હતી. એતો અત્યારે આ દુઃખ પડ્યું ત્યારેજ યાદ આવ્યું; અહા! હા! ઇશ્વર ભક્તિમાં ગુલતાન થવા માટે દુઃખ જેવું બીજું એક પણ સાધન નથી, તે હવે પુરેપુરૂ સમજાયું.

આ પ્રમાણે વીચાર કરી પોતે પડેલા ફળોની ઢગલી પાસે જઇ તેમાંથી પાકી સાકી સાખો વીણીને લઇ લીધી, અને તેથી ભુખને શાન્તિ આપી આગળ વધવા માંડ્યું; છેક સાંજના એક વૃદ્ધ સાધુના મુકામે પહોંચી.

આખો દીવસ કોઇ માણસ તો શું, પણ માણસનું પગલું સરખું પણ દીઠેલું નહી, તેથી આ સાધુને જોઇ મન સાથે આનંદ પામી, અને તે વૃદ્ધ પાસે જઇને સવિનય પ્રણામ કર્યા.

સતીને જોઇ સાધુએ પુછ્યું બેટી! તું કોન હે? ઔર કહાંસે આતી હે! એસા બીયાબાન જંગલમે તે એકીલી

કીસ તરાહસે આઇ. કીસીકી તાકાદ નહી, કે જો વો જં-
ગલમે આ શકે !

રાણીએ કહ્યું, મહારાજ મેં એક રાજરાની હું,
ઓર મેરા કર્મકા ફળ પાતી હું. જોગીએ કહ્યું, કયા કર્મ
કીયા, કે તેરેકુ ઇસ ફળ મીલા, તુમ કોન રાજકી રાની હું
ઓર કીસ ગામકી રહેનેવાલી હું વો સબ હકીકતસે મુજે
વાકીફ કર, કોઇ તરેહકા દોષ હુવા હો ઇસકુ છુપાનેકે
લીયે જુઠ બોલના નહી. એક દોષ કરકે ઇશ્વરકા એક ગુ-
નહા કીયા, ઉસકુ છુપાને કે લીયે જુઠ બોલકે દુસરા ગુન્હા
કરના નહી. વો ખુબ સમજના.

રાણીએ કહ્યુ. હે ! પવિત્ર મહાત્મા ! મેં જોધપુરકા
રાજા જોધાણનાથકી રાણી હુ અને જોધપુરકી રહેનેવાલી
હુ. જો કર્મકા ફળ મેં પાતી હુ વો કર્મ ઇસ ભવકે નહી
પણ પુર્વ ભવમે કીયા હુવા ફળ મીલા હે. બીધાતાને એ-
સાઇ લીખા હોગા જીસસે પતીકા બચનમે શંકા પાઇ,
જીસસે સુખી અવસ્થાસે છુટકે આ દશામે આઇ એ પ્રમાણે
કહી રાણી ગળગળી થઇ.

સાધુએ કહ્યું, એસી કોનસી શંકાપાઇ, વો મુજે સુ-
નાઓ, બેટી ! ગભરાના નહી. સચ સચ બાત સુનાઓ
જીસસે, મેરેકુ સમજ પડે રાણીએ કહ્યું મહારાજ આપની
ઇચ્છા છે તો સાંભળો ?

ગાયન.

રાણી–( શું કહું મારી વાત વિસ્તારી ) એ રાહ

શંકાએ મારી. સુખ સઉ હારી, બની દુઃખીઆરી આવારી;
થઈ બીચારી, રાણી. હું ભારી સગર્ભા નારી, પતી પ્યારી
બેઠી હતી, પગ દાબતી વીનોદથી પતી રીઝવતી.
સંતોશવા પતી સેવથી એ ધર્મ સાચો છે સતી
નીસાસો પતીના મુખથી અણ ચીતવ્યો નીકળી પડયો
કરૂ ચંપી શેવા નાથની ત્યાં કાનમાં જઇ આથડયો
દુઃખી થઈ હું, પતીને વીનવ્યું, કારણ કહોને વિસ્તારી થઈ
ધીરજ આપી મુજને નથી દોશ તુજ જરીએ પડયો,
સંતોશ તુજ સેવા થકી પણ જીવ બીજે જઈ ચડયો;
હાંજીહા બોલા નોકરોથી રાજ્યની હાની થશે
ન્હાનાથી મોટા સર્વ સરખા, ન્યાયનું નામજ જશે
શંકામે લીધી, સરતજ કીધી, તે શરતે હું ગઇ હારી–થઇ
મુરખી હું માન્યું નહી જરી, કે નોકરો તેવા હશે
વારી પતીએ, મુજને પણ જાણ્યું નહી જીતી જશે
મધ્ય રાત્રને મધ્યાન કહેવરાવવાની હોડજ મેં કરી
વીધીએ મુજને ભુલવી. પતી વચનમાં શંકા ધરી
મધ્યાન કીધા, પ્રભુથી ન બીધા, દીવાન શેઠને કારભારી–થઇ
હારી શરત તેથી પતીએ રાત્રીએ વન મોકલી
ક્ષત્રી કદી નહી સત્ય ચુકે, સતી નાથ વચને પળી
તજતાં અતી દુઃખીઆ થયા, પણ બોલ બળગો નવ ફર્યો

આવતની સાથે મોકલી, આવત મુકીને પરવર્યો
ત્યાંથી હું આવી, ભરોસે ભાવી, દુઃખ ઉઠાવી સતી નારી—થઈ

રાણીનું દુઃખ સાંભળી મહંતને દયા આવીને કહ્યું એ-ટી મે વૃદ્ધ હું, ઇસ બીયાબાન જંગલમે રહેતા હું, ઓર ઇશ્વરકા ભજન કરનેમે ગુલતાન રહેતા હું જો કે ઇધર રાજય રાનીકી માફીક સુખ નહી મીલેગા, પરંતુ મનસે સમજે તો સંતોશ સમાન સુખ દુસરા કોઉભી નહી હે. રાજરાની હુઈ સંતોશ ધારન ન કીયા તો કયા હુવા? અછે અછે ભોજનસે ત્રપ્તી ન હુઈ તો ઇસમેભી કાયા હુવા? ગરીબી હાલતમે સંતોશ સમજે તો રાજરાનીકા સુખ ઇસ આગે કુચ ગીનતીમે નાંહી હે.

રાણીએ કહ્યું મહાત્મા! આપનું કહેવું અક્ષરે અક્ષર સાચુ છે. મહંતે કહ્યું. પણ અહીઆં રાજધાનીમાંનું કીંચીત સુખ મળશે નહી. રાણીએ કહ્યું, જે સુખ મળશે, તે રાજધાની કરતાં પણ વીશેશ સુખ સમજીને રહીશ; મહંતે તેની પરિક્ષા જોવા કહ્યું સુન મેં મેરી લડકીકી માફીક યાં રખુ પણ—

ગાયન

( રાજા ત્યાં શેવા કોણ કરશે )

મહંત—નહી આ વનનું દુઃખ સહેવાશે, વિણ દાશી કહો
કેમ રહેવાશે

મહંતનું કામ હાથ હેવાશે, કહો રાણી શું તમથી થાશે.
મહેલ નથી જો ઝુંપડુ ભારી

રાણી–તેને લીધો મહેલ વિચારી
મહંત–નહી મળે મીષ્ટાંન તૈયારી
રાણી–ફળફુલ ખાઈશ હર્ષે ભારી
મહંત-પીવા માટે નથી કાંઈ ઝારી
રાણી–નીર્મળ ઝરણાં કેરૂ વારી
મહંત–વસ્ત્ર વિના દુઃખ સહેશો ભારી
રાણી–વલકલ વસ્ત્રો અતી સુખકારી
મહંત–કહે શું પાથરશે
રાણી કહે શું પાથરશે–નહી
શાનું ઉશીકુ કરશો રાણી
વનમાં આવી રહેતાં ભારી

રાણી— કોમળ રેતી પાથરી સુઈશ
બાહુનું ઉશીકુ ધારી
આકાશને ચંદરવો ધારી
ચાંદરણી ગણું સખીઓ મારી
ચંદ્ર રૂપી દીવાને દેખી
શાંન્તિ ધારૂ દીલમાં ભારી
દાશીઓ આ તરૂની ડાળો
સંતોષ સ્થાપુ ચીતમ પ્યારો

સુમીત્ર કુરણા ભરે ઉછાળો
પીતુ તમે મને પુત્રી વીચારો

મહંત–સુખ દુખમાં સમાન
રાણી–આપણું એ કામ છે.
મહંત–સંતોશીલી ધૈર્યવાન
રાણી—સાચો સતીનો કામ છે

સુખ દુઃખ એ સઉ મનના કારણ
દુઃખ વીણુ રામ ન મળે ભવતારણ
જન ઉધારણ દુઃખ નીવારણ
હરદમ સુખ કહેવાશે

મહંત–નહી આ વનનું દુઃખ સહેવાશે–વિણુ

મહંતે કહ્યું, ધન્ય છે. તારી ધીરજને! અને સંતોષને! રાજ રાણી હોવા છતાં આટલો સંતોશ જોઇ હું ઘણોજ ખુશી થાઉ છું. જા? આ ઝુપડીમાં સુખેથી રહે. બનતી શેવા કરજે, ને પ્રભુ સ્મરણમાં હંમેશાં પરવરજે. એ પ્રમાણે કહી મહંતે પોતાની પાસે એક પુત્રી તરીકે રાખી આશ્રય આપ્યો.

વ્હાલા વાંચકવૃંદ! સતીએ હીંમત રાખી ભુખ અને થાક સહન કરી મહંતના આશ્રય સુધી જઇને મહંતનો આશ્રય મેળવ્યો, અને મહંતની પરીક્ષામાં પોતાની અડગ-વૃતીમાં સાચી નીવડી, તેમજ દરેક સુકાર્ય હીમતથી અને અડગવૃતીથી કરશો, તો જય મેળવશો તે નિઃસંદેહ છે. માટે

. હરેક કાર્યમાં નાહીંમત નહી બનતાં અડગવૃતિથી કરવું, જેથી વિજયતાને પામશો અસ્તુઃ

રાણીને એ પ્રમાણે મહંતના આશ્રયમાં બે મહિના થઇ ગયા. મહંત રાણીને પોતાની પેટની પુત્રી કરતાં પણ વીશેષ ચહાતો હતો, તેવીજ રીતે રાણી પણ મહંતની પીતા સમાન શેવા ચાકરી ઉઠાવતી હતી. એ પ્રમાણે દીવશો વ્યતિત થતાં રાણીને નવ માસ પુર્ણ થયા ત્યાં મહંતે વીચાર કર્યો કે રાણીને પ્રસુતની વખતે એક બાઈ તેની પાસે જોઇએ, એવો વીચાર કરી પાસેના શેહેરમાં જઇ એક બાઇને તેડી લાવ્યા અને રાણી પાસે રાખી.

એમ કરતાં રાણીને પ્રસુત વખત આવ્યો. ત્યાં રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. પુત્રની વધાઇ તેની સારવાર કરનાર બાઇએ મહંતને આપી, તેથી મહંત પુર્ણ રાજી થયા. અને તેના જન્મની કુંટળી જોઇ તેમણે કુંવરનું ભવિષ્ય બાંધ્યું કે તે જોધાણનાથની ગાદી ભોગવશે. અને કુંડળી ઉપરથી તેનું નામ અમર કુમાર પાડયું.

પુત્ર પ્રસવથી સોઢી રાણી મનમાં ઘણાજ હર્ષ સાથે ખેદ પણ પામી; કારણ જે કુંવરના જન્મ વખતે હજારો દાશીઓ હાજર હોય, અને કુંવરની વધાઈ મળતાં રાજ્યમાં તેજ ઘેરે ઘેર ધવળ મંગળ ગવાય હજારો મણ સાકરો ગામમાં વહેચાય, જાચકોનાં ટોળેટોળાં રાજ્યદ્વારે ખડાં થાય,

હજારો માગણોને રાજ્ય તરફથી ઇનામો મળવાથી જન્મનાર કુંવરને, તેમજ રાજાને હજારો આશીર્વાદના વરસાદ વરસાવતા ગામને ગજાવી મુકે; રાજ્યદ્વારે વાદીંત્રોની નાદના શરૂ થાય, અને હજારો મંગળમય પેરવીઓ થાય; જે કુંવરનો જન્મ દીવસ આનંદ ઓત્સવનો ગણાય, તે કુંવરના જન્મ વખતે ફકત એકજ સ્ત્રી હાજર, અને જંગલમાં તો પછી આનંદ ઓત્સવ શેનો હોય. આનંદ ઓત્સવ ગણો તો ફકત મહંતનેજ, કે જેણે રાણીને પુત્રી તરીકે રાખી, તે પણ મનનોજ આનંદ, કારણ આવા જંગલમાં ધામધુમ શેની કરે ! અને તેથી રાણીને ખેદ કેમ ન થાય ? પણ પુત્ર જન્મને લીધે આનંદ થયો. કારણ અપુત્ર જોધાણનાથ તેના પતીનું વાંછીઆ મહેણું જતાં રાજને ભોગવવાવાળો વારસ ઇશ્વરે આપ્યો તેથી તેણે પ્રભુનો ઉપકાર માન્યો. અને મનસાથે આનંદ પામી.

## પ્રકરણ પાંચમું.

એમ દીવસો ઉપર દીવસો વ્યતિત થતાં કુંવર મહોટો થવા લાગ્યો, મહંત કુંવરને જીવથી પણ અધિક ચહાતા અને પુત્રની પેઠે પાલન કરતા હતા. એમ કરતાં કુંવરની ઉમર પાંચ વરસની થઈ પાંચ વરસની વય કુંવરની થઇ, ત્યાં મહંતે તેને વિદ્યાભ્યાસ શરૂ કરાવ્યો; ચાર વરસમાં

તેને સર્વ વીદ્યાઓમાં પ્રવિણ કર્યો. નીતી ધર્મ, ન્યાય, વીગેરે દરેક અભ્યાસ કુંવરે કર્યો અને નવમું વરસ પુરૂ થતાં તે સર્વે વીદ્યામાં કુશળ થયો.

સોઢી રાણી કે જેણે આ જંગલમાં સુખ સંતોશ માન્યો હતો, તે સુખ પણ જવા બેઠું, મહંતની તબીયત એકાએક બગડી અને મરણ શય્યા ઉપર પડ્યા, અને તેમના જીવનની ઘડીઓ ગણાવા માંડી.

મહંતને મરણ બીછાને પડેલા જોઈ રાણી ગભરાણી અને મન સાથે કહેવા લાગી કે આ જંગલમાં મંગલ માની રહી, ત્યાં પણ વીધીએ ઠરવાવારો ન આપ્યો મહંતને પીતા તુલ્ય માની પુત્ર સંગે તેમના આશ્રયે રહી આનંદ માનતી હતી, તે પાલક પણ જવા બેઠા ! હવે આ જંગલમાં હમારૂ કોણ ? અમારૂ પોષણ કોણ કરશે ? કુંવર હજી બાળક છે, તો પછી આ જંગલમાં દીવસ કેવી રીતે નીર્ગમન થશે ! એ પ્રમાણે કહી વીલાપ કરવા લાગી, મહંત રાણીને વીલાપ કરતી જોઇ પોતે મનમાં ઘણોજ ખેદ પામ્યા, અને રાણીને પાસે બોલાવીને કહ્યું. બેટી ! તું શા માટે મનમાં શોક કરે છે, ! નામ તેનો તો નાશ છેજ; જનમ્યુ છે તે જવાનુંજ છે. તો પછી શોક શા માટે કરવો ? જે વખતે રાજાએ દેશવટો આપ્યો; તે વખતે તારૂ કોણ હતું ? માણસોનો આશ્રય કાંઈ નથી. ઇશ્વર સર્વેનો આશ્ર

ચહાતા છે, તે આશ્રય આપશેજ, તેની ખાત્રી રાખ્ય. મન-
માંથી શોક કાઢી નાખ્ય. જો સાંભળ્ય ?

મહંત—— ગાયન

સાચો શ્યામ સાચો શ્યામ સાચો શ્યામરે,
જોને નીરખી તું તો ઠામે ઠામ;
જગજન પાલક રામ પાલક રામ પાલક રામરે
મનમાં તુ જોને, બહાર તું જોને.
જોને સકલ સંસાર,
આ બ્રહ્માન્ડની માળા તું જો વળી,
પણ નહી પામે પાર,
સઘળે જ્યોતી એનીરે...............જોને.

આ તનનો રંગ મહેલ બનાવ્યો,
મહી ભર્યો દરબાર;
અનહદ વાજાં વાગી રહ્યાં ત્યાં.
જીવ રમે એક તાર
ચમકે જ્યોતી તેનીરે...............જોને

અકળકળા નવ જાયે કળાઈ,
એવો છે કીરતાર;
જીવ સૌ પોશે પ્રેમ ધરી પ્રભુ,
એવો એ છે દાતાર,
પડે ખબર ન તેનીરે...............જોને

માટે બેટી ! એવી ચીંતા મન ઉપરથી કાઢી નાંખ્ય. તને તારી અને તારા પુત્રની ચીંતા છે. પણ તેને તો આખા જગતની ચીંતા છે; સ્વબળે જેવો આશ્રય અહીં મેળવ્યો તેવી રીતે બીજો આશ્રય શોધી લેજે. મારેને તારે જેટલું ભેગુ રહેવાનો સંચીત હતો, તે ભોગવી લીધો. સંચીત તુટતાં જુદાં થવાનો સંભવ આવ્યો તો તેને માટે ખેદ કરીશ નહી. પોષણને માટે પણ ચીંતા કરીશ નહી. કીડીને કણ અને હાથીને મણ પુરૂ પાડનાર કીરતાર હજરા હજુર છે, તેને વીસારીશ નહી; દુનિયામાં સત્ય અને નેકી રાખી યત્ન કરનારને તે દયાળુ દેવ નિરાશ કરતોજ નથી; જન્મેલા બાળકને દુધ જોઇએ તે તે અગાઉથીજ નીપજાવી રાખે છે. તેવી ચીંતા તે રાખે છે, તો તમારી ચીંતા તેને નહી હોય ?

રાણીએ કહ્યું પીતાજી તમારૂ કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. પણ મારા નસીબમાં આવું દુઃખ કયાં ઘાલી મુકર્યું હશે ? મેં તે એવાં પુર્વે શું પાપ કર્યાં હશે, કે મારે આ દુખ ભોગવવા વખત આવ્યો; રાજાએ તજી, તો તમારો આશ્રય મેળવ્યો તે પણ જવા બેઠો; મારા જેવી ભાગ્યહીણુ બીજી કોણુ હશે ? તમારો સ્વર્ગમાં વાસ થયા બાદ હમારૂ શું થશે ?

રાણી અને પુત્ર— ગાયન

( શું પીતાજી આમ જાસો ) એ રાહ,

બંને—હા પીતાજી આપ વિણુ થાવાનાં રખડતાં

કાંઇ કરો મયા માયાળુ દુઃખમાં પટકતાં
આપ વિના કોણુ પોશણુ કરશે
માતા પુત્ર થાવાનાં રખડતાં ભટકતાં—હા પીતાજી

મહંતે કહ્યું પુત્રી ધીરજ ધર, આવો ખોટો ખેદ નકર ધીરજનાં ફળ મીઠાં છે. અહલ્યા, તારા, દ્રૌપદી આદી સતીઓનાં ચરીત્રો યાદ કર. તેમના દુઃખો સાથે તારૂ દુઃખ સરખાવીજો તે સતીઓએ એવાં દુઃખો સહન કર્યાં છે?

મહંત— ગીતી.

પતિ શ્રાપે થઇ શલ્યા, પણુ નવ ધીરજ અહલ્યાએ છોડી
અડગ મને દુઃખ વેઠ્યું ધીર ધારી ચીત પ્રભુ ચરણે જોડી
પતી વચને વન સેવ્યું વળી પતીના દુઃખે વખાણી
અડગ મને દુઃખ વેઠ્યું સાચી સતીએ હરીશ્ચંદ્ર રાણી
પતી સંગે વન વીચરી પતી શેવામાં સહ્યાં દુઃખ ભારી
નામ અમર જગ કીધું સાચી સતીએ દ્રોપદ કુમારી

માટે વીચારી જો? તેનાં દુઃખો આગળ તારૂં દુઃખ શા હીસાબનું છે, માટે બ્હેની મારો દેહ પડવાની તૈયારીમાં છે, આત્માએ આપેલું ભાડુ પુરૂ થયું છે, તો આત્મા જતાં આ કલેવર પડશે. તેને ઠેકાણે પાડી (અગ્નિ ભેગુ કરી.) તું બીજો આશ્રય મેળવવા યત્ન કરજે; હીંમત હારીને બેશી રહીશ નહી. હવે કુંવર નવ વરસનો થયો છે. તે કાલ આવી મળશે; અને બાર વરસ પુરાં થતાં પાછી રાજરાણી પદને અને રાજ્યના વૈભવને પ્રાપ્ત થઈશ; માટે પુત્રી! મારી

શીખામણુને કીંચીત નહી વીસારતા બીજો આશ્રય મેળવવાના પ્રયાસમાં પાછી પડીશ નહીં, અને કુંવરનું જતન કરજે હવે મારી અજલ આવી પુગી છે. નસો તણાય છે, લાવ એક વાર અમર કુમારને મારી પાસે લાવ, મને તેને છેલ્લીવારનો તેના માથે હાથ મુકવાદે.

અમર કુમારને થાદ કરતાં રાણીએ કુમારને મહંત પાસે આણ્યો મહંતની આ સ્થિતી જોઇ કુંવરે રૂદન કરવા માંડયું. મહંતે કુંવરને ધીરજ આપી અને તેના માંથે હાથ મુકી આશીશ આપી અને કહ્યું ! બેટા, હું જાઉછું, તું ડાહ્યો થજે અને તારી માતાના સુખ દુઃખમાં ભાગ લેજે તારી માતાએ ઘણાં કષ્ટો સહ્યાં છે. જો કે હજી તું બાળક છે. પણ સર્વ વિચાર સંપન્ન હોઇ ડહાપણનો ભરેલો છે. હવે હું જાઉછું એ........એ........એ મહંત સ્વર્ગવાસી થયા. મહંત સ્વર્ગ વાસી થયા ત્યાં માતા પુત્રે રૂદન કરવા માંડયું.

રાણી અને પુત્ર— ગાયન.

રાગ ગોપીચંદ.

રાણી—હે તાત માયાળુ મયા તજીને કયાં ચાલી ગયા.
પુત્ર—હે પીતુ મમ પ્યારા તજતાં અમોને નવ આણી દયા;
રાણી—આશ્રયીને નિરાશ્રય કીધાં કીધો. સ્વર્ગમાંવાસ,
આમા ઘટે નહી ધર્મ પીતા થઇ, મુકયાં કોણ વીશ્વાસરે–હે૦
પુત્ર–પુત્ર પ્યારા કહી કોણ બોલાવશે બોળે બેસારી તાત,

એક પ્રભુને બીજો તમારો આશ્રય હતો મુજ માત રે;–હે૦
રાણી–સ્વર્ગ મહી પીતુ થાજો સુખીયા હઉ પ્રુ શુભ આશીશ
પરોપકારી થઈ પાળ્યાં હમોને ભલુ કરો જુગદીશરે–હે૦
પુત્ર–વીધા દાન દઈ પીતુ ખ્યારા કીધો અતિ ઉપકાર;
જન્મો જન્મનો રૂણી તમારો કદી ન વિસરનાર રે;–હે પીતુ
રાણીપુત્ર–અમો માગીએ પ્રીતે પ્રભુજી, હોજો પીતુ સ્વર્ગવાસ
ચરણ પદ તુમ દેજો પ્રીતે, એજ હમારી આશરે,–હે પીતુ

એ પ્રમાણે પ્રભુની વીનંતી કરી મહંતના શબને અગ્ની સંસ્કાર કરવા માટે લાકડાં વીણી લાવીને ઢગલો કર્યો અને માતા પુત્રે મળીને મહંતના શબને સુવાડીને આગ્નીદાહ દીધો, આગ્નીદાહ દીધા બાદ રાણી પુત્રને લઈ બીજો આશ્રય મેળવવા માટે ચાલી નીકળી.

વન વગડામાં બે દીવસની મુસાફરી રાણીએ અને પુત્રે કરી ત્યારે એક શહેરની નજીકમાં પહોંચ્યા. શહેરની નજીકમાં એક જળાશય વાળી જગો જોઇ રાણીએ ત્યાં ઝુંપડું બાંધી રહેવાનું પસંદ કર્યું અને સોટીઓ વીગેરે વીણી લાવી એક નાનુ ઝુંપડુ બાંધ્યું, અને તેમાં રહેવા લાગ્યાં.

રાણી પોતે જંગલમાંથી ઘાસ વીગેરે એકઠુ કરી શેહેરમાં વેચતી અને તે ઉપર માતા પુત્ર નીર્વાહ ચલવતાં હતાં. મહંતનો આશ્રય જતાં આ પણ તેમને આશ્રય રૂપ કામ થયું, તેથી રાણીને સંતોષ હતો પરંતુ સંચીત કેમ મટે દાટયા ભુલે પણ લખ્યા કદી ભુલતા

નથી તે કહેવત સાર " ઘરની ઉઠી વનમાં ગઇ તો વનમાં ઉઠી આગ " એ પ્રમાણે થયું, ત્રણ વરસ વીત્યા બાદ રાણી અને કુમાર જંગલમાંથી એકઠું કરેલું ઘાસ વીગેરે વેચી પરાણે નિર્વાહ ચલાવતાં હતાં, ત્યાં દુષ્કાળ દુષ્મન આવી પડયો; અનનો પાક વરસાદ નહી થવાથી બીલકુલ થયો નહી; તેથી ગરીબ ગુરબાંઓ અન્ન વિના મરવા લાગ્યાં; રાણીને તથા કુંવરને પણ કડાકા થવા લાગ્યા તેથી ઝાડનાં પાન અને મુળ ઉપર નિર્વાહ કરવા લાગ્યાં; થોડો વખત જતાં તે પણ ખુટી ગયા અને પેટપુર મળ્યાં નહી થોડું ઘણું મળતું તે રાણી પોતે નહી ખાતાં પુત્રનું પોશણ કરતી હતી એ પ્રમાણે દુષ્કાળ સમય વીતાવ્યો પણ છેવટે ભુખના દુ:ખથી રાણી મરણ શય્યા ઉપર પડી.

રાણીને મરણ શય્યા પર પડેલી જોઈ પુત્રે રૂદન કરવા માંડયું, ત્યાં રાણીએ તેને ધીરજ આપી અને તેને તેના પીતાની ઓળખાણ પડવા માટે રાજાએ આપેલી વીંટી તથા એક ચીઠી લખી માદળીયામાં ઘાલીને કુંવરને હાથે બાંધ્યુ, અને ધીરજ આપી કહ્યું. પુત્ર હવે હું થોડીજ પ-ળની મેમાન છું માટે કહું એ સાંભળી લે ? આ માદળીઉ હાલ વાંચતો નહી પણ સિદ્ધપુર જઇ માતુ શ્રાદ્ધ કરે; ત્યાર શિવાય આ માદળીયું ફોડીશ નહી. કુંવરે કહ્યું પણ માતા ! વ્હાલી માતા ! શું તું મને છોડીને જશે ? શું

તને પુત્રની પણ દયા નથી આવતી ? તારા વીના મારૂ અ
દુનિયામાં કોણ છે ! પીતુ જતાં તારો આધાર હતા. તે પણ
તું જવા બેઠી; હવે મારૂ શું થશે ?

રાણીએ કહ્યું, બેટા ધીરજ ધર, હાલ તારી ઉમ્મર બા
વરસની છે.ના હીમ્મત નહી બન;મારી માફક હીંમતધારી રહેજે
ઇશ્વર તને શુભ પ્રસંગ આપશે હાલતો તું મહેનત મજુરી કર
તારૂ ગુજરાન કરજે ભગવાન તારૂ રક્ષણ કરશે. બેટા વી
દાન છું; અહો તું મારો શોક કરી તારા આત્માને દુઃખ
કરીશ નહી. જે ફળને માટે આ કાયા સાચવી હતી ત
ફળ તું મળ્યો, હવે હું સંતોષથી મરીશ, હવે મારી છેલ
ટની ઘડી છે. આ દુખીઆરી માતાને ભુલી જજે, હે ! દ
યાળું દેવ મારા છોકરાનું રક્ષણ કરજો; હવે હું સુખમ
મ....રૂ....છુ....પ....તી....વી....ચે....બે....મ....રૂ....છુ..એવ
દુ....ખ....છે....ના....ય....ઓ....ના....થ.

રાણી સ્વર્ગવાસી થતાં કુંવર એકલો પડયો, અને રૂદન
કરવા માંડયું.

કુંવર— ગાયન

(મુજ માતુ મરીરે ગઈ) એ રાહ

પ્રિય માતુ તજી ક્યાં ગઈ અરેરે પ્રિય માતુ તજી ક્યાં ગઇ
કેમ આવી નમેરી થઈ અરેરે પ્રિય માતુ તજી ક્યાં ગઇ
પુત્ર કહી હવે કોણ બોલાવશે લાડ લડાવે કોણ ચુબન દા
પડયો એકલો આ ભવ સંસારે, નહી ઓથ કોની રહી

ઉંચે આભને નીચે ધરતી, કોને બોલાવીશ ધાઇ–અરેરે
સાચો આશ્રય છે પ્રભુ તારો, અવર રહ્યો નથી કાંઇ–અરેરે
કરજોડીને વિનવું પ્રભુજી, નમેરા થાશો નહીં–અરેરે
માત પીતા મમ થયાં નમેરાં, તમ આશ્રયે મુકયો અહીં–અરેરે
સ્વર્ગવાશી થાજે માતુ મારી, સુખી થજે હોય જહી–અરેરે

એપ્રમાણે રૂદન કરી ઇશ્વર પ્રાર્થના કરી માતુને આશીશ આપી, અને કાષ્ટ એકઠાં કરી માતુના શબને અગ્નીસંસ્કાર કર્યો, માતુના શબને ઠેકાણે પાડી પોતે મન સાથે વીચાર કર્યો; કે હવે મારે શું કરવું ! એમ વીચારમાં ને વીચારમાં ઘણો વખત ગાળ્યો; છેવટે લાકડાં વેચી નીર્વાહ કરવાના નિશ્ચય ઉપર આવ્યો, અને એક લાકડાંનો મોટો સાડાત્રણ મણનો ભારો કાપી લાવીને શેહેરમાં વેચવા માટે નીકળ્યો.

## પ્રકરણ ૫ મું.

---

લાકડાનો ભારો લઇ તે નગરમાં ગયો; રાજવીર અને નશીબવાન હોવાથી લાકડાં પણ તેને બાવના ચંદનનાં મળ્યાં, પણ કર્મની કઠણાઇને લઇને તે ઓળખી શકયો નહી. લાકડાં લઇ તે જતો હતો. તેવામાં એક લોભીલાલ કે જે ઘરનો ઘણોજ ગરીબી સ્થીતીનો વણીક હતો તેની દ્રષ્ટીએ આ કઠીઆરો પડયો. કઠીઆરાના માંથે બાવના ચંદનનો ભારો જોઇ લોભીલાલનું મન ઉશ્કેરાયું, તેથી તેણે તે કઠીઆરાને બોલાવી ભારાની કીંમત પુછી.

કઠીઆરાએ કહ્યું 'બાપજી ! હું એક ગરીબ કઠીઆરો છું, ને પેટને માટે આ વઇતરૂ કરૂં છું, માટે મને પેટ પુરતું ખાવાનું આપશો. તો રોજ આવા ભારા તમારા ઘેર નાંખ્યા કરીશ લોભીલાલ કઠીઆરાના આવા બોલથી અચંબો પામ્યો અને વીચાર કર્યો કે આપણા ઉપર ઇશ્વર તુષમાન થયો છે, જેથી ઘેર બેઠે ગંગાજી મળી ગયાં આ ભારો લગભગ સાડા ત્રણમણનો હશે, ને તેની કીંમત ચાલીસ રૂપીયે એક શેર પ્રમાણે રૂપીઆ છપ્પનસોની થઇ, તે ફક્ત ખાવાનું આપવામાંજ પતે છે, તો ઘેર બેઠે ગંગાજી કેમ નહી ! પણ શું ખાવાનું બાંધી આપવું. કે જેથી ફાયદો થાય ! હા ! હા ! ઠીક યાદ આવ્યું. રોટલોને મરચુ. કદાપી રાજી થઇ કેરી કડકો પણ આપીશું, જેથી તે ખુશી થશે. એવો વીચાર કરી તેણે કઠીયારાને કહ્યું. ભાઇ ! આજથી તારે રોજ આવો ભારો લાવવો અને તે બદલ હમો તને રોજ રોટલો અને મરચું આપીશું. કદાપી આથી પણ વધારે વજનનો ભારો લાવશે તો કેરીનો કટકો પણ મળશે.

કઠીઆરાએ કહ્યું, શેઠજી ! તમારૂ કલ્યાણ થાઓ, તમે મને નિરાધારને આશ્રય આપ્યો છે. ઇશ્વર તમારૂ કલ્યાણ કરો, શેઠજીએ કહ્યું ( તું આવ્યો ત્યારથી હમારૂ તો કલ્યાણ થઇ ગયું છે. ) બહુ સારૂ જા, કાલ વહેલો આવજે; ને આથી ભારે ભારો લઈ આવજે.

કઠીઆરાએ કહ્યું બહુ સારૂ બાપજી! હું જાઉંછું ને કાલે ભારો ભારે લાવીશ; એમ કહી કઠીયારો વીદાય થયો. કઠીયારાના ગયા પછી શેઠે વીચાર કર્યો, કે લક્ષ્મી હાથ પગ કરીને આવે છે, તે આમજ, આજનો દીવસ મને પુરો ફળ દાયક નીવડયો, કે વગર મહેનતે રોજની છપ્પનસો રૂપીઆની પેદાશ થઈ! હવે થોડા દીવસમાં આપણે કોટ ચાધીપતી થવાના! પણ આ બાવનાચંદન આપણે અહી વેચવાં નહી પણ બારોબાર દેશાવર દુકાનો ખોલી ત્યાં વકરો કરવો જેથી કોઇને તેની ખબર પડે નહી, નહીતર અહીંના વાણીઆ મારા બેટા આપણો વપાર પડાવી લે. અને વેપારનો ભેદ જાણી જાય, એવો વીચાર કરી બહાર ગામ ખાતે દુકાનો ખોલવાની પેરવીમાં પડયા.

બીજે દીવસે સવારના કઠીયારો ભારો લઇ આવ્યો તે શેઠે પોતાની વખારમાં નંખાવ્યો અને રોટલો મરચુ અને ઉપર કેરી કટકો આપ્યો, જેથી કઠીયારો ખુશી થયો અને શેઠને આશીર્વાદ દેતો પોતાને મુકામે ગયો.

એ પ્રમાણે રોજની પેદાશ લોભીલાલને થઈ જેથી દીવસે દીવસે તે વધવા માંડયો; થોડા દીવસમાં લખપતી થયો અને બે વરસમાં તો કોડાધીપતી થયો, અને ઘેર છપ્પન ઉપર ભુંગળ વાગવા માંડી તેમજ દેશ દેશાવર દુકાનો ખોલી તેનો માલીક થઈ બેઠો.

ગામના માજને વીચાર કર્યો, આ લોભીલાલ વધી

ગયો. એ વરસ ઉપર ખાવા ધાન્ય નહોતું. અને આજ કો-ટયાધીપતી બની ગયો, એ નશીબની વાત છે. મનુષ્ય મા-ત્રને દસકો સુખ અને દસકો દુઃખ ચાલ્યું આવે છે, પણ આનો દસકો તો અજાયબ જેવી રીતે વધી ગયો. એ પ્ર-માણે ગામમાં કોટયાધીપતી કહેવાતાં સારી ઈજત બંધાઇ ને પ્રથમ ગામના લોક તેને લોભીયો કહી બોલાવતાં હતાં તે લોભીલાલ કહી માન આપવા લાગ્યાં,

પૈસા ! પૈસા ! તારી બલહારી છે. તારી માયા અજ-બ છે. તારે લીધે જે નરના હાથનાં બે બોર કોઈ ન ખાય તેને દુનિયા સલામો ભરે છે, તારા વીના એક પંડીત અને જ્ઞાની માણુસ પણ હાડ થાય છે તારી વાત અજબ છે.

કર્તા—

ગાયન

( જેને ચિંતા નથી ચીતમાં ) એ રાહ

છે લક્ષ્મી અજબ તુજ અજબ કામ.<br>
વધે તારે લીધે સંસારીમાં નામ નામ—છે૦<br>
તારે લીધે ભાઇ ભાઇ કહે લોક ગામના;<br>
તુજ વીણુ નહી કાંઈ વધી શકે નામના—વધે૦<br>
પૈસો પેખી સઉ લોક કહે ભાઇ ભાઈ<br>
પાંચની વચ્ચે બોલાવે સઉ ધાઇ ધાઈ<br>
તુજ વીણુ થાયે નહી ધડો કાંઈ કામ—વધે૦

ગરીબને કોઉ ગણે નહી વાતમાં
ગુણવાનને સઉ ગણે છે અજ્ઞાતમાં
અજબ! અજબ! તારો અજબ મુકામ—વધે૦

એ પ્રમાણે દિન પ્રતિદિન લોભીલાલની વૃદ્ધિ થવા માંડી, અને કઠીયારો પણ રોજની આવજાથી ગામની ભાગોળે કુંભારવાડો હતો, ત્યાં કોઇક દીવશ ભજન કીરતન થતું ત્યાં બેસતો; જેથી કુંભારની સાથે માયા થઇ. અને ભારો લઇને ગામમાં પેસતાં બે ઘડી કુભારને ઘેર વિશ્રાંતી લેતો.

એક દીવસ કુંભારને ઘેર ભજન થતું હતું. ત્યાં કઠીઆરો ભારો લઈ આવ્યો. અને ભારો મુકી ભજન સાંભળવા બેઠો, સાધુઓએ કૃસ્નુ ભજન ઉપાડયું, અને સરવે જણાઓએ ગાવા માંડયું.

ભજન.

સાચા દીલથી સમરણ તારૂ કરીએ કૃષ્ણ છોગાળારે
શરણું આપો સંકટ કાપો મોહન મોરલીવાળારે—સાચા

સાખી

પરિક્ષત તરીયા શ્રવણથી, લક્ષ્મીજી પદ સેવ
પ્રલ્હાદ તરીયા સ્મરણથી, ભજનથી શુકદેવ

સાખી.

અક્રુર અભિવંદન થકી, દાસ ભાવે હનુમાન
પૃથુરાય પુજન થકી, અરજુન સખાને ધ્યાન
ચીતથી માગીએ ઐશ્વર્ય એવુ,દામોદર દીન દયાળરે—સાચા

સાખી.

હરીરૂપ તુજ હળી ગયા આત્મ નિવેદને રાય
ભળી ગયા તત્ર રૂપમાં ભાવીક ભક્ત ગણાય

એવા પ્રેમની માગીએ ભક્તિ,રાધેપતી છોગાળારે—સાચા ભજન પુરૂ થતાં સાધુઓ વીગેરે ચાલ્યા ગયા, અને કઠીયારો પણ ભારો લઇ લોભીલાલના ઘર તરફ ગયો. સર્વે જણાં વેરાતાં કુંભાર સુઇ ગયો; સુતાં સુતાં વીચાર આવ્યો કે, કદાપી હું ઉંઘી જઇશ, તો મારા ચાક કોઇક લઈ જશે, ને ગધેડું દોરી જશે, એવી ધાસ્તી લાગવાથી ચાકને ઓશીકે મુકયા, અને ગધેડુ પગે બાંધી નિશ્ચિંત મને સુઇ ગયો. એ પ્રમાણે નિશ્ચંત થઇને સુતો, તેથી તુરત નિંદ્રામાં પડયો.

તે રાત્રીએ નગરના રાજા રાયસીંહ નગર ચરચા જોવા નીકળ્યા હતા, તે કુંભારવાડા નજીક આવ્યા, અને વીચાર કરવા લાગ્યા; આહા! હા! રાજા જેવો દુઃખી આ દુનિયામાં બીજો કોણ હશે! જેને સુવાનું નહી, જપીને બેસવાનું નહી, ધરાઇને ખાવાનું નહી, જ્યાં જુવો ત્યાં દુઃખ દુઃખ ને દુઃખજ.

સુખે સુવા જાય તો રાજ્યમાં અંધેર થવાની બ્હીક, જપીને બેસવા જાય, તો ન્યાયનું નખ્ખોદ નીકળી જાય, એ બ્હીક, રાજ્યની, પ્રજાની અને કોઈ દુશ્મન ઉભો થવાની ચીંતાને લઇને ધરાઇને ખવાય તો શેનુંજ! રાજ્યની ચીંતા

એ કે રાજ્યનો કારભાર પ્રજાને સંતોષ આપનાર ચાલે છે કે નહી ! પ્રજા જનની ચીંતા એ કે પ્રજાને રાજ્ય તરફથી કોઇ વાતનું દુઃખ તો મળતું નથી. એવી એવી ચીંતાઓમાં ખાવાનું ક્યાંથી ભાવે ! તો પછી રાજા સુખી શાનો ! તે તો સદા દુઃખી દુઃખીને દુઃખીજ (બાજુમાં કુંભારને સુતેલો જોઇ ) વાહરે કુંભારીઆ વાહ ! આજકાલ સાચો સુખી તો તુંજ છે કોઇ વાતની ચીંતા ! ચાક ઓશીકે મુકયો છે ને ગધેડું પગે બાંન્ધુ છે. કેવો નિશ્ચિંત થઇ સુતો છે. એક વખત તારા સુખની અદેખાઇ આવે ખરી.

રાયસીંહ— ગાયન.

( અધમને હાથ રાજ્ય ) એ રાહ.

જેને નહી ચીંતા ચીત લગાર ખરેખર તે સુખમાં સુનાર
જુવોને છે ચિંતા તલભાર ભોગવે સંસારે સુખસાર
રાજ્યપાટ નવ ઇચ્છે ચિતથી ધારી દુઃખનો ભાર
મેહેલ માળા નવ ગણે કામનાં જાણે દુઃખ અપાર
ગણે છે મનથી જેહ અસાર—ખરેખર૦
સમજે મન નથી અમર આ કાયા નહી સદા નભનાર.
ખાવા જેટલું મેળવે ખંતે સુખે વસે સંસાર
એમ જે સંતોશી રહેનાર—ખરેખર૦
માયા મુકીમાં પડી ઝુંપડી, તેની ન ચીંતા લગાર
પ્રપંચ રંચ ન ઇચ્છે દિલથી માનને નહી ગણનાર
માયાને નહી કદી રટનાર—ખરેખર૦

એ પ્રમાણે કુંભારના સુખનુંવર્ણન કરી રાજાએ વીચાર્યું સવાર થવા આવી છે માટે હવે મેહેલ તરફ જવું જોઈએ એવો વીચાર કરી રાજા પોતે મહેલ ભણી ગયા. મહેલ પાસેના બગીચામાં આવતાં રાજાને વીચાર થયો કે, મેં કુભારનું સુખ જોવુ, તેની યાદગીરી રાખવો જોઈએ; એવો વીચાર કરી બાગથી બંગલીની ભીતે ચાક લઈ લખવા માંડયું.

### મરાઠી સાખી.

કુંભાર સમ નહી સુખે સુનારો, ભાગ્યવંત નર કોઇ
ચીંતા બાંખી ચાકડે જોણું; આવે અદેખાઇ જોઈ
સાચુ સુખ એ માણે, દુઃખ ન જરીએ પીછાણે

ઉપર પ્રમાણે મરાઠી સાખી લખી રાજા અંતઃહપુરમાં ગયા, અને કુંભારના સુખનું ચિંતવન કરતા નીંદ્રાવશ થયા.

---

## પ્રકરણ ૬ ઠું.

---

### લોભીલાલ અને મોઢે ચઢાવેલો લાલીઓ.

લોભીલાલ પોતાના ઘરમાં રૂઠીયારાના વિચારમાં મશગુલ બન્યા છે. તેમણે વીચાર કર્યો કે આજ પાંચ પાંચ વરસ થવા આવ્યાં, પણ હજુ સુધી કોઇ આપણો ભેદ પામી ગયું નથી. સૌ જાણે છે કે બહાર દેશાવરની દુકાનોમાંથી પેદા થાય છે, પણ ખરી વાત તો એ છે કે પેલો કહીયારો કહા-

ડીના સાડાપાંચ હજાર રૂપીઆ રળાવી જાય છે, પહેલાં ખાવા ધાન્યના પણ સાંસા હતા ને આજે કરોડો રૂપીઆની સાહ્યબી ભોગવું છું તે એ કહીયારાનોજ પ્રતાપ; પણ! પેલો લાલીઓ રોતો રોતો કેમ આવે છે!

લાલીઆએ આવી પાટી પછાડીને કહ્યું, બાપા! ગપેડીના મહેતાજીએ શોટી ચોટી કાઢી;લોભીલાલે કહ્યું ક્યાં? લાલીએ કહ્યું જુવો આ વાંસામાં એ પ્રમાણે કહી વાંસો બતાવ્યો, સોટીનો સોળ જોઇને લોભીલાલ ઉશ્કેરાયો, અને કહ્યું, એ મહેતો મુવો ક્યાં,? લાલીઆએ કહ્યું સોટી લઈ પાછો મને મારવા આવ્યો તેથી હું નાશી આવ્યો ને તે પાછળ પકડવા નીકળ્યો છે. તે એ આવ્યો.

મેહેતાજીએ આવીને કહ્યું, ક્યાં ગયો ગપેડીનો લાલીઓ લોભીલાલે કહ્યું તારો બાપ ગપેડીનો સમજ્યો? છોકરાને શા માટે માર્યો! મેહેતાજીએ કહ્યું ભણતો નથી તો પછી શું કરવું?

લોભીલાલે કહ્યું, ન ભણતો કાંઇ નહી, પણ આવી રીતે છોકરાને મરાય ખરો કે? મેહેતાજીએ કહ્યું, જો ન ભણે તો તેનો સ્વાર્થ કેવી રીતે સુધરે? લોભીલાલે કહ્યું, તેની તને શી પંચાત પડી છે? જાણતો નથી કે આ કોટયાધીપતીનો એકનો એક લાડકો છે? જેના આગળ પાણી માગતાં દુધ હાજર કરીએ છીએ, તેને સોટી મારતાં વીચાર નહી આવ્યો? દુઃખના મેહેતા બાપ્પણા.

મેહેતાજીએ કહ્યું, શેઠજી તમારૂ ગમે એટલું ધન છે. પણ વિદ્યારૂપી ધન આગળ તે તુચ્છ છે. વિદ્વાન ઘેર ઘેર પુજાય છે. વિદ્યા વિના સદગુણ જાણી શકાતા નથી. વિદ્યા વીનાનો નર તે નર નહી પણ ખર સમાન છે. સોના રૂપાની લક્ષ્મી ઘણી રીતે નાશ પામે છે, ચોર ચોરી જાય છે. લુંટારા લુંટી જાય છે. ખાતાં ખુટી જાય છે. પણ વિદ્યારૂપી લક્ષ્મી કોઈ રીતે જવાનો સંભવ નથી. વિદ્વાનો ઘેર ઘેર પુજાય છે. માટે શેઠજી વીચાર કરો.

લોભીલાલે કહ્યું, જા ? જા ? એતો વીચાર કર્યો. પૈસા આગળ વિદ્યા તુચ્છ છે. તારા જેવાને એક પૈસો અને ગીધુ આપ્યું, કે હજારો વિદ્વાનો હાજર. આજ કલ વિદ્વાનોની શી કીંમત છે તે હું સમજુ છું. મારા જેવાનો છોકરો લાખ બે લાખની મુડી કાઢી વેપાર કરતો થશે તો દસ પંદરના પગારના હજારો વીદ્વાન ગુમાસ્તા નોકર રહેવા આંટા મારશે. પાસે પૈસો ના હોય ને વિદ્વાન થયા. તેથી શું થયું ? હમારી માફક વેપાર કરવો તે પૈસા વીના ક્યાંથી થાય ?

મેહેતાજીએ કહ્યું, પૈસો હોય ને વિદ્યા ન હોય, તો વેપાર કેવી રીતે કરી શકે ? શેઠે કહ્યું. કેવી રીતે કેમ ! આઠ આઠ દસ દસ રૂપીઆના પગારે નોકર રહેવા હજારો ગુમાસ્તાઓ તૈયાર છે, મેહેતાજીએ કહ્યું શેઠજી આવો ઉંધો વીચાર કરશો, તો છોકરાનો સ્વારથ બગડશે.

લોભીલાલે કહ્યું જા? જા? એતો જોયો તને આતો, ઠીક છે, કે આજે આ છોકરાને માર્યો પણ કોક બીજાના છોકરાને મારીશ તો તેનો જવાબ આપવો ભારી પડશે. સમજ્યો? મેહેતાજીએ કહ્યું, શેઠજી! આવું ઉંધુ સમજવું જવા દો. લોભીલાલે કહ્યું. એતો જોયો તને સમજુની પુંછડી થયો છું તે. ચાલ્ય ચાલ્યો જા! અને હવેથી કોઇ છોકરાને મારતો નહી, નહીતર રળી આતો રહીશ.

અપમાન પામવાથી મેહેતાજી વીદાય થયા,ત્યા લાલીઓ કે જે મેહેતાજીની બ્હીકથી ઘરમાં ભરાઇ ગયો હતો તે બહાર આવ્યો ને કહ્યું બાપા, મેહેતાને હાંકી કાઢયોને? લોભીલાલે કહ્યું, મારા દીકરાને મારે. તેને કેમ ન હાંકી કાઢાયઃ હેવો ઠપકો આપ્યો છે, કે ફરીથી કોઈ દહાડો મારે નહી સમજ્યો મારા દીકરા. લાલીઆએ કહ્યું, પણ બાપા, હવે હું નીશાળે જવાનો નથી. લોભીલાલે કહ્યું, નીશાળે ગયા વીના ચાલતું હશે? કે લાલીએ કહ્યું. કેમ ન ચાલે? લોભીલાલે કહ્યું, આપણે નામું ઠામું માંડતાં તો શીખવુંજ જોઈએ.નામુ ઠામું ન શીખીએ, તો આપણો વહીવટ કેવી રીતે નભે!

લાલીઆએ કહ્યું, તો માસ્તર રાખીને ઘેર ભણાવો પણ હવે તો નીશાળે નહી જઉ; લોભીલાલે કહ્યુ સારૂ ત્યારે એવો માસ્તર શોધી કાઢી ઘેર ભણાવા આવે તેમ કરીશું, પછી કાંઇ છે? લાલીઆએ કહ્યુ તો હું ભણીશ પણ, આનો માર મારે તેની નીશાળે કોણ જાય.

લોભીલાલે કહ્યું બહુ સારૂ નીશાળે ન જઈશ, પણ પેલો કઠીયારો કેમ ન આવ્યો ? લાલીએ કહ્યું બાપા. પેલો આવે લોભીલાલને કહ્યુ જા ભારો વખારે નંખાવીને વેહેલો આવ્ય પછી આપણે જમવા જઇએ લાલીએ કહ્યું સારૂ. ત્યાં કઠીઆરો આવ્યો. તેની સાથે જઇ લાલીએ ભારો વખારમાં નંખાવ્યો ને તેને ખાવાનું અપાવીને પાછો આવ્યો.

કઠીઆરો શેઠની રજા લઈ વીદાય થયો. ત્યાં લોભીલાલે કહ્યું ચાલો દીકરા જમવા માટે જઈએ લાલીઆએ કહયું. તમે પરણ્યા ને મને કેમ નથી પરણાવતા ! લોભીલાલે કહ્યું હવે તું પરણવા જેવડો થશે ત્યારે તને પરણાવશું; લાલીએ કહ્યું બાપા હું પરણવા જેવડો કયારે થઇશ ! લોભીલાલે કહ્યું તને દસ વરસ થયાં છે. પહોર અગીઆરમે વરસે પરણાવીશું; તારા લગનમાં તો મોટો ખરચ કરવો પડશે, સમજ્યો મારા દીકરા.

લાલીઆએ કહ્યું બાપા ખરચ શા માટે કરવો પડશે ? લોભીલાલે કહયું, તારા લગનમાં તો ઘેર માંડવો ઘાલીશું સારાં સારાં ફુલેકા ચઢાવીશું, મોટા જમણવારો કરીશું.તારા લગનની વાત તે થાય ? કોટયાધીપતીના ઘેર વ્હીવા, તેમાં કાંઇ બાકી હોય ! લે હવે ચાલ્ય મોડુ થાય છે.

લાલીએ કહયું પણ બાપા, ફુલેકાં શેનાં ? લોભીલાલે કહયું સગાં વ્હાલાંને ઘેરથી જમવાનાં નોતરાં આવશે, ત્યાં

તને વરરાજા બનાવી ઘોડે બેસાડશું, આગળ ઢોલી ઢોલ વગાડશે કે (ગામ ગધેડે ચઢયું, કે ગામ ગધેડે ચઢયું) અને વાજતે ગાજતે સગાં વ્હાલાંને ત્યાં જમવાનું;તે ફુલેકાં ફેરવાય લે હવે આલ્ય ?

લાલીએ કહયુ: પણ બાપા ! ગામ ગામ ગધેડે ચઢયું ત્યારે તમે પણ ગધેડે ચઢવાના ખરા કે નહી ? લોભીલાલે કહયું, ગધેડીના ફાટયો કે ? લાલીઆએ કહયું એ તો તમે ગામ ગધેડે ચઢયું એમ કહયુ તેથી કહયું, પણ પછી ?

લોભીલાલે કહયુ પછી લગનને દહાડે મોટો વરઘોડો ચઢવી પરણવા જવાનું; લાલીએ કહયું, ત્યાં પછી શું થવાનું ? લોભીલાલે કહયું ત્યાં તારી સાસુ પોંખવા આવશે ને પોંખીને માહ્યરામાં બેસાડવાનો, ત્યાં કન્યાને પધરાવશે પછી છેડાછેડી બાંધવાની, પછી ચોરીમાંબેસી કંસાર જમવાના ફેરા ફરવાના, પછી કન્યાને લઇ ઘેર આવવાનું લે હવે ચાલ્ય !

લાલીએ કહયું બાપા ! એ બધું કરી બતાવો તો ? લોભીલાલે કહયું, પણ અહીંઆં કન્યા કયાં છે તે કરી બતાવું. લાલીએ કહ્યું તમે કન્યા બનો ને, હું લાડો બનુ લોભીલાલે કહયું શું હું કન્યા બનું ! લાલીએ કહયું હા લોભીલાલે કહયુ ગધેડીના બોલતાં બોલતાં ફાટી ગયો કેમ લાલીઆએ કહયું ત્યારે હમારે ખાવું નથી.

લોભીલાલે કહયું, છોકરાંને મોઢે ચઢાવે, તેની આ દશા થાય. લે ભાઇ તેમતો તેમ. પછી કાંઈ છે, એમ કહી પાસે

રાખેલી સાલ હતી, તે માંથે ઓઢી, અને લાલીઆના ખેસ સાથે છેડા બાંધ્યાં, અને કહ્યું જો આંમ.

લાલીએ કહયું એમ નહી, પણ ફેરા ફરો ત્યારે લોભીલાલે ફેરા ફરવા માંડયા ત્યાં લાલીએ કહયું બાપા ! વરકન્યા ફેરા ફરે ત્યાં બાઈડીઓ ગાય છે માટે કાંક ગાઓ લોભીલાલે કહયું, તુંજ ગાને એટલે પહોચ્યું, ત્યાં લાલીએ ગાયન ગાવા માંડયું,

ગાયન.

( ચાલો ગોત્રજને પગે લાગેરે ) એ રાહ

લાલીઓ લાડીહેડંબા હગવે હાલોરે,થાકી જાશે કુંવર આ બાળો
છું તું હેડંબા સરખી નારીરે હું છું કુંવર લાડકો ભારી.
લોભિ–પાકયા બેટા અકકરમી કેવારે,
લાલિ–...............બાપા એતો તમાશ જેવા.
લોભિ–કેમ ફાટયો અકકરમી ગ્રાઓરે,
લાલી–...............બન્યા લાડી હેડંબા લાજો
હવે જમવો તે કંસાર લાઠીરે, માથે ફોડું હું ઘીનીરે વાઢી
પછી ગોત્રજને પગે લાગુરે, આવો અવસર વહેલો હું માગું

લોલીલાલે, કહયું લે ચાલ્ય હવે જમવાનું ઠંડુ થઈ જશે; લાલીઆએ કહયું બાપા, કેવો વરલાડો બન્યો ? કેવા જીતી લીધા છે ?

ગાયન.

( ઉભો રહે ક્યા ક્યાં નાસે છે ) એ રાહ

લાલીઓ–કેવો જીત્યો બાપા હુંતો જુવો બંદાનો બ્હાર
લોભીલાલ–અકકરમી પાકયો તું પાકો મુરખનો સરદાર
લાલીઓ–કેવો બન્યો વર લાડો આપે, ઘોઘર બોલ્યો મ્યાંઉ
બાપા બન્યા હેડંબા લાડી, કુકકડ વરની વહુ
લોભીલાલ–ઉભો રહેને નામ બોળુ તું................
લાલીઓ.....................ચાલ્યને ભાગી જાઉં
લોભીલાલ–નાઠો નહી તો મરી ગયો તો, પુરો રીસે બળી રહ્યો તો
લાલીઓ કેમ હેડંબા નાર....................
લોભીલાલ................ઉભો રહે ગમારના સરદાર.
બહુ ફાટયો તોફાની તુંતો મારૂં માર અપર,

લોભીલાલ ખીજવાઈ ગયો, તેથી લાલીઓ ઘરમાં જમવા સારૂ ગયો; લાલીઓ ગયો ત્યાં લોભીલાલે વીચાર્યું કે છોકરાંને મોઢે ચઢાવાનું આ ફળ મળ્યું, હવેથી છોકરાને કદાપી મોઢે ચઢાવવાં નહી તેવો મન સાથે નીશ્ચય કરી ઘરમાં જમવા માટે ગયો.

## પ્રકરણ ૩ જું.

રાજા રાયસીંહે કુંભારના સુખનું વર્ણન બાગમાં આપેલી બંગલીની ભીંતિ લખ્યું, તેજ દીવસે સવારમાં વીણા કુંવરી કે જેની માતુ ગુજરી ગયેલી છે, તે પોતાની સખી ગુલાબ સહ બગીચામાં આવી ગુલાબે કહ્યું બ્હેન વીણા ! અપરમાં તરફથી તને કોઇ વાતનો સંતોષ નથી ? વીણાએ કહ્યું બ્હેન કેળવણીનું ફળ ન્યારૂજ છે વગર કેળવાએલ બાળકો ગમે તેમ અસંતોશ સમજે, પણ કેળવણીને લીધે સંતોશે મારા ઘટ ઘરમાં વાસ કર્યો છે, તેથી મને કોઇ વાતનું ખોટુ લાગતુંજ નથી.

ગુલાબે કહ્યું, તેમ તે બને ? વીણાએ કહયું; હા શા માટે ન બને ? જો તવું દુઃખ અનુભવવું મારા નશીબમાં લખ્યું નહોત, તો મારી માજ શામાટે મરે ? માટે બ્હેન સંતોષ સમાન સુખ આ દુનિયામાં બીજું નથી; કરોડાધી-પતી થયા તેથી શું થયું ? ગરીબ રહ્યા તેથીએ શું થયું ? ઉમદા ભોજન મળ્યું તેથી એ શું થયું, સુકો ટુકડો મળ્યો તેથીએ શું થયું ? એ બધું અસંતોષીનેજ છે.:સંતોશીને નથી; કોટયાધીપતી થયા છતાં હાય વોય ન મટે તો તે દોલત શું કરવાની ? ગરીબ થવાથી પેટપુરતુ ખાવાનું ન મળે, એટલે ટાંટીઆ ઘસવા પડે તે દુઃખને ક્યાં રડવાનું ! ઉમદા ભોજન મલ્યું તેથીએ શું ? સ્વાદ ફક્ત જીભનેજ

છે ને ? પેટમાં ગયા પછી બન્ને સરખુંજ છે ને ? સુખમાં મહાલ્યા તેથી એ શું થયું ? સાહ્યબીમાં સુખ છે ક્યાં ? કહેવત છે કે "આગ્રાવાળાને ગાજી લાહ્ય છતાં ઘીએં લુખુ ખાય" તે કહેવત મુજબ સુખ મળે જ નહી, ને તે હાય વોયમાંજ જાય; દુઃખમાં ડુલ્યા તેથી એ શું થયું ? સુખ છેજ ક્યાં ? જ્યાં જુવો ત્યાં દુઃખ, દુઃખ, ને દુઃખજ છે. શું પસામાં સુખ છે ? ના સાચવવાનું દુઃખ ! શું ગરીબા-ઇમાં સુખ છે. ? ના ! પઇસાવાળાઓને જોઈ બળી મર-વાનું ! શું પુત્રોમાં સુખ છે ? ના ! કપુત પાકે તો નામ બોળે, શું અપુત્ર રહેવામાં સુખ છે ? ના ! માથે વાંઝીયા મહેણું ! સુખ છે કયાં ? સઘળે દુઃખ દુઃખને દુઃખ જ છે તો પછી દુઃખ શું ઓઢવું કે પાથરવું. આ સ્વપ્નવત દુનિયામાં બધુએ સ્વપ્નવત જ છે. તો પછી સંતોશ શા માટે ન રાખવો ?

પુર્વ ભવનું સંચીત આ ભવ ભોગવવાનું છે. અને આ-ગળને માટે આ ભવમાં સંચવાનુ છે, તે હાય વોય કે અ સંતોષે સંચાતુંજ નથી. ફલાણું સુખી ને હું દુઃખી કેમ ? એ સમજવું તે અસંતોષીનુંજ લક્ષણ છે. સંતોષી સમજે છે કે તેણે પુર્વે તેવું સાચ્યું હશે, તેથી આ ભવ તે ભોગવે છે. મેં નહી સંચેલું. તે મને ક્યાંથી મળે ? માટે બ્હેન !! સંતોશની વાતજ ન્યારી છે, જો સાંભળ્ય ?

ગાયન.

વીણા— (નહી કર્મની કથા કદાપી વ્યર્થ)

સમ સંતોશ અવર સુખ નહી કાંઇ દીસે
દુ:ખ કેરા થોક અસંતોશ ને વિશે. સમ
સંતોશી રહે સુખમાં અને સુખે મરે,
પરનું સુખ દેખી દીલમાં નહી અરે ધરે સમ
અવર સુખે થાય દુ:ખી અસંતોશવાન,
હાય વોય કરી મરે ધરે પુર્વનું ન ભાન, સમ
પુર્વના સંચીતે સુખ દુ:ખ સૌ મળે,
હાય વોય ઝેર ખારથી નહી ટળે. સમ

માટે બ્હેન દુ:ખને તો હું જાણતી નથી પુર્વના સંચિત આ ભવે મળે જાય છે. તે સુખથી ભોગવું છું અને સંતોશેજ રહું છું સદ કેળવણીના પ્રતાપે સંતોશ સુખ મેળવવા ભાગ્યશાળી બની છું, સદ કેળવણી મળી ના હોત તો તારા કહેવા પ્રમાણે દુ:ખી હોત ખરી! પણ સદ કેળવણીના પ્રતાપે મને પોતાને હું પુર્ણ સુખી સમજુ છું.

ગુલાબે કહ્યું, જુવો વીણાબા વેલી કુંવરી આ તરફ આવતાં હોય તેમ જણાય છે. કેવા ઠાઠમાઠથી આવે છે. મીજાજમાં પણ જરા કડક છે. કાંઇ કહીએ તો મીજાસ ફેરવતાં વાર કરતાં નથી વીણાએ કહ્યું, તે જરા લાડ પાડથી ઉછરી છે, ને તેની માતાના લાડને લીધે કેળવણી બીલકુલ લીધીજ નથી તેથી તેને તે બાબતનું જ્ઞાન નથી, સુમાતાની

ફરજ કેળવણી પામેલીજ માતાઓ સમજે છે. અભણ માતાઓ સમજી શકતી નથી તેથી આપી શકતી પણ નથી, અને તેથી છોકરાંનું જીવતર ધુળ મેળવે છે, વિદ્યા એજ કેળવણીનું મુખ્ય પગથીઉં છે, વિદ્યાને લઇનેજ સઘળી કેળવણી મળી શકે છે ગુલાબે કહ્યું, બ્હેન ! તમારૂં કહેવું અક્ષરે અક્ષર સાચું છે ( વેલી આવે છે )

વેલી–કેમ બ્હેન ! આ પોથાંનાં થોથાંમાંથી શું કરવા ધાર્યું છે. કે ઘડીએ હેઠાંતો મુકતીજ નથી !

વીણા બ્હેન એ પોથાંજ કેળવણીનું પ્રથમ પગથીયું છે. સમજી ! તેને તે કેમ મુકાય ?

વેલી–( ઓહો ! હો ! હો ! જાણે કે મોહોટી પંડીતા ! )

વીણા–બ્હેન તને તેનું જ્ઞાન નથી, એટલે તને શાની સમજ પડે ? વિદ્યા વિના સદગુણ શીખાતાજ નથી અને સદગુણમાંજ સ્ત્રીની સાચી કીંમત સમાયેલી છે.

વેલી–એ તો જોઇ તારી કીંમત ! મારા રૂપથી તો ભલા ભલા અંજાઇ ગયા છે અને માગાં ઉપર માગાં મોકલે છે; તું મોહોટી ગુણવાળી છું, છતાં ક્યાંઇ તારો ભાવ સરખો પણ પુછાય છે ?

વીણા–બ્હેન ! ખાલી અભીમાન નકામો છે, જેમ સીતાફળનાં છોડાં એ કાંઇ શીતાફળ નથી, એકલું પાન એ કાંઇ પાનનો રંગ નથી. એકલો આંબો તે કાંઇ કેરીમો સ્વાદ નથી. સીતાફળની ખરી ખુબી સીતાફળના ગરભમાં સમાયેલી

છે, પાનનો ખરો રંગ કાથા અને ચુનાની મેળવણીમાં સમાયેલો છે, આંબાની ખરી ખુબી તેના ફળના રસમાં સમાયેલી છે, તેમજ સ્ત્રીની ખરી ખુબી તેના ગુણમાં સમાયેલી છે; એકલા રૂપમાં નથી માટે બહેન ! જેમ લુણ વગરનું ખાવું તે વૃથા છે, જેમ રાગ વીનાનું ગાવું તે વૃથા છે, તેમ સદગુણ વીનાનું સ્રીનું જીવન તે વૃથાજ છે.

વીણા— ( આ સ્વપ્નાસમ સંસાર. ) એ રાહ.

છે સતીઓનો અવતાર પતીને માટે.
પતિવ્રતનો પામવો પાર, આ સંસાર, સતીના ઘાટે
જ્ઞાનવિણ સતી માન ગુમાવે
કેળવણી વીણ જ્ઞાન ન આવે
જ્ઞાન લાવે સરસ્વતી ભાવે ઉત્તમ સ્રી અવતારરે—છે
રત્ન દાભડે નહી પરખાયે
ગુણવીણ રૂપજ વૃથા ગણાયે
ગુણવંત જાણે, ગુણને વખાણે, રૂપને રૂવે ગમારરે—છે.
કાચ ડબ્બે રહ્યાં શું ગુણ રત્નો
ગુણવંતા જુવે કરી પ્રયત્નો
મનમાં ધારે, પુર્ણ વિચારે, પછી લગ્ને જોડાનારરે—છે.

વેલી—એતો બધું જાણ્યું ! જેને ઘેર જશે તેને તો કોણ જાણે કેવો એ તારી નાંખશે ! પણ બ્હેન ! ભણેલી ભામીનીઓ વધારે ને વધારે ભવાડા કરે, તે કહેવત ખોટી કે ?

વીણા—જે ભણતર ભવાડા કરે, તેને ભણતર કહેવાયજ

નહી. પણ જો આપણી સખીઓ આવી માટે એકાદો રાસડો ગાઈએ. નાહક વાહવીવાદમાં ફાયદો નહી. કહેવત છે કે "રોગનું મુળ ખાંશી અને કજીઆનું મુળ હાંસી." માટે એથી સાર ન નીકળે.

વેલી—જોયું ! કાંઈ બોલવું ન ફાવ્યું, એટલે કેવી નરમ પડી ગઇ ? કેમ ! કેવી બોલતી બંધ કરી દીધી છે !

વીણા—લે હું હારી, ને તું જીતી; હવે તો તું રાજી થઇને ?

વેલી—તે કાંઈ તહારા કહેવાથી જીતીછું ? તું બોલતાં અટકી ગઈ એટલે હું આપોઆપ જીતીછું સમજીને !

વીણા—વારૂ, તેમતો તેમ, પણ જો આપણી સખીઓ આવી પહોચી હવે એકાદો રાસડો ગાઈએ.

વેલી—ભલે ચાલો.

વીણા—સખીઓ.

ગરબો.

( જોને સખી સ્રષ્ટીનો ) એ રાહ.

શાણી સૈયર ! શીયળનો શણગાર ધાર
તનથી મનથી વરીયો જે પતી
તેવીણ ન સતીનો ઉદ્ધાર નાર
પતી સેવ સતીની સુખદ અતી-પીસુ

સાખી.

ધન્ય ! ધન્ય ! સાચી સતી ! ધરે શીયળ શણગાર
જે જે શાસ્ત્રે વર્ણવ્યા સતીને સાચા સાર

સાડી શીયળ તણી પરીધાન સતીઓ નીત્યે ફરીરે
ચોળી પતી તણું ગુણગાન શેવન ચીતે ધરેરે
કંચુકી કસો કુળ દીપક ગુણવાન
ઉજાળવું કુળ, કહેવાનું કુળવાન–સાડી

સાખી.

ઉત્તમ કુળ દીપાવવું માત તાતની લાજ
તે સંભાળી વર્તવું કુડુ ન કરવું કાજ
પતી ! ભાગ્યે મળ્યો ભગવાન–હોય મુરખકે જ્ઞાનવાન
કરવી શેવા પ્રભુજી સમાન–નહી ખોવું સતીનું માન

સાખી.

દુર્ગુણ સઘળા દુર કરી શેવે સ્વામી પાય
પતિ સંગે વસતાં સદા જુગ ! જુગ ! ખ્યાતી થાય.

ગરબો ગવાઇ રહ્યો ત્યાં સખીઓ વિદાય થઇ ગઇ. સખીઓ ગઇ ત્યાં વેલીની નજર બાગની બંગલીની ભીંત ઉપર પડી; ભીંતે ચાકનું લખાણ જોઈ તેણે વીણાને કહ્યું, વીણા ! જો તે ! પેલું શું લખ્યું છે ? વીણાએ બંગલીની ભીંત તરફ જોઇને તે લખાણ વાંચવા માંડયું.

વીણા— મરાઠી સાખી.

કુંભાર સમ નહી સુખે સુનારો, ભાગ્યવંત નર કોઈ
ચીંતા બાંધી ચાકડે જેણે આવે અહેખાઇ જોઇ
સાચુ સુખ એ માણે દુઃખને ન જરીએ પીછાણે.

વીણાએ કહ્યું બ્હેન વેલી ! કોક સુખાંએ કુંભારના

સુખને વખાણ્યું છે ! શું દુનિયામાં કુંભારજ સુખે સુનારો છે ? વેલીએ કહ્યું, ત્યારે તેનો ઉત્તર લખ્ય; વીણાએ કહ્યું લાવ્ય ત્યારે હું એનો અર્થ બરાબર લખું. ( લખે છે ).

વીણા— મરાઠી સાખી.

ધન્ય વાદ હૂ અરપુ અતિશે કુંભાર સમ લખનારો
સુલક્ષણી હશે નારી સુભાગ્યે તે સુખમાં સુનારો
અવર શુ સુખે સુવે, સુખને સ્વપ્ને કયાંથી જુવે ?

વેલી કહે શું લખ્યું ? વીણાએ કહ્યું પ્રથમતો કુંભારને ભાગ્યવંત ગણનાર કુંભારને ધન્યવાદ આપ્યો. વેલીએ કહ્યું. પછી ? વીણાએ કહ્યું, પછી એકે, જેને સુભાગ્યે સુલક્ષણી નારી મળી હશે, તેજ સુખમાં સુનારો; તે વિના સ્વપ્નામાં પણ સુખ કયાંથી મળે ? હ્યો બ્હેન હું જઈશ વેલીએ કહ્યું, બહુ સારૂ બ્હેન પધારો.

વીણાના ગયા બાદ વેલીએ વિચાર્યું, કોણ જાણે જેને ઘેર પરણીને જશે, તેને તો કેવોએ તારી નાંખશે ? એવા વીચારમાં છે ત્યાં તેની દાશી શાન્તા આવી. શાન્તાએ આવીને કહ્યું, બા કોઈક કાગળ લઇને આવ્યું છે, વેલીએ તેને ત્યાં તેડી લાવવા કહ્યું, તેડી લાવવાનો હુકમ મળતાં, શાન્તા તે કાગળ લાવનારને તેડીને વેલી પાસે લાવી. આ કાગળ લાવના-ને જોઇ વેલી અચંબો પામી, અને દાશીને કાગળ લેવા કહ્યું.

કાગળ લાવનારે કહ્યું: વેલીબાને હાથોહાથ આપવા
. છે, ત્યાં દાસીએ તેને અટકાવ્યો ને કાગળ લઇ વાંચવા
ાંડયો, દાશીને કાગળ વાંચતી જોઇ કાગળ લાવનારે કાગળ
ંટાવી લઈ વેલીને આપ્યો ને કહયુ. બીજાને વંચાવશો
હીં, તમારે, પોતાને જ વાંચવાનો છે.

શાંન્તાએ કહ્યુ, મુરખ : મોહોટા લોક તે વાંચવાની ત-
દી લેતાં હશે કે ? ( ભણ્યાં હોય ત્યારે વાંચેને) એ પ્રમાણે
હી કાગળ વાંચવા માંડયો.

કાગળ

ાંતા— ભેરવી.

ચાહુ ચીત એક વેલી સુંદરી
ચકોર ચિત્ત અંદર તુજ દર્શન ઇચ્છું પ્રેમધરી;
જેમ તરસ્યો બપૈયો મરે ટળળી
હર્યું તે મારૂ તન મન અને ધન પ્રિય જનપરી–ટેક
કુદરતનો નૂર છવાયો મુખ ઉપર
મહેનત ઉઠાવી બતલાવો પીડ હરી–ચાહુ.

જીલ્લા.

ગણે ત્હારો પ્રિય કરી.
ચટકો ત્હારો, મટકો ત્હારો, લટકો ત્હારો મનહરનારો છે;
સાધારણ નહી સુંદરી, મોતી તું મુલ્યવાન,
રૂપવતી બાળા રાયની, સઘળું છે મુજ ધ્યાન.
પ્રેમ અંધ અથડી પડયો. યૌવન રસમય બાગ;

બથાવી બેઠા સુંદરી, મન મંદીર થઇ માગ,
મન મંદીર બેસાડીને, આપો પ્રેમનું પાન,
આજું લખવું નવ ઘટે, ગુણવંતી તું જ્ઞાન વાન,

દોહરો.

ઘેરી લીધુ મન ખરૂ, તુજ રૂપે આવાર;
દયા ધરી દીન ઉપરે, પ્રીતે કરો સ્વીકાર.

**લી૦ ત્હારો સદાનો સાથી થવાની ઉમેદ રાખનાર.**

**ધમલો માળી.**

શાન્તાએ કાગળ વાંચી ફાડીને ફેંકી દીધો. કાગળ લાવનાર અરજણીએ કહ્યું, કુંવરીબા! કાગળનો જવાબ માગ્યો છે વેલીએ શાન્તાને ઇસારત કરી, એટલે શાન્તાએ અરજણીઆને એક તમાચો લગાવી દીધો; તમાચો પડવાથી અરજણીઓ નાશી ગયો. ત્યાં રાજા રાવસીંહ પોતાની રાણીસહ આવી પહોંચ્યા.

રાણીએ કહયું, કેમ વેલી! અહીં બાગમાં શું કરે છે? વેલીએ કહયું, માજી પ્રાતઃકાળમાં વીણા બેહેન સાથે અત્રે આવી અને સખીઓ આવતાં રાસડો ગાઇ સખીઓ અને વીણા બેહેન હાલ જ ગયાં, ને તમારી પાસે જ આવતી હતી ત્યાં તો તમે આવી પુગ્યાં.

રાજાએ કહયું પ્રિયા! પ્રાતઃકાળની શોભાની બલહારી છે. અહા! હા! હા! શું અલૌકીક દેખાવ! ધન્ય છે કુદરત! તને, અને તેને રચનારને!

ગાયન.

રાજા રાણી—(પીયુજી કેવી પ્રાતઃકાળની ) એ રાહ;

રાજા–પ્યારી જુવો પ્રાત:કાળની લેહેર,
રાણી–પીયુ વાયે મંદ પવન ચોમેર;
રાજા..............................................પ્યારી.
પંખી જુવો આ કીલ કીલ કરતાં,
કેવાં ફરતાં ફરે છે ચોમેર. પ્યારી.
રાણી– અતિ સુવાશીત પુષ્પો આ મ્હેકે,
રહી વૃક્ષે મારી રહયાં લ્હેર, પીયું.
રાજા– કાળજ તેમનો માળી પયારી,
લેશે ચુંટી ફરી ઠેર ઠર, પ્યારી.
એવી રીતે કાળ ચક્ર છે ભમતું,
મુર્ખ પ્રાણી વીચારે ન પેર. પ્યારી.

રાજાએ કહયું પ્રિયા ! જે સ્થીતિ હાલ પુષ્પોની છે, તેવીજ રીતે માણુસને સમજવાનું છે. ખીલ્યાં છે તે ખરવાને જ માટે આહા ! હા! હા! કુદરતની શોભાનાં વખાણ કોઈથી થયાં નથી, તેમ થશે નહી.

રાણીએ કહયું, તે બધું ખરૂ ! પણ વેલીના વ્હીવા માટે શું ધાર્યું છે ! રાજાએ કહયું, વજેસીંહ, તેજસીંહ, માનસીંહ, વિગેરે ઠાકોરોનાં માગાં આવી ગયાં. તેમને જવાબ આપીને કંટાળી ગયો. રાણીએ કહયું શા જવાબ વાળ્યા !

રાજાએ કહ્યું શા કેમ? ચોખ્ખી ના; આપણાથી ઉતરતા રજવાડામાં કન્યા દેવાય ખરી?

રાણીએ કહ્યું, ત્યારે હવે શું કરવા ધાર્યું છે? રાજાએ કહ્યું કૌતકપુરના ઠાકોરનો ગોર આવ્યો છે; રજવાડું ઠીક છે. જો કે આપણા જેવું તો નથી, પણ બીજા કરતાં લગાર સારૂં છે. જો તમારો વીચાર હોય તો ત્યાં કરીએ. રાણીએ કહ્યું મારી રૂપવંતી દીકરી એવા ઠાકરડાઓને આપવી નથી. કીંમતી શીરપેચ માંડીલ ઉપરજ બંધાય, ધોબીના ફાળીયા ઉપર.કઢાપી કાળે ન શોભે; ખીલેલી કળીનો સદઉપયોગ ગુણવાનથી જ થાય, નહી કે બણુચકથી બને! કારણ તે તો ચોળી મસળીને ફેંકી દેવાનોજ; આ મારી રૂપવંતી દીકરી એક રાજકુમાર તે પણ મહોટા રજવાડાના રાજકુમારને યોગ્ય છે, નહી આવા ઠાકરડાના યોગ્યની! માટે તમે તમારે ચોખ્ખી નાજ પાડી દેજો.

રાજાએ કહ્યું હું તો હવે કંટાળ્યો છું, તમેજ ના કહેજો. જુવો પેલો આવે ગોર! (ગોર આવે છે) ગોરે કહ્યું આશીર્વાદ! આશીર્વાદ! (ગોરે કહ્યું હું કૌતકપુરનો ઠાકોર જાલમસીંહ પોતે ગોરના વેશે માગું કરવા આવ્યો છું, તેથી કુંવરી તો નજરે પડી, આહા! હા! હા! શું સ્વરૂપ! જાણે ઇંદ્રના ઘરની અપ્સરા!) મહારાજ? કૌતકપુરના ઠાકોર જાલમસીંહજી તમારા કરતાં કુળમાં ચઢીઆતા છે. છતાં તમારી કુંવરી વેલીનું માગું કરે છે.

રાણીએ કહયું, અમારી હલકા કુળની કન્યા તમારા કુળ વાનને ન શોભે. ગોરે કહયું, હે! શું કહયું? શું જાલમસીંહ ના માગાનો અનાદર! રાણી સમજો? સમજો! તમારી કુંવરી ભાગ્યશાળી થશે. રાણીએ કહયું, મારી કુંવરીને ભાગ્યશાળી થવું નથી. ભલેને બીજી કોઈ ભાગ્યશાળી થાય.

ગોરે કહયું, પણ હાથે:વાળે પરણવા કહેવરાવ્યું છે, રાણીએ કહયું, જાણે મોહોટો ઉપકાર કરતા ન હોય! ગોરે કહયું, રાજાજી આવું ઠેકાણું ફરીફરીને મળવાનું નથી; રાજાએ કહયું. ભલે ખોટું ઠેકાણું મળે; ગોરે કહયું ત્યારે શું જવાબ આપો છો? વીચાર મુકી કંકુના કરો; રાજાએ કહયું,રાણીએ જે જવાબ આપ્યો તેજ; ગોરે કહયું એટલે! રાજાએ કહયું, એટલે શું? આવા કામમાં તો બૈરાંનો જે જવાબ, તેજ પુરૂશનો જવાબ.

રાણીએ કહયું; એમ શા માટે કહોછો? કહોને ચોખ્ખું કે હમારી રૂપવંતી દીકરી ઠાકરડાઓને આપવાની નથી; એ તો કોક મ્હોટા રાજ કુમાર સાથે પરણશે. ગોરે કહયું ત્યારે છેવટનો જવાબ! રાણીએ કહયું, રાજાજી કાંઈ વિચાર કરો? રાણીએ કહયું, કહયો તેજ; ગોરે કહયું, રાજાજી કાંઈ વિચાર કરો? રાણીએ કહયું; જાઓ જાઓ મહારાજ એ તો વીચાર કર્યો. ગોર નિરાશ થઈ વીદાય થયો,

જતાં જતાં ગોરે વિચાર કર્યો. હું જાલમસીંહ ઠાકોર પોતે ગોર બની અત્રે માગુ ફરવા આવ્યો, ત્યાં મારૂ આવુ

અપમાન ? ફીકર નહી, મ્હોટા રાજકુમારને પરણાવવી છે. કેમ ! જ્યારે તે કુંવરીનો જન્મ ધુળ ન કરૂ, તો મારૂ નામ જાલમસીંહ નહી. એ પ્રમાણે બરબડતો બડબડતો વિદાય થયો.

ગોર ગયો, ત્યાં રાજાએ કહ્યું, પ્રિયા ! જે આવે છે, તે આમને આમ કંટાળો આપે છે. હુંતો જવાબ આપતાં પણ થાકી ગયો. ચાલો હવે મહેલમાં જઇએ. ( રાણીએ બંગલાની ભીંતે કાંઇક લખેલું જોઈ ) પણ અરે ! પેલું શું લખ્યું છે ?

રાજાએ કહ્યું, રાણી ! હું ગઇ રાતના નગર ચરચા જોવા નીકળ્યો હતો, ત્યાં કુંભારને નિશ્ચીંત ! સુતેલો જોઈ તેના સુખની યાદગીરી મેં લખી છે; રાણીએ કહ્યું પણ અરે ? આમાંતો તમને કુંભાર લખ્યા છે ! રાજાએ કહ્યું, હે ? ક્યાં ? રાણીએ કહ્યું, ક્યાં શું, જુવો નીચે, રાજાએ સાખી વાંચી કહ્યું, આ સાખી કોણે લખી ?

વેલી કહે, કોણે શું ! તમારી વહાલી દીકરી વીણાએ; રાજાએ કહ્યું, શું વીણાએ મને કુંભાર ગણ્યો ! રાણીએ કહ્યું, કુંભાર તો શું ? પણ કુંભાર, ગમાર, ચમાર, ગમે તે ગણે; ઝાઝી મોંઢે ચઢાવો ને ? મ્હારી વીણા ? મ્હારી વીણા ! મ્હારી વીણા !

રાજાએ કહ્યું, શું મેં તેને ઝાઝી મોંઢે ચઢાવી, તેનો આ બદલો ! રાણી કહે આતો શું, પણ તેથીએ વધારે

કહેશે, છોકરાંને લાડ લડાવવાનાં ફળ મળ્યાં ? રાજાએ કહ્યું, રાણી ! તમારૂ કહેવું ખરૂં છે છોકરાંને લડાવવામાં ફાયદો નથી. રાણીએ કહ્યું, હજી પણ કહેજોને કે મ્હારી વીણા ! મ્હારી વીણા ! મ્હારી વીણા ! એટલે તેમને ગણશે પણ નહી, નહી તો તમને કુંભાર કહેનાર એ કોણ !

વેલી કહે ખરૂ છે પીતાજી ! તમને કુંભાર કહેનાર એ કોણ ? રાજાએ કહ્યું, પણ તે ગઇ ક્યાં ? વેલીએ કહ્યું મહેલમાં; રાજાએ કહ્યું ઠીક છે, મહેલમાં જઇને તેની વાત.

એ પ્રમાણે રાણીની ઉશ્કેરણીથી રાજા ઉશ્કેરાયા, અને વીણા ઉપર ગુસ્સે થતા મહેલમાં ગયા. જતાં જતાં પણ ઉશ્કેરણી કરવામાં અપર માતા પાછી પડી નહી; જે છોકરાંની મા મરતાં અપર માતાને પાને પડે, તે છોકરાંની દશા બુરી સમજવી. ગાયન.

કર્તા— ( અજબ ખુબી છે પ્રેમમાં ) એ રાહ

સાચુ દુઃખ સંસારમાં, બાળકને વિખ્યાત.
સગી માત જાતાં મરી, આવે અપર માત;
હોય ભલે સુલક્ષણી, પણ નવ છોડે જાત.
કુલક્ષણી કર્મે મળે, થાય બાળની ઘાત,
સગી માનો અજબ પ્રેમ, પ્રેમ તને પ્રણામ કરૂ.
અપરમાનો ક્ષેમ, પ્રેમ, રહેમ, તું નહી ધ્યાન ધ(ર);
બતાવી કૃતીમ પ્રેમ, કાપતાં નહી વાર કરે,
કર્મ હીણું હોય જેહ બાળ, તેની સગી માત મરે.

## પ્રકરણ ૮ મું.

જાલીમસીંહ ઠાકોર ગામમાં પોતાના ઉતારે આવ્યો;વેશ બદલો કરેલો હોવાથી ઉતારો એક ધરમશાળામાં કર્યો હતો, ઉતારે આવી વિચાર કર્યો શું મારૂ અપમાન કર્યું ? અપમાન સાંભળી આંવતાં તે જુસ્સા ઉપર આવી ગયો, ને મન સાથે બબડવા લાગ્યો કે શું એ અભીમાની રાણીએ અને સ્ત્રી વશ રાજાએ મ્હારૂ અપમાન કર્યું ? હું કોણ ? કઉતકપુરનો ઠાકોર ? તેનો પણ તેને વિચાર નહી આવ્યો ! ઠીક છે ? બચ્ચા ! ઠીક છે ? જ્યારે અપમાનના ફળ ન ચખાડુ, અને કુંવરીનો જન્મારો ન બીગાડું, તો મારૂ નામ જાલીમસીંહ નહી. બસ મારૂ અપમાન કરનાર એ કોણ, ? હા ! એ કોણ ?

જાલીમસીંહ આ પ્રમાણે પોતાના અપમાનના ઉતારા કાઢતો હતો, ત્યાં વજેસીંગ ઠાકોર કે જે વેસપાટલો કરી માગુ કરવા આવેલો ને અપમાન પામી પાછો વળેલો, તે ત્યાં આવી પહોંચ્યો; ત્યાં જાલમસીંહના અપમાનના ઉભરા સાંભળી ખુશી થયો, અને પાછળથી જઈને કહયું કોણ જાલમસીંહ !

જાલમસીંહે કહયું હા; પણ વજેસીંહજી ! તમે અહીંઆં ક્યાંથી ! વજેસીંહે કહયું,જેમ તમે આવ્યા છો, તેમજ. જાલમસીંહે કહયું, શું માગુ કરવા ? વજેસીંહે કહયું, હા.

જાલમસીંહે કહ્યુ' જઇ આવ્યા। વજેસીંહે કહ્યું હા, જાલમસીંહે કહ્યું, જવાબ શો મળ્યો ? વજેસીંહે કહ્યું, તમને મળ્યો તેવોજ. જાલમસીંહે કહ્યું તો તો ઠીક, પણ મારૂ અપમાન કરનાર એ કોણ ? ત્યાં વજેસીંહે મસ્કરીમાં કહ્યું તમારૂ અપમાન કરનાર એ કોણ ?

વજેસીંહે કહ્યું જાલમસીંહજી ! આપણે તો નાહાનાં રજવાડાનાં ધણી રહ્યા, એટલે ઠાકરડા કેહેવાયા, પણ તમને કેવા કહ્યા ? જાલમસીંહે કહ્યું, તમને કહ્યા તેવા; રાજા રાણી અભીમાનના પહાડ ઉપર ચઢી ગયાં છે, ને કહે છે કે તમને ઠાકરડાઓને હમારી કન્યા આપવાની નથી, પણ કોઇ મ્હોટા રાજકુંવરને વરશે. અને આપણે તો ઠાકરડામાં કેમ ?

વજેસીંહે કહ્યું, ને હું પણ ઠાકરડામાં ? જાલમસીંહે કહ્યું, તમારૂ તો ઠીક પણ મારૂ અપમાન ? અપમાનનો પુરો બદલો ન લઉ તો મારૂ નામ જાલીમસીંહ નહી; વજેસીંહે કહ્યું કેવી રીતે ? જાલમસીંહે કહ્યુ કેવી રીતે શું ? કોઇ પેચ દાવથી. વજેસીંહે કહ્યું, એક પેચ મને યાદ આવ્યો છે.

જાલમસીંહે કહ્યું, શો ? વજેસીંહે કહ્યું. કોઇ બનાવટી રાજ કુમાર બનાવી ફરેબ કરી તેને રાજકુંવરી સાથે પરણવવા પેરવી કરવી; રાજારાણી અભીમાનના પહાડની ટોચ ઉપર છે, એટલે આપણા પેચમાં પુરેપુરા ફાવીશું:

જાલમસીંહે કહયું, વજેસીંહજી ? તમારૂ કહેવું બરાબર છે, પણ એવો માણસ ક્યાંથી મળે !

વજેસીંહે કહયું, પેરવી કરો, એટલે મળી રહેશે. પણ જુવો ? પેલુ કોઇ જોશી જેવું આ તરફ આવતું જણાય છે. ચાલો તેમને આપણા કામનો પ્રશ્ન પુછીએ: જાલમસીંહે કહયું ચાલો, ત્યાં જોશી પાસે જઇને કહયું, મહારાજ ? હમારૂ ધાર્યું કામ ફતેહ થશે કે કેમ ? જોશીએ કહયું, એમ તે પ્રશ્ન પુછાતો હશે ? બેસો, હું કુંડળી કાઢું તેની ઉપર દક્ષણા મુકો, પછી ગણીને કહું.

જાલમસીંહે કહયું, હયો જોશી મહારાજ, તેમ તો તેમ એમ પ્રમાણે કહી ત્યાં બેઠા; જોશીએ કુંડળી કાઢી તેના ઉપર દક્ષણા મુકી, ત્યાં જોશી મહારાજે નવ ગજનું પટીપણું ઉકેલ્યું; ટીપણું જોઇ કહયું, તમારૂ કામ થશે. જાલમસીંહે કહયું ક્યારે ! જોશીએ કહયું બીજો પ્રશ્ન મુકીને કહું.

જોશીએ બીજી કુંડળી કાઢીને કહયું, દક્ષણા મુકો, જાલમસીંહે કહયું, કેટલી વાર ?જોશીએ કહયું, પ્રશ્ન મુકાવો એટલી વાર, નહીતો રહયું, મહારી ગરજે મુકતા હો, તો મુકતાનહી જાલમસીંહે કહયું, મહારાજ ? તમો પણ ગરજ વરતો છો ખરા ! જોશીએ કહયું, ગરજ વગર હમારો ભાવે કોણપુછે ! જાલમસીંહે દક્ષણા મુકી, ત્યાં ફરીથી ટીપણું ઉઘાડીને તે જોઇ કહયું, હાલને હાલ તમારા કાર્યની સીદ્ધિ થશે, વજેસીંહ તથા જાલમસીંહ જોશીનાં વચનો સાંભળી ખુશી થયા.

તે અરસામાં ગામનાં છોકરાં રાજકુમારની જે, રાજ-કુમારની જે, એ શબ્દો મોટે સાદે બોલતા તે ઠાકોરોએ સાંભળ્યા ( રાજકુમારની જે, ) એ શબ્દથી ઠાકોરો અચંબો પામ્યા, અને જોશીને પુછ્યું, જોશી મહારાજ ! આ રાજ-કુમારની જે શેની બોલાય છે ?

જોશીએ કહ્યું, એતો અમારા ગામમાં સુળીયો કરીને રાજાનો માળી હતો, તેનો કુંવર ધમલો દેવતાની વાંસે અંગારા જેવો પાકયો છે, તેની જે બોલાય છે ઠાકોરોએ કહ્યું, પણ મહારાજ! આતો તેની જે નથી બોલાતી, પણ રાજકુમારની જે બોલાય છે; શું ! તે રાજકુંવર તો નથી ! જોશીએ કહ્યું, રાજકુંવર તો શું ! પણ તેથી એ ચઢીઆતો.

ઠાકોરોએ કહ્યું, એટલે ? જોશીએ કહ્યું, એટલે શું, તે બધા હુન્નરો જાણે છે. બધુ શીખ્યો છે પણ એક વગર; ઠાકોરે કહ્યું. તે શું ? જોશીએ કહ્યું, ગાતાં બજાવતાં, પહે-રતાં, ઓઢતાં, વાંચતાં વિગેરે તમામ હુન્નરો જાણે છે, પણ એક હુન્નર જાણતો નથી. ઠાકોરોએ કહ્યું, તે શો ? જોશીએ કહ્યું, કમાતાં !

ઠાકોરોએ કહ્યું, હુન્નરો જાણે છે તેથી રાજકુમાર શેનો કહેવાય ? જોશીએ કહ્યું, તેને એક દરદ છે, તેથી ડાગળી છટ જેવો થયો છે; તેથીજ છોકરાં રાજકુમાર કહી મશ્કરીઓ કરે છે. ઠાકોરોએ કહ્યું તે દરદ કીયું ? જોશીએ કહ્યું પ્રેમનું

પ્રેમની વાત સાંભળી ઠાકોરો અચંબો પામ્યા, અને પુછયું, વારૂ જોશીજી ! કોની ઉપર પ્રેમ ચોટયો છે ? જોશી કહે કોની ઉપર શું ! અહીંના રાજાની કુંવરી ઉપર પ્રેમના કાગળો પણ લખી ચુકયો, અમે સંદેશો પણ મોકલી ચુકયો; જાલીમસીંહે કહયું, ત્યારે તો મારો બેટો ઉસ્તાદ ખરો.

જાલીમસીંહે વજેસીંહને કહયું, વજેસીંહજી ! કાંઇ સમજ્યા ? વજેસીંહ કહે ના; જાલીમસીંહ કહે, તે આપણા કામનો છે. માટે ચાલો તેને મેળવી જોધપુરનો રાજકુમાર ઠરાવી રાજકુંવરી સાથે પરણાવીએ. અપમાનનો બદલો લઈએ.

વજેસીંહે કહયું તે બરાબર છે, ગોરમહારાજને કહયું ગોરમહારાજ હમને તેની સાથે મેળવશો ? ગોરે કહયું ઘણી ખુશીથી, ઠાકોરો કહે ચાલો ! ગોરે કહયું ચાલવાની કાંઈ જરૂર નથી. તમે અહીંઆં જ બેસો હમણાં જ આ રસ્તે થઇને નીકળશે. તેના ઘરનો રસ્તોજ આ છે, લ્યો હવે હું જાઉં છું આશીરવાદ ! આશીરવાદ ?

આશીરવાદ આપી ગોર વિદાય થયા, ત્યાં ધમલો તે રસ્તે આવ્યો, અને રસ્તા ઉપર ઉભા રહી વીચાર કરવામાં પડયો.

હું કોણ ? કેવો ? વેલી કુંવરી મને પસંદ શા માટે ન કરે ? શું હું બહેરો છું ? બોબડો છું ? લંગડો છું ? કાણો છું ? કુબડો છું ? મારા જેવો વર વેલીને કયાંથી મળનાર છે ? ભણેલો. ચાલાક. ચબરાક. હોંશીઆર !

જો કોઇ રજવાડામાં પરણશે, તો મારા જેવું સુખ કયાં થી મળશે ! રાજ રાણી થઈ મહેલ રૂપી બંધીખાનું સેવવું

તેના કરતા હું શું ખોટો છુ! મારી સાથે જે છુટથી વર્તવાનું મળશે, એવી છુટ રજવાડામાં ક્યાંથી મેળવી શકનાર છે! ( ધમાની ડોશી આવે છે. )

ડોશીએ કહ્યું. દીકરા ધમા! ધમાએ કહ્યું, હરમાનજી વાંસે પુંછડું લાગુને લાગુ, જ્યાં જઉં ત્યાં ડોશી પાછળની પાછળ. ડોશીએ કહ્યું. દીકરા? તે શું કરવા ધાર્યું છે! ધમે કહયું ડોશી! એઈ ડોશી! શું કરવાનું હતું? ડોશીએ કહયું, તારો બાપ પાંચ માંણહમાં પુછાતો હતો અને પંચાનીઓ ગણાતો હતો. આપણે આમતે રખડે પાલવે! આબરૂદારનું એ કામ નહી,

ધમાએ કહ્યું. મારે એવી માથાફોડ કરવી નથી. બસ-હુંતો મારા મનનું ધાર્યું કરવાનો, અને મનની મોજ પ્રમાણે ફરવાનો સમજી? ડોશીએ કહયું, ત્યારે શુ તું ઘેર નહી આવે! ધમે કહયું છટ છટ હવે રાજકુંવરીને પરણવાનો, તો શું એવા ઝુંપડામાં રહેવાનો કે? ડોશીએ કહયું; હાય? હાય! તારા બાપની ઇજત હલકી કહેવરાવવા બેઠો છું? એવું બોલીશ તો રાજા તને ગામમાંએ નહી રહેવા દીયે સમજ્યો.

ધમાએ કહયું; ડોશી? એઇ ડોશી? એ શું બોલી! રાજા શું કરનાર હતો! રાજા ગામનો મુખતીઆર છે. કોઇના મનનો નથી સમજી! ડોશીએ કહયું, ત્યારે તું હારા ઠેકાણે પરણ્યો હું કામ? ધમાએ કહયું, હું ક્યાં ખુશીથી

પરણ્યો હતો! તમે પરાણે પરણાવ્યો હતા. ને હજુ શું વહી ગયુ છે એવી કદરૂપી અને બેડોળ બૈરીને શું કરે? આપી દો છેડાછુટકો.

ડોશીએ કહ્યું, શું તારા બાપની ઇજત ઉપર પાણી ફેરવવા ધાર્યું છે? ધમાએ કહ્યું, ડોશી? એઇ ડોશી? જેમ મેલા કપડા ઉપર પાણી ફેરવવાથી તે સાફ થાય છે, તેમ બાપની જુની ઇજત ઉપર પાણી ફેરવવાથી ઇજત સાફ થાય છે. ચાલ્ય ચાલી જા (ધક્કો મારે છે. ડોશી પડી જાય છે.) ડોશી! એઇ ડોશી! પડી કેમ ગઇ! શું મશાણમાં જવું ધાર્યું છે! (ડોશી જાય છે)

જાલમસીંહ અને વજેસીંહે ધમલા પાસે જઇ કહ્યું. હમારે તમારી શાથે કેટલીક વાતચીત કરવાની છે, ધમલે કહ્યું, મને ફુરસદ નથી, પણ તમે કોણ છો! જાલમસીંહે કહ્યું, તમારા હીતસ્વી; ધમલે કહ્યું શી બાબતમાં? તમે જે બાબતનો વીચાર કરો છો તેજ બાબતમાં સમજ્યા? ધમલે કહ્યું, કીઇ જાલમસીંહે કહ્યું, કીઇ શું? વેલીને પરણવાની; પણ જાણો છો! હમારા વીના તમે ફતેહ મેળવી શકનાર નથી, કારણ તમો ગરીબ છો,

ધમલે કહ્યું વારૂ! કેવી રીતે ફતેહ મળશે! જાલમસીંહે કહ્યું, કેવી રીતે શું? તે રસ્તો હમારી પાસે છે, પણ હમો કહીએ તેમ વર્તવું પડશે. ધમલે કહ્યું. તૈયાર છું પણ વેલી મળશે? જાલમસીંહે કહ્યું હા, મળશે, અને ત-

મારા મનોરથ ફળશે, પણ તે તમારા એકલાથી બનવાનું નથી.

અરજણીઓ કે જે કાગળ લઇ વેલી પાસે ગયો હતો; તે આવ્યો, અને કહ્યું, ધમલા ! નખ્ખોદ ! આવું કામ તે ભળાવાનું હશે કે ? ધમલે કહ્યું. પણ છાનો રહેને ? મુંગો મરને! અરજણીએ કહ્યું, પણ મને પહેલું કહેવું હતું તો ખરૂં ? ધમલે કહ્યું, પણ જવાબ લાવ્યો? અરજણીએ કહ્યું હા એમ કહી એક તમાચો લગાવી દીધો.

તમાચો પડ્યો, તેથી ધમો ચીહીડાયો અને કહ્યું, ગધેડા ! તમાચો કેમ માર્યો ! અરજણીએ કહ્યું, એ જવાબ ધમલે કહ્યું, શું મારૂં અપમાન ! અરજણીએ કહ્યું, હા! હા ! તારૂ અપમાન, તું તે એક માળીનો છોયો શા હીસાબનો! એ પ્રમાણે કહી અરજણીઓ વિદાય થયો.

ધમલાએ ગુસ્સામાં આવી કહ્યું, પણ હું માળીનો છોકરો શા માટે થયો ? બસ મારૂં અપમાન કરનાર એ કોણ ! ભર્યા બજારે લાજ લુટું ત્યારેજ મારૂં નામ ધમલો માળી; એ પ્રમાણે કહી રોફમાં જવા માંડયું, ત્યાં જાલિમ સીંહે તેને અટકાવ્યો. અને કહ્યું, તેમ કરવાની જરૂર નથી. હમે કહીએ તેમ કરો એટલે બેડો પાર; ધમલાએ કહ્યું, ત્યારે આ દાસ છે તૈયાર; હવે ચાલો ઉતાવળ કરો થાય છે વાર.

જાલમસીંહે કહ્યું, એમ ઉતાવળે આંબા નહી પાકે. પ્રથમ હમો કહીએ તેમ કરો. ધમલે કહ્યું " શું જાલમ

સીંહે કહ્યું, તમે બનો જોધપુરના બનાવટી રાજય કુમાર; ધમલાએ કહ્યું. પણ વસ્ત્ર શણગાર! જાલમસીંહે કહ્યું તે દેનાર આ ઉભા તૈયાર.

ધમલે કહ્યું. શું ! રાજા ! રાજા ! જાલમસીંહે કહ્યું, હા, રાજા; પણ જો જો ! મનને કાબુમાં રાખજો. પોગળ પકડાઈ જાય નહીં; ધમલે કહ્યું, તેમાં આ શેવકને કહેવું નહીજ પડે, રાજા ! રાજા ! બંદા હવે જોધપુરના રાજકુમાર ( જાલમસીંહ તથા વજેસીંહને ) પણ તમારો તો તાબેદાર,

બહુ સારૂ; અમે વસ્ત્ર શણગાર તૈયાર કરી રાખીએ છીએ, તેટલામાં તમે આવી પહોંચજો; ઢીલ કરતા નહી. ધમલે કહ્યું, આ આવ્યો.

ગાયન

ધમો– ( ચાલી જા ચાલી જા અહીંથી ) એ રાહ.

બનું હું રૂડો એ ભામા ભરથાર,
નમાવું આંકડો, બંદો આ ફાંકડો, કેવો છું વર.
..............................છેલોનો સરદાર,
રીઝાવી, પટાવી, ફંદામાં ફસાવી, નેનોમાં મીચાવી,
....................................કરૂ મોહોરદાર.
જુઠ વીણુ નવ પહોચાય પાર.
જોધપુરનો બનું રાજકુમાર.
જુઠું જગ માને, સાચું ન પીછાણે, પસ્તાય તે ટાણે;
જાણે જેની વાર.....................બનુ.

## પ્રકરણ ૯ મું.

### પીતા પુત્રી વીચાર, વીણાનો પીતાને બોધ.

રાયસીંહે કહ્યુ, બોલ્ય વીણા! મારી સાખીનો જવાબ કોણે લખ્યો! વીણાએ કહ્યું, પીતાજી મેં લખ્યો. રાજાએ કહ્યું શું લખ્યું? વીણાએ કહ્યું, તમે વાંચ્યું તો હશે? રાજાએ કહ્યુ, તોપણ તું તારે મોઢેનીજ કહેને? વીણાએ કહ્યું, પહેલાં તો કુંભારનું સુખ વખાણનાર કુંભારને ધન્યવાદ; રાજાએ કહ્યું, પછી? વીણાએ કહ્યું, જેને ઘેર સુઘડ નાર, તેજ સુખમાં સુનાર.

રાજાએ કહ્યું, શું કુંભાર સુખમાં સુનારો નથી? વીણાએ કહ્યુ, ના! તેને સુખમાં સુવાનું શેનું હોય? સવારના પહોરમાં વ્હેલું ઉઠી ગધેડાં લઈ માટી ખાણે જવું, ત્યાં માટી ખોદવી, ઉપાડી ગુણોમાં ભરી ગધેડાં લાદવાં, પછી ઘેર આવવું; એવા એવા અને એટલા ફેરા સાંજ સુધી કરવા, કહો તમાં તે સુખે સુનાર શેનો?

રાજાએ કહ્યું, પણ તેને રાજા જેટલી ચીંતા તો નહીજને? વીણાએ કહયું, ચીંતા કેમ નહીં? સવારમાં વ્હેલું મોડુ ઉઠાય, તે માટી ઓછી લવાય; માટે વ્હેલું ઉઠવું તે ચીંતા, વાસણો બનાવવા માટી કેળવવી, અને તે બરાબર નહી કેળવાય, તો વાસણો સારાં નહી થાય, તે ચીંતા! વાસણો પકવવાની ચીંતા! ઘરબારની ચીંતા! માણસ માત્ર ચીંતા દેવીના કબજામાં સપડાયેલા છે, તો કુંભાર સુખી શાનો?

રાજાએ કહયું; ત્યારે સુખી કોણ? વીણાએ કહ્યું, એક તો સુખે સુવે મુરખ, કે જેને કોઇ વાતનું ભાનજ ન હોય, બીજો સુખે સુવે બાળક કે જેને વાતનું જ્ઞાનજ ન હોય, ત્રીજો સુખે તે સુવે કે જેને કોઈ રીતનો ઉઠાવવાનો ન હોય ઘરનો ભાર, અને ચોથો સુખે સુવે તે જેને ઘેર સુઘડ નાર.

રાણીએ કહયું, ત્યારે અમે તો ફુવડકે! વીણાએ કહયું, હા; જેના પતીને સુખે સુવાનું નહી, તે બધીએ ફુવડજ, સુઘડ સ્ત્રી પતીના માથે પડેલી ચીંતામાં ભાગ લઇ પતીનો ચીંતાનો બોજો હલકો કરનાર છે, ફુવડ સ્ત્રી તે બોજો વધારનાર છે.

રાજાએ કહયું, ચીબાવલી છોકરી! ત્હારા વિના પીતાને કુંભાર કહેજ કોણ? વીણાએ કહયું પીતાજી! જો આપેજ લખ્યું છે, તેવું જાણુત, તો તેવું ન લખત, છતાં મને યોગ્ય જણાયું તે લખ્યું છે; તમોએ આપેલી કેળવણીનો સદઉપ-યોગ કર્યો છે, તેથી તમારે ખુશી થવાનું છે.

રાણીએ કહ્યું, સાંભળ્યું! તમને કુંભાર લખ્યા, તેથી તમારી માનીતી પુત્રી કહે છે કે તમોએ આપેલી કેળવણીનો સદઉપયોગ કર્યો છે, તેથી ખુશી થાઓ? આવું તો આજ સાંખે, જો, કોઇ બીજો હોય, તો પછી ખબર પડે.

વીણાએ કહયું, ખબર શી પડવાની છે! ખરી વાતમાં ખાર હતો હશે કે! રાજાએ કહયું, શું ખરી વાત! વીણાએ કહયું, હા કુંભાર જેવા વીચાર લખ્યા, તેથી કુંભાર લખ્યા તેમાં ખોટી વાત શાની?

કમભાગ્ય છોકરી ! હું કોણ છું, તે તું જાણે છે? વીણાએ કહયું હા! રાજા રાયસીંહે કહયું, હું શું કરી શકું છું? તે તું સમજે છે? વીણાએ કહયું, પીતાજી! નાહક હુંપદ શા માટે કરો છો! હું કરૂ છું, ને કરીશ, એવું સમજનાર માણસ મુરખનો સરદાર છે.

છપ્પો.

હુંપદે રાવણ રાય જુવો રણમાં રોળાણો
કૌરવ દુર્યોધન સમ ચાંચડ ચોળાણો
કૈયા કીચક પ્રધાન હુંપદે આઝો કુટયો
સતબંધુઓ સાથ ભીમના હાથે કુટયો
હુંપદમાં વસનાર કોઈ થયો સુખી નહી જાણીઓ
જેઠા કહે હુંપદ તજો શીદ હાથે કુટો પ્રાણીઓ

માટે પીતાજી નાહકની હુંપદ રહેવા દો! રાયસીંહે કહયું કમભાગ્ય છોકરી! રાયને રંક તે હુંજ બનાવું છું, ને રંકને રાય પણ હુંજ કરી શકું છું, મારી મહેરબાનીથી ખમા ખમા થાય છે, ને મારી કફા મરજીથી હાડહાડ થાય છે.

વીણાએ કહયું, પીતાજી! તમે શું કરો છો! બનવા કાળજ બને જાય છે, તમારી મેહેરબાની, અને તમારી કફા નજર ને તો ફક્ત કારણરૂપ છે, ઈશ્વર ઇચ્છા બળવાન છે, ઈશ્વરની કૃપાદ્રષ્ટી જે પ્રાણીપર હોય તે પ્રાણીપર તમે ગમે તેટલી કૃપાદ્રષ્ટી કરો, તે કફા દ્રષ્ટી ખાંડ ખાય છે; ઈશ્વરની જેના ઉપર કફા દ્રષ્ટી હોય, તેના ઉપર ગમે તેટલી કૃપા દ્રષ્ટી કરો તે કામ આવતીજ નથી; માટે પીતાજી! રાય

અને રંક, સુખી અને દુ:ખી બનાવવાવાળો ઈશ્વિર હાજરાહજુર છે. તમારાથી કાંઈજ બનતું નથી.

રાણીએ કહયું, જોયુ ! તમારી કૃપા દ્રષ્ટીથી કાંઈજ બનવાનું નથી, ને તમારી કફા દ્રષ્ટી ખાંડ ખાય છે ! હમણાં કોક કંગાલની સાથે વરાવે; તો તો બધીએ ખબર પડે વીણા-એ કહયું, ખબર શી પડવાની છે, ભાગ્ય બળવાન છે.

રાજાએ કહ્યું અભાગણી છોકરી ! મારી નારા ઉપર કફા દ્રષ્ટી થાય, તો તને ટુકડો રોટલોએ ન મળે સમજી ? એતો ઠીક છે. કે છોકરૂ ગણીને હસી કાઢું છું.

વીણાએ કહયું, પીતાજી ! નાહકની હુંપદ શામાટે કરો છો ! કીડીઓ અનાજનો સંગ્રહ કરે છે, તેને કોણ આપવા જાય છે ! ચકલી સુખે નિર્વાહ કરે છે, તેને કોણ પાળવા જાય છે, બીલાડી દુધ પીએ છે, તેને કોણ પાવા જાય છે ! એ તો પોતપોતાની જાત મહેનત અને કીસ્મત.

વેલીએ કહ્યું, પિતાજી ! દુનિયામાં રાજા બે: એક ગામના રાજા ! અને બીજા મેઘરાજા ! રાયશ્રીએ કહયું, અભાગણી વીણા ! સાંભળ્યું ? વીણાએ કહયુ, શું સાંભળું ! સ્વાર્થ સાધી લેવાની કપટજાળ છે, વેલીએ કહયું અમારૂં કલ્યાણ તો તેમનાથી છે. તેમની કૃપાદ્રષ્ટિથીજ મારૂં કલ્યાણ છે વીણાએ કહ્યું, વીધીએ નિર્મ્યુંજ બને જાય છે; તેમની કૃપાદ્રષ્ટીથીજ કલ્યાણ માનવું તે ખરેખરી મુરખાઇ છે. તેમનાથી કાંઇ બનવાનુંજ નથી, પોતાના ભાગ્ય પ્રમાણેજ બને છે; રાણીએ

કહયું, હમણાં કોક કંગાલ સાથે વરાવે, તો ખબર પડે; પછી ભાગ્ય જણાય હમો તો હમારૂં કલ્યાણ તેમનાથીજ સમજીએ છીએ.

વીણાએ કહ્યું નાહકની પ્રપંચ જાળ શા માટે પાથરો છો ? ઈશ્વરની તો બ્હીક રાખો; રાણીએ કહ્યું, ત્યારે શું હમો પણ ત્હારી પેઠે કુંભાર કહીએ, તો સારૂં કેમ? એને તો એજ ઠીક છે, ને જો આવાં વેણ મારી વેણી બોલી હોય, તો તેની જીભ નહીં ખેંચી કાઢું, પણ શું કરીએ. અપરમાથી કાંઈ થાય છે ? જો કાંઈ કહીએ તો લોકો શું કહે ?

રાજાએ કહયું હીણભાગી છોકરી હું નથી બોલતો, તેમ તું ચડી કેમ ? વાણીએ કહયું, પીતાજી ! ચઢયા છો તો આપને, ચઢાવનારા આ મારાં માજી તમારી પડખે ઉભાં છે. રાણીએ કહયુ જો અભાગ્યણી બોલે છે પોતે, ને નાહકનો મને દોષ આપે છે !

વાણીએ કહ્યું માજી ! હું શું બોલી છું ? જેને ઘેર પુઘડનાર, તેજ સુખમાં સુનાર; એજ કે બીજું ? આટલું મધું ટાયલું તો તેમજ કર્યું.

રાજાએ કહયું, વીણા તને એક કંગાલની સાથે વરાવીએ ા તું તેને સુખે સુનાર બનાવીશ ખરી ! વીણાએ કહયું, ીતાજી ? કંગાલ તો શું ? પણ મુરખ, રોગીઓ, કોઢીઓ, તીઓ, જેવો પતી મારા કર્મે લખ્યો હશે, તેવો મને ળશે; તમે શું વરાવશો ? તેને માટે તો વીધીએ અગાઉ

થીજ નીર્માણુ કરી રાખ્યું હશે. તમે તો એક દલાલરૂપ છો ત્યાં પ્રધાનજી આવી પહોચ્યા.

પ્રધાનજીએ કહયું, જોધપુરનો રાજકુમાર રીસાઇને આ તરફ આવ્યા છે. રીસાલા વીના નીકળી આવ્યા છે જાલમસીંહ અને વજેસીંહ તેમની સરભરામાં છે રાયસીંહે કહયું, શું જોધપુરના રાજકુમાર રીસાઇને અહીં આવ્યા છે? જાઓ તેમને બહારના બગીચામાં ઉતારો આપો; અને તેમની સરભરામાં રહો; હું રાણીસહ ત્યાં આવી પહોચું છું

પ્રધાનજીના ગયા બાદ રાણીએ કહયું, પ્રાણુનાથ! જોધપુરના કુમાર રીસાઇને કેમ નીકળ્યા હશે? રાજાએ કહયું એ તો રાજકાજ છે. એમને એમ ચાહયું જાય છે. રાણીએ કહયું, પણ જો જો! આવો અમુલ્ય અવસર ખોતા નહી. ઘેરે બેઠે ગંગાજી મળી ગયાં છે; જો જો આ સુકા જોડે લીલુ બાળતા નહી?

રાજાએ કહયું, પ્રીયા! તેતે બને; વીણાએ કહયું, બોલ્ય વીણા? જો જોયું! સુખી અને દુઃખી કરનાર હુંજ છું તે ખરૂ કે ખોટુ? જો! વેલીને જોધપુરના કુમાર સાથે પરણાવી સદાની સુખી બનાવું છું, બોલ્ય હવે ત્હારી શુ ઇચ્છા છે.

વીણાએ કહયું, પીતાજી! ઇચ્છાનું શું પુછો છો? હુંતો પ્રથમથીજ જણાવી ચુકીછું કે જે પતી નશીબમાં લખ્યો હશે તેજ મળશે. તમારાથી કાંઇ બનવાનું નથી. રાજાએ કહયું,

કેમ ભાગ્ય છોકરી ! તારૂ ભાગ્યજ તને બોલાવે છે, મને ખાત્રી છે કે તું દુઃખી થઇશ, અને રખડી રવડીને મરીશ, માટે હજુ પણ તારા માટે દયા ખાઇને પુછુંછું, કે તારા ફુટેલા કર્મના સાંધણ રૂપ કાંઇ બોલ્ય ?

વીણાએ કહ્યું, પીતાજી ! શું બોલાવો છો ? ભાગ્યની બલહારી છે. તમારા હુંપદમાં હું તણાવાની નથી તે નથીજ; તેની ખાત્રી રાખજો. ખોટું ડોળ ઘાલુ બોલનારાં તમારી પાસે આ ઉભાં, તેમને બોલાવો, અને તેમનું ભલું કરો; હું તો મારે ભાગ્ય ભક્તાણી છું.

રાજાએ કહયું; ઠીક છે, તને તો એક કંગાલ વેરેજ વરા વીશ, તે શીવાય તને સમજ નહી પડે. વીણાએ કહયું પીતાજી ! મારૂં જરા સાંભળો તો ખરા !

વીણા— ગાયન.

( અરે શું માનવનો અભિમાન ) એ રાહ.

ખરે છે કાયા કાચો કુંભ વણસતાં વાર નથીરે
પ્રાણી ચીદ ધરો હુંપદ નાદાન માયામાં મરો મથીરે
માયામાં મરો મથીરે, છેવટે સાર નથીરે— ખરે.
ક્ષણ અવસરમાં ક્ષણ એક સુખની છે એ....રે કીહાં.
કરે હુંપદ પણ દુઃખ દુઃખ છે જીહાં........ને તીહાં.
સમજો પ્રાણી નાદાન— ખરે.
માયા મુસાફર રે તજી અહંકારને અભીમાનની
અહંકારને હુંપદ નીશાની જાણ નકી હાણની

રાવણુ સરીખાએ કર્યો નહી મળી કમાણી લ્હાણુની
રામેજ આપે રોળીઓ કીધી ખુવારી પ્રાણુની— ખરે.

રાજાએ કહ્યું, ઠીક છે ઠીક! એતો જાણી તને જાણુની પુંછડી થઈ છું તે! એમ કહી રાજા રાણી વેલી કુંવરીસહ જોધપુરના કુમારને મળવા માટે ગયાં. અને વેલી પીતાની હુંપદનો પશ્ચાતાપ કરતી મહેલમાં બેસી રહી.

## પ્રાકરણ ૧૦ મું.

### બનાવટી રાજકુમાર ધમલો માળી.

ધમલો માળી જોધપુરનાં રાજકુમારના પોશાકમાં તલ્લીન થઈ આનંદમાં આવ્યો છે, ત્યાં જાલમસીંહે કહયું, ધમા! જોજે પોગળ વેરાઇ જાય નહીં. ધમે કહયું, ઠાકોરો! કોઈ વાતની ચીંતા રાખશો નહીં; મોરનાં ઇંડાંમાં ચોતરવાનું હોયજ નહીં, એમાં મને કહેવું નહી પડે; રાજા રાણીને આવવા દો, પછી જુવો મારો રોફ! કોઇ કુ... જાય, તો તો થઈજ રહયું ના, ધમાભાઇને જેવા તેવા સમજશો નહીં.

જાલમસીંહે કહયું, જો? પેલી રાણી વેલી કુંવરી સાથે આવે છે. કુંવરીના પ્રેમમાં અંધ થઈ આડુ અવળુ બોલી જતો નહી, રાજા રાયસીંહ પણ સાથેજ છે. ધમે કહયું, ફીકર નહી આવવા દો; પણ રાણી તો કુંવરીને લઈ મહેલ-

માં ગઈ, ને રાજા એકલા આવતા હોય એમ જણાય છે.
( રાજા આવે છે. )

રાયસીંહે જોધપુરના બનાવટી કુંવરને રાજ્ય રીતે સલામ ભરીને માન આપ્યું, અને પુછયું રાજકુમાર! આપ તો મ્હોટા રાજ્યના ધણી છો, છતાં આમ એકલા કેમ ચાલી આવ્યા છો? બનાવટી કુમારે કહયું, પિતા સાથે રાજકાજમાં બોલવું થયું; તેથી રાંસનો માર્યો ચાલી નીકળ્યો છું. પાછળથી સમાચાર તો આવી ગયા, કે જોધાણનાથ પસ્તાય છે, અને તમારા વિના મુંઝાય છે; માટે જોધપુર પાછા આવો, પણ નીકળ્યો તે નીકળ્યો, ફરી ફરી દેશાટણ મળવાનું નથી એમ ધારી આ તરફ ફરીને પાછું રાજ્યમાં જવા વિચાર છે,

જાલમસિંહે કહયું કૃપાનાથ તમો તો જતા હતા, પણ હમારી વીનવણીથી અઠવાડીયું રોકાવા વચન આપ્યું છે; આપ રાજવીની સેવાનો અલભ્ય લાભ અમને ફરીથી ક્યાંથી મળનાર હતો! રાયસીંહ ઠાકોરનાં પણ ધન્યભાગ, કે આપ જેવા પવિત્ર રાજકુમારનાં દર્શનનો લાભ તેમને મળ્યો.

રાયસીંહે કહયું, ખરૂં છે જાલમસીંહજી, રાજકુમારે મને અને મારા રાજ્યને પાવન કર્યું છે. મને સમાચાર મળતાંજ હું મળવા માટે ચાલી આવ્યો; તમારા માટે સોઇ કરવા પ્રધાનને ભલામણ કરી છે.

જાલમસીંહે કહયું, હજી સુધી તો કંઈ બંદોબસ્ત થયો

નથી, રાયસીંહે કહયું પ્રધાનજી તેને માટેજ રોકાણા છે. પણ કુમાર સાહેબ! આપના રાજ્યમાં ઘોડું કેટલું? લશ્કર કેટલું? ખજાનો કેટલો? તે કૃપા કરીને જણાવશો.

બનાવટી કુમારે કહયું રાજકમાર તે વાણીઆના છોકરાની માફક હીશાબ રાખતા હશે? જાલીમસીંહે કહયું ખરૂં છે કૃપાનાથ! ખજાનો, અથાગ ઘોડુ, અને અગણીત લશ્કર તેની ગણતરી કેવી રીતે થઇ શકે! અને હીસાબ તો રાખનાર રાખે, તે કાંઇ રાજકુમારો તે રાખતા હશે કે? રાયસીંહ ઠાકોર! આ પુછવું તમારૂ ગેર વ્યાજબી છે.

રાયસીંહે વિચાર્યું, આ કુમારનું કહેવું બરાબરજ છે, જોધપુરનું રાજ્ય, તે કાંઇ નહાના રજવાડા જેવડુ નથી, જેના તાબામાં હજારો ગામ છે, અને શ્રેષ્ઠ રાજ્ય કહેવાય છે, તે હીસાબ કેવી રીતે રહે! એ પ્રમાણે વિચાર કરી જાલમસીંહને કહયું ખરૂં છે જાલમસીંહજી! મારી ભુલ થઇ, જાલમસીંહે કહયું, એવી ભુલ આપણે નહીં કરવી જોઇએ, કદાપી કુમારને ખોટું લાગે, રાયસીંહે કહયું, હજુ પ્રધાનજી કેમ ન આવ્યા? જાલમસીંહે કહયું, તેઓ રાજકુમાર માટે સોઇ કરવામાં રોકાણા હશે, રાયસીંહે કહયું, જાલમસીંહજી હું લગાર કામ પ્રસંગે જાઉં છું, તે હાલ આવું છું.

જાલમસીંહે કહયું, બહુ સારૂ પધારો. રાયસીંહ ગયા ત્યાં પ્રધાને કહયું; કેમ ઠાકોરો કેવો રંગ જામ્યો છે! ઠાકોરે કહયું ધન્ય છે તારી ચતુરાઇને! પણ આ તો ફક્ત

રાજાનેજ તમારી ચતુરાઈ બતાવી; પણ રાણીને બતાવવાની બાકી છે.

ધમાએ કહ્યું; કાંઇ ફીકર નહી; જાલમસીંહે કહ્યું; રાજા કરતાં રાણી વીશેશ ચતુર છે. ધમાએ કહ્યું; તો આ ધરમસીભાઇ ક્યાં ઓછા ચતુર છે? જાલમસીંહે કહ્યું: જુવો સામેથી પેલી કુંવરી સહ રાણીજી આવે છે. જો જો ચતુરાઈમાં ખામી આવે નહી! ધમે કહ્યું; કાંઈ ફીકર નહી. આ પ્રમાણે વાતો કરે છે; ત્યાં રાણી આવી પહોંચી.

રાણીએ આવી બનાવટી રાજકુમારને રાજની રીત પ્રમાણે આવકાર આપ્યો; અને કહ્યું, કુમાર સાહેબ! આપના પધારવાથી હમો ઘણાજ ખુશી થયાં છીએ; તમોએ આંહી પધારી આ રાજ્યને અને અમોને પાવન કર્યા છે.

બનાવટી રાજકુમારે કહ્યું, રાણી ઘણાં ચતુર લાગે છે; પણ રાજા તો તદન મુર્ખ જેવાજ છે; એકદમ અહી આવી પુછવા માંડયું કે તમારા રાજ્યમાં કેટલું ઘોડુ છે, કેટલું લશ્કર છે, કેટલો ખજાનો છે, કેવું મુર્ખતા ભર્યું પુછવું? શું રાજકુમારો તે વાણીઆના છોકરાની માફક હીસાબ રાખતા હશે કે?

રાણીએ કહ્યું; કુમાર સાહેબ! તેથી ખોટું લગાડવું નહી. તેમના બોલ્યા સામું જોવું નહી. જો તે પ્રમાણે કમઅક્કલ ન હોત તો પછી ઠાકોર શાને કહેવાત? આપની વાત તે થાય!

વેલીએ કહ્યું, આ પોંચીયો તેમના હસ્તને કેવી દીપાવે છે ? જાણે આકાશમાં તારા ચમકતા હોય, તેવા હીરા તેજમાં ચમકી રહ્યા છે, મોકોટા રાજ્યના દાગીના પણ રાજ્ય જેવાજને ?

બનાવટી કુમારે કહ્યું, શું આ પુંચીઓ તમોને ઘણી જ પસંદ છે, એ તો હીમાચળની કન્યા વીધ્યાચળ વેરે પરણી, ત્યારે મારા વડા દાદાના વડા દાદાનાં વડા દાદાને ઇનામમાં મળી હતી.

રાણીએ કહ્યું, આ હાર કોટને દીપાવે છે ? હારનાં મોતીનું તેજ તો અજબજ છે. બનાવટી કુમારે કહ્યું, તે તમને પસંદ છે. એ તો ઉત્તરનું રાજ્ય જીત્યું, તે વખતે મારા વડા દાદાના વડા દાદાને ઇનામમાં મળ્યો હતો; ત્યો તમારે જોઇએ તો.

જાલમસીંહે સાનમાં સમજાવી કહ્યું, તે તારા બાનું ન હોય સમજ્યો ? બનાવટી કુમારે કહ્યું, ઠાકોરો ! અમારા જેવા રાજવીઓ ઉદારતામાં પાછા પડતાજ નથી; રાણીએ કહ્યું શું છે ? બનાવટી કુમારે કહ્યું, ઠાકોરોના બાની પુંજી ઓછી થતી ન હોય ! તેમ મને રોકે છે. પણ હું સમજુ છું કે, રાણી કાંઈ અજાણુ નથી, ને ઇનામની ચીજો કોઇને ન અપાય; રાણી કહે ખરૂ છે રાજકુમાર સાહેબ ! ભેટની ચીજ કાંઇ થોડીજ કોઇને અપાય છે !

વેલીએ કહ્યું, શી ચતુરાઇ ! ચતુર નરની બલહારી

છે. બનાવટી કુમારે કહ્યું; તમારાં વચન તો મોગરાના પુષ્પો જેવાં મનહર છે તેની તુલના કાંઈ થાય તેવી છે ?

દુહો.

મધુર મનહર વેણુ આ લાગે પુષ્પ સમાન;
ત્રપ્તી ન થાયે કર્ણને, પીતાં અમૃત પાન.

વેલીએ કહ્યું, :આવો દુહો અહીંઆં એક માળીનો છોકરો રહે છે, તેણે કહ્યો હતો, પણ કયાં તે ? અને ક્યાં આ ! બનાવટી કુમારે કહ્યું, શું માળીના છોકરાએ આવો દુહો કહ્યો હતો ? વેલીએ કહ્યું, હા બનાવટી કુમારે કહ્યું, શું માળીનો છોકરો એવો કાવ્યમાં કુશળ છે ? વેલીએ કહ્યું, નારે ના ! તમારા કાવ્ય આગળ તેની કવીતા તો તુચ્છ છે ક્યાં તમારૂં મીઠું મનહર કાવ્ય અને ક્યાં તેની બેઢબ કવીતા ! રાજા આવે છે.

રાણીએ કહ્યું, પ્રાણનાથ ! હવે પેલી વાત ઉપાડોને ? રાજાએ જાલમસીંહને કહ્યું, જાલમસીંહજી ! આ રાજકુમાર સાથે મારી વેલી કુંવરીનાં લગ્ન કરવાની ઇચ્છા છે. માટે મારી તરફથી બેવાનાં કહીને ચોકઠું બેસાડી આપો. વેલીને કહ્યું, તું હમણાં મેહેલમાં જા.

જાલમસીંહે બનાવટી કુમારને કહ્યું, કુમાર સાહેબ ! રાયસીંહ ઠાકોર તેમની વેલી કુંવરી તમારી સાથે વરાવવા ઇચ્છે છે. રાજ્યકુમારે કહ્યું; ના રે ના ! એવી કુંવરીઓ સાથે લગ્ન કરતા ફરીએ, તો પછી દરબારમાં માય પણ

નહીં, સમજ્યા ? પીતાજીની આજ્ઞા શીવાય તે બનેજ કેમ ?

રાયસીંહે કહ્યું, કુમાર :સાહેબ ! રાજકુમારને વળી આજ્ઞા કેવી ? બનાવટી કુમારે કહ્યું, શું તમારી એવી ઇચ્છા છે ? રાયસીંહે કહ્યું, તમારા મોહોટા રાજ્ય સાથે સંબંધ બાંધવા ઘણોજ ઇંતેજાર છું, માટે આટલી ઇચ્છા પુરી કરો.

બનાવટી કુમારે કહ્યું, ભલે; આ ખાંડા સાથે વરાવો રાયસીંહે કહ્યું, ખાંડા સાથે નહી, પણ હાથેવાળે વરાવાની ઇચ્છા છે. બનાવટી કુમારે કહ્યું, આપણા રાજપુત્રો કદાપી હાથેવાળે પરણુતાજ નથી.

જાલમસીંહે કહ્યું, ખરૂ છે કૃપાનાથ ! રાજપુત્રો હાથેવાળે પરણુતા તો નથી. રાયસીંહે કહ્યું, જાલમસીંહજી ! તમે વળી એવું કેમ બોલો છો ? કહોને કે ઘણી વખત હાથેવાળેથી પણ કેટલાક રાજપુત્રો વર્યા છે; અમારી તરફથી ઉપાડ કરતા રહો, જાલમસીંહે બનાવટી કુમારને કહ્યું, કુમાર સાહેબ ! હાથેવાળેથી પરણુવાના પણ ઘણા દાખલા છે. માટે હાથેવાળે પરણુવામાં વાંધા જેવું તો નથી, બનાવટી કુમારે કહ્યું, જેવી તમારી મરજી, શું રાયસીંહજીની ઇચ્છાનો અનાદર થાય તેમ છે.

રાયસીંહે કહ્યું, કૃપાનાથ એટલી આપની કૃપા છે એટલે હમને સંતોશ છે. રાણીએ કહ્યું, પ્રાણુનાથ ! હવે ગોરને બોલાવો, વીલંબ શા માટે કરો છો ? તે અરસામાં પ્રધાનજી બનાવટી કુમાર માટે સોઈ કરી આવી પુગ્યા.

પ્રધાનજીએ આવી રાયસીંહને પ્રણામ કરી કહેવી સોઈ કહી કે બહારની વાડીનો બંગલો ઉઘડાવી તૈયાર કરાવ્યો છે. એ પ્રમાણે કહી બનાવટી રાજકુમારને રાજ્ય રીતે જોધપુરી ભાષામાં પ્રણામ કર્યા અને આશીશ આપી.

પ્રધાનજીએ કહ્યું, આપકા દાસ અબાર નમેછે; એકુંવરજી આપણી આશા પુરી કરેલા.

બનાવટી કુમારે ગુસ્સામાં કહ્યું, શું બોલ્યા? શું બોલ્યા? પ્રધાનજીએ કહ્યું, આપની જોધપુરી ભાષામાં આપને પ્રણામ કર્યા. શું તમારી ભાષા તમો સમજતા નથી કુમારે કહ્યું, ના; જે ભાષા તમે બોલ્યા તે હું સમજતો નથી.

રાયસીંહે કહ્યું, શું કહ્યું બનાવટી કુમારે કહ્યું, હમારી જોધપુરી ભાષામાં મને ગાળો ભાંડી; અઠે કોઈ દુસરા હોતા, તો દોન ટુકડા કરૂન મારૂન ટાકલા હેલા; ઉપરના શબ્દો ગુસ્સાના સાંભળી, રાયસીંહે પ્રધાનજીને બહાર મોકલ્યા અને કહ્યું, કુમાર સાહેબ! એતો અજ્ઞાન છે, એમના બોલવા સામુ આપ જોશો નહી.

બનાવટી કુમારે કહ્યું, શું મારૂ અપમાન! તે પણ ગાળોમાં રાજએ કહ્યું, એતો મુરખ છે, કુમારે કહ્યું, શું મારી જોધપુરી ભાશા મને યાદ નહી હોય! રાયસીંહે કહ્યું, કેમ ન હોય; હું એક વખત એ તરફ આવ્યો હતો, ત્યારે અઠે કઠે, એ શબ્દો સાંભળ્યા હતા ખરા.

રાણીએ કહ્યું, હવે ખોટી વાર શા માટે કરો છો?

ગોરને બોલાવો સીપાઇ ગોરને બોલાવા ગયો, તે તેડીને આવ્યો; ગોર રાજા પાસે આવ્યા, અને કહ્યું; આપણી વેલીના વ્હીવા જોધપુરના રાજકુમાર સાથે કર્યા, તેથી ચાંડલા કરવા તમને બોલાવ્યા છે.

જોધપુરના રાજકુમારનું નામ સાંભળી ગોરે વીચાર્યું કે, આજ આપણું દાળદર દુર થશે, આજ ઇનામ સારૂ મળશે. એવો વીચાર આવવાથી ગોરના હર્ષનો પાર રહ્યો નહી, ને ચાંડલો કરવા દોડયો.

જાલમસીંહ કે જે બનાવટી રાજકુમારની સાથે ઉભો હતો, તેને ચાંદલો કરવા માંડયો, ત્યાં રાજાએ કહ્યું, એ નહી, પણ આ; એ પ્રમાણે કહી બનાવટી રાજકુમાર બતાવ્યો. ગોરે બનાવટી કુમારને ચાંડલો કરી શ્રીફળ હાથમાં આપ્યું અને આશીશ આપી; બનાવટી કુમારે ગોરને દક્ષણામાં એક ગામ આપ્યું; ગામનું નામ સાંભળી ગોર ખુશી થયા અને હરખતા હરખતા પોતાના ઘર તરફ ગયા.

ગોર ગયા, પછી ત્યાં બનાવટી કુમારે કહ્યું, રાયસીંહજી! ચાર દીવશમાં હું જવાનો છું. માટે લગનની તાકીદ રાખજો કારણ મારાથી રોકાઇ શકાય તેમ નથી. ઘેર પીતાજી ચીંતાતુર હશે, તેમને મારા વીના ચેન નહી પડતું હોય માટે હું રોકાઇ શકીશ નહી; રાયસીંહે કહ્યું, કાંઇ ફીકર નહી, હુ તેજ તૈયારીમાં રહી તૈયારી કરૂ છું. એ પ્રમાણે કહી રાયસીંહ તથા રાણી લગ્નની તૈયારી કરવા માટે ગયાં.

રાજા રાણી ગયાં, ત્યાં ધમલે કહયું, કેમ ઠાકોરો! કેવા ચતુરાઇ વાપરી છે? ઠાકોરોએ કહયું, તમારી ચતુરાઇ-ની અવાધ! પ્રધાનને તો બોલતાં શું બોલ્યો, પણ પસ્તાવા-નું થયુ, તમારો રોફ તો ઓરજ! ધમે કહયું, કાંઈ મોરનાં ઇંડામાં ચીત્રામણ હોતું હશે. પણ દુનિયા કેવી દીવાની છે?

( જો જો કૌતક જગનું એ રાહ )

જો જો દુનિયા દીવાની, ખોટું સાચું લે માની. જો જો
જુઠું મનાય અને સાચુ કુટાય, ખરો ખાસડાં ખાય–જો
સાધુને માર, પાખંડીના પોબાર, બમે બમ હાલ્યું જાય–જો
ગરીબ અસરાફનો ભાવ નહી પુછાય
કપટી પાખંડીના રોફમાં દબાયે જાય.
દુનિયા! દુનિયા! વાહરે વાહ દુનિયા!—જો
પવિત્ર પંચમી દીન ચીત્ર નાગને પુજાય,
સાચાને સાણસે પકડી વગડામાં મુકવા જાય.
એવાં છે, એવાં છે!–દિવાની દુનિયાનાં કામ–દુનિ.

---

## પ્રકરણ ૧૧ મું.

વેલી કુંવરી સખીઓ સહ બગીચામાં આવી, અને સખીઓ સાથે આનંદમય વાર્તા વિનોદ ચલાવ્યો શાંતાએ કહયું, બા! હવે તો તમે સાસરે જશો. ત્યારે આ સખીઓ તમોને યાદ સરખીએ નહી આવે, વેલીએ કહયું. પ્રિય શખી

તમારો સમાગમ તે વીસરાય ! નવિ પ્રિત મધ્યે જુનીતે ભુલાતી હશે કે ! તમારો સાથ મને ઘડી પણ વિસરનાર નથી.

એક નાની સખીએ કહયું, બ્હેન ! એ તો બધુ કહેવાનું, જોધપુરના રાજ્ય મહેલમાં નવીન સ્નેહ મુર્તિ સાથે ખીરા જીત થશો, અને નવા વૈભવ ભોગવશો, ત્યાં હમો યાદ સરખી પણ નહી આવીએ. અત્યારેજ જુવોને ? તમો હમારી પાસે છે, છતાં તમારૂ મન તમારી પાસે છેજ કયાં ! વેલીએ કહયું એવું શા માટે બોલો છો ! શાંતાએ કહયું, એ ખરૂ કહે છે, જે મનથી વાત કરતાં હતાં; તે મનથી અત્યારે વાત ચીત કરતાં નથી.

વેલીએ કહયું, હુંતો તેજ મનથી વાત ચીત કરૂં છું; તમને ભરમણ થઈ છે, તેથી તમો એમ બોલી મને ખનાવે છો, નાની સખીએ કહયું, તદન ખોટું સખીઓએ કહયું છીએ ? વેલીએ કહયું, તદન ખોટુ સખીઓએ કહયું ખોટું નહી, બા ? ખરૂ ! જુવો સાંભળો;

ગાયન.

વેલી—સખીઓ ( પ્યારથી પ્યારો પ્યારી ) એ રાહ,
સખીઓ—પ્રેમથી પીયુ પ્યારી મળશો ઉદય થશે સુરજ સોનાનો
નાની સખી—આતુર છો પતિ મળવા પુન્યશાળી,
વેલી—પુરી ધુતારી તમોને નીહાળી,
શાંતા—જાવાદો રોક રસાળી.

નાની—થશો ભાગ્યશાળી.
શાંતા—હશી લેજો તાળી.
વેલી—બનાવો મુને.... .... .... ....ન બ્હેનો
સખીઓ— .... .... .... ....પ્રેમથી
જાવો બા જાઓ, ચતુરાઇ છે જણાણી.
નાની સખી-માલેક મણી કુંકને જઇ જકાંણી,
શાંતા--ઓપે ઓપાવે એ શાણી.
નાની—બવી રાજ્યના રાણી
વેલી—જા જા તુને જાણી.
સખીઓ—જાવાદોને ખોટો એ તાનો—પ્રેમ.

વેલીએ કહ્યું, ચીબાવલીઓ: નાહકની શા માટે બના વો છો, શું કોઇ પરણતું નથી! શાંતાએ કહ્યુ. બા! ન પરણે કેમ? વણુ આતો મ્હોટા રાજાના ઘરના વીવ્હા છે સમજ્યાં વેલીએ કહ્યું, તું ત્હારે સમજ, મારે સમજવું નથી.

સખીઓએ કહ્યું વેલી બ્હેન! એ કુથલી જવાદો ચાલો એકાદો ગરબો ગાઇએ, વેલીએ કહ્યું. તમારી મરજી વેલીની ઇચ્છા જાણી ન્હાની સખીએ ગરબો ઉપાડયો.

ગરબો,

પ્યારા પતી સંગાથ (ર બાળાએ વસવું સતીની રીતથી,
કરવી વીનોદ વાત (ર) સેવન પતીનું કરવું એકજ ચીતથી
નહી હસવું અન્ય જનથી, અન્ય ચીંતવવો નહી મનની
પતીવ્રત પાળવું પ્રીતથી.......પ્યારા,

સાખી.

પતી સંગે બસતી સદા, રાખી નીર્મળ મન.
આણુ પતી ઉઠાવતી, તે સતીઓને ધન્ય;
પ્રીતી રસ પીએ ને પાય પાય સંગ રંગ અંગમાં ઉમંગથી
સતીને ઉમંગ નહી માય માય પતી શે અને પતી સંગથી
તેહ શીક્ષા ધરોને મન, પતી ચરણે ધરો મન તન,
તો કહેવાશે સતી સ્ત્રીજન, વળી લોકો કહે ધન્ય ધન્ય.

સાખી.

નામ અમર નીરખી જુવો સતી દ્રૌપદી માત,
હરીશ્ચંદ્ર તારામતી, વળી અહલ્યા વિખ્યાત;
પતીને કાજ સતી અવતાર સાચો સ્ત્રીને મળ્યોરે.
તેવીણુ જાણો કુભારજા નાર મનખો એળે ટળ્યોરે;

સાખી.

પથરા પ્રૌઢા ઓથડે, મુલ્ય ન કાંઇ થાય,
રત્ન કંકર એક કારણુ, બે મુલી કહેવાય–પ્યારા.

ગરબો ગવાઇ રહ્યો. ત્યાં બનાવટી રાજકુમાર આવી પહોંચ્યો; રાજકુમારને જોઈ સખીઓએ કહયુ, બ્હેન બેસો, હમો જઇશું; વેલીએ કહ્યું. મને એકલીને મુકીને કયાં જાઓ છો? શાંતાએ કહ્યું. બેન! હવે એકલાં શાંના છો પ્રેમના સાથીનો સંગાથ મળ્યો. એટલે બેકલાં છો સમજ્યાં? વેલીએ કહ્યુ, બ્હેનો મશ્કરી રહેવા દો. હું તમારી સાથેજ આવું છું; શાંતા કહે, ના બા! તમારો સાથ હવે કોણ

કરે તમારા સાથી તો પેલા ઉભા ! ઉપરથી આવવાનો ખોટો ડોળ બતાવો છો. પણ મન તો તે કામણગારામાં રમી રહ્યું છે. મનમાં તો એમ છે કે ક્યારે આ પાપ જાય, કે મનમોહનને મળું; વેલીએ કહ્યું, ઠગારી ! એતો તને જાણી જુવો સાંભળો ?

ગાયન

વેલી–સખીઓ.

( સમી શરદ પુર્ણીમાની ) રાહ

વેલી–એકલી મુકી મુને આ બાગને વિશે,
　　શીદ સીધાવો શાણી મારી મશ્કરી મીશે.
સખીઓ–મન માન્યાને મળજો, પ્રેમમાં ભળજો, જોડી
　　　　　　　　　　　　　　　　પરસ્પર પ્રાણ
વેલી—.......................એકલી
શાંતા—પ્રેમ રસ પીશો સખીને વીસારશો
　　મન મોહનથી પ્રીતી સુધારશો સખી
ધમો–ઉભો ભ્રમરી કાજ પ્રેમી ભ્રમર આ સુજાણ–
વેલી.......................એકલી

બનાવટી કુમારે કહયું. સુઘડ સુંદરી ! તમે એકલાં શાને છો ? તમારા પ્રેમનો તરસ્યો ચાતક તમારી હજુરમાં ઉભો છે, મારી મનહર મોહીની ! વેલીએ કહયું, કુમાર સાહેબ ! મહોટા રાજ્યના કુંવરનો ભરોસો શો ! બીજી રાણીઓ મા· ફક મહેલના એક ખુણામાં નાંખી મુકે. ત્યારે બાળા બી·

ચોરીની શી દશા? બનાવટી કુમારે કહયું, મારી પ્રેમી પુત-ળી:! શું તમને તે એક ખુણામાં નાંખી મુકાય! તમને તો સદાએ સાથેનાં સાથેજ રાખીશ, અને મનગમતી સાહ્યબી ભોગવાવીશ. કરોડો રૂપીઆ ખરચી બંધાવેલા ભવ્ય ભુવ-નોમાં સોનાની સાંકળે લટકાવેલા હીંચોળાંમાં મુખમલનાં બીછાનામાં બેસાડીશ! ને તે સાહ્યબી જો મારી મન માનીને પસંદ નહી પડે, તો તેથી પણ અધીક ખરચ કરી નવા મહેલ બંધાવી સદા પાસેનો પાસે રહીશ (ધમે કહયું તોપ મારવી ત્યારે બાકી શા માટે રાખવી)

વેલીએ કહયું, ત્યારે બીજી રાણીઓ માફક મને તો નહી વીસારોને? બનાવટી કુમારે કહયું, હજી પણ તમને ભરો-સો નથી પડતો! મારા બાપદાદાના સોગન ખાઈને કહું છું કે તમારાથી એક ઘડી પણ અળગો નહી રહું; હવે તો ખાત્રી થઇને વેલીએ કહયું, મારા મનમોહનનો તે અવિ-શ્વાસ હોય! એ તો રજવાડાઓની રીત તેથી કહેવું પડયું.

એ પ્રમાણે વેલીનો વાર્તા વીનોદ ચાલી રહ્યા છે, ત્યાં શાં-તાએ આવીને કહયું. કુંવરી બા! તાનતોલખાંજી આવ્યા છે. વેલીએ કહયું તેમને અહીં આવવા દે બનાવટી કુમારે કહયું તાંતોલખાંજી કોણ છે? વેલીએ કહયું. એક ગવૈયો છે, ઉસ્તાદી ગાયનો ગાય છે. અને બજાવે છે. બનાવટી કુમારે કહયું. શું તમને સંગીતનો શોખ છે? વેલીએ કહયું હા શું તમને તેનો શોખ નથી? બનાવટી રાજકુમારે કહયું,

અને પણ સંગીતનો ઘણો શોખ છે. આ પ્રમાણે વાતો કરે છે, ત્યાં તાનતોલખાં આવી પહોંચ્યા, અને કુંવરી અને બનાવટી રાજકુમારને સલામ ભરી તેમને માટે બીછાવેલા બીછાના ઉપર બેઠા.

બનાવટી કુમારે ગવેયાને પુછયું, શું તમારૂં નામ તાંનતોલખાં ? ગવૈયે કહયું; હાં જીનાબ સેવકકુ તાંનતોલખાં કહેતે હે. બનાવટી કુમારે કહયું. એવું નામ શાથી પડયું હશે ? તાંનતોલખાંએ કહયું, જી ! તાનકી તાનાં મેં તોલ તોલકે કહેતા હું ઇસસે સેવકકા નામ તાંનતોલખાં પડા હે. બનાવટી કુવરે કહયું, શું તોળી તોળીને ? ગવૈયે કહયું. હાં તોલ તોલકે ? એક પાવસેરકી સુનાઉ ? બનાવટી કુમારે કહયું, હાં હોને દો;

આજ્ઞા મળતાં ગવૈયે ગાવા માંડયું.

તાંનતોલખાં— ઉસ્તાદી રાહ

પ્રભુતા કયાં ગુમાઇ; હા પ્રભુતા કયાં ગુમાઇ
ઉદારતા ગઇ છબી કપટ છવાઈ....પ્રભુતા.
આહીર ભેગા રહીને ગુમાવી, મહી માંખન ચોરી ખાઈ
તાંદુલ હરવા કીધુ કાપટય તે ધાઈ. પ્રભુતા.

બનાવટી કુમારે કહયું, વાહ ! વાહ ! બોહોત અછી સુનાઈ ! તાંનતોલખાંએ કહયું, સાહેબ ! વોતો અબ ઉમર બઢ ગઈ, ઉસસે ગલેકી લેજત કમી હુઇ, નહી તો આગે ઉસ-

સેલી ઓરથી ! વેલીએ કહયું ગમે તેટલી ઉમર જાય, પણ ગળાની મધુરતા કાંઇ જાય છે ? તાંનતોલખાંએ કહયું કયોં જીનાબ ! અબ દુસરી અચ્છેરકી સુનાઉ ? વેલીએ કહયું, હાં હોને દો. પ્રેમકા હોને દે.

તાંનતોલખાં—— ગાયન

( ઉર ધીર જરી ધરી જાતી )

ચીત ધિર જરીએ સમાતી નથી ( ૨ )

ધનન ધનન ધન ગરજે વરસે...........ધીર જરીએ

પ્રેમ ભરી ચલકે ઝલકે, ચપળા ઘડીએ વિસરાતી નથી

દાદુર ચાતક મોરની વાણી,ખડગ સમાન ખમાતી નથી.ચીત.

પ્યારી સંગે પ્રેમના ઘુંટડા, મીઠાશ કોઇને કહેવાતી નથી

તન મન શીતલ ઉંર શાંન્તિમય શીતળતા તજી દેવાતી, નથી...........................ચીત ધિર

બનાવટી કુમારે કહયું, વાહરે ઉસ્તાદજી ! તમે તો હદ કરી નાંખી. વેલીએ કહયું દર બીજે ત્રીજે આવી સંગીતથી મનને શીતલ બનાવે છે, આ ઉસ્તાદજીને તો આપણે જોધપુર સાથે લઈ જઈશું. બનાવટી કુમારે કહયું, મારી વ્હાલીની મરજી હશે, તો મારી કાંઈ ના નથી. પણ તમે તેમને સાથે આવવા કહયું છે ? ( તાંનતોલખાંને ) કેમ ઉસ્તાદજી ! મારી વ્હાલીની ઇચ્છા તમને જોધપુર સાથે લેવાની છે, કેમ આવશોને !

તાંનતોલખાંએ કહયું, જીહાં ! બહોત ખુશીસે, જાંહાં

દાના પાની મીલે, વોઈ હમારા મુકામ હમ સમજતે હે. મેંને બહોત બહોત મુસાફરી કીઈહે. જગે જગે આ સેવકકા નામ મશહુર હે, બનાવટી કુમારે કહ્યું, હાં! બરાબર મેને બી કભી કભી સુના હે તાંનતોલખાંએ કહ્યું, જી! કયઉં નહી, દેશોદેશ મે નામ પ્રખ્યાત હુવા હે. અબ મીજે રજા દીજીએ, સબબ મેરેકો આપકી સાથ આને કે વાસ્તે તયારી કરનેકી હે. વેલીએ કહ્યું, બહુ સારૂ પધારો.

તાંનતોલખાંના ગયા બાદ બનાવટી કુમારે કહ્યું, વ્હાલી! આવતી કાલે લગ્નની પવિત્ર ગાંઠે જોડાવાનું છે, તો હવે એક ચુંબન તો લેવા દ્યો? વેલીએ કહ્યું, નાથ! આમ અધિરા નહી થાઓ, શાસ્ત્રની વીધીએ લગ્નની ગાંઠે જોડાઈએ ત્યાં સુધી ધીરજ રાખો; આજે દાશીને કલંકીત નહી કરો. હવે ક્યાં વાર છે? વચ્ચે રાત એક આડી છે પછી આ કાયા તમારીજ છે, તમારી મનોવાંચ્છના સુખેથી પુરણ કરજો, પણ આજ એવી વાત રહેવા દયો; બનાવટી કુમારે કહ્યું, વાહરે મારી સુઘડ સતી સુંદરી! એતો તમારી પરિક્ષા કરી, પ્રેમ સરોવરને કાંઠે આવેલો પ્રેમી, પ્રેમવારી પીતા પહેલાં પ્રેમ સરોવર નીહાળીનેજ ધરાઇ ગયો છે, પ્રેમનો ભુખ્યો મુસાફર પ્રેમ ભોજનને જોતાંજ તૃપ્ત થયો છે શી અનોપમ પવિત્રતા.

વેલીએ કહ્યું, નાથ! પતિવૃત એજ સતીનો સાચોધર્મ છે. અનાચારે વર્તનાર પતીને શીખામણ રૂપી બે બોલો

ફ્રહી. અનાચાર કરતા અટકાવવા તે સતીનું સાચુ કર્મ છે નાથ! આપના ગુણુની તે ગણુના થાય? પ્રથમ મેળાપેજ પરિક્ષા!

બનાવટી કુમારે કહ્યું, સુઘડ સુંદરી! પરીક્ષામાં પુરાં ઉતર્યા, પ્રેમમાં પુરાં ઉતર્યા, હવે તો સંસરામાં પ્રભુ પુરાં ઉતારે, એવી તે પરમ કૃપાળુ પાસે માગણી છે. કેમ? હવે હું રજા લઇશ, કારણુ બહાર જાલમસીંહ વીગેરે કાદોરા વાટ જોતા હશે. વેલીએ કહ્યું ભલે સીધારોઃ પણુ!

ગાયન.

( પ્યારી રસીલી છબીલી )

વેલી-ધમો-

વલી—જાઓ જાઓ પિયુજી પ્રેમે સીધારો, રખે દાસીને
ભુલી જતા.

ધમો-પ્યારી શું બોલો એવું મુખેથી પ્રેમી તે પ્રેમીને વીસરતા

વેલી-પ્યારા,રસીલા,છબીલા રંગીલા, મન મંદીરે વસી ગયા
જળને મીનનો કેવો સંબંધ છે, જીવતા શું જુજવાં થયાં

ધમો-જોયો તારો પ્રેમ પુરો છબીલી ચોરી લીધુ આ ચીતને,
સમજુડી શાણી, છો ગુણુ ખાણી, ધન્યવાદ આપુ પ્રીતને

વેલી-ભલે સીધારો ન દાસી વીસારો, એજ આ
અબળાની વીનતી

ધમો-જળને મીન જેમ કેમ વીસારૂ, જળ વીણુ મીનની
શી ગતી.

વેલી-એવોજ મારો પ્રેમ હમેશાં તો તો અચળ સુખ હું વરી

ધમો—નયનોનાં બાણે જીત્યો છે રસીલી, જાઉછું હાલ મળશું ફરી.

વેલી—રા............મ..........રા............મ.

ધમો—છે રામ રામ.

બનાવટી રાજકુમાર ગયો, ત્યાં વીણા સુંદરી વેલી પાસે આવી; વેલીએ કહ્યું, કહો બ્હેન ! કેમ પધાર્યાં ? વીણાએ કહ્યું બ્હેન ! હું તને તારા હીતની વાત કહેવા આવી છું; વેલીએ કહ્યું શી ? વીણાએ કહ્યું, જે જોધપુરના રાજકુમાર સાથે તું પરણવા ધારે છે, તે ખરો રાજકુમાર નથી, પણ કોઈ લુચ્ચો, ઠગારો, ધુતારો છે.

વેલીએ કહ્યું, ખબરદાર મારા વ્હાલાને અપમાનીતશબ્દો કહ્યા તો ? વારૂ ! તેં શાથી જાણ્યું ? વીણાએ કહયું. પ્રધાનજીએ જોધપુરી ભાષામાં વાત કરી, કારણ પ્રધાનજીને તે ભાષાનું જ્ઞાન સારૂ છે. પણ તેઓ પોતાની ભાષામાં જવાબ આપી શકયા નહી તેથી; પછીથી પસ્તાઈશ ?

વેલીએ કહયું, ત્યારે શું કરવું ? વીણાએ કહયું જોધપુર એપીઓ મોકલી સમાચાર મંગાવવા; લગ્ન તે કાંઈ જેવી તેવી વાત નથી જન્મારાનો સંબંધ જોડવાનો છે; માટે પુરતી તપાસ કર્યા વીના લગ્નની ગાંઠે જોડાઇશ, તો પુરે પુરી પસ્તાઈશ; મેં તો મારી ફરજ છે. તે બજાવી છે, માનવું ન માનવું, તે તારા મનની મુખત્યારી પર છે.

વેલીએ કહયું, પણ આવતી કાલે લગ્ન છે, તો એપીઓ

કેવી રીતે મોકલી શકાય! વીણાએ કહયું, તો વાન્હા ચાર દીવસ અટકાવવો, અને પુરતી ખાત્રી કરીનેજ આગળ પ-ગલું ભરવું. વેલીએ કહયું. વાહરે અદેખાઈ! હું ચાર દીવશ વીન્હા અટકાવું; તેટલામાં તે કુમાર સાથે તારે પરણી જવું હશે કેમ? તારાં કર્મ તું ભોગવે, તેમાં મને શું? એતો જાણી તને ખારીલીને!

વીણાએ કહયું, બ્હેન! વિચાર કર, પસ્તાઈશ, વેલીએ કહયું તમે તમારે સીધાશે હું ભલે પસ્તાતી. પોતાની કરણીના ફળ પોતાને મળે, તે કાંઈ આવી અદેખાઈથી તે ટળે વીણાએ કહયું, ઠીક બ્હેન જાઉ છું. વેલીએ કહયું, ભલે, પધારો.

વીણા જતાં વેલીએ દાશીને કહયું, શાંતા! જોઈ અદે-ખાઇ? જોયું ઝેર! મારૂ સુખ તેનાથી દેખી ન ખમાયું, તે થી ભંગાણ પાડવા આવી; એ બીચારી કયાં સમજે છે, કે વેલી કંઇ કાચી નથી; એ એની કરણીનાં ફળ ભોગવે, તેમાં મહારે શું?

શાંતાએ કહયું, બ્હેન! તમારૂ કહેવું સત્ય છે. અદે ખાઈ એજ, માણસોની જીંદગીઓ ધુળ મેળવે છે. પણ બ્હેન હવે સ્નાન સમય થયો છે, માટે ચાલો; નાહીને દર્શન કરવા જઇએ, વખત થઈ ગયો છે, વેલીએ કહયું, ભલે ચાલો; એમ કહી સ્નાન કરવાં માટે ગયાં.

## પ્રકરણ ૧૨ મું.

રાજા રાયસીંહે એક સીપાઇને કોઇ નવારસીઓ કંગાલ છોકરો વીણાને પરણાવા દેવા માટે રાણીની ઉશ્કેરણીથી લેવા મોકલ્યો હતો, તે સીપાઈ ગામ પાસેના જંગલમાં આવી પહોંચ્યો જંગલ પાસે આવતાં કઠીઆરો કે જે લાકડાં લેવા માટે નીકળ્યો હતો, તે મળ્યો કંગાલ કઠીઆરાના દેદાર જોઈ સીપાઇએ કહયું; તું કોણ છે!

કઠીઆરાએ કહયું. હું એક ગરીબ કઠીઆરો છું, સીપાઈ એ પુછયું, તું કયાં રહેછે? કઠીઆરાએ કહયું, આ ધરતી ઉપર; સીપાઈએ પુછયું તારૂ ઘર કયાં છે! કઠીઆરાએ કહયું, આ આખી ધરતી મારૂ ઘર છે; સીપાઈ એ પુછયું, તારે બાપ છે કે ? કઠીઆરાએ કહયું, બાપને તો જન્મ ધરીને જોયાજ નથી. સીપાઈ એ પુછયું, મા! કઠીઆરાએ કહયું, ભુખ મરે મરી ગઇ સીપાઈ એ કહયુ ત્હારૂ સગુ વ્હાલુ? કઠીઆરાએ કયું, આખી દુનિયા, સીપાઇએ ચાબુક મારી પુછયુ સાલા બીજાસ કેટલા રખાતા હે!

કઠીઆરાએ કહયું, મને મરેલાને શા માટે મારોછો? સીપાઇએ કહયું, સીધા જવાબ કયું દેતા નહી! કઠીઆરાએ કહયું. સાહેબ! જે કહુંછું તે ખરૂજ કહુંછું. દુનિયામાં ઇશ્વર શીવાય મારે કોઈજ નથી. મા ભુખ મરે મરી ગઇ,

બાપને જન્મ ધરીને જોયાજ નથી. આ લાકડાં વેચી નિર્વાહ કરૂછું.

સીપાઈએ કહયું, તબ ચલ રાજા તેરેકું બુલાતે હે, કઠીઆરાએ કહયું, શું રાજાએ ગરીબો ઉપર પણ વેરો નાંખવો ધાર્યો છે! સીપાઈએ કહયું, કયું ન નાંખે? રાજા હે? કઠીઆરાએ કહયું, શું રાજા એવા મન મોજીછે? સીપાઇએ કહયું હા? ગામ ધની હે, મરજી ચાહયસો કરે? ધનીકા કોઇ ધની હે?

કઠીઆરાએ કહયું, ગામ ધની કો પુછને વાલા રામ ધની હજરા હજુર છે, તે અદલ ન્યાય કરનાર છે; રાજાને શું તેનો ડર નહી હોય! સીપાઇ એ કહયું, ચલ જહાં આકે પુછના કઠીઆરાએ કહયું જરા સાંભળો તો ખરા?

કઠીઆરો— ગાયન.

દુ:ખીઆંને રીબાવવાં, તેમાં નહી કાંઈ સાર;
સતીઆંને દુભાવવાં, તેમાં પાપ અપાર.
સકળ સંસારમાં એક ધર્મ દયા માની લઇએ;
વળી દાન દિનતા એ ધર્મ સાચો ચીત ચહીએ. સકળ

સાખી.

દયા મુળ છે ધર્મનું પાપ મુળ અભીમાન,
તુલસી દયા ન છાંડીએ જ્યાં સુધી ઘટમાં પ્રાણ.
રાય રંક પ્રાણી માત્ર સરખાં માની લઇએ,
તજી અભીમાન દયા દેવી દીલ રાખી રહીએ;

સુખ દુઃખ પુન્યાઈ કર્મની, પુર્વ સંચીત ભોગવાય;
આગળ માટે ચેતવું, પામર શીદ મલકાય. સકળ.

સીપાઇએ કહયું એતો જાણ્યું તારૂ ડાયલું ? ચાલ્ય આગળ થા ? કઠીઆરાએ કહયું; ભલે ચાલો, એમ કહી કઠીઆરો સીપાઈ સાથે રાજ્ય દરબાર તરફ ગયો.

તેજ દીવશે વેલીનો લગ્ન દીવસ, હોવાથી, રાજા રાયસીંહ દરબાર ભરી બેઠા છે ત્યાં બનાવટી કુમાર વેલી સુંદરી વીણા, સ્ત્રી મંડળ, વીગેરે કચેરીમાં આવ્યાં. અને યોગ્ય આસને બીરાજીત થયાં, સર્વે બીરાજીત થયાં, ત્યાં વેલીને વળાવવાની હોવાથી સ્ત્રી મંડળે ગીત ગાવા માંડયું.

સ્ત્રીઓ— ગીત,

રસ ઘેલી છેલી આ શીક્ષા અવધાર,
રહી તુજ પતી સંગ સુધાર્ય સંસાર;
માતને તાતની લાજ ઉધાર્ય,
જઇને સાસરીયામાં તુજ નામ વધાર.
વ્હેની મારી સાસુ સસરાની આજ્ઞા પાળજેરે.
વ્હેની મારી પતીને પ્રભુ સમ ભાળજેરે.
વ્હેની મારી પરનીંદા કુર્ગુણ ટાળજેરે.
વ્હેની મારી વડીલો પુજ્ય ભાવે ન્યાળજેરે.
વ્હેની મારી કુર્ગુણ દુરાચાર ખાળજેરે,
વ્હેની મારી ઇજત આબરૂ સંભાળજેરે,
વ્હેની મારી બન્ને કુળ જઇને ઉજાળજેરે;

રે સૌભાગ્યવંતી મમ બ્હેની સતીઓ જગ પુજાય
જગ પુજાતાં સતીને પગલે મંગળમય સો થાય.

રાજા રાયસીંહે વીણાને કહ્યું, જોયું કમભાગ્ય છોકરી વેલીને જોધપુરના કુમાર સાથે વરાવી જોધપુરની રાણી બનાવી કહે તારી શું ઇચ્છા છે ? વીણાએ કહ્યુ પીતાજી ! આપ વારે ઘડીએ શા માટે પુછો છો હું ! પ્રથમથીજ જણાવી ચુકી છું કે, હું તો મારે ઉદ્યોગના ભાઈ ભાગ્યની ભગતાણી છું.

રાજાએ કહ્યુ, કમભાગ્ય છોકરી ! હાથે કરીને દુઃખ હોરવા શા માટે તૈયાર થઇ છું ! સુખી કરનાર પણ હું છું, તેમ દુઃખી કરનાર પણ હું છું, જોયું ? વેલીને કેવી સુખી બનાવી ? હજુ પણ કાંક વિચાર કર્યો ?

વીણાએ કહ્યું પીતાજી ! વિધિએ નર્મ્યું સુખ ભોગવવાનું છે. તમારૂ કર્યું કાંઈ સુખીએ થતુ નથી તેમ દુઃખી પણ થતુ નથી તમે સુખ આપવા પ્રયત્ન કરશો, પણ કરમમાં દુઃખ લખ્યું હશે તો સુખ કેવી રીતે મળશે ! તમે સુખ આપશો, પણ કરમમાં દુઃખ લખ્યું હશે, તો તમારૂ આપેલુ સુખ શું કામમાં આવશે ! જુવો સાંભળો.

વીણા— છંદ.

કરમ કરે તે સાચી વાતો, વગર કરમ નહી હોનેકા,
વીધાતાએ લેખ લખ્યા તે, નહી મીટાયા મીટનેકા;
રાજા ભરથરી અને ગોપીચંદ, તુરી અઢાર ઘર લખ ચોકા

કર્મે એવા લેખ લખેલા રાજ પાટ સબકુ છોડા.
સોલસો રાણી તરછોડી, ચલે રાજ્ય અંધકાર પડા,
જોગી થઇને ગયા જંગલમાં જુવો દાખલા કર્મોકા;
પાંચે પાન્ડવ સતના પુરા, કરે રાજ હુસના પુરકા.
બાર વરસ વનવાસ વેઠીઓ, જુવો દાખલા કર્મોકા.
સીતાને હરી ઘેરજ લાવ્યા. સેન આયા રામ લછમનકા,
એક પલકમાં રોળિ લંકા, જુવો ભવાડા કરમોકા;
રાવણ રાજે કરી તપસ્યા, મહાદેવકુ પ્રસન્ન કીયા,
ચૌદ ચોકડી રાજ્યને પામી, છેવટ ધુલમેં મીલાદીયા.
ભસ્માસુરને ભસ્મ કર્યો તે લેખ લખેલો કર્મો મેં,
પાર્વતી ઉપર નજર બગાડી, ભસ્મ થયો તે એક પલમે;
રાજા હરીશ્ચંદ્ર તારા રોહીશ્વર જઇ વેચાયાં કાશીમે,
કરમની કહુ હકીકત, પીતાજી ક્યાસ કરો દીલમે
કરમથી જઈ રાજ્ય કમાવે, કરમ ટુકડા મંગાવે
કરમે હસ્તીપર જઈ બેસે, છત્રપતિ પણ કહેવરાવે;
કીધો ઉત્તમ ખ્યાલ જગે આ, કરમ વીના નર નહી પાવે
વીધી લખીઆ લેખ મટે નહી, મુરખ હું પદે પસ્તાવે;
મેં કીધું હું કરીશ કહેતા, પ્રાણી દીલ વીચાર કરો;
જેઠા કહે બને કર્મ પ્રમાણે હુંપદમાં શીદ કુટાઇ મરો.

માટે પીતાજી ? કર્મે લખ્યું બને છે, ભરથરી અને ગોપીચંદના જેવા રાજાઓ જેમની સાહાબીની ગણના પણ થઇ શકે નહી, તેવા રાજાઓ રાજ્ય, પાટ સ્ત્રીઓ વિગેરે

છોડી જંગલ વાશી જોગી થયા, તેમને જોગી કરવા કોણ ગયું હતું, કર્મેજ થયા ને ? પાંચ પાંડવ કે જે સતાધા હતા ને હસ્તીના પુરના રાજ્ય ધણી હતા, તેમણે જુગાર રમી બાર વરસનો વનવાસ વેઠયો હતો તે કોણે વેઠાવ્યો હતો ? કર્મેજને ! રાવણ રાજા કે ચોદ ચોકડી રાજ્યનો ધણી હતો, વા વાસીદુ કાઢતા, ને પવન પાણી ભરતા; એવો રાજા સીતાને હરી લાવી લંકા રોળાવીને પોતે પણ રોળાણો, તેને તેવી બુદ્ધિ આપવા કોણ ગયું હતું ! કર્મેજ બન્યુંને ! ભસ્માસુરે શંકરને પ્રસન્ન કરી ભસ્મ કરવા માગી લીધું હતું, તે પાર્વતી ઉપર મોહિત થતાં જાતેથીજ ભસ્મ થયો, એવી મતી આપવા કોણ ગયું હતું ? તે પણ કર્મેજ તેવું સુઝાડયું હતું ને ! વળી હરિશ્ચંદ્ર રાણી તારા મતી અને રોહિત, કાશીમાં જઇને વેચાણાં તેમને કોણ વેચવા ગયું હતું, એ પણ કર્મેજને ! માટે પાતાજી સુખ અને દુઃખ કર્મે લખ્યું હશે,તેવું બનશે,તમે શું કરનાર છો?

રાયસીંહે કહયું, કર્મની વાત જવા દઇ કહેકે સુખી કરનાર તમે છો, તેમ દુઃખી કરનાર પણ તમેજ છો, નહીતર પુરી પસ્તાઇશ ? વીણાએ કહ્યું, પીતાજી ! કેળ એકજ વાર ફળે છે, સીંહણ એકજ વાર પ્રસવે છે. તેમજ સત્યવાદી પુરૂશો એકજ વચન બોલે છે. તમો ગમે તેવો કંગાલ રોગીઓ, કોઢીઓ પતીઓ, જેવો પતી સોંપશો, તેને ઇશ્વર સમજી તેની ના ચાકરી કરીશ, પણ બોદી

પાળશી તો કરનાર નથી, તે નથીજ. પાળશી શા માટે કરવી ? શું મારા ભાગ્યને ફેરવનાર હતા ? વીક્રમ રાજા ભરથરીના જોગી થઇ ગયા પછી ઉજેની નગ્રીમાં આવી ચઢયા, ત્યારે વીરવઇતાળ કોઇ રાજાને જીવવા દેતો નહોતો, પરંતુ વિક્રમ જેવા પર દુઃખભંજન વીરે કર્માનુસારેજ વઇતાળને વશ કર્યો છે. વીર વઇતાળ જેવો દેવ તે પણ વીધીના આંક ફેરવી શકયો નથી, તો તમારાથી શું બનનાર છે. ?

રાયસીંહે કહયું, હઠીલી છોકરી તારા હઠનું ફળ હાલજ અહીંઆં આપુ છું, એમ કહી સીપાઇ કે જેને નવારસીઓ કંગાલ રખડતો છોકરો ખોળી લાવવા મોકલેલો તેને કહ્યું, કયાં છે પેલો કંગાલ ! સીપાઇએ કહ્યું આ રહ્યો, એ પ્રમાણે કહી કઠીઆરાને રાજા પાસે લાવ્યો. રાજાએ વીણાનો હાથ તે કંગાલના હાથમાં આપ્યો, એટલે કે તેને કઠીઆરા સાથે પરણાવી. પરણાવીને કહયું, હવે આને સુખે મુંનારો બનાવજે ! વીણાએ કહયું, હું શું બનાવવાની હતી, મારી આસ્તા બનાવશે. રાજાએ કહયું, ઠીક છે ! તે વખતે જોઇ લેવાશે. એ પ્રમાણે કહી, વેલીને બનાવટી કુમાર સાથે અને વીણાને કઠીઆરા સાથે વીદાય કરી. વીણાને કંગાલને આપી તેથી રાણી મનમાં ઘણીજ ખુશી થઇ, અને પુત્રીઓને વળાવી સૌ મહેલમાં ગયાં.

## પ્રકરણ ૧૩ મું.

બનાવટી કુમાર વેલી સાથે લગ્ન કરી પોતાને ઉતારે આવ્યો અને પોતાનો બનાવટી રાજકુમારનો રોફ દેખાડવા ઘર તરફ જવાનો વીચાર કરી વેલીને ઉતારામાં મુકી પોતાને ઘર ગયો; ઘેર જઈને ઉભો, ત્યાં તેની ડોશીએ કહ્યું દીકરા ધમા ! આવો રાજા જેવો ક્યાંથી થયો છું ! આવાં લુગડાં ક્યાંથી પેહેર્યાં છે !

ધમે કહ્યું ડોશી એ ડોશી ! તને શું ખબર પડે ? હૂં ધમો નથી પણ જોધપુરનો રાજકુમાર છું, અને રાજા રાયસીંહનો જમાઈ છું. સમજી ! ડોસીએ કહ્યું દીકરા એવું ન બોલીયે રાજા જાણશે તો હેરાન થઇશ ! ધમે કહ્યું ડોશી ! એઇડોશી શું હું ખોટું કહું છું ? ખોટું સમજતી નહી, કાલે હું અહીંથી ઉપડી જવાનો છું, તેથી તમને મળવા આવ્યો છું,

ડોશીએ કહ્યું, હાય ! હાય ! ક્યાં જવા ધાર્યું છે ! તેં તો મારા ધોળામાં ધુળ નાંખી, ત્યાં ધમાની વહુએ કહ્યું પીટયાએ રાજકુંવરીનો ભવ બગડયો રોયા મારો ભવ બગડયો ઠીક, કે તારા નામનું હનાન કરી બીજે નાતરે જઇશ, પણ બીચારી રાજકુવરીનું શું થશે ! ને જો રાજા જાણશે તો તારી શી દશા થશે, તેનો વીચાર કર્યો ! જ્યાં ટળતો હોય ત્યાં ટળ, મે તો આ તારા નામનાં ફોડયાં,

એમ કહીને હાથની ચુડીઓ ફોડી નાંખી; ધમે કહ્યું રાંડ ફાટી છુ કેમ ? ધમાની વહુએ કહ્યું, હું શેની ફાટી છું ? ફાટયો તો તું છું, કે બીચારી ડોશીના ધોળામાં ધુળ નાંખી, અને રાજકુંવરીનું અપાર બગાડયું.

એ પ્રમાણે ટંટો કરી રહ્યાં છે, ત્યાં પાડોશનાં બૈરાં એકઠાં થયાં, અને ધમાને શીખામણ આપવા લાગ્યાં. ધમાની વહુએ કહ્યું, મારા રોયાએ, બીચારી દેવ કુમારી જેવી રાજાની કુંવરીનો મનખો બગાડયો, અને આ ડોશીનાં ધોળાંમાં ધુળ નાંખી, સ્ત્રીઓએ કહ્યું; શું કર્યું ? ધમાની વહુએ કહ્યું રાજકુવરી સાથે દગો કરીને પરણ્યો; બધી સ્ત્રીઓએ કહ્યું હે !

ડોશી–સ્ત્રીઓ–ધમાની સ્ત્રી–ધમો–

ગાયન.

( વાહરે તારાં નખરાં ) એ રાહ.

ડોશી–હાયરે ! લુંટાવી લાજ, હાયરે ! ગોઝારા આજ;
કટકા થાઓ આ કાળજાના,
સ્ત્રીઓ–મર્ય પીટયા હાંદીયા તું કાં લજાના.
ધમાની સ્ત્રી—છાજીઆં લઉ તારાં મઝાનાં.
ધમો—ફુફફડ મુખડુ ?
ધમાની સ્ત્રી—શું હું બાળું ?
ધમો—ના ના જો કેવું રૂપાળુ !
ધમાની સ્ત્રી—ભુત જેવું ભડકામણું ભાળું,
પાપી કીધું હાથે કાળું.

ધમો—કેમ ?

ધમાની સ્ત્રી—ભવ કુંવરીનો નીચ બગાડયો,

સંસારમાંથી મુળગો કાઢયો, એમ !

ધમો—જા જા રાંડ ફેકકડથી સુધર્યો સંસાર,

ધમાની સ્ત્રી—લઉં તારાં છાજીઆં, જા મશાણ મોઝાર,

સ્ત્રીઓ—મેચા પીડયા હાઠીયા. તું કાં લજાના

ધમાની સ્ત્રી—છાજીઆં લઉં તારાં મઝાનાં,

લઉં છાજીઆં છાજીઆં છાજીઆં.

ધમો સ્ત્રીઓથી છુટી પોતાના ઉતારા તરફ ગયો, ઉતારામા વેલી કુંવરી હવાઈ વીચારોમાં ગુંથાણી હતી, તે તો જાણુતી હતી કે, હવે હુ જોધપુરની રાણી બની છું, પણ બીચારી ક્યાં જાણે છે ! કે મનખો ધુળ થયો છે ? જોધપુરની રાણી બની છે તેથી નવીન નવીન સાહ્યબી ભોગવવાના હવાઈ વીચારમાંજ તલ્લીન બની તેવાજ ઉદગારો મુખેથી કહાડતી હતી.

વેલી- ગાયન

( હું મસ્તાન પ્રેમીની ) એ રાહ.

ખરે રાજ્ય રાણી હું બની, પાર સાહ્યબીનો નાહીરે,

કુમારને કળે કરી વશ કરીને રહીરે.

સાહ્યબની શોખીલી છુ, મળી આપે અહીંરે, ખરે.

સાખી.

ભવ્ય મહેલો ભોગવું. ભોગુ ભોગ અપાર,

ઠાકરની ઠાકર બની, દાશી દાસ હજાર,
ખમા ખમા કહેવાવાની હું તો આપે સહીરે.

પ્રમાણે હવાઈ કીલ્લા બાંધે છે, ત્યાં ધમો આવી પહોં-ચ્યો, બનાવટી કુમારને વેલીએ સવિનય પ્રણામ કર્યા. ધમાને વેલીએ કહ્યું, નાથ ! હવે આપણે કયારે જોધપુર જઈશું ? ધમે કહ્યું, પ્રિયા ? તેજ તજવીજ ચાલે છે; વેલીએ કહ્યું, નાથ ! હવે બનતી ઉતાવળે જોધપુર પહોંચી જઈએ તો ઠીક; ધમે કહ્યું, પ્રિયા ! એટલી બધી અધીરાઈ કેમ આવી છે !

વેલીએ કહ્યું, નાથ ? વૈભવ ભોગવવ ની અધીરાઇ, એ બાળાઓમાં ખાસ કરીને રહેલી છે, બનાવટી કુમારે કહ્યું પ્રીયા) અધીરાં શા માટે થાઓ છો ? ભવ્ય ભુવનોમાં મહલાવીશ, હજારો દાસ દાસીઓ સેવામાં હાજર કરીશ, અને હજારો વૈભવો ભોગવાવીશ; કદાપી તેવી સાહ્યબી મારી પ્રીયાને કમતી પડશે, તો તેથી પણ અધિક સાહ્યબી વસાવી તેનો ઉપભોગ મારી પ્રિયાને આપીશ, વેલીએ કહ્યું, નાથ તમારી મને પુર્ણ ખાત્રી છે.

આ પ્રમાણે વાર્તા વિનોદ કરે છે, ત્યાં અરજણીઓ આવી પહોચ્યો, અરજણીએ કહ્યું, મોહોટા મોહોટા રાજકુમારની જણુણુ ! એ પ્રમાણે કહ્યું, ત્યાં ધમાએ તેને કહ્યું, અહીં કેમ આવ્યો છું ? અરજણીએ કહ્યુ નખોદ !

આ શું કરવા બેઠો છું ! તારી ડોશીનું કેહેલુ માનવું નથી ?

વેલીએ કહ્યું નાથ તમે શા માટે મગજમારી કરો છો ? સીપાઇઓને કહોને, કે મારી કાઢે, ધમે અરજણીઆને ધક્કો મારી કાઢી મુકયો, ત્યાં અરજણીએ કહ્યું, હમણાં હું તારી વ્હલે કરૂ છું, કહી તેની ડોશીને તેડવા ગયો. અરજણીઆને ધકકો મારી ધમાભાઇએ રોફમાં કહ્યું, ચલુનજા નહીતર ધક્કા મારૂન કાઢુન ટાકલા હેલા. આ શબ્દોનો ભાવર્થ અરજણીઆના ગયા બાદ વેલીએ બનાવટી કુમારને પુછયો, કે નાથ ! આપ એ શું બોલ્યા ?

બનાવટી કુમારે કહયું, એતો અમારી જોધપુરી ભાષામાં તેની સાથે વાત કરી; વેલીએ કહયું, નાથ આપે તસ્દી શા માટે લીધી સીપાઇઓ કયાં મુવા ! બનાવટી કુમારે કહયું પ્રિયા ! બારોટ મુવો છે; તેથી સીપાઇઓ તેને રોકી શકે નહી, તેથી અહી આવ્યો, અને આપણા લગ્નની ખુશાલીનું ઇનામ માગવા લાગ્યો; મેં તેને એક ગામ આપ્યું, તેણે કહયું એક નહી, પણ બે આપો; મે કહયું જોધપુર જઇને વાત. તેણે કહયું બસ અહીજ આપો, તેથી તેને ધકકો મારી બહાર કાઢવો પડયો.

વેલીએ કહયું, નાથ ! એ પ્રમાણે લોકોને ગામનાં ગામ ઇનામમાં આપી દેશો, તો આપણી સાહ્યબીમાં ખામી નહી આવે ! ધમે કહયું મારી સમજુ સુંદરી ! આજ સુધી તમારા જેવી સમજુ સુંદરી જોધપુરના દરબારમાં નહોતી, હમા-

રા વડીલોને કોઇએ ઉત્તર, કોઇને બંગાળા; કોઇને ઓઢીઆ કોઈને દીલ્હી, કોઇને સીંધ, કોઈને કાઠીઆવાટ, કોઇને કચ્છ, કોઇને દક્ષીણ, વિગેરે દેશો ઇનામમાં આપીદીધા છે. તે વખતે જો તમારા જેવી સમજુ સુંદરી જોધપુરના દરબારમાં હોત, તો આજની સાહ્યબી જુદીજ હોત.

વેલીએ કહયું, નાથ ? શું એ બધી સાહ્યબી જોધપુરના દરબારમાં હતી ? ધમે કહયું હા. મારી સમજુ પ્રાણ આધાર, તે કુલ સાહ્યબી જોધપુરના દરબાર તરફથી લોકોને ઇનામમાંજ આપી દેવાણી છે, રાજાઓને સુખ છે. કયાં ? જે આવે તે માગતું ને માગતુજ હવે, તો હું આ સાહ્યબીથીજ કંટાલયો છું.

વેલીએ કહ્યું, તમે કંટાલ્યા, તો હું પણ કંટાળી. બનાવટી કુમારે કહયું, એ તો મને ખાત્રી છે કે જેના ઉપર મને કંટાળો તેનાઉપર મારી સુઘડ સુંદરીને કંટાળો આવવાનોજ; ગરીબાઇ સમાન સુખ આ દુયાનીમાં બીજું નથી વેલીએ કહયું નાથ ? તે બરાબર છે. ધમે કહયું સાચું છે, મારી સમજુ સુંદરી, સતીઓ કાંઇ સાહ્યબીને વરતાં નથી પણ પતીની દેહને જ વરે છે. ગરીબીનાસુખનો જે અનુભવ સતીઓને મળે છે, તેવો સાહ્યબીમાં મળતો નથી.

વેલીએ કહયું, નાથ ? તે બરાબર છે. ગરીબાઇમાં સતીઓને વિશેશ સુખ છે, ધમે કહયું કદાપી, હું માળીહોઉં, ને ફુલવાડીનો ધણી હોઉ તો ? વેલીએ કહયું, તો શું મધુર

મનહર પુષ્પો વીણી લાવી તેનો ઉત્તમ હાર બનાવી મારા નાથની કોટે પહેરાવું.

બનાવટી કુમારે કહયું સાચુ સુખતો માળી અને માલણમાંજ સમાગું છે. વેલીએ કહયું તે બરાબર છે; ધમે કહયુ હું માળી હોઉ ને ફુલ ઝાડોને પાણી પાતો હોઉ, તો તું ક્યારા બાંધતી આવે ખરીને? વેલીએ કહયું, હાજતો; એ પ્રમાણે વાર્તાવીનોદ કરે છે, ત્યાં ધમાની ડોશીને તેડી બર જાણીઓ આવી પહોચ્યો.

ધમાની ડોશીએ કહયું ધમા? એ ધમા? વેલીએ કહયું નાથ! એ કોણ છે. ? કોક ગાંડી જેવી લાગે છે ધમે કહયું હા! એતો ગાંડી છે, પેલા ધમલાની મા હશે! વેલીએ કહ્યું નાથ! તમે તેને ક્યાંથી ઓળખો છો? ધમે કહયું એતો એણે મને જંગલમાં રોટલો આપ્યો હતો ને મે તેને ઇનામમાં ગામ આપ્યું હતું.

ડોશીએ આવી રાજકુમારનો હાથ ઝાલ્યો અને બરજણીએ બીજો હાથ ઝાલી કહયુ નખ્ખોદ? કેમ ફાટયો છુ.? ડોહીનું કહેવું કેમ હાંભળતો નથી; વેલીએ રાજકુમારને છોડાવવા સીપાઇને બુમ પાડી ત્યાં ધમલો તેમના હાથમાંથી છુટીને વેલી પાસે આવ્યો અને કહયું બૈરૂં બઇરાંથી સમજે, માટે તમે સમજાવીને કાઢો.

વેલીએ ડોશીનેકહયું ડોશીમા તમો રાજકુંવરને ઓળખતાં લાગો છો! ડોશીએ કહયું હા પુરેપુરો ઓળખું

શું. મને લાગે છે કે તુ એને બરોબર ઓળખતી નથી-

રાજકુમારે કહયું, હાંકી કાઢો એતો ગાંડો છે, હાંકી કાઢ વાનું કહેતાં ડોશી અને અરજણીઓ પાછાં રાજકુમારને વળગ્યાં, રાજકુમારને છોડાવવા વેલીએ સીપાઇને બુમ પાડી. સીપાઇને બુમ પાડી, ત્યાં જાલમસીંહ આવી પહોંચ્યો, અને રાજકુમારની ગમ્મત જોવા બ.જુ ઉપર ઉભો રહયો અને ગમ્મત જોવા લાગ્યો.

વેલીએ પાછી બુમો પાડી, ત્યાને બનાવટી કુમારે કહયુ શું જોધપુરના કુમારને સીપાઇઓ છોડવશે ? એ પ્રમાણે કહી બંને જણને ધક્કા મારતાં બંને પડી ગયાં અને સાથે તે પણ પછડાણો.

વેલીએ પાસે જઇને તેને ખમા ખમા, ના શબ્દથી વધાવ્યો; ધમો ઉઠીને ઉભો થયો અને કહયું મને ક્યાંઇ વાગ્યું નથી, અરજણીઓ ને ડોસી પણ ત્યાંથી વીદાઈ થઈ ગયાં. તેઓ ગયાં, ત્યાં જાલમસીંહે કહયું હવે ભાડાનો ડરેસ ઉતારી ખરા રૂપ ઉપર આવો.

વેલીએ કહયુ આ શું કહે છે ! અને કેમ આવ્યા છે ! ધમે કહયું, સો આવે છે તેમ ! માગવા દયો તમોને જોધ-પુરનું રાજ્ય ઇનામ ! ( સંભાળજો, બરાબર સાચવજો જાલમસીંહે કહયું, ત્હારા બાપનુંજ છે ને ! હવે હાર અને પોંચીઓ લાવ ! બનાવટી કુમારે હાર કાઢી જાલમસીંહને આપ્યો અને કહયું આ હાર તમોને ઈનામ ? જાલમસીંહે

કહયું પોંચીઓ, ધમે કહયું વજેસીંહની છે. જાલમસીંહે કહ્યું તને તેની શી પંચાત છે! બનાવટી કુમારે પોંચીઓ કાઢીને કહયું લ્યો આ પોંચીઓ પણ ઇનામ.

જાલમસીંહ હાર અને પોંચીઓ મુકવા ગયો, ત્યાં વેલીએ કહયું, નાથ! આ શું કરો છો! તમે કહયું મારા પરમ પ્રિય પ્રાણધાર! હું તમને પ્રથમથીજ જણાવી ચુકયો છું કે, હું ગરીબ થવા ઇચ્છું છું. ગરીબાઇ સમાન સુખ બીજા કશામાં નથી.

આ પ્રમાણે વાર્તા વીનોદ ચાલે છે, ત્યાં જાલમસીંહ આવીને કહયું, હવે તારા ખરા રૂપમાં થઇ જા ધમલા માળી ? વેલીએ કહયું આ શું છે ? જાલમસીંહે કહયું મને ધિક્કારી કાઢયો, તેનું આ ફળઃ આ જોધપુરનો રાજ્યકુમાર નથી. પણ ધમલો માળી છે. વેલીએ કહયું હેં! જાલમસીંહે કહયું, શું! હા, જાલમસીંહના આવાં વેણ સાંભળી વેલી મુરછામાં પડી

વેલી મુર્છામાં પડી, ત્યાં તાંતોલખાં ગવૈયો આવી પહોંચ્યો, તાંતોલખાંએ આવી ધમાને કહયું, કયો જીનાબ! એક પાવસેરફી સુનાઉ ? ધમે કહયું બળી તારી પાવસેરફી, ને અધશેરફી, તાંનોલખાંએ કહયું, કયોં? જાલમસીંહે કહ્યું જોધપુરનો રાજ્યકુમાર નથી પણ ધમલો માળી છે, ધમલાનું નામ સાંભળી તાંતોલખાંએ તેને એક ટપલી મારીને કહયું, સાલેતે કયા બેસ ભજાયા!

જાલમસીંહે તાનતાલખાંનેકહયું, તમો વેલીને લઇ નદીની પેલી બાજુ આવો, ત્યાં હું તમને આવી મળીશ, એમ કહી તે ગયો, તે ગયો અરસામાં વેલોને મુર્છા ઉતરી, ને બેઠી થઇ, ત્યાં ધમો વેલી પાસે ગયો, અતે કહયું, સુંદરી ? મારૂં તો જરા સાંભળો ? વેલીએ કહયું, શું સાંભળુ પસ્તાવાનો ડુંગર ઉલટયો છે,

ધમે કહયું કુંવરી, તેમાં મારો બીલકુલ દોશ નથી. અભીમાનેજ તને ચઢાવી, અને તેથીજ ઠાકોરોને ધીકકારાવી, ઠાકોરોએ મને ખોટો રાજકુમાર બનાવી તારી સાથે જોડાવી કુળના કુવામાં ડુબાવી. છેવટે મને બનાવી તારી આ દશા લવરાવી. સમજ જે કે જ્યાં જયાં અભીમાન! ત્યાં ત્યાં પાપનુંજ મુકામ, અને છેવટમાં સમજ જે કે પસ્તાવાનું આમને આમ, ધમો જાય છે,

વેલીએ રૂદન કરતાં કહયું, હા ! હા ! હવે પુરૂ સમજાયું; વીણા બ્હેનનાં વચનો હવે પુરેપુરાં યાદ આવ્યાં, પીતાજીના અભીમાનનું ફળ પુરેપુરૂ મળ્યું, હુંજ આંધળી કે અભીમાનમાં તણાણી,

ગાયન.

વેલી— ( મુઝાણી મધ્ય દરીએ ) એ રાહ

આંધળી માન મહી હું તણાણી, હવે પ્રભુ બેલી તુંહીરે,
મુરખ હું મનખેથી રોળાણી, હવે પ્રભુ બેલી તુંહીરે,
બહેન શીખને નવ ગ્રહી, જાણ્યો દ્વૈશી ભાવ,

ધન્ય ધન્ય ! તુજ બેહેનડી, મુરખ હુ રહી સાવ,
હવે કરૂ શું ! પ્રભુ સાહ્ય થાઓ ઓ વિભુ !
મુરખતા છેવટમાં છે જણાણી...............હવે,
મ્હોટા રાજપર મોહી પડી મુરખ માને બાપ,
પતંગ સમ ઝંપલાઈ પડયાં દીપકમાં જઈ આપ,
ખરે છે જીંદગી મારી હણાણી....—.......હવે.

વેલીએ વિચાર કર્યો હવે ઘેર જઇને શું કરૂ ! આ કાળું મોઢું શું બતાવું ? બહેન વિણા ! તારો એકે એક બોલ હૃદયમાં ભાલાની માફક ખુંચે છે, તેં તો કહયું, કે બહેન પસ્તાઇશ ? પણ મેં અભિમાનીએ તારાં વચન નહી માનતાં તને ધિક્કારી ત્હારૂ કહેવું અક્ષરે અક્ષર સાચું છે, દાટયા ભુલે, પણ લખ્યા ભુલતા નથી. નશીબમાં આવું લખ્યું હશે, તો કોણ મીથ્યા કરે ? મા બાપે ઉત્તમ જો ધપુરનો રાજકુમાર જાણીને મને પરણાવી, પણ કરમમાં માળી લખેલો, તે રાજ્ય કુમાર ક્યાંથી મળે ! હવે નસીબ જ્યાં લઇ જાય ત્યાં જવું, તેમાંજ સાર છે, નસીબ એજ દુનિયામાં મોહોટી વાત છે, કરમ વિના નર કોડી ન પાવે તે કહેવત અક્ષરે અક્ષર સત્ય છે. તાંતોલખાંને જોઇ કેમ તાંતોલખાંનજી ? તમે કયાંથી ?તાંતોલખાંએ કહયું એસેઇ ઇધર આય, ઓર સબી બાતકા ભેદ પાયા, વેલીએ કહયું, નશીબનો દોશ, તાંતોલખાંએ કહયું કાયકુ ગભરાતે હો ! ચલો મેરી સાથ, માલીક સબ અછાઇ કરેગા, વેલીએ કહયું,

ચાલો જેવી હરીની મરજી ! એ પ્રમાણે કહી તાંતોલખાં સાથે ચાલી નીકળ્યા.

## પ્રકરણ ૧૪ મું.

વીણા સુંદરીને મુકી કઠીયારાએ જવા માંડ્યું. કઠીયારેના જતાં જતાં વીણાએ તેનું નામઠામ પુછ્યું કઠીયારા એ પોતાનુ નામ કઠીયારોજ જણાવ્યું અને પાસેના જંગલના ઝુંપડામાં રહું છું. તેમ જણાવ્યું અને ચાલ્યો ગયો. કઠીયારો ગયો ત્યાં વીણાએ વિચાર્યું નાથ તો ગયા હવે મારે આ વઇભવ શા કામના છે ! હવે તો નાથની ઝુંપડીનો વઇભવ તેજ મારા કામનો છે,

ભાગ્ય ? ભાગ્ય ? અભાગીયા ભાગ્ય ? તારા કરમમાં તે વઇભવ લખાયો હશે તો તને આવો વઇભવ શેને મળે ! વિધિ ? વિધિ ? તારી વાત ન્યારીજ છે ? રંકને રાજ્યગાદી ઉપર બેસાડનાર તે પણ તું, ને રાયને રંક બનાવી વન વન રખડાવનાર તે પણ તુંજ છે, હું કોણ ? પતિ કોણ ? એ સંજોગ મેળવી આપનાર વિધિ ? તને લાખો ધન્યવાદ છે.

આ સ્વપ્નવત્ત સાહ્યબી શું કરવાની ? રાજ્ય મહેલ શું કરવાના ? ખાનપાન શું કરવાનાં ? વસ્ત્ર શણગાર શું કરવાના ? બધુએ ફકત આ ભવને માટેજને ! એમાંનું કાંઈ સાથે આવવાનું નથીજને ?

શી સાહ્યબી ! શેની સાહ્યબી ! રાજ્ય મહેલમાં વસનારનો અને ઝુપડામાં વસનારનો છેવટનો ઠામતો સ્મશાન ભુમીજ છેને। રાજ્ય મેહેલવાળાનો છેવટનો ઠામ રાજ્ય મહેલ નથી તેમ ઝુપટામાં વસનારનો છેવટનો ઠામ ઝુપડામાં નથી, તો પછી નાહકનું તેમાં લોભાવાથી ફળ શું ?

ખાન પાન ! શેનાં ખાન પાન ! સ્વાદ તો ફકતખાતાં વખતેજને ! કહેવત છે કે ખાધું ઘાંટીને થયું માટી: તે કહેવત શું ખોટી છે ! ઉત્તમ ખાનપાન, અને સુકો રોટલો તેમાંનું જે મળે તે સંતોશીને તો સમાનજ છે ખાનપાનથી પણ કાયાને ભાડુ આપવાનુ છે, તેમ રોટલાથી પણ કાયાને ભાડુ આપવાનું છે, તો પછી નશીબમા બંન્નેમાંથી જેમળે છે સંતોશીને તો સમાનજ છે,

વસ્ત્ર શણગાર ! શાનાં વસ્ત્ર શણગાર ? સતીના સાચા વસ્ત્ર શણગાર તેતો પતીજ છે સોનુ રૂપું પહેર્યે શું થયું ? ઉમદા વસ્ત્રો પહેર્યે પણ શું થયું ? શું કાયાને દીપાવનાર તેજ છે ? ના ! સતી ધર્મ રૂપ વસ્ત્રો અને શીયળ શણગારેજ સતી દીપે છે, ઉત્તમ વસ્ત્ર શણગાર હોય, ને સતી ન હોય ! તો તે વસ્ત્ર શણગાર શું કરવાના ? સતીને પતીજ સાચો શણગાર છે અને તેમની શેવાજ સતીને શોભાવનાર છે, તો સોનુ રૂપુ તેના મોઢા આગળ તુચ્છજ છે.

કુલ સાહ્યબી સ્વપ્નવત્ત છે- આખું જગત: અને તેમાં

જન્મ પામેલી આ જીંદગી સ્વપ્નવત્ત છે. તો સાચું શું માનવું ? સાહ્યબી સતીને મોક્ષદાતા નથી, પણ તે સાહ્યબીનો ખોટો મદ સતીને રૌ રૌ નર્કે લઈ જનાર છે. સતીને પતીની શેવા એજ સાચી સાહ્યબી, એજ મોક્ષનો મારગ અને એજ પ્રભુ છે, બીજું બધુએ ખોટું છે.

સતીને પતી એજપ્રભુ છે, બીજા દેવ દેવીઓ નકામું છે. બીજાં દેવ દેવીઓથી સતીનો ઉદ્ધાર છેજ નહી, કારણ પ્રથમ પતી અને પછી પ્રભુ, એમ સતીઓએ સમજવાનું છે. પુરૂષોને પ્રથમ માત પીતા; અને પછી પ્રભુ, અને તેમનેજ પ્રભુ સમજવાના છે, તેમને તરછોડી બીજાં ગમે તેટલાં દેવ દર્શન, જપ તપ આદિ કરે, તે કેવળ ઢોંગરૂપ અને રૌ રૌ નરકે જવાની નીશાની છે.

માટે કર્મે મળેલા ભાગ્યશાળી ભરથાર સાથે પહોંચી જવું તેજ ઉત્તમ છે સતીને પતીનો પરભવનો પણ વિયોગ થાય તો સતીને ચેન પડતુંજ નથી, ને પડે પણ નહિ; તેજ સાચી સતી. ગરીબ પતીને પામી મહીઅરની સાહ્યબી ભોગવવાની ઈચ્છા રાખનાર સતી, તે સતી નહી પણ સાક્ષાત શંખણી સમજવી.

ચાલ જીવ તૈયાર થા, આ સ્વપ્નવત્ત સાહ્યબીને છેવટ ને માટે નમસ્કાર કર. નશીબમાં ભોગવવી લખી હતી, ત્યાં સુધી ભોગવી, પાછી કર્મે ભોગવવી લખી હશે, તો આપ થી મળશે, માટે જીવ ! તેવી ખોટી લલોપતા છોડી દે ને

પતી ચરણમાં હાજર થા.

આવાં ઉમદા વસ્ત્ર શણગારને હવે મારે શું કરવાં છે ! શું મારા નાથના ઝુંપડાને આતે શોભે ? ના, ના, ઉલટાં લજાવે, અને પતીને સતી ઉપર અંદેશો લવરાવે. માટે આવાં ઉમદા વસ્ત્ર શણગાર દુર કરવામાંજ ફાયદો છે. કારણ–

દુહો

માયા શોભે મેહેલમાં ઝુંપડે નહી સોહાય,
ખાંડ ભળે જઇ ખીરમા લુણ ભળે નહી ત્યાંય.

માટે જેમ ખાંડ ખીરમાંજ શોભે. તેમ આ વસ્ત્ર શણગાર આ મહેલમાંજ દીપે, માટે તેવી માયા નકામી છે. જીવ હવે ખોટી માયા તજી પ્રાણ પ્રભુમાં ચીત્ત લગાડ એવો વીચાર કરી ઉમદા વસ્ત્ર શણગાર તજી કઠીયારાને લાયકનો પોશાક એટલે કે સાદી સાડી ધારણ કરી પોતે પતી શેવામાં જવા નીકળી.

કઠીયારાનું ઠામ ઠેકાણું પુછી લીધેલું, તેના આધારે આધારે સતી સુંદરી ખોળ કરતી કરતી કઠીયારાના ઝુપડા પાસે આવી ઝુંપડામાં કઠીઆરો, લાકડાં કાપવાના શ્રમથી નીદ્રાવશ થયેલો હતો, તેને જોઇ વીણા ઘણી ખુશી થઇ, અને કઠીયારાનાં વખાણ કરવા લાગી.

વાહ ? શું સુંદર ગુલાબી મુખ ! શું સુકોમળ કાયા ? શુ સુંદર દેદિપ્યમાન દેખાવ ! જો રાજવંશી પોશાક ધારણ કરે; તો રાજામાં ને આમનામાં બીલકુલ ફરક નજ પડે.

જો કે સુભાગ્યે આવા સુકોમળ મળ્યા છે, પરંતુ કદાપિ ગમે તેવા મળ્યા હોય, તો સતીને પ્રભુ સમાનજ છે ને !

મન ? મન ? તું શા માટે ખોટી ભ્રમણા કરે છે. તને તારા નસીબે જે મળ્યું તેમાં સંતોષ માનીને રહે સમજ ભુંડા સમજ, સંતોશે રહેવામાંજ સાર છે. સંતોશના આમ્રવૃક્ષ ઉપર અમૃતનાં આશાફળ બેસેજ બેસે હાય વોયમાં કાંઈજ સાર નથી ભ્રમણા પ્રાણી માત્રને ભરમાવે છે. સાહ્યબીમાં સુખ છેજ કયાં ? સંતોષના આમ્રવૃક્ષે બેસતાં આશાનાં અમૃત ફળ ભાગ્યશાળીજ ખાય છે, ને જે ખાય છે તેનો આ ભવને પરભવ આનંદમાં જાય છે. માટે મન ! બધી ભ્રમણા જવા દે.

( મુરખ નર ખાલી ભુલી ) એ રાહ

મન ભમરા ભ્રમણે ભુલી (૨) શા માટે તુ ભરમાવે
નાથ મુગટ મણી કર્મે મળીઆ, ગણીલે પ્રભુભાવે
શા માટે અન્ય લલચાવે (૨) ઉર વિચાર શીદ લાવે—અરે
કાળા ગોરા પતી કરમે મળીઆ અખજ શીદ ખાવે
ધર્મ સંતોષ ચિત અતિ ભાવે(૨)કેમ સતી સત્ય વિસરાવે—અરે
સંતોષ મળે નહી શંખણીને સંતોશે સતી કહાવે
ધર્ય ભરૂશો એક ભગવતનો (૨) જે ભવ ભય
વીસરાવે—અરે—નાથ.

આહાહા ! નાથતો હજી પુર્ણું નિદ્રામાંજ છે, આલ્ય

જીવ પતીની શેવામાં તત્પર થઇ જા; હવે તો એજ પ્રભુ અને એજ આ માથાના મુગટ છે, અન્ય લલોપતા નકામી છે, કાષ્ટ કાપી લાવી આ ઢગલો કરી રાખ્યો છે, ને તે શ્રમથીજ નીંદ્રામાં છે. ચાલ્ય જીવ, પતીની ચાંપી કરી તેમનો શ્રમ ઉતારૂ. એવો વીચાર કરી પગ ચાંપવા બેઠી. સુકોમળ સતી સુંદરીના હાથનો સ્પર્શ કઠીઆરાને થતાંજ તે ચમકીને એકદમ ઉભો થઇ ગયો.

કઠીઆરો ચમકીને બેઠો થયો, અને વીણા સુંદરીને જોઇ કહ્યું, સુંદરી! આ શું કરો છો? વીણાએ કહયું,પતીની ચંપી. કઠીઆરાએ કહયું અરરર એતે તમોને ઘટે! વીણાએ કહયું, પતીની શેવા ન કરે, તો સતીનું માન ન ઘટે? કઠીઆરાએ કહયું, હું એક બાવળનું ઠુંઠું તે તમારા જેવી કેતકી કળીને ભોગ થવાને લાયક છું! શું ગધેડા પર ચંદેરીની સાડી ઓઢાડવી શોભે? શું ડુંગળીના દડા સાથે માલતીની કળી દીપે? શું ગંધાતી ગટરમાં કસ્તુરી મસળવી શોભે? તમારા બાપે ગુસ્સાના આવેશમાં આવી તમારો હાથ મને સોંપ્યો, એથી શું થયું! મુરખ કુંભારે મુલ્યવાન મણિ ગધેડાની કોટે બાંધ્યો; તેથી એ શું થયું? હેવાન-માળીએ માલતીની કળી ડુંગળીના દડા સાથે બાંધી, તેથી એ શું થયું! ગધેડું મણીને લાયક નથી તે નથીજ! મુરખ કુંભાર જખ મારે છે, ડુંગરીનું દડું માલતીની કળીને લાયક નથી તે નથીજ? હેવાન માળી ખાણુ ખાય છે.

ભાગ્યવંતી સુંદરી આ હીણુ ભાગી સુખી નજ હોય? દરજીની ઝુંપડીએ હાથી નજ શોભે; માટે સુંદરી સમજો! સમજો! હું તમારે પગે પડું છું. સમજજો કે આતો એક ભટકતો ભુત છે, મારા તરફથી તમોને યોગ્ય પતી મેળવી લેવાની ખાસ છુટ છે.

વીણાએ કહ્યું, નાથ ! ન બોલો ન બોલો ! એવાં અઘટીત વેણુ ન બોલો! શું ચંદ્ર તે ચાંદનીને પગે પડતો શોભે? શું ઠાકર તે ચાકરને પગે પડતા શોભે? શું દીનકર તે રજનીને વીનવતો દીપે? નજ દીપે? તેમજ તમો ગરીબ નથી; પણ મારે મનતો સાક્ષાત કુબેર ભંડારીનો અવતાર છો, સતીનો પાલવ, અને પાલવના પટમાં લપેટા યેલો હાથ બીજાને સોંપાવાનો નથી તે નથીજ. જોકે આપ વિચિક્ષણને અને બુદ્ધિશાળી મળી ગયા છો, ગોલખમાં બેઠે ગોરખ મળી ગયા છો, છતાં કદાપી બહેરો બોખડો, લુલો, લંગડો કોડીઓ, પતીઓ અગર ગને તેવો પતી મળે છતાં સીંહની મુછનો વાળ, બોરીંગ નાગનો મણી જેમ જીવતાં જીવત બિજાના હાથમાં નજ જાય, તેમજ સતીનો પાલવ અને પાલવના પટમાં લંપટાયેલો હાથ બીજાના હાથમાં ન જાય તે નજ જાય.

કઠીઆરે કહ્યું, સુંદરી, અહીંયાં હઠ શા માટે કરો છો?

હઠ કરવાની હતી, ત્યાં તો તમે જીત્યાં છો, અહીતો તમારો જાહેર અખતીઆર છે, સમજો કે આતો એક તાબેદાર છે.

વીણાએ કહ્યું નાથ ! ન બોલો ન બોલો ! એવાં ગંધાતાં વેણ ન બોલો : કેળ બીજીવાર ફળતીજ નથી, નીચી નમેલી વાદળી પાછી ફરતીજ નથી, સીંહણ બીજીવાર પ્રસવતીજ નથી, કરોડો મણ ધુળ સૂર્ય સામે ઉછાળે, પણ ઝાંખો નજ થાય: ડુંગળીનો પાસ કસ્તુરીને કદાપી નજ લાગે, તેમ સેંકડો સંકટો સતી ઉપર સામટા આવે, પણ સાચી પતીને ન તજે તે નજ તજે.

કઠીઆરાએ કહ્યું, કહેતાં શરમાઉછું પુરૂં પેટ ભરીને ખાવાનું પણ મળશે નહી, વીણાએ કહ્યું પતીના જમતાં એઠું જુઠું જે વધશે, તે ખાઈ સંતોષથી પતી સેવા ઉઠાવીશ.

કઠીઆરાએ કહ્યું, સખત શીયાળાની કડકડતી ટાઢ આ ઝુંપડીમાં કેવી રીતે સહેશો ? વિણાએ કહ્યું, મારા નાથની ચંપી તે મને સુજની ઓઢીને સુવા કરતાં પણ વિશેષ ગરમાવો આપશે, કઠીઆરાએ કહ્યું ગ્રીષ્મનો સખત તાપ કે, જ્યારે બારે સુર્ય સામટા તપી જાણે કે આ દુનિયાને પ્રલય કરવા તપંતા હોય, તેવો તાપ, તમો કેવી રીતે સહન કરશો? વીણાએ કહ્યું બારે સુર્ય સામટા તપે, તોપણ મારા નાથના મુખમાંથી ઝરતું અમૃત તે તાપને સમાવી દેવા બસ છે;

કઠીઆરાએ કહ્યું, મહેલના અમુલ્ય વૈભવો આ કંગાળ કઠીઆરાને ત્યાં કયાંથી મેળવી શકશો ? વીણાએ. કહ્યું નાથ ! આપ કઠીઆરા નથી ! આપ ભારો વેચનાર નથી, પણ મારે મનતો કુબેર ભંડારીનો અવતાર છો, પતિની ગમે તેવી તુચ્છ સાહ્યબીને સતિઓ કુબેર ભંડારીની દોલત સમજે છે. અને તેમાં સંતોષ માની રહે છે.

કઠીઆરાએ કહ્યું એતો કહેવાનું પણ સાહ્યબી કયાં ? વીણાએ કહ્યું નાથ ! સાહ્યબીમાં છે પણ શું ? જો સાહ્યબીમાંજ સુખ હોત તો સાહ્યબીવાળા હાય કરતા મરે છે, તે મરેજ કેમ ? જો ગરીબાઇમાં સુખ હોત તો, ગરિબ ટાંટીઆ ઘસતા મરે છે, ત મરેજ કેમ ? અને સાહ્યબીમાં છે પણ શું ! જુવો સાંભળો,

ગાયન.

વીણા— ( નથી કાંઈ સાધન સુખ ધનમાં ) એ રાહ.

ખરે છે વઇભવ દુઃખ દરિઓ, પાપ પ્રપંચ નીરે ભરિઓ;
ચહડ્યો તે ડુબ્યો નહી તરિઓ– ખરે.
વઇભવ શો શંકરને છે; પાર્વતી સદા પ્રસન્ન રહે છે,
સુરખ આણી તેને ચહે છે, પાપ પોટલા બાંધી રહે છે.
સમજ્યા ઝંઝવાનાં જળ જે, શીવ પદને વરિઓ. ખરે.

કડીઆરાએ કહ્યું પણ હુ વગડાનો બળ્યો ઝળ્યો આ-વીશ તો એ બોલ બોલી બેશીશ ? વિણાએ કહ્યું, તે હું અમૃતસમાન ગણી ઘોળી પીસ કડીઆરાએ કહ્યું વખતે વગ-ડાનો બળ્યો ઝળ્યો આવીશ, તો માર ઝુડ કરી બેશીશ ? વિણાએ કહ્યું, તો તમારા હાથને દુખા થયેલી સમજી, તે હાથની સેવા કરીશ, કડીઆરાએ કહ્યું, વખતે ગાળ ભેળ દઈ બેશીશ ? વિણાએ કહ્યું પતિની ગાળો ને ઘીની નાળો સમ-જવી, તે હરેક સતિની ફરજ છે. પતિ સતિને જે કહે તે સતિના સારાનેજ માટે એવું ખાસ સતિને સમજવાનું છે.

કડીઆરાએ કહ્યું પોતાની સ્ત્રીને માર માર ઝુડથી કે ગાળ ભેળથી સતાવનાર, નર નહિ પણ ખર છે, માણસ નહિ પણ હેવાન છે.

ગાયન.

કડીઆરો—

ખરેખર મુરખ હ્યો માની–તજે જે પરણી પોતાની
કરે તે સંસાર ધુળધાણી હાથે કદી ન્હોરે નીજ હાની;
અરે કેમ એમ બનેરે અરરરર સ્ત્રી ઘર ધણિઆણી,
સ્ત્રી વિણ ઘરનું ભુશણ શું છે, જુવો શાસ્ત્ર વાણી.

પુરૂષ શોભે સ્ત્રીને લઇને એજ જગત કહાણિ,
કાણું અંગ પુરૂષનું અબળા, ગ્રહ શિક્ષામાં પુરી સબળા;
અરરરરરર ગુણ ખાણી—ખરે
માર ઝુડ કે ગાળભેર ગુળ કંકાસ હ્યો જાણી,
કજીઆને કંકાસે નાસે ગોળી મહીનું ધાણી;
સાથે રહેતાં સુખીઆ રહીએ તે વિણ નિશ્ચે દુખીઆ થઇએ
અરરરરરર સતિ શાણી— ખરેખર.

વીણાએ કહ્યું નાથ! આ સુગંધ શેની આવે છે! કઠીઆરાએ કહ્યું, એતો પેલું લાકડુ બળે છે તેની હશે, વીણાએ કહ્યું નાથ? આતો બાવના ચંદનની સુગંધી છે! કઠીઆરાએ કહ્યું, ગમે તેની હો; પરંતુ તેજ લાકડાનો સાડાત્રણ મણનો ભારો રોજ લોભીલાલ શેઠને ઘેર નાખું છું.

વીણાએ કહ્યું કીંમત? કઠીઆરાએ કહયું, રોટલું અને મરચું, કદી કદી કેરી કટકો; વીણાએ અચંબો પામી પુછયું, શું આવા લાકડાની આટલીજ કીમત? કઠીઆરાએ કહ્યું, આ લાકડાંની કીમત નથી, પણ આ કઠીઆરાના નીરભાગી કરમની કીંમત છે.

વીણાએ કહ્યું, ગરીબની મજુરીથી મેળવેલું લુંટી લઇને સાહ્યબીવંત થવું, તે આજકાલ શ્રીમંતોનો વેપાર છે

વારૂ? તમારા બાપ! કઠીઆરાએ કહ્યું. જન્મ ધરીને તો જોયાજ નથી; વીણાએ કહ્યું, મા! કઠીઆરાએ કહ્યું, અહી આવ્યા પછી ભુખ મરે મરી ગઈ વીણાએ કહ્યું બીજું કોઈ સગુ વ્હાલું! કઠીઆરાએ કહ્યું મને ખબર નથી.

વીણાએ કહ્યું, વારૂ! શેઠ સાથે હિસાબ કર્યો? કઠી-આરાએ કહ્યું, ના ભાગ્યના અંધારામાં તે તો રહી ગયો છે વીણાએ કહ્યું ચાલો શેઠને ત્યાં હિસાબ સમજવા જઈશું?

કઠીઆરાએ કહ્યું, બુદ્ધિશાળી બાળા; મારૂ ભાગ્યનું પાનું સંભાળનાર સુઘડ સુંદરી! આજે તેં ઢળઢળનો દાબ ડો ઉઘાડી, આકડાની ઉધેઇ દુર કરી, સંપતીનો ચોપડો સુધાર્યો છે. ચાલો શેઠને ત્યાં હિસાબ સમજવા જઇએ.

કઠીઆરો—વીણા.

ગાયન.

( પધારો સુભાગી નાર ) એ રાહ.

કઠીઆરો—સુધાર્યો આ સંસાર..............

વીણા—..........ભાગ્ય બળે પતિ આપના

કઠીઆરો—પ્રીયા પ્રાણની આધાર...........

વીણા.......ટળ્યા દીવસ સઉ તાપના

કડીયારો—સુઘડ સુંદરી સહાયે.................................

વીણા—.... .... .... નાથ પ્રભુજી પસાયે

ભાગ્યશાળી ભરથાર, સતીના હૃદય હાર–ભાગ્ય.

કડીઆરો—સુભાગ્યે મળી સતી શાણીરે,

વીણા—.... .... સઉ ચાતુરી તુમ જાણીરે.

કડીઆરો—ઘટે સુંદરી આવા ન વાણીરે.

વીણા—વાહ વાહરે આ. .... .... ....

કડીઆરો—મારા ભાગ્યનો આધાર.

વીણા—દાસી છું આ...સતી શીર સરદાર–ભાગ્યે

વીણાએ કહ્યું, નાથ ચાલો શેઠને ઘેર ! કડીઆરાએ કહ્યું મારી સુઘડ પ્રાણધાર, મારા ભાગ્યના ભંડાર, સુખ દુ:ખની સુભાગી ! પધારો વીણાએ કહ્યું નાથ ! તમો નમુનાનો કટકો લઇને મારી પાછળ આવજો, હું પ્રથમ સોદાગરના વેશે તેની વખારો વિગેર જોઇ શેઠ સાથે વાતચીત કરૂં છું ત્યાં તમે આવી પહોચો, પછી જે પ્રમાણે યોગ્ય લાગશે, તે પ્રમાણે વર્તી લઇશું, કડીઆરાએ કહ્યું પધારો. એ પ્રમાણે મસલત કરી લોભીલાલને ત્યાં હીસાબ સમજવા ગયાં.

**પ્રથમ ભાગ સમાપ્ત.**



ॐ તત્સત્ પરમાત્માને નમઃ

# રાજ કઠીઆરો.

નૉવેલ

## ભાગ ૨ જો.

### ભાગ્યબળનો આબેહુબ ચિતાર.

મંગળાચરણ.

કર્તા—                    ઇશ્વર સ્મરણ

દુઃખહર હર હર સુખ કારણ દેવ;
ચંદ્ર ઈંદ્ર કુબેર દેવ મળી, સર્વે કરે શીરનામી શેવ,
સીતરશ્મી ભાલ ભાલ, રોપી ગળે રૂંઢમાળ,
ઓઢી ગજખાલ વહે, જાન વીશીરે વીશાળ–દુઃખહર
કામ નાશ, કરણ ખાસ, હરણ ત્રાસ, ભરણ આશ,
હીમનીવાસ, માંહીવાસ, સર્વમાં સ્વયંપ્રકાશ.
અજર અમર એકરૂપ, વિશ્વ વ્યાપ્ત માન ભુપઃ
તનથી, મનથી, ધનથી, સેવા તારી, કરીએ સારી,
ઉરમાં ધારી, મુર્તિ તારી.........................દુઃખહર

## પ્રકરણ ૧ લું.

### ધમાનો પસ્તાવો.

ધમો વેલીથી તરછોડાઇને ઘેરગયો, ઘેર જતાં-જ પારાવાર પસ્તાવામાં પડયો; ઘેર ડોશીએ ધમાની બળતરામાં આપઘાત કર્યો, અને વૈરી નાતરે ગઇ. ઘરનો આ ઢાઢ જોઇ ધમો એકાએક થાકી નીકળ્યો. રસ્તામાં આવી વીચાર કરવામાં એકતાર બન્યો, અને પારાવાર પસ્તાવામાં પડયો.

ધમે વીચાર્યું, આહાહા! ઘડી પહેલાં હું જોધપુરનો રાજકુમાર કહેવાતો હતો, અને હાલ કંગાલ વેશમાં રખડું છું, તેમજ સાહ્યબી સ્વપ્નવત આવી, પાછી ઉડી ગઈ ઉંઘમા અપસરા આવી, પણ મેં મુરખાએ ન બોલાવી કે ચલાવી. કીડીને પાંખો આવી, તે છેવટે મોહોતની નીશાની લાવી.

મને કંગાલને કયાં કમતડી ધાઈ, કે રાજકુંવરી ઉપર આશક બન્યો! હરામી ઠાકોરોએ ચઢાવીને ઠેઠ ટોચ ઉપર બેસાડયો. હું મુરખ કે ચઢતાં વીચાર ન કર્યો. ચઢે તે પડે તે તો નિઃસંદેહ છે, પણ આતો ચઢાવનારનેજ ધક્કો મારી ઢોળી પાડયો. હવે ન રહ્યો ઘરનો કે ઘાટનો!

જો ઘેર ગયો ત્યાં ગોઠા વાગ્યા; ડોશી આપઘાત
રી મરી ગઈ, બૈરી નાતરે ગઇ, હવે એકે બારી આ
.માભાઇની ન રહી. ઊંચે આભ અને નીચે ધરતી શીવાય
.માભાઇનું કોઈ ન રહ્યું. ગામમાં રહીએ તો રાજાની
હીક! હવે જવું કયાં? ભાગ્ય ઉપરજ આધાર, રાખીને
ાલી નીકળવા શીવાય બીજો ઉપાય નથી.

ભાગ્ય! ભાગ્ય! તારી બલીહારી છે. તું અજ-
રજ છે. દશાના રંગ અને ઢંગ ન્યારા છે. તડકા અને
ાંયાની તુલ્ય છે, જેમ ઉગમણો સૂર્ય ઉગતાં તે તડકો
સાથમણી દીશાએ પડે, ને સુર્ય મધ્યમાં આવતા સર્વ
ાશા સરખી તડકામય થાય, પછી પશ્ચીમ તરફ છાંયો
ળવા માંડે, તેમ ભાગ્યની દશા પણ ચાલી જવાની.

ઘડીમાં સુખ! ઘડીમા દુઃખ! સુખ શેમાં માનવું!
ા સ્વપ્નવત્ત સંસારમાં દશાના ઢંગા ફેરફારોને લઇને,
ાુ કંઇનુંજ નથી, દશા! દશા! તારી વાત ન્યારી છે,
ેખી! તારી પણ બલહારી છે, કે આ ધમાભાઈના આવા
ાખ લખ્યા! જો હાથમાં આવે તોતો કદાપી ન છોડું,
છી જે થાય તે ખરૂં શું આવા લેખ લખવા માટે આ
.માભાઈ શીવાય બીજો કોઇ ન મળ્યો!

ધમો વીચાર કરે છે, ત્યાં થીખી આવીને ઉભી.

વીધીને જોઇ ધમો આશ્ચર્ય પામ્યો, અને પુછયું ભલીબાઈ તું કોણુ છું! વીધીએ કહયું, હું વિધાત્રી છું, ધમે કહયું, ભલીબાઈ તું અત્રે કેમ આવી છું? વીધીએ કહયું, તેં યાદ કરી તેથી, હવે મારા ઉપર જે બળ અજમાવવું હોય, તે અજમાવ ધમાએ કહયું, શું બળ અજમાવવું! તે પ્રથમથીજ લેખ લખીને નિમ'લ્ય બનાવ્યો છે, તે તને કેવી રીતે પહોંચીશ! વીધીએ કહયું; હું એક અબળા જાતીને તું મર્દ નહી પહોંચી શકે?

ધમે કહયું તને અબળા કહેનાર મનુષ્ય મુર્ખ છે' તારા જેવું પ્રબળ આ શ્રષ્ટીમાં કોઈજ નથી, ભલભલાને અબળ કરનારને અબળા કહેનાર મુર્ખનો સરદાર છે, પુરે પુરો ગમાર છે, તું અબળા નથી પણ પ્રબળા એટલે અથાગ બળવાળી છું,

વીધીએ કહયું, તું હાલ કહેતો હનો; કે જો વીધી હાથમાં આવે નો છોડું નહી, ને બોલો તારા કયાં ગયા! ધમે કહયું, હવામાં પામર પ્રાણીઓ ગુસ્સાન, આવેશમાં ગમે તેમ બકે. પણ લેતો ફક્ત કહેવાનું'જ કરવાનુ નહી; ને તેમ થાય પણ નહીં ગુસ્સાના આવેશમાં ડુંગરને મેદાન કરવા માગે. તે કેવી રીતે કરી શકે? દુનિઆની કહેવત મુજબ કમજોર અને ગુસ્સા બહોત એ પ્રમાણે આજકાલ

શી માત્રનું વર્તન છે, વીધીએ કહયું, ત્યારે હું આઉંછુ?
ધમે કહયું તમારી મરજી; પણ મારા મનનો સંદેહ
ટાળવા આ દાસપર દયા કરો, અને પુછું તે તે વાતોના
ખુલાસા આપી સુખેથી પરવરો વીધીએ કહયું, સુખેથીપુછ

ધમો-વીધી- ગાયન. ૧

રાગ—ગોપીચંદનો

મો-હે ! વીધી મયાળુ, લેખ લખે તું કેવી રીતથી,
ધી-હેપામર પ્રાણી કહું તે, તું સાંભળ્ય એકજ ચીત્તથી
પરભવ જીવે આવી શ્રષ્ટીમાં, બાંધ્યા હોય જે થોક
પુન્ય પાપ બાંધ્યાં ભોગવવાં તેવોલેખ મુજરો કરે-હે
મો-રાજપાટને રિદ્ધ સિદ્ધિ ભોગવે પ્રાણી શીપેરે
તેવાં શું પરભવનાં પુન્યો કે તારૂં અંધેરરે-હે
ધી-દયા દાનને દીનતા ધારી, બાંધ્યાં પુન્ય અપાર,
રાજપાટને વઇભવ સરવે આ ભવ ભોગવનારરે-હે
મો-તે જીવે શું પરભવમાંહી, નહી કીધાં હોય પાપ;
પુન્યાઇને લઇ તે પાપોમાં શું પડીઓ કાંઇ કાપરે-હે
ધી-પાપમાં કાપ ન પડે કદાપી, સૌ ભોગવવું થાય;
પુન્યને લઇ પાપકર્મ જે કીધાં તે ન કપાયરે-હે
મો-પાપ તેમને કેમ નડે નહી, કીધાં હશે નહી કાંઇ;
સુખ સાહ્યબી માણે અતીશે, આ ભવસાગર માંહીરે-હે

વીધી-પાપો નહી છોડનાર કોઇને, ભલે રાય કે રંક;
પાપ પુન્યના સાથે પડીઆ, નીજ લેલાટે અંકરે-હે
ધમો-લેલાટ અંકને નથી જોવાતા, છુપા પડયા છે કાંઇ;
ઠામ ઠેકાણું બતાવ્ય મુજને, તે વીણુ જાણુ નાંહીરે-હે
વીધી-ઉઘાડા લેલાટે ઝળકે, લેખ તું ધારી નીહાળ:
અક્ષરમીનું કોટીઆ સરખુ, કરમી જાવ્ય કપાળરે-હે
ધમો-મારા કરમમાં હજી લખ્યુ શું ? તે તું મુજને બતાવ;
પછી જોઇલે કેવી રીતે, ફાવે છે તુજ દાવરે-હે
વીધી-લખ્યા લેલાટે લેખ મેં આપે, કદી ન મીથ્યા થનાર;
ટાળ્યા ટળે નહી લાખો વાતે, મુરખ શીદ જખમારરે-હે
ધમો-યાદ કરાશ જખ મારીશ ત્યારે, બતાવ આણી વાર,
મેખ મારૂં તુજ લેખે નક્કી, ઉધટો હું પળનારરે-હે
વીધી-વેલી કુંવરીનો ભવ બાળ્યો, વ્હોરો ટીલી આપ
વીણાની પાછળ પડવાનો, લીધે પરભવ પાપરે-હે
ધમો-સંસાર તજવાં નીશ્ચય ધાર્યો, તે શું કદી ફરનાર;
મેખ મારૂ તુજ લેખે નક્કી, બાવો હું બનનારે-હે
વીધી-થઇને બાવો કાવે દાવે, કાળાં કરમ કરનાર,
પરભવ પુન્યે વિણા બોધે, ટળશે કર્મનો ભારરે-હે
ધમો-જોધપુરનો રાજકુંવર બન્યો, મળી સાહ્યબી આંહી,
તે શા કારણ કહોને વીનવું, હીય પુન્યને લેઇરે-હે

વીધી–પુત્ર જાવે તે માત પીતાની, શેવા કીધી દીનચાર;
તન મન ધનને અર્પણ કરીને, મેળવી સાહ્યબી સારરે–હે

ધર્મો–ચારજ દહાડા કીધેલી શેવા, નવ સમજ્યો કાંઇ સાર,
સમજાવોને મુજ પામરને, થાય મનનો નીસ્તારરે–હે

વીધી–માબાપને તે બહુ રંજાડયાં, જન્મ ધરી તે વાર,
છેવટે ચાર દીવસ કીધ શેવા, પસ્તાઈ દીલ અપારરે–હે

ધર્મો– માબાપ શેવાથી મળી સાહ્યબી, આશ્ચર્ય પામુ મન;
આવું જાણુત તો તે શેવામાં, અર્પત તન મન ધનરે–હે

વીધી–માબાપ પુત્રને પતી સતીને, પ્રથમ પ્રભુ છે જાણ;
જાણ છતાં પણ ચિત નહી ધારે, બની રહે અંજાણરે–હે
દેવ દર્શને મન દોડાવે, જપ તપ ધારે ચીત;
સાચા વખોડી ખોટાં વખાણે; કરવા નજનું હીતરે–હે
માત પીતાની શેવા પુત્રે જે, કરતા પ્રીતે અપાર;
તેમજ સતી પુજે નીજ પતીને, પહોંચે પ્રભુને દ્વારરે–હે
તે વીણ સઘળુ મીથ્યા જગતમાં, જપ તપ દરશન દેવ;
ધર્મ ઢોંગી થઈ ઢોંગ આદરવા, કરવી અન્નની શેવરે-હે
દયા દાનને દીનતા તે વીણ, ધર્મ નથી અન્ય જાણ;
પામર પ્રાણી તે તરછોડી, હાથે વ્હોરે હાણરે–હે

ધર્મો–ધન્ય ધન્ય છે શીક્ષા તારી, ચુકુ નહીં તલભાર;
નમસ્કાર છે માવડી મારા; પ્રેમેથી હું સ્વીકારરે–હે

વીધી—હાટથા કદાપી ભુલી જવાના, લખ્યા ભુલાશે નહી;
સ્વર્ગ મૃત્યુ છોડીને જાવે, ભલે પાતાળની માંહીરે—હે
એકવાર ભુલીશ તું હજીએ, નક્કી દીલ તું ધાર;
વીણા શખિને ગ્રહણ કરીને, પામીશ સુખ સંસારરે-હે
ધમો—ધન્ય ધન્ય છે દેવી વિધાત્રી, ધન્ય છે તારૂ નામ;
પરભવમાં સંભાળી લેજે, માગુ કરી પ્રણામરે—હે
વીધી—પુન્ય કર્મને નહી તરછોડી, છોડીને સઘળાં પાપ;
પરભવ ભાતુ બાંધતાં પ્રીતે, પામીશ સુખ અમાપરે—હે

એ પ્રમાણે ધમાને શીખ આપી વીધાત્રી વિદાય થઈ ગઈ. વીધાત્રીના ગયા પછી ધમે જોયું તો વીધાત્રી જોવામાં આવી નહી. આમ તેમ ફરીને જોયું, પણ તે શેની નજરે આવે ! તે તો ત્યાંથી અલોપ થઈ ગઈ હતી. ધમે વીચાર કર્યો; કે હું તે ઉંઘુ છું કે જાગું છું ! શું વીધાત્રીએ અહીંઆં આવીને મારી સાથે વાતચીત કરી ! આતે સાચું કે સ્વપ્નુ ! આજ મારૂ ભાન ઠેકાણે ન હોય, તેમ કેમ જણાય છે ! હશે જે બન્યું હશે તે ખરૂં !

પણ હવે મારે કરવું શું ? ને જવું પણ કયાં ! લાજ આબરૂ જતાં સંસાર સુખ સઘળાં થઇ ગયાં છે હરામ, ને હવે તેનું છે પણ કયાં નામ ! કહેવત છે કે, સુખમાં સોની, અને દુઃખમાં અહલેક સીતારામ !

બાવા બન્યા વિના સિદ્ધી નથી; કોક જંગલમાં

જઇ અલખ નીરંજનનું નામ જપીશું, અને કરેલ કર્મનો પસ્તાવો કરી પસ્તાવાના તાપમાં તપીશું, આ ભવતો બગાડયો, પણ આવતો ભવ સુધારીશું. અને ભવોભવ આ ભવને સંભારીશું. હવે તો સંસારમાં ફક્ત ગેરૂથીજ છે કામ જેથી સાચું ભજાશે નામ, બોલો અહલેક સીતારામ. એ પ્રમાણે વીચાર કરી ધમો બાવો બની જંગલ તરફ ચાલી નીકળ્યો.



## પ્રકરણ ૨ જું.

લોભીલાલ કઠીઆરો વખત થતાં આવ્યો નહી, તેની ચીંતામાં હતા, ત્યાં વીણા સોદાગર વેશે આવા પહોંચી, નવિન સોદાગરને જોઇ શેઠે પુછ્યું, કહો કેમ પધારવું થયું છે? અને તમે કોણ છો? સોદાગર વેશમાં વીણાએ કહ્યું, હમ સોદાગર હે, દુર દેશાવરમે રહેતે હે. ઓર ભારી વેપાર સોદા કરતે હે. યાં હમ બાવનાચંદન લેને આયે હે. દેખો વો નમુનેકા માલ તુમારી પાસમે હે? શેઠે કહ્યું, હાં! વો નમુનેકા માલ છે. કેટલા લેના છે? સોદાગર વેશમાં વીણાએ કહ્યું, લાખો કરોડોકા માલ ખરીદ કરે, જો વ્યાજબી ભાવસે વોઇ નમુનેકા માલ મીલે તો ચહાય ઇતના માલ હો: હમ ખરીદ લેવે.

લોભીલાલે કહ્યું, સોદાગર સાહેબ! એજ નમુનેકા માલ છે ભાવે એક દેતા છે, ને માલે એજ નમુનેકા દેતા છે. પણ પૈસા રોકડા લેતા છે! સોદાગર વેશમાં વીણાએ કહ્યું સેઠજી! કુચ બીના પૈસે માલ ખરીદને કેસે આવે! પણ માલ દીખલાઓ, નમુનેસે મીલાઓ, ઓર ભાવ વ્યાજબી વ્યાજબી બોલ દો. હમકુ પુરવેગા તો માલ લેઇંગે, ઓર

મુસલમાન માલકા દામ ગીન દીયેંગે, હમ સોદાગર લોક વેપારકી બાતમેં પીછે પાઉ નહીં ધરતે હૈ.

લોભીલાલે કહ્યું, અહીં તો માલે એક છે, ને ભાવેએક છે; સોદાગર વેશમાં વીણાએ કહ્યું, ક્યા ભાવ! લોભીલાલે કહ્યું' ચાલીસ રૂપીએ એક ગોરના ભાવથી દેતા હૈ. ચીન, જાવા, અને હોંગકોંગના બજારમાં હમારી દુકાનો છે. લોભીલાલ કરમચંદનું નામ તો સાંભળ્યું કહી? સોદાગર વેશમાં વીણાએ કહ્યું, હાં! હાં! વોહી આપ! લોભીલાલે કહ્યું, હા એજ હું પોતે! લોભીલાલ કરમચંદ સોદાગર વેશમાં વીણાએ કહ્યું, તુમને મુફલીસ સોદાગરકા નામતો સુના હોગા? લોભીલાલે કહ્યું હાં હાં! કોઇ વખત કાગળમાં આવતાહતા ખરા! તેજ આપ કે! સોદાગર વેશમાં વીણાએ કહ્યું હા! વોહી મેં ખુદ.

લોભીલાલે લાલીઆને કહ્યું, લાલીઆ! જા આ સોદાગર સાહેબને આપણી વખારો બતલાવ્ય! લાલીએ કહ્યું, ચાલો સોદાગર સાહેબ, હું તમને વખારો બતાવું, સોદાગર વેશમાં વીણાએ કહ્યું, શેઠજી! આપજ દીખલાઓને! લોભીલાલે કહયું, આ મારો લાલીઓ બતાવશે, તે જોઇને તમે અહીંઆં આવો; મારે જરા ધરમકા કામછે.

સોદાગર વેશમાં વીણાને લઇ લાલીઓ વખારો બતાવા ગયો, ત્યાં લોભીલાલે કહયું ધરમનું કામ તો એ છે કે, હજી પેલો કઠીઆરો કેમ ન સુવા! જો આવી

પહોંચે, તો તે ઠીક, બહીતર વેહેપારનો ભેદ ફુટાઇ જશે. આ પ્રમાણે વીચાર કરે છે, ત્યાં કઠીઆરો આવ્યો.

કઠીઆરાને ઠાલી હાથે ભારો લાધા વિના આવતો જોઇ લોભીલાલ અચંબો પામ્યો, અને કહ્યું, દિકરા ! આજ ભારો કેમ ન લાવ્યો ! કઠીઆરાએ કહ્યું, શેઠજી ! હવે મારો હીસાબ કરો ને ! લોભીલાલે વાણીઆ વીદ્યા કરી કહ્યું, હા ! હા ! હા ! મારો દીકરો ગાંડોને ગાંડોજ રહયો, શેઠે હશી કાઢયું, ત્યાં કઠીઆરાએ ફરીથી કહયું. શેઠ મારો હીસાબ કરોને ! લોભીલાલે કહયું, ભાઇ ! બાપુ ! શેનો હીસાબ માગે છે, કદી કદી વધારે રોટલો જોઇએ છીએ, તો હમેજ આપીએ છીએ ને ?

કઠીઆરાએ કહ્યું, શું બાવાના ચંદનનાં લાકડાંની કીમત રોટલોને મરચુ ! લોભીલાલે ચીઢાઇને કહ્યું, ગપેડીના બાવના ચંદન તારા જનમમાં જોયાં છે ! જા બાપુ જા ! મારી સાત થીગડાંની બંડી અપાવું છુ (લાલીઓ સોદાગર વેશમાં વીણાને વખારો બતાવીને તેડી લાવે છે) લાલીઆને જોઇ લોભીલાલે કહ્યું, દીકરા લાલીઆ ! જા આ કઠીઆરાને મારી સાત થીગડાવાળી બંડી આપજે. (કઠીઆરા) જા દીકરા તને બંડી આપશે: કઠીઆરાએ કહ્યું, પણ મારો હીસાબ કરો ને ! લાભીલાલે કહ્યું, જા ભાઇ જા ? ઉપરથી જુના જોડા પણ આપશે.

કઠીઆરાએ સોદાગર વેશમાં વીણાને કહ્યું, સોદાગર

સાહેબ ! આ શેઠ પાસેથી મારો હીસાબ અપાવો. ગરીબ કઠીઆરા ઉપર એટલી મેહેરબાની કરો. સોદાગરે કહ્યું, શી બાબતનો હીસાબ ? એમ શેઠને પુછ્યું. શેઠે કહ્યું, ગરીબ કઠીઆરો છે, રોજ કાઠીનો ભારો લાવતો છે કીંમતમાં રોટલોને મરચું લેતો છે, પછી તેનો શું હીસાબ રહેતો છે ?

કઠીઆરાએ કહ્યું, પણ શેઠજી ! સોદાગરજી ! શું બાવના ચંદનનાં લાકડાંની કીમત રોટલો ને મરચુંજ ! સોદાગર વેશમાં વીણાએ કઠીઆરોને પુછ્યું, કયા બાવના ચંદન ! કઠીઆરાએ કહ્યું, હા, જુવો આ ! એમ કહી લાકડાનો નમુનાનો કડકો સોદાગરને બતાવ્યો.

સોદાગર વેશમાં વીણાએ કહ્યું શેઠજી ! ઈસકા હીસાબ ચુકાદો, ગરીબકું કીસલીયે સતાતે હો ? ગરીબકી હાય લેનેમેં કુચ ફાયદા નહી, લોભીલાલે કહ્યું, ગધેડીકા જુઠા હે, કઠીઆરાને કહ્યું, ગધેડીના ફજેતો કરવા આવ્યો છું કેમ ! કહી મારી કહાડયો.

સોદાગર વેશમાં વીણાએ કહ્યું, શેઠજી ! બાવના-ચંદનકા ભારા વો નહી લાતા હે, તો તુમેરે વ્હાં બાવના-ચંદનકે લકડે કહાંસે આતેહે ? લોભીલાલે કહ્યું, વાહ સોદા-ગર સાહેબ ! તમે ખરા ! વેપારનો ભેદ મફતમાં જાણી જવો હશે ખરૂ કે ?

એ પ્રમાણે વાતચીત ચાલે છે ત્યાં ચાર વાણીઆ માજનને લઈ કઠીઆરો આવી પહોંચ્યો, માજનને કઠીઆરાએ કહ્યું, મહાજન માબાપ ! આ શેઠ પાસેથી મારો હીસાબ અપાવો. આ બાવનાચંદનાં લાકડાંનો સાડાત્રણ મણનો ભારો આજ પાંચ વરસથી રોજ આ શેઠને ત્યાં નાંખું છું. ને આજ હીસાબ કરવા કહ્યું ત્યાં મને મારીને કહાડી મુકયો.

મહાજન પૈકી ધરમચંદ નામના વાણીઆએ કહયું, કરમચંદ ! કરમચંદે કહયું કેમ ધરમચંદ કરમચંદે કહયું મારો બેટો પાંચ વરસમાં વધી ગયો, તે આ કઠીઆરાથીજ. બારોબાર વેપાર કરે, તે ભેદ કયાંથી કળાય ( લોભીલાલને ) આપી દે ! આપી દે ! ગરીબનો હીસાબ આપી દે !

લોભીલાલે કહયું, આપો તમરા ઘરનું, તમને કોણે પંચાત કરવા તેડાવ્યા હતા, તે દોડયા દોડયા અહીં આવ્યા !અહીઆં બાવનાચંદન જોયાં છેજ કોણે ! લોભીલાલે એ પ્રમાણે કહયું, ત્યાં લાલીઆએ મહાજને કહયું, ચાલો હું બતાવું મહાજન વખારો જોવા જવાના વીચારે લોભીલાલની વખારો તરફ લાલીઆ સાથે જવા નીકળ્યું તેમને રોકીને કહયું, ખબરદાર! કોઈ જતા નહી, તમારે પારકી વખારો જોવાનો શો અધિકાર છે ? ( લાલીઆને ) ગધેડીના કયાં છે વખારો !

સોદાગર વેશમાં વીણા કે જે આ બધી વાત સાંભળતી હતી; તેણે શોદાગરનો પોશાક દુર કરી ખરા પોશાકમાં ઉભી, અને કહ્યું શેઠજી ? આ વીણાને ઓળખો છો ! લોભીલાલ અને મહાજન અચંબો પામ્યા, અને વીણાને સવિનય પ્રણામ કર્યા; લોભીલાલે કહયું, કોણ વીણા સુંદરી! વીણાએ કહયું, હા હું વીણા તને કહું છું કે આમનો જે હીસાબ નીકળે તે આપી દે, મહાજન તમે ન્યાજબી પંચાત કરી કહીયારાને કઠાયારાનું લહેણું અપાવો. એ મારા શીરછત્ર છે, ને હું તેમની દાસી છું. એ મારા નાથ છે. ને હું તેમની સ્ત્રી છું.

લોભીલાલે કહયું, વીણા બા ! જો કે હીસાબમાં તો કાંઈ નીકળતું નથી, પણ તમો કહો તો સો બસો રૂપીઆ આપું, વીણાએ કહયુ, હરામની પાઈ હમારે હરામ છે. હીસાબે નીકળતું લેવાનુંજ હમારૂ કામ છે, હકનું લેવું છે, હરામનું જોઇતું નથી. માટે કહું છું કે હીસાબ આપીદો, હીસાબની પંચાત કરનાર મહાજન તૈયાર છે, ઘરમાં વખારો પણ તૈયાર છે, સાથે નમુનો પણ તૈયાર છે. રીતસર નહી સમજો તો સીપાઇઓ પણ તૈયાર છે, ને બેડીઓ પણ તૈયાર છે. કહો હવે શી વાર છે ? ઈશ્વર સાચાનો મદદગાર છે.

લોભીલાલે કહ્યું, કાંઈ નથી બા ! કાંઇ નથી એમ કહી મહાજનને કહયું, જો જો. વાણીઆના ઘરમાંથી

ઓખું કઢાવજો, મહાજને કહ્યું, જેમ હમને યોગ્ય લાગશે તેમ પંચાત કરીશું. પણ ધર્માદામાં પાંચ હજાર પ્રથમ આપવા કબુલ કરે, તો પંચાત કરીએ.

લોભીલાલે કહ્યું, ધરમાદો શેનો! મહાજને કહ્યુ, પંચાત કરીએ તેમાં હમોને શું લાભ! તારી પાસેથી ધરમાદો કરાવીએ એજ લાભ, લોભીલાલે કહ્યું, ધરમાદામાં તો એક પાઈ પણ આપનાર નથી, મહાજને કહ્યું, ત્યારે એમ પંચાત પણ કરનાર નથી, આ ચાલ્યા, એમ કહી મહાજને જવા માંડયું, તેમને રોકીને કહ્યું, ભાઇ કબુલ છે, પણ જો જો? અભાગીઆઓ વાણીઆના ધરમાંથી કઢાવતા! મારો બેટો ભણ્યો છે તો ભમરડા જેટલું, ને એકદમ શી રીતે વધી ગયો, તેનો વીચાર કરતો હતો પણ હવે ખબર પડી કાંઇ આખુ કોહોળું તે શાકમાં જાય? કેમ કરમચંદ વિચાર કરજો, જોજો લોભીલાલે કહ્યું. મહાજને કહ્યું,એતો હમોને યોગ લાગશે તેવી પંચાત કદીશું,

એ પ્રમાણે કહી મહાજને વીચાર કરવા માંડયો; ધરમચંદે કહ્યું, કેમ કરમચંદ? કરમચંદે કહ્યું, કેમનું શું પુછો છો? આ કઠીઆરાને લઇને તો આ સાહ્યબીવાળો થયો છે માટે તેની, જે મીલકત હોય, તે અડધો અડધ કઠીઆરાને આપે. મહાજન સમસ્તે કહ્યું, તે બરાબર છે એમ એકમતે થઈ બીજાને કહ્યું, જુવો બીજા બા!

લોભીલાલની જેટલી પુંજી હોય, તેની અડધો અડધ પુંજી આ કઠીઆરાને આપે; વીણાએ કહ્યું તે હાલને હાલ આપાવો, હમારે માધવ ગોવીંદની જાત્રાએ જવું છે,

લોભીલાલે કહ્યું ગજબ કર્યો ! ધરમચંદે કહ્યું, એતો મહાજનને હૈયે બેઠુ, તેમ કર્યું, વીણાએ કહ્યું, કોડીની સાહ્યબીમાં આ ગરીબ માણસની મહેનતે સાહ્યબીવાળા થયા, તેને અઠધુ આપતાં પણ જીવ ચાલતો નથી કે ! ગરીબના ખરા પરસેવાની મહેનતના પૈસા ડુબાવનાર અને ગરીબોનાં ગળાં રેહેસનાર તમે ખાતરીઆ ચોર છો. વારૂ ! બોલેલુ પાળશ તેની કબુલાત કોણ આપે છે.

વીણાએ કહ્યું, આનો જમાન કોણ થાય છે ! લોભીલાલે કહ્યું, શું મારા શાહુકારના એ જમાન કે ! કઠીઆરાએ કહ્યું, તમે તમારી શાહુકારી પાણીમાં બોળી છે. તમે શાહુકાર નથી, પણ ધોળે દહાડે ખાતર પાડી, સામાને લુંટી લેનાર ખાતરીઆ ચોર છો. વીશ્વાસે સોંપેલાં ગરીબોનાં ગળાં રેસનાર ખુનીના એ ખુની છો.

લોભીલાલે કહ્યું, તું પણ બોલ્ય ! ત્હારો પણ વખત છે ! વીણાએ કહ્યું, તે શું બોલે છે ? તમે હાથે કરીને જ બોલાવો છો. જેના લીધે તમે સાહ્યબીવાળા થયા, તેમાંથી અડધી સાહ્યબી આપતાં પણ જીવ ચાલતો નથી, તો તમારા જેવા સામાને ધુતી લેનાર ધુતારા, ઠગારા ને ચોર શા માટે નહી. ચાલો, હીસાબે નીકળતું હમને

એકદમ આપી દો. લોભીલાલે કહયું, થાલો એ પ્રમાણે ક-
હયું ત્યાં વીણાએ કહયું.

ગાયન.

વીણા— ( મોઢે મીઠુ લોલી ભોલી ) એ રાહ

ભોળા જનોને ભમાવી રાંક જનોને સતાવી,
કરો હોઈઆં તમામ.
લઈ થાપણો દબાવો લેવા આવે ત્યાં સતાવો.
ધિક મહાજનનું નામ,
ધરે ભરૂસો તમારો તેવા જનને ઠાર મારો.
તમને ધિક્કાર ધિક્કાર—ભોળા
ચોરોના ચોર તમે લુચ્ચા ખુની છો.
છે તમને ધિક્કાર—અતિ ફીટકાર,
પાપ માજમ ખાઈ કરો મઝા.
શાહુકારીનો આ બતલાવ્યો ઠીક સાર—

આ પ્રમાણે ફીટકાર આપી મહાજનને સાથે રાખી તેની મીલકતનો હીસાબ કહાડી અડધી મીલકત લઇ વી-ણાએ કહ્યું, નાથ! હવે ચાલો માધવ ગોવીંદની જાત્રા કરી માતુ શ્રાદ્ધ કરવા સિદ્ધપુર જઈએ. કઠીઆરાએ કહ્યું, મારા ભાગ્યને ખીલવનાર સુઘડ સુંદરી? તમારી મરજી પ્રમાણે વર્તવા તૈયાર છું, વીણાએ કહ્યું, નાથ મારી મરજી શાની! હુંતો આપની તાબેદાર છું, સુંદરી તું તાબેદાર નથી; પણ આ ગરીબ કઠીઆરાના ભાગ્યનો ભં-

કાર છું ! કંગાલ કઠીઆરાની કર્મ આધાર છું ! વીણાએ કહ્યું, નાથ ! આપની કંગાલીયત દૂર થતાં આપ સુઘડ સાહ્યબીના ભોગદાર છો, આ દાસીના સરદાર છો, આ ભામીનીના ભરથાર છો; આ સુંદરીના શીરછત્ર પ્રાણાધાર છો.

કઠીઆરાએ કહ્યું, સુઘડ સુંદરી ! આ કંગાલ કઠીઆરાનાં દુર્ભાગ્યે છુપાયેલી સાહ્યબીને તમેજ મેળવનાર છો, અને તેનાં તમેજ ભોગદાર છો, દશારૂપી રાત્રીના અંધકારમાં બીડાયેલું નસીબ રૂપી કમળ દીનકર રૂપ બની તમેજ ખીલવનાર છો, તમો દીનકર રૂપી આપો આપ પધાર્યા ત્યાં કમળને ખીલવતાં શી વાર !

વીણા સુંદરીને પોતાના ગુણ પતીને મુખે સાંભળવા જેમ ડાહ્યા માણસને પોતાના ગુણ સાંભળવા રૂચે નહી તેમ રૂચ્યાં નહીં, મુર્ખ માણસોજ પોતાના ગુણ પોતાના મોંઢે ગવાતાં સાંભળી ખુશી થાય, પણ વીણાસુંદરી ઘણી ડાહી, અને વીચીક્ષણ હતી તેથી તેણે કઠીઆરાને કહ્યું, નાથ ? હવે કુથલી જવાદો, અને સિદ્ધપુર તરફ સીધારો, કઠીઆરાએ કહ્યું, જેવી તમારી ઈચ્છા, ભલે ચાલો;

વીણાએ કહ્યું, નાથ ! હવે તો સાહબી મળી છે, માટે સાહ્યબીને ઘટતો પોશાક ધારણ કરો, વીણાનું આવું બોલવું સાંભળી, કઠીઆરાએ પોતાતો કઠીઆરાનો પોશાક દૂર કર્યો. અને અમીરી પોશાક ધારણ કરી, વીણા સુંદરી સહ સિદ્ધપુર જવા નીકળી પડયા.

## પ્રકરણ ૩ જું.

### દોહરો.

મોતી વેરો ચોગણાં. કાગ કદી નહી સાહ્ય;
બે વીંટા દુરથી, દોડી લેવા ધાય.

વેલીને સાથે લઇ તાંતોલખાં નદીને સામે કાંઠે આવી પહોચ્યો, રસ્તે ચાલવાથો વેલી કુંવરી થાકી ગઇ હતી, તેથી તે નદીની રેતીમાં સુઈ ગઈ; જે રાજકુંવરીને મુખમલનું નરમ બીછાનું પણ શરીરને ખુંચતું હતું. તે રાજકુંવરી નદીની જાડી રેતીમાં સુઈ ગઇ, છતાં તેને થાકને લીધે રેતીનું બીછાનું વ્હાલુ હીમ જેવું લાગ્યું; કહેવત છે કે.

ભુખ ન જુવે ટાઢો ભાત, ઉંઘ ન જુવે તુટી ખાટ
તરશ ન જુવે ધોબી ઘાટ, ઇસ્ક ન જુવે જાત કજાત

તે મુજબ રેતીના ખીછાનામાં પણ થાકના લીધે નીંદ્રાદેવીના કબજામાં પડી, વેલી નીંદ્રાધિન થઇ,ત્યાં તાંતોલખાં જાલમસીંહતા મોહોટા ઇનામની આશાના હવાઈ કીલ્લા બાંધતા તે પણ તેજ રેતીમાં થાકને લીધે આડો થયો, અને હવાઇ તરંગો ધરતો ધરતો તે પણ નીદ્રાવશ થયો,

થોડી વારે જાલમસીંહ ત્યાં આવી પહોચ્યો, અને તેમને શોધવા લાગ્યો. શોધ કરતાં કરતાં વેલીને અને તાં-

તોલખાંને નીંદ્રાવશ જોઈ વીચારમાં પડયો; તેણે વીચાર્યું કે. આ ગવઈઆનું સાલ જબરૂ છે, માટે તેને કોઇ રીતે દુર કરવો. જેથી તે સાલ દુર થતાં, વેલીને લઈને પલાર થઈ જવાય.

એવો વીચાર કરી મ્યાનમાંથી તલવાર કાઢી ગવઈયાને મારવા ધસ્યો, પણ પાછો વીચાર કર્યો કે, જો ગવઈયાને તલવારથી મારેલો જોશે, તો કુંવરી મારા માટે ખોટો મત બાંધશે; પણ બીજો કાંઈ રસ્તો નીકળે તો સારૂ, કે જેથી સાલનું સાલ જાય, અને કુંવરીને તેને માટે મારા ઉપર વ્હેમ પણ ન આવે. એવો રસ્તો સોધવામાં ગુંથાયો,

થોડીવાર વીચાર કરી બાજુમાં નજર કરતાં, મોહોટો પત્થર તેની દ્રષ્ટીએ પડયો પત્થરને જોઇ તેણે વીચાર્યું, આ પત્થર તેના માથામાં મારૂ, કે ચુંકે ચાં કર્યા વિના સધામ પહોચી જાય, પછી તેની લાસને નદીમાં ફેંકી દઈને કુંવરીને જાગૃત કરવી, જેથી કુંવરીને વ્હેમ રહેશે નહી; કદાપી પુછશે, તો કહી શકે તે તો તને મુકીને ચાલ્યો ગયો હશે, હું અહીંઆં આવ્યો, ત્યારે તે મારા જેવામાં આવ્યો નહી, ને તમોને જેતાંજ મેં તમોને જાગ્રત કર્યાં, એ રસ્તો ઠીક છે,

એ પ્રમાણે વિચાર કરી પથરા તરફ ફર્યો, અને તેની પાસે જઈને બે હાથે તે ઉંચકી, અને તાંનોલખાંને મારવા માટે ઉંચો કર્યો, ત્યા પથરા નીચેથી મ્હોટો સર્પ

નીકળી તેના પગે વીંટાયો, સર્પ આવી જાલમસીંહના પગે વીંટાયો, ત્યાં, જાલમસીંહના હોશ કોશ ઉડી ગયા, અને હાથમાંનો પત્થર પડી જતાં બચાવની બુમ પાડવા લાગ્યો.

જાલમસીંહે બચાવની બુમ પાડી, ત્યાં તાંતોલખાં તથા બેલી એેકદમ બે બાકળાં જાગી ઉઠયાં, અને જાલમસીંહની આ ફજેતી જોઇ તે બંને રસ્તે પડી ગયાં. જાલમસીંહને હવે ખાત્રી થઇ કે હવે આપણે જીવવાના નથી, જો સર્પે ડંસ કર્યો,તો તો થઇ રહયું, આ જાલમસીંહ બાઇનાં સોએ વરસ પુરાં થઇ જવાનાં જો કોઇ હરીનો લાલ આવીને, બચાવે તો બચાવ થાય નહી તો પછી રામ શરણુ તો છેજ.

એ પ્રમાણે મ્હોતનાં સપાટામાં પડેલો, બચવા માટે બુમો પાડી રહયો છે, ત્યાં કઠીઆરો અને વીણા સુંદરી સિદ્ધપુર જવા નીકળેલાં તે ત્યાં આવી પહોંચ્યાં,

જાલમસીંહને સર્પના સપાટામાં જોઇ કઠીઆરાએ એક બંદુકના ભડાકે સર્પને ઠાર કર્યો અને જાલમસીંહને મ્હોતના ભયથી મુક્ત કર્યો, મ્હોતના ભયથી હુરથતાંજ તે વીણા સુંદરી કે જેને તેના પીતા રાયસીંહે એક કંગાલ કઠીઆરાને વરાવેલી, તે વીણા સુંદરીને એક અમીર જેવા માણસ સાથે જોઇ તે અજાયબ થયો; જાલમસીંહે કહયું

કોણ વીણા સુંદરી ! વીણાએ કહયું, કોણ જાલમસીંહ? જાલમસીંહે કહયું, હા વીણાએ કહયું, તમે એટલા અહીં કયાંથી જાલમસીંહે કહયું, શીકારે નીકળ્યો હતો. તે એક હરણુ પાછળ

પડતાં આટલે બધે દુર નીકળી ગયો, અને આ સર્પના પાસમાં સપડાઇ ગયો; રીસાલો બધો પાછળ આવે છે, ( વીણાને જોઈ જાલમસીંહે વિચાર કર્યો, વેલી માટે ફોગટ મહેનત કરી મહેનત તો આને માટે સજા વાર છે, શું મીઠું, બોલવું, શું, રૂપ ! શી કાંતી ! ) વારૂ ? તમારી સાથે આં મહાભાગ્ય કોણ છે. ?

આ પ્રમાણે કહ્યું; મારા માથાના મુગટ તેજ કંઠીઆરા, કે જેમની સાથે હું વરી છું, જાલમસીંહે કહ્યું, વેલીના શા હાલ થયા, તે તમે સાંભળ્યા, ? વીણાએ અચંબો પામી પુછયું, શા ? જાલમસીંહે કહ્યું, પોગળ વેરાઈ ગયું, જોધપુરનો રાજકુવર સાચો નહી પણ બનાવટી નકળ્યો વીણાએ ઉદાસ થઇ કહ્યું, મેં તેને પ્રથમથીજ કહ્યું, હતું, પણ તેણે માન્યું નહી, અને છેવટમાં દુઃખ સાગરમાં ડુબી અભણ માતાએ અને અભિમાની પીતાએ તેને અભીમાની બનાવી અને તેજ અભીમાને તેને આ દીશા લવરાવી, જો તે દીવસે મારૂ કહેવું તેણે માન્યું હોત; તો તેની આ દશા ન થાત, પણ તેના નશીબમાં એવું લખાવી લાવી હશે, તે કેમ મીથ્યા થાય.

એ પ્રમાણે શોકના ઉદગારો વીણાના મુખમાંથી નીકળવા માંડયા, ત્યાં કઠીઆરાએ કહયું, મુગ્ધ ! સુંદરી ! તેનો શોક નકામો છે. સો સોના નશીબ પ્રમાણે બને જાય છે, તમે સમજુ થઇ શોક શામાટે કરો છો ? મારી મને આશા

નહોતી, કે આ સ્થીતીએ પહોચ્યું. પણ આ સ્થીતીએ પહોંચવાનું લખેલું, કે તમો ભાગ્યદેવી મળી ગયાં, અને આ કંગાલ કઠીઆરાના દળદર ટળી ગયાં.

વીણાએ કહયું નાથ ! આપનું કહેવું સત્ય છે; પુર્વ ભવનાં સંચિત આ ભવ ભોગવવાનાં છે; જે જે બને છે; તે પુર્વના સંચીતનેજ લીધે, જાલમસીંહે કહ્યું, તમો ક્યાં જાઓ છો ? વીણાએ કહ્યું માધવ ગોવીંદની જાત્રા કરવા સિદ્ધપુર જઇએ છીએ; તમો ક્યાં જાઓ છો ?

જાલમસીંહે કહયું, હું પણ સિદ્ધપુરજ આવું છું વીણાએ કહયું, તો ચાલો, અમોને તમારો સારો સંગાથ મળ્યો. જાલમસીંહે કહયું; તમો આગળ ચાલતાં થાઓ, હું પાછળ મારા માણસોની તઇયારી કરી આવી મળું છું. વીણાએ કહ્યું સારૂ, જલદીથી આવી મળજો. એ પ્રમાણે કહી. વીણા અને કઠીઆરો ત્યાંથી સીદ્ધપુર તરફ વિદાય થયાં.

તેઓ ગયાં, ત્યાં. જાલિમસીંહે કહ્યું, આવી મળું છું; બચ્ચા આવી મળું છું ! તારા લાયકની તઇયારી કરીનેજ આવી મળું છું માધવ ગોવીંદનાં દર્શનની મને અભીલાષા નથી, પણ તે સુંદરીને મેળવવાનીજ ઇચ્છા છે. આવી દેવપુતળી જેવી કન્યા તને કંગાલને તે શોભે ! તે તો મારા લાયકની છે. પણ સીદ્ધી રીતે કાંઇ મળે તેમ છે. એ તો એજ, મારાઓને સમજાવા તેના ઉતારેથી ઉપડાવી કાર કરાવું, અને એજ વીણાને આ જાલમસીંહની મોહોબદાર

બનાવું, ત્યારેજ મારૂ નામ જાલમસીંહ; ચાલ્ય મારાઓની તજવીજ કરી તેમની પાછળ પહોંચી જાઉ, એ પ્રમાણે વીચાર કરી કઠીઆરાને તેના ઉતારામાંથી ઉપડાવી ઠાર કરાવા માટે મારાઓની તજવીજ કરવા ગયો.

---

## પ્રકરણ ૪ થું

---

### માધવ ગોવિંદની જાત્રા.

વાણા સુંદરી અને કઠીઆરો સિદ્ધપુરમાં આવી પહોચ્યાં; કઠીઆરાની જાલમસીં હને બચાવવાની બહાદુરી, શસ્ત્ર વાપરવાની સમજ તેમજ રાજકીય લક્ષણ જોઇ વીણાને તેનો સંદેહ ઉત્પન્ન થયો. પરંતુ ગોર આવી પહોંચવાથી માતૃશ્રાદ્ધ કરવા જગ્યા માટે ગોરની પાછળ ગયા.

જોધપુરના રાજા જોધાણનાથ, કે જેણે એક વચનને ખાતર પોતાની સગર્ભા રાણીને વનમાં મોકલી, તેનીજ ઝુરનામાં ઝુર્યા કરતા હતા, તેમનો ઝુરાપો આજ પંદર વરસ થયાં એનોએજ હતો તે દુર કરાવા માટે પ્રધાનજીએ તેમને સીધપુર આવવાની સલાહ આપી સમજાવીને સિદ્ધપુર તેડી લાવ્યા હતા. સિદ્ધપુર આવ્યા છતાં તેમનો ઝુરાપો તેવોજ હતો.

ગૌર તેમને એક જગોએ ઉભા રાખી શ્રાદ્ધ કરાવાની તઈયારી માટે ગયો, ત્યાં જોધાણુનાથ પાછા તેજ ઝુરાપામાં પડયા. અને શોક કરવા લાગ્યા.

ગઈ ! અરેરે સગર્ભા સુંદરી ગઇ ! આ અભાગી-આને છોડી ચાલી ગઈ. માંથે વાંઝીઆ મેહેણું મુકતી ગઇ આહા હા ! નીભાંગી, પુરો અભાગી આટલું આટલું કરૂછું, છતાં તેને મેળવી શકતો નથી. આજે સોળ સોળ વરસ થયાં તેની જેવી ને તેવી આકૃતિ આ આંખો પાસે ખડી છે. મુકી મુકાતી નથી, વીસરી વીસરાતી નથી, પ્રત્યક્ષ જોવાતી નથી. તેનું રટણ ઘડી ઘડી પળે પળે થયા કરે છે. માધવ ગોવીંદનાં દર્શનનું ભાન નથી, પણ તે સુંદરીના દર્શનનુંજ ભાન છે. ખાતાં, પીતાં, પહેરતાં, ઓઢતાં સવ વાત સુંદરીના અધરામૃતપાનનીજ ઇચ્છા છે, પહેરવામાં તે સુંદરીના પ્રેમનીજ કફની પહેરવા ઇચ્છા છે, ઓઢવામાં તે મધુરીનું મધુરૂ ભાશણ આ રૂવે રૂવે છવાઇ રહયું છે તેની જ ઇચ્છા છે. પણ સુંદરી કયાં ?

પ્રધાનજીએ કહયું, રાજવી ! નાહકનો કલેશ શા માટે કરો છો ! બનવા કાળે બની ગયું, તેને આજ સોળ સોળ વરસ થઇ ગયાં છતાં નથી લગાડતા રાજ કાજ તરફ લક્ષ, નથી લગાડતા સ્રીમાં લક્ષ, નથી લગાડતા ખાવામાં લક્ષ, કોઇ વાત ઉપર લક્ષ લગાડતાજ નથી, એ તે તમોને શોભે ! તમારો ઝુરાપો દુર કરવા હું તમોને માધવગો-વીંદને પારે તેડી લાવ્યો છતાં અહીં પણ એના એજ !

જોધાણુનાથે કહ્યું, પ્રધાનજી! તમારૂં કહેવું સત્ય છે, પણ તમારૂં કહેવું મારા ધ્યાનમાં તો ઉતરતું નથી. મારૂં ધ્યાન તો એજ સોઢી રાણીમાંજ લાગી રહ્યું છે, સંસાર બધો સુન્ય દેખું છું.

જોધાણુનાથ- ગાયન.

(પ્રેમપુરમાં તણાય નાવ મારીને) એ રાહ.

દેખુ સુન્ય સંસાર જોઉ ધારીરે, પ્રિયા નામ ઘાવ ઉરકારીરે.
પ્રીયા હશે તું ક્યાં, શોધી વળ્યો જ્યાં ત્યાં;
ભુલ્યો ભ્રમર ભટકુ કમળ વીહારીરે-પ્રિયા નામ.
જપુ તુજ જાપ રાણી, ધરી તુજ ધ્યાન રાણી;
મળીશ ન શકુ જાણી, ક્યાંથી મળનારીરે-પ્રિયા નામ.
રહ્યુ ચીરાય મારૂં, ગતી મતીને વિસારૂં,
ક્યાંથી મળે દર્શન મારૂં, શોઢી પ્રિયા મારીરે-પ્રિયા.

રાજાને લઇ પ્રધાનજી શ્રાદ્ધ કરવા માટે ગયા, ત્યાં કઠીઆરો, વીણા સુંદરી, અને ગોર આવી પહોંચ્યા. ગોરે કહ્યું જજમાન રાજા પેલા સામા તીર ઉપર તમને શ્રાદ્ધ કરાવાનું છે માટે ચાલો તમે નાહીને તઇઆર થાઓ, તેટલામાં હું શ્રાદ્ધ સામગ્રી લઇને આવું છું, એ પ્રમાણે કહી ગોર શ્રાદ્ધ સામગ્રી લેવા માટે ગયા.

ગોર ગયા ત્યાં કઠીઆરાએ કહ્યું, સુઘડ સુંદરી તમે અહીઆંજ બેસો, હું સ્નાન કરવા જાઉ છું. એમ કહી કઠીઆરો સ્નાન કરવા ગયો, અને વીણા સુંદરી પતીની આ-

જ્ઞાને માન આપી ત્યાંજ રહી; કઠીયારાના ગયા પછી વીણા સુંદરી કઠીયારા સંબંધના વીચારમાં પડી,

વીણાએ વીચાર્યું, પતીની જાત કઠીયારાની નથી, તે તો ખુલ્લુ છે. એકજ ગોળીથી સાપને ઠાર કરી જાલમસીંહને બચાવ્યો, તે શું ઓછી બહાદુરી છે? તેમના હથીયાર બાંધવાની, તેમજ વાપરવાની ચાતુરી તદ્દન રાજસી છે, તમાં તો શક નથી. તેમના હાથે બાંધેલું માદળીયું વાંચવાનો વખત આવ્યો છે, માદળીયું વંચાતાં તે બધો ભેદ ખુલી જવાનો તેતો નિસંશય છે.

તેમનુ મીઠું મનહર બોલવું ? રાજસી ચાલ ? અલૌકિક બુદ્ધિ ? પોશાક પહેરવાની ઢબ ? એ બધી કઠીઆરાની જાતમાં ક્યાંથી હોય ? ને હોય પણ શેની ! તે તો બિચારો લાકડાં વેચનારને પેટ અવતાર લઇ આવું શીક્ષણ ક્યાંથી મેળવે !

ભાગ્ય ! ભાગ્ય ! તું એક અજબજ છે ! તારા આધારે સંતોષે રહી છું, તો તું એક કલ્પવૃક્ષ સમાનઉપર આશાનાં અમૃત ફળ બેસવાની તૈયારી છે, મોહોર તો બેશી ચુકયો! ફળને હવે વાર નથી. પતી આવે એટલીજ વાર.

પ્રથમ તો મન મોહનને કહેવાની કે માદળીયું લાવો, તે વાંચવાનો થયો છે દાવો મન મુંકી વંચાવો અને આ બાળાને સુભાગી બનાવો, સુભગ્યે ઉત્તમ જાત પતીની

નીકળશે એટલે ભાગ્યનો લ્હાવો પૂર્ણ થશે શંકા જશે, અને સમાધાન પણ થશે, પણ વખતે કુજાત નીકળી તો! તો શું? હું ક્યાં જાતને વરી છું કે તેની ચીંતા હોય! ભર બજારમાંથી શ્રીફળ ખરીદ્યું છે, તેમાંથી કોપરૂ ઉમદુ નીકળે કે ખોરૂ! વેચનારને શું! ખરીદનારનું ભાગ્ય.

વીણા— ગાયન.

ભર ચોટેથી શ્રીફળ લ્હોર્યું, ખાવા કોપરૂ ખંતેજી;
સારૂ ખોરૂ કર્મે નીકળવું, ભાખ્યું શાણા સંતે જેવી૦
જાત ભાતને નથી વરી હું, ભાગ્યે લખ્યા પતી પામીજી
જાત કુજાતી નીકળે ગમે તે, ધાર્યું થશે ગજગામી–જેવી૦
કુજાતી કઠીઆરા જાણી જોઈને છે પતી સ્થાપ્યાજી;
પરભવ પુન્યે મળ્યા સુભાગી ભાગ્યમાં પ્રભુએ આપ્યા–જેવી
એજ પતી છે એજ પ્રભુ છે, એજ આ સતી શણગારજી,
પ્રભુ ગણીને સેવન કરવું એજ સતીનો ઉદ્ધાર— જેવી૦

આ પ્રમાણે સતી વીચાર કરે છે, ત્યાં કઠીઆરો આવ્યો, અને કહયું, સુંદરી ચાલો, શ્રાદ્ધ વીધી સંપુર્ણ થઇ રહી. હવે આપણે ઉતારામાં જઇએ; વીણાએ કહ્યું; નાથ પધારો, એ પ્રમાણે કહી તેઓને ગોરે આપેલા ઉતારો તરફ ગયાં.

# પ્રકરણ ૫ મું.

વીણા અને કઠીઆરો ઉતારામાં.

ઉતારામાં આવી વીણાએ કહ્યું, નાથ માધવગોવિંદનાં દર્શન કર્યાં? કઠીયારાએ કહ્યું, હા. વીણાએ કહ્યું, માતૃશ્રાદ્ધ કર્યું? કઠીયારાએ કહ્યું, હા; વીણાએ કહ્યું, હવે તો આપના જીવને આનંદ થયોને? કઠીઆરાએ કહ્યું મારી પરમપ્રિયા પ્રાણઆધાર: તે બધુ તારા પ્રતાપેજ, સુભાગી સુંદરી તારા ભાગ્યેજ આ દશાને પહોચ્યો છું, અને આવો સાહ્યબી વાળો બન્યો, તે પણ તારા ભાગ્યનોજ પ્રતાપ.

વીણાએ કહ્યું, નાથ! હું તો આપની દાશી છું. આપ સુભાગીના પ્રતાપેજ મને સુભાગી બનાવી, કંગાલ કઠીયારણનો પોશાક બદલાવી સાબીવંત બનાવી, તે આપના સુભાગ્યને લીધેજ, નહીતર હું તો આપની દાસી છું.

વીણા—કઠીયારો— ગાયન.

( અતુલ સંગાર છો ) એ રાહ,

વીણા—અરપણ તન મન છે
કઠીયારો—વાહરે વાહરે
પ્રિયા ધન્ય ધન્ય છે

વીણા–વાહરે વાહરે

પરભવ પુન્યે મળ્યા પુન્યશાળી

કઠીઆરો–અર્પ્યું આ તન મન ધન છે.

વીણા–વાહરે વાહરે

વન ઉપવન સાથે ફરૂ

નાથ ચરણ ધરી માંથ

કઠીયારો–ભાગ્ય ખીલાવ્યું સુંદરી

ગ્રહી હીણભાગી હાથ

વીણા–જન્મ સાર્થક મારૂ સર્વ તમો છે

કઠીયારો–વેચાણ તમને આ તન છે

વીણા–વાહરે વાહરે–અરપણ

વીણાએ કહયું નાથ ! હવે બધી વાત જવા દો પેલુ માદળીયુ લાવો, અને વંચાવો; હવે શ્રાદ્ધ કર્યું માટે તે ઉપર હમારો દાવો. કઠીયારાએ કહયું, સુંદરી રહેવાદોને કયાં નાશી જવાનું છે, પણ આ માધવગોવિંદનુ તીર્થ તો અજબ !

વીણાએ કહયું, અજબ કેમ ન હોય ! પણ હવે મારી વાત નહી ઉડાવો. માદળીયુ લાવો, કઠીઆરાએ કહયું સુંદરી રેહેવા દો, એ વાંચવાથી શું સાર છે ? કદાપી મારી જાત સુજાત નીકળી કે કુજાત નીકળી; જો સુજાત નીકળી તો તો ઠીક છે, ને જો કુજાત નીકળશે તો પસ્તાવાનું થશે; માટે રહેવા દીયો,

વીણાએ કહ્યું. નાથ! નાહકની મને બનાવો નહી. તે માદળીયું વાંચવાની ઉત્કંઠા છે તે પરીપુર્ણ કરો તમારી જાત ગમે તે હશે; પણ હું કયાં જાતને વરી છું, કે જેથી પસ્તાવું પડે. ભર બજારે બીડેલી કળી ખરીદ કરી છે, તે ગમે તો કેતકીની નીકળે કે કરેણાની નીકળે, તેમાંવેચનારને શું પંચાત પડી છે, ખરીદનારનું ભાગ્ય !

કઠીયારાએ કહ્યું; સુંદરી! નાહક હઠ શા માટે કરો છો? ઠીક કહું છું કે રહેવા દીયો વીણાએ કહ્યું, નાથ! એ બધી વાત કોરે મુકી માદળીયું લાવો. કઠીયારાએ કહ્યું શું તમારી માદળીયું વાંચવાનીજ ઇચ્છા છે? વીણાએ કહ્યું, નાથ! શા માટે અધિરી બનાવો છો? જલદી વંચાવો.

કઠીયારાએ કહ્યું સુભાગી સુંદરી : પ્રથમ વચન આપો, કે માદળીયામાંની ચીઠીની વાત મારી રજા શીવાય તમારે કોઇને કહેવી નહી. વીણાએ કહ્યું હયો આ વચન છે એમ કહી તાળી આપીઅને કહ્યું નાથ! લાવો કઠીયારાએ કહ્યું,સુંદરી મનને સાચવી રાખજો. હર્ષ ઘેલાં થતાં નહી.

વીણાએ કહ્યું, નાથ? શા માટે અધિરી કરો છો! લાવો, લાવો, એવું તે એમાં શું છે કે જેથી આટલું બધું કહો છો? કઠીયારાએ કહ્યું, સુઘડ સુંદરી! હવે પછીના સુખનો આધાર છે! ભાગ્યનો ભંડાર છે! વીણાએ કહ્યું, ત્યારે તો જલદી લાવો.

કઠીયારાએ કહ્યુ, હુંજ વાંચું છું. વીણાએ કહ્યુ, નાથ! જલદી વાંચો, વીણાની અધીરાઈ દુર કરવા, કઠીઆરાએ માદળીયું ફોડી મહીંથી ચીઠી કાઢીને વાંચવું શરૂ કર્યું. પ્રથમ વાંચ્યું કે દીકરો મુકી મરે છે. વીણાએ કહ્યું કોણ? કઠી-આરાએ કહ્યું. આવે છે! રખડતી રજપુતની રાણી. વીણાએ કહ્યું શું તમે રાજકુમાર! કયાંના! કઠીઆરાએ કહ્યું, સુંદરી! આવે છે! આવે છે! વીણાએ કહ્યું, કહો કહો નાથ જલદી કહો! નાહકની નહી ટવળાવો, અધિરીને ધીરી કરો. કઠીયારાએ પાછું વાંચવા માંડયું; જોધાણનાથના કુંવર અમર કુમારનો જય થાઓ, આશીષ આપે છે સોઢીરાણી; સાથે મહોરવાળી વીંટીની નીશાની.

વીણાએ અચંબો પામી કહ્યું, શું તમે જોધપુરના રાજ કુમાર! કઠીયારાએ કહ્યું હા, પણ વ્હાલી તમારો તો તાબે-દાર. વીણાએ કહ્યું, નાથ! પ્રભુની લીલા અગાધ છે? ઈશ્વર બળવાન નથી પણ ઈશ્વર ઉપરની આસ્તાજ બળવાન છે. પીતાએ વેલીને જોધપુરના દરબારનો વૈભવ આપવા ચાહ્યો, પણ તે મારા ભાગ્યમાં લખાયેલો, તે કેવી રીતે મીથ્યા થાય!

વીણા— ગાયન

ઝીલો–ગત

જય સુખ કર દુઃખ હરતું!
ભક્તવત્સલ પ્રભુ ટેક નીભાવણ તું—ટેક.
રંગ રંગ તારા, જગ જગ ન્યારા;

ટેક જે ધારે, આકીને તારે, તેને ઉદ્ધારે;
તુજ તન મન ધનથી જય કર તું !
રાજવી પ્યારા ! આંખોના તારા ! દર્શ રઢીયળા !
ઉદ્ધારી તું બાળા,
આસ્તા ધારી, તારી પ્યારી—જયસુખકર.
કસોટી મારી, ઠીધી છે ભારી, પાર ઉતારી પાછળથીરે;
રાજવી પામી, દુ:ખ સૌ વામી, એ સૌભાગ્યના બળથીરે
હે જગધર ! સુખકર, દુ:ખ હર, જય કર, શ્રેય કર,
રાધાવર.

નટવર; સત્ય એક ગીરીધર—તું—જય

વીણાએ કહ્યું નાથ ! આ દાસીનો સંસાર મભુ મતાપે અને ભાગ્યબળે સુધર્યો, એકવાર આ દાસીને પ્રેમનું આલીંગન આપીને કૃતાર્થ કરો.

વીણુ—કઠીયારો— ગાયન

વીણા—આનંદ આનંદ ઉર અતિશે જોયાણુ કુળદીપક નીકળ્ય.
કઠીયારો—સંતોશીની આમ શુભ ગતી છે.
સાચી નીક્ષાએ સુભાગ્ય ફળ્યાં.
વીણા—(સારૂં ખોટું એ ભાગ્ય બળ, એજ ફળ)
કઠીઆરો—નિર્ભાગીથી સુભાગી બનાવ્યો,
સતી રાણી છો સુભાગ્યે મળ્યાં;
વીણા—કઠીઆરામાંથીનીકળ્યા રાજેશ્વરભાગ્યહમારાંપુણ્ય બળ્યાં
ગોખે બેઠે ગોરખ મળીઆ નશીબ નટના એતો ખેલ

કઠીયારો—ખેલ તમારા મન માનુંની કઠીયારેથી કીધે ખેલ
વીણા—(વ્હાલા રાજકુમાર હું તો આપની દાસી
દાસી નહી પણ સુખરાસી )
ઠીયારો—પીતુ રાજમાં જઇએ પ્રીતે
વિણા—પુર્વનાં પાપો સર્વે ટળ્યાં.

કઠીઆરાએ વીણાને પ્રેમનું આલીંગન આપ્યું, જેમ વીખુટી પડેલી પ્રિયા પતીને ભેટતાં જેટલો આનંદ પામે, તેથી પણ વિશેશ આનંદ આ આલીંગનથી વીણાને થયો, ત બીચારીને કઠીયારા સાથે આપી, ત્યારે તેને ક્યાં ખબર હતી કે, આ જોધપુરના કુમાર છે, ફક્ત સંતોશેજ આનંદ માન્યો હતો. ને સંતોષ કલ્પતરૂ ફળ્યો, અને મીઠાં ફળ ચાખવાનો વારો મળ્યો, તેથી તેવો આનંદ કેમ ન થાય !

આલીંગનથી છુટા થતાં વીણાએ કહ્યું, નાથ ! આપણે જોધપુર ક્યારે જઇશું ? કઠીયારાએ કહ્યું, હાલ; હું તૈયારી કરવા જાઉં છું, ને તમો પોઢી જાઓ' વીણાએ કહ્યુ, નાથ સતી બેઠે પતીને તે તસ્દી હોતી હશે કે ? હુંજ તૈયારી કરવા જાઉં છું, અને આપ પોઢી જાઓ.

વીણા—કઠીયારો— ગાયન

( પાતળીઆ પરિશ્રમ હ્યો શાને )
કઠીયારો—ઘટે નહી શ્રમ શાણી સુકોમળ
રાખો કાંઇ શમ રાખો ગમને

વીણા–શ્રમ હઉ શ્રમ લેવા પ્રીતમજી માનો મારા સમજાનો સમને
ચીંતા ઘટે નહી, શ્રમ હઠે નહી, તો તો સતી નહી
એ...............શાસ્ત્ર નીતી–પ્રાણપતી–
કઠીયારો–....................................ઘટે નહી૦
(શું આવા કોમળ શરીરે તે શ્રમ લેવાય !)
વીણા—(ત્યારે સતી બેઠે પતીને તસ્દીએ દેવાય ?)
કઠીયારો–પતીની ચીંતાનો ભાર નિવારે
સતી સુલક્ષણી ધન્ય તેને ધન્ય
સુખમાં વિલાસી દુઃખે બને દાસી
વીણા.......................................પતી શેવા પ્યારી
કઠીયારો–આ........સાચી સતી....ધન્ય મતી....ઘટે નહી૦
(શાણી હુંજ જઉં છું, તપુ શ્રમ રેહેવા દીયો)
વીણા–(સતીના ધર્મની આડે આવવું હોયતો ભલે, તમેજ લીયો)
કઠીયારો–ધર્મ સતીનો શું જાણે રસીલી !
ધન્ય તને ધન્ય લાખો ધન્ય છે
વીણા—જાણું નહી લાલા ધર્મ બીજો વ્હાલા જપુપતી માળા
કઠીયારો–આ........ભાગ્યવતી.... સાચી સતી....ઘટે નહી૦

વીણાએ કહ્યું; નાથ ! પોઢી જાઓ, હું હાલ તયારી કરી પાછી આવું છું; કઠીયારાએ કહ્યુ. ભલે પધારો. પતીની આજ્ઞા મળતાં સતી તઇયારી કરવા ગઈ અને કઠીયારો પોતે સુઈ ગયો.

## પ્રકરણ ૬ઠું.

જાલમસીંહ કે જે વીણા ઉપર મોહીત થયો હતો તેણે નદીત્રટેથી કઠીઆરાના હાથે સર્પથી મુક્ત થતાં જુઠું બહાનું કાઢી તેમનાથી જુદો પડી તે કઠીયારાને મારી નાંખી વીણાને લઇ જવાના ઇરાદે મારાઓની તજવીજ કરવા ગયો, અને નજદીકમાં ચાર કોહોળી રહેતા હતા. તેમની પાસે ગયો.

કોહોળીઓએ કહ્યું અલ્યા આંહી ક્યમ આવ્યો છે? જાલમસીંહે કહયું, તમારૂ કામ પડયું છે તેથી આવ્યોછું, કોહોળીઓએ કહયું, અમારૂં શું કામ પડયું છે? જાલમસીંહે કહયું, એક છોકરાને ઉપાડીને જંગલમાં લઇ જવો છે. કોહોળીઓએ કહયું શું કામ! જાલમસીંહે કહયું, ઠાર કરવા, કોહોળીઓએ કહયું; તે હમે નહી કરીએ તું કોક પાપીઓ લાગે છે? જાલમસીંહે કહયું, ઇનામ મળશે ઇનામ! કોહોળીઓ કહયું, એણે તારૂ શું બગાડયું છે, કે તેને મારી નંખાવવો છે! જાલમસીંહે કહયું. મારી બાયડીને લઇ નાસી આવ્યો છે, કોહોળીઓએ કહયું, ત્યારે તો એક ઝટકે ઉડાડી દેવાના. જાલમસીંહે કહયું. ચાલો ત્યારે? કોહોળીઓએ કહયું ચાલો હમને બતાવો.

એ પ્રમાણે કહી મારાઓને તેડી કઠીયારો સુતો હતો ત્યાં આવ્યો અને પોતાની પાસે બે ભાન કરવાની શીશી હતી તે સુંઘાડીને કઠીયારાને બેભાન કરી મારાઓ સાથે જંગલમાં મોકલી દીધો, અને વીણાને છળવા માટે કઠીયારાને ત્યાંથી મારાઓ સાથે વીદાય કરી તેની જગ્યાએ તેની શાલ ઓઢીને સુઇ ગયો.

તે સુઇ ગયો, ત્યાં વીણા આવી અને જાલમસીંહ કે જે સાલ ઓઢી સુતો હતો, તેને પોતાનો પતી સમજીને પુછયું, નાથ! હુંડીઓ કઇ પેટીમાં મુકવી છે? આ પ્રશ્નનો જવાબ દુષ્ટ જાલમસીંહે આપ્યો નહી, તેથીવીણાએ પતીને પુછવા માટે જાગૃત કરવા માટે જાલમસીંહે ઓઢેલી સાલ ખેંચી.

સતીએ સાલ ખેંચી, ત્યાં જાલમસીંહ એકદમ બેઠો થઇ ગયો, અને કહ્યું, કેમ છે મારી વ્હાલી દીલદાર! વીણા જાલમસીંહને જોઇ અચંબો પામી, અને કહયું કોણ દુષ્ટ જાલમસીંહ! જાલમસીંહે કહ્યું વ્હાલી હું જાલમસીંહ ઠાકોર પોતે, વીણાએ કહ્યું, મારા પતી કયાં! જાલમસીંહે કહ્યું. તેના લાયકની જગ્યામાં; મશાણમાં, વીણા દુઃખ દરીયામાં ડુબી ગઇ, ને કહ્યુ હાય! વ્હાલા રાજકુંમાર! એ પ્રમાણે અફસોસ કરવા લાગી.

જાલમસીંહે કહયું, સુંદરી! અફસોસ શા માટે કરો છો? એ કંગાલ કઠીયારામાં શું માલ ભર્યા હતા?

મારી સાથે આવશો તો સુખી થશો સમજ્યાં? વીણાએ કહ્યું, હરામી જાલમડા, સુખી સુર્યની આડે આવનાર કાળ મુખા રાહુઆ તને રોમ રોમ કીડા પડશે અને તારી લાસ જંગલમાં સડસે અને કાગડા કુતરાં ચુંથશે સમજ્યો? તારો જીવ બચાવનારને આ બદલો! જાલમસીંહે કહ્યું એતો જાણ્યું? ચાલ્ય આગળ થા? વીણાએ બુમ મારી, કોઇ આવો, આવો બચાવો! સતી ઉપર બળાત્કાર થાય છે; જાલમસીંહે કહ્યું, અહીંઆં કીયો તારો બાપ આવનાર છે? વીણાએ ફરીથી બુમ પાડી, કોઇ આવો, આવો, બચાવો! સતીના ધરમનું ધરબાળ જાય છે.

વીણાના બુમ સાંભળી જોધાણનાથે છેટેથી કહ્યું; હું જોધાણનાથની હયાતીમાં સતીને સતાવનાર એવો બે માંથાવાળો કોણ છે?

જોધાણનાથને જોઇ જાલમસીંહ ગભરાયો, અને સતીને મુકીને નાશી ગયો; જાલમસીંહ નાશી ગયો, ત્યાં જોધાણ-નાથ આવી પહોચ્યા, અને જાલમસીંહની પાછળ સીપાઇ ને દોડવ્યો કે તે પાપીને પકડીને મારી પાસે લાવો, જોધા-ણનાથનો હુકમ થતાં સીપાઇ તે હરામી જાલમસીંહને પક-ડવા તેની પાછળ દોડયો.

સીપાઇ જાલમસીંહને પકડવા ગયો, ત્યાં જોધા-ણનાથે કહ્યું, સતી સુંદરી? તમો મારી સાથે જોધપુર

થાઓ, જોધપુર ગયા બાદ તમારા પતાની- તપાસ કરાવીશું. વીણાએ કહ્યું શું નાથ મળશે ! જોધાણનાથે કહ્યું, જો હયાત હશે તો મળશે, પછી તો પ્રભુની ઇચ્છા; હાલતો તમો જોધપુર આવવા તઇયાર થાઓ. હું મારે ઉતારે જાઉછું, ત્યાં તમે આવી પહોચો. એ પ્રમાણે કહી જોધાણનાથ પોતાના ઉતારા તરફ ગયા.

વીણા પતી શોકમાં ગીરફતાર થઇ, અને કહેવા લાગી, શું નાથ મળશે ! મળવું લખ્યું હશે, તો મળશે; ને નહી મળે તોયે શું ! પણ

વીણા ગાયન.

( સુંદર શામળીઆ ) એ રાહ.

રાજન રઢીયાળા, ક્યાં જઇ વ્હાલા વશીઆ
આંખ્યોના તારા, ભાગ્ય હમારા ખસીઆ
ભાગ્ય બળે સુપતી મીલાવ્યા, કઠીયારાના રાજવી કહાવ્યા
નશીબ નીર્ભાગ્યેથી ગુમાવ્યા, વીચાર ભાવીને એ ભાવ્યા
ક્યાંથી મળે રંગ રસીઆ—રાજન રઢીયાળા૦
નિર્ભાગ મને ભવરણ રોળી, રાંકડીને રાખે રગદોળી
પ્રાણ વિયોગની સળગાવી હોળી,
દુ:ખ સાગરમાં દીધી ઝબોળી
દુરભાગ્ય મારાં ધસીયાં—રાજન રઢીયાળા૦
પાપીએ નીજ પાપ બતાવ્યું, ભવસાગરમાં નાવ ડુબાવ્યું,
કાશીએ કરવત લઇ મનભાવ્યું,

હીમાળે ગળવું કર્મમાં આવ્યું.
દુરદૈવ ભલે મુજ હશીયા—રાજન.

એ પ્રમાણે દૈવને દોશ આપતી વીચાર કરવા લાગી, કે જોધાણનાથ મારા સસરાજી છે. તેમની સાથે જવામાં મને હરકત નથી; પતીની આજ્ઞા શીવાય મહળીયાની વાત કોઇને ન કહેવાનું પતીને વચન આપ્યું છે, માટે તે વાત મારે જણાવાની નથી, માટે હાલ તો તેમની સાથે જવામાં સાર છે; એ પ્રમાણે વીચાર કરી સતીસુંદરી જોધાણનાથના ઉતારે ગઇ, અને તેમની સાથે જોધપુર તરફ સીધાવી.

## પ્રવેશ ૬ ઠો.

ક ઠીઆરાને મારાઓ જંગલમાં લાવ્યા, અને એક ઠેકાણે વીચાર કરવા લાગ્યા, અદ્યા જેહલા, આતો મરી જયા જેવોજ છે, પેલા રાંડનાએ ઝેર હુગાડયું લાગે છે, તેથી આતો પુરોથઇ જયો છે, આપણે મારવાનો રહયો નથી. જેહલાએ કહ્યું, ભાથીડા આ રામલાનુ કહેવું બરાબર છે, પણ આપણે ઘડીવાર બેઠો, જો હાલશે તો આ બંદુકડીથી ઠાર કરતાં ચેટલી વાર લાગ.

વાની છે! રામલે કહયું, અરે હની ખુનના ભાઇ કદ, આ તરવાર તઇયાર છે, હાલ્યો તો તો એ કકડાજ કરી નાંખવાનો.

એ પ્રમાણે ચારે જણા કહુંબો કાઢવા બેઠા, ત્યાં કઠીયારાને ગેનની શીશી સુંઘાડી હતી તેનો અમલ ઉતરતા તે લગાર હાલ્યો, ત્યાં જેહલાએ કહયું, અલ્યા પેલો હાલ્યો? રામલે કહયું ફોડય બંધુકડી! બંધુક ફોડી તેની ગોળી આડી જવાથી કઠીયારો ઉભો થયો. અને પાસેપડેલી મારાઓની તલવાર લઇ મારાઓની પાછળ ગયો.

મારાઓને ઠાર કરી કઠીયારો વિચારમાં પડયો કે હું કયાં! ગોરનો ઉતારો કયાં! વીણાસુદરી કયાં! આ મારાઓ શા! બંધુકનો ખહાર શ્યો! આ કાંઇ સમજાયું નહી; શું કોઇ હરામીએ મને ઠાર કરી વીણાસુંદરી લઇ જવાની લાલચે આ કર્તવ્ય તો નહી કર્યું હોય! હા હા તેમજહશે, નહીતર આવી બીના શેની બને!

અહા! હા! હા! સુભાગ્યે મળેલી સતી ગુમ થઇ! હવે એ રસવેલી ક્યારે મળશે! થાક્ય હીણભાગી જીવ ગોરને ત્યાં તપાસ કરી પ્રિયાનો પતો મેળવું.

કઠીયારો— ગાયન

ભેટું ક્યારે સતી નારી, એ ભાગ્યવતી નારી........ભેટું.
પ્યારી વિનોગની વીરહ પીડાની વીરહીનેજ પીછા .

એક પ્યારીમાં ભમે પ્રાણ ખબર નહી ધ્યાન,રહે ચીત્ત મારી....લેહું.
રાજવી જાણી સતીએ શાણી ધરતીતી કેવા ઉમંગ
તે ઉમંગનો થયો ભંગ, ટળ્યો સોરંગ, બળે ઉરભારી....લેહું.
પ્યારી કેરો પતો મળશે, ત્યારે થશે દીલ સુખ
તે વીણુ સો લાગે દુઃખ, વહુ શું સુખ,:શકુ ન વીસ્તારી....લેહું.
ભાગ્યવંતી એ ભામા હશે કયાં સુખ કે દુખ મોજાર
નીચ કૃત આ કોણુ કરનાર, મારૂં જઇ ઠાર, કટારેકારી....લેહું.

એ પ્રમાણે હાય અફસોસ કરતો વિયોગ દુખે અધિં-રો બની સતીનો પતો મેળવવાની આશાએ ગોરે આપેલા ઉતારે ગયો, ઉતારે જઇને જોતાં, સુંદરી,.. અને.. શેઠને ઘેરથી આણેલી લક્ષ્મી એ બેમાનું નજરે પડયુ નહી. આ દેખાવ જોતાં જેમ કેળ ઉપર વીજળી પડતાં જેમ ચીરાઇ જાય, તેમ કઠીયારાનું હ્રદય ચીરાવા લાગ્યું;

અફસોસમાંને અફસોસમાં દુઃખી ઉદગારો તેના હ્રદયને ચીરી મુખદ્વાર બહાર પડવા લાગ્યા, તે ઉદ્ગાર દ્વારા કહયું હાય ! સતી સુંદરી ગઇ, સાથે સંપતી પણ ગઇ સુભાગી સુંદરી ગઇ, સાથે ભાગ્યને પણ લેતી ગઇ; સંપત્તીનું દુઃખ નથી, પણ સુભાગી સુંદરી કયાં ગઇ હશે ! કોણુ હરી ગયું હશે ! પુછું પણ કોને ! ગોરને પુછવાથી પત્તો મળશે એમ સંભવે છે, માટે ચાલ્ય ગોરને પુછું; એવો વીચાર કરી વિરહાગ્નીમાં રીબાતો રાજકુમાર ગોરની પાસે ગયો.

ગોરને મળી પુછયું, મારી પ્રીયાને તમે જોઇ ? ગોરે કહયું, મને તો કોઈ ખબર નથી. કઠીઆરે કહયું, મારો સર સામાન જોયો ! ગોરે કહયું, તેની પણ મને ખબર નથી. ગોર પાસેથી આવો જવાબ મળતાં,, તેનું મન સંસાર તરફથી દુર થયું. અને દૈવને દોશ આપવા લાગ્યો.

તેણે કહયું હે ગોઝારા દૈવ? તને આવું કયાંથી રૂચ્યું ? તારૂ હૃદય કેવું ? કંગાળ કઠીયારાની હાલતમાં રાજકુંવરીનો સંબંધ ! ભાગ્યવંતી સુંદરીના ભાગ્ય વઇભવ ? એવું ન આપ્યું હોત, તો મારે દુઃખી થવાનો વખત શેનો આવત ? આતોનીર્ધનીઆને સ્વપ્નામાં ધનવાન બનાવ્યો અને સવાર થતાં નીંદ્રા મુક્ત થયો ત્યાં તેની તેજ દશા ! વંઝાને સ્વપ્નામાં પુત્ર આપ્યો. હુલાવરાવ્યો, કુલાવરાવ્યો, સ્વપ્ન મુક્ત થતાં તેની તેજ દશા ! તેવી રીતે મારે પણ સ્વપ્નવત્તજ થયું.

સુંદરી ગઇ. સાહ્યબી ગઈ, અભાગીની જીવન દોરી તેવીને તેવીજ રહી, આ સંસાર અટવીમાં દશાના તડકા છાંયા પ્રાણી માત્રને ભોગવવાના તે ભોગવવાનાજ;સાહ્યબીને રોતો નથી, એતો જીવતો નર ભદ્રા પામશે; પણ સુભાગી સુંદરી અત્યારે શી સ્થીતીમાં હશે ? મારા કરતાં તે સતીની દશા વધારે દુઃખદાયક હશે ? ને હોય તેમાં નવાઈ પણ શી ? સતીતે પતીના વીયોગે કેમ ન થાય ! કોણ દુષ્ટે અમારી આ દશા કરી હશે ? હવે શોધુ પણ કયાં ?

એ સુંદરીના વીયોગે સંસાર ખારા ઝેર જેવો થયો છે, હવે સંસારમાં સુખ શેનું ? જીંદગીનું સાચું સુખ આંખો, તે જતાં જીંદગી સુખી શાની ? સ્ત્રી પણ પુરૂષ જીંદગીની આંખો છે, આંખની કીકી છે, સંસાર અટવીમાં સુખદુઃખનો સોમીઓ છે, તે વિણુ જીવત વૃથા છે.

કઠીયારો— ગાયન

( આ સ્વપ્ના સમ સંસાર )

વૃથા પુરૂષ અવતાર વગર સ્ત્રી શાણી
તે વીણુ જીવિત ધિક્કાર મનખો ખરે ધુળધાણી
સ્ત્રી છે સાચુ ભુશણુ નરનું
જેથી શોભે આંગણુ ઘરનું
તે વિણુ હાયે ! ઘર વૃથા ગણાયે, વાંઢા જીવિત લાચારરે-છે.
નાત જાતમાં નામ દીપાવે
સુખદુઃખમાં રહેતી સમ ભાવે
સમ ભાવ ધારે, દુઃખ નિવારે, દુઃખે દીલાસો દેનારરે–છે.

જીવ ? હવે નાહક પસ્તાવો શામાટે કરે છે ? સ્વપ્નુ આવ્યું, સુખને લાવ્યું, પણ તે સુખ શેનું ! હવે તેનો પસ્તાવો કરવો ફોગટ છે; હવે આ સંસારથી પણુ શું કામ છે ? એ સુંદરી શીવાય આ સંસાર સુખ આ હીણભાગીને હરામ છે; આ દુઃખી સંસારથી કંટાળેલાને દિલાસો રૂપ કાંઇજ નથી, સંસારથી ભાગ્યાનો ભેરૂ તેતો

સાચો ગેરૂજ છે, સતી જતાં મન ભગવુંજ થયું છે, સતી-વીણા આ તન પણ ભગવુંજ થયું છે. તો પછી વસ્ત્ર પંચરંગી રાખીને કામ શું છે.

જોગી થઇ જંગલે જંગલને દેશોદેશ ભમી સતીનો પત્તો મેળવીશ, જો ભાગ્યબળે મળી તો તો સમજીશ કે સુધર્યું કામ, નહીતર આ સંસારને છેવટના રામ રામ; હવે મન તું એ સતીના નામની માળા લઇ સમર્થ અલહલેક સીતારામ એ પ્રમાણે મનનો નીશ્ચય કરી જોગી થઇ પ્રિયાની શોધમાં નીકળી ગયો.

હવે જાલમસીંહ, કે જે વીણાને મુકી નાઠો હતો, તે જંગલમાં આવી પહોચ્યો, જે ઠેકાણે તે આવ્યો, તે ઠેકાણે ધમો સાધુ બની ઈશ્વર સાધનામાં મશગુલ રહેતો હતો, અને જીંદગીનું સાર્થક કરતો હતો, તે ઠેકાણે આવી જાલમસીંહ મન સાથે કહેવા લાગ્યો, સુંદરી સપાટામાં આવેલી ગઇ, ઈજત ગઈ, આબરૂ ગઇ, ને છેવટે આ દશા થઇ, સુંદરીને લીધા સીવાય રાજ્યમાં જઈએ, તોપણ નીચુ જોવાનું થાય? હવે કેવી રીતે મેળવવી! જોધપુરના દરબારમાંથી ઉપાડવી એ કાંઇ નાહાનું સુનું કામ નથી, ચંપાગઢથી વેલીને ઉઠાવી તેવો ફરેબ કરીએ, તો તો વખતે વીણા સુંદરીને વરીએ, જો કોક ધમલા જેવો મળી જાય તો તો કામ સધાય;

ધમલાનું નામ સાંભળી ધમો કે જે શાધનામાં બેઠો હતો, તે એકદમ ચમક્યો, અને જાલમસીંહ પાસે આવીને કહયું, કોણ લુચ્ચા જાલમસીંહ ! જાલમસીંહે કહયું, હા હા જાલમસીંહ ? કોણ ધમાભાઇ ! ધમે કહયું લુચ્ચા ! આથી આ દશા કરનાર તુંજ છે, હવે કહું છું કે મારી વેલી લાવ્ય ? જાલમસીંહે કહયું, હું પણ કહું છું કે મારી વેલી લાવ્ય ! ધમે કહયું ત્યારે વેલી ક્યાં ગઇ ક્યાં ! જાલમસીંહે, કહયું, મારો બેટો તાંતોલખાં ઉપાડી ગયો.

ધમે કહયું હાશ ! હાશ ! હવે ખુશી થયો. જાલમસીંહે કહયું મારી આ દશા થઇ, તેથી તું ખુશી થયો ! ધમે કહયું હા; તારી આ દશા આવી થઈ, તે તારા કર્મેજ થઇ છે, પણ મારી આવી દશા કરનાર તો તુંજ છે.

જાલમસીંહે કહયું હવે એ વાત રહેવા દે, ને જો વેલીને વરવું હોય, તો ચાલ્ય જોધપુરના દરબારમાં ! વીણાને વેલી બે ત્યાં છે, વેલી તારી ને વીણા મારી; ધમે કહયું ઠીક છે મોતીએ ચોકતો પુરો ! પણ જો તારે કામને નામે તરવું હોય, ને વીણાને વરવું હોય, તો તું પણ થા બાવો; મારી કફની તૈયાર છે; ખાસ તારા માટેજ સંગ્રહ કરી રાખ્યો છે! જાલમસીંહે કહયું એવા ફાવાફાવા શીવાય કામ સુધરે તેમ લાગતું નથી, માટે લાવ બાવો તો બાવો ધમે કહયું એ પણ ઠીક છે એક લ્હાવો; એમ કહી પોતાની જુની

ફ્કની આલમશીંહને આપી તેને પણ બાવો બનાવ્યે. બાવો બની બંને જણા ખુશી થયા.

ગાયન.

જોઇ લેજો જગમાં બાવા

જોઈ લેજો જગત ઠગાઈ છે ભગવા માંહી સમાઈ
દેખાવ સિદ્ધ સવાઇ, સ્ત્રી દેખી કહેતા માઇ
જોબનવંતી સ્ત્રી વૃદ્ધોમાં બાવા જાએ ધાઈ
રાંડી રાંડોને રીઝાવે પ્રિતે ભજન કીરતન ગાઇ
અને વળી તાલ બજાઈ વળી સાથ તંબુરા સાહી—જોઈ
ભેખ ધરે ભવ તરવા માટે એવા વીરલા કયાંઇ
બનીને બાવા રામ ભજન સઉ રહ્યું રામકી માંહી—જોઇ
આજકાલ બાવા ઘરઘાલે નીરખો ધારી જ્યાંહી
લુંટારા બની લુંટે પ્રેમે ડર ચિંતા કાંઇ નાંહી-જોઇ

એ પ્રમાણે ખુશી થતા સતી સુંદરીના સુખ સુ. ર્યમાં આડે આવનાર શહુ આ રૂપબની જોધપુર તરફ ગયા.



# પ્રકરણ ૭ મું.

## જોધાણુનાથ અને વીણા.

જો ધપુરમાં વીણાને આવે બાર માસ થયા, પણ કઠીયારાનો પતો મળ્યો નહી, સતી સુંદરી પતી વિયોગે દુઃખી હતી. જો કે તેને જોધાણુનાથ તરફથી કોઇ વાતનું દુઃખ નહોતું, પણ તન પતી વિયોગનું દુઃખ પાકુ હતું, તેતો ફક્ત દીવસના બારે પહોરને બત્રીસે ઘડી પતી નામના જાપ જપતી. પતી વિયોગે ખાનપાન, વસ્ત્રશણુગાર આદી તજી પતીનો ખરો પત્તો મળતાં સુધીને માટે સાધવાનો વેશ રાખ્યો હતો.

એક દિવસે જોધાણુનાથે વીણાને એકાંતમાં મળવા એક શેવકદ્વારા કહેવરાવ્યું; એકાંત મળવાનું કહેણુ સાંભળી વીણા સુંદરી અચંબો પામી. પરંતુ સતી સુંદરી હીમતથી ડગી નહી, ને મળવાનું કબુલ કર્યું, અને કહેવાઆવનારને કહયું કે જાઓ જોધાણુનાથને કહેજો,કે સુખેથી મળો મને કોઈ વાતની ચીંતા નથી,

સેવકે આવી વીણા સુંદરીનો સંદેશો કહયો, વીણાનો સંદેશો સાંભળી જોધાણુનાથ ખુશી થયા, અને મન સાથે વીચાર કર્યો. કે સતી સુંદરી પાસે જઇને મનની વાતકેવી

રીતે કરી શકીશ ? પ્રથમતો આ જીભ ઉપડવાની નથી, છતાં તેની પાસે જઈને જે થાય તે ખરૂ; એવો વીચાર કરી જોધાણનાથ વીણાના એકાંત વાસ તરફ ગયા.

વીણાના એકાંત વાસ પાસે આવી પહોચતાં છડીદારે નેકી પોકારી, નેકીનો નાદ સાંભળી વીણા જોધાણનાથ સાથે તેમના પ્રશ્નોનો ઉત્તર દેવા સજ થઈ બેઠી, ત્યાં રાજાજી પધાર્યા; જોધાણનાથને વીણા સુંદરીએ સવિનય પ્રણામ કર્યા.

જોધાણનાથે કહ્યું, સુઘડસુંદરી ? આજ બાર બાર મહીના થયા છતાં તમારા પતીનો પત્તો મળતો નથી, ને હવે આશા પણ લાગતી નથી કે તમારા પતીનો પત્તો મળે ! વીણાએ કહ્યું, તો રાજાજી આજ્ઞા આપો, કે મારા પતીની પાછળ સતી થઇ સ્વર્ગમાં તેમને જઇ મળું, જોધાણનાથે કહ્યું, સુંદરી ! કોઇ પણ નીશાની વગર તે કેવી રીતે બને ?

વાણાએ કહ્યું, તો આજ્ઞા આપો કે પતીની પાછળ જોગણ થઇ દેશોદેશ ફરી મારા પ્રીયતમનો પતો મેળવું; જોધાણનાથે કહ્યું, છતાં પત્તો નહી મળે તો ? વીણાએ કહ્યું, તો શું ? જઈ કરવત મુકાવીશ, કે હીમાળે જઈ હાડ ગાળીશ, જોધાણનાથે કહ્યું, સુંદરી જરા મારૂ કહેલું ધ્યાનમાં લ્યો ? સતીએ કહ્યું, સુખેથી કહો.

જેઘાણુનાથે કહ્યું, સતી સુંદરી ? તેમ કરવાની જરૂર નથી. પતી પાછળ કરવું ઘટે, તેથી પણ તમે અ-ધિક કર્યું છે, પણ મારે તમને એક વાત કહેવાની છે. વીચાર કરી જવાબ આપજો; કોઈ પણ રીતમાં ઉપદ્રવની ધાસ્તી રાખતાં નહી, આ જેઘાણુનાથ ઠગારો કે ધુતારો નથી તેની ખાત્રી રાખજો. તમારા મનમાં તમે જેવાં ને તેવાંજ મુખ્તીઆર છો. સમજજો કે આતો એક તમારો વીચાર જાણનાર છે.

વીણાએ કહ્યું, કહો જાઓને; જેઘાણુનથે કહયું, આજથી સોળ વરસ ઉપર મારી સગર્ભાસતી સોઢી રાણીને મેં હીણભાગીએ ગુમાવી, ત્યારથી સંસાર બધો ઝેર જેવો થઇ ગયો છે, અને બીજી રાણીઓ ઉપર ચીત્ત ચોટતું નથી, જો જો વિચાર કરી જવાબ વાળજો,બાળાત્કાર કે બીજી કોઈપણ રીતની ધાસ્તી રાખશો નહી, વીણાએ કહયું, (પતીની વાત મળી, પણ આમની સુબુદ્ધિ છે ટળી) હાં કહો જાઓને !

જેઘાણુનાથે કહયું, વાંઝીઆ મેહેણાને લઇને સગાં સંબંધીઓ તરફથીફરજ પડવાથીતમોને કહેવું પડે છે; : આજ સુધી તે શોઢી રાણીનો શોક હૃદય મંદીરમાં જારી હતો, પણ તમને જોયાં, ત્યારથી તે શોક કમી થયો છે. વારૂ ! તમને શોઢી રાણીની જગો આપું તો ?

વીણાએ કહ્યું, રાજાજી ! તમારૂ અંતર ૯૯ વાત કબુલ કરે છે ! તમારૂ મન તમારી રાણીમાં, મારૂ મન મારા પતીમાં; તે વાતનો મેળ તે બને ? પ્રેમના ફુટેલા સીસાને સાંધવાની કોની દેન છે ! પ્રેમના તુટેલા હીરાને જોડવાને કીયુ રેન છે ! પ્રેમની તુટેલી ડાળીને પાછી જેવીને તેવી જોડવાને કીયુ મેન છે- ?

જોધાણનાથે કહ્યું, પાછી હતી તેવીને તેવી નજ જોડાય પણ કામ ચલાવી લેવાય; વીણાએ કહ્યું, રાજાજી ! શા માટે પરિક્ષા કરો છો ? માછલી જળ વીના જીવનારી નથી તે નથીજ; કોયલ આંબા વીના બેસનાર નથી તે નથીજ સારસ પોતાની જોડી વીના જીવનાર નથી તે નથીજ. કાયા પ્રાણ વીના ટકનારી નથીજ તે નથીજ, શુરાને લાકડાની તલ-વાર બંધાવીએ, તો તે કેવી શોભે ? સુર્યના પુર્ણ પ્રકાશમાં દીપક પ્રગટાવીએ, તો તે કેપો દીપે ? આંધળાને બનાવટી આંખો બેસાડીએ, તો તે કેવું દેખે ?

જોધાણનાથે કહ્યું. તે તો નજ દેખે ! વીણાએ કહ્યુ, તો મારૂ મન મારા પતીમાં, અને તમારૂ મન તમારી રાણીમાં તે કેવી કેવી રીતે જોડાય ! પણ હું સિદ્ધપુરમાં મારા પતી પાસે રાજકઠીયારાની વાત સાંભળતી હતી, તે અધુરી રહી ગઇ છે, તે કોઇ પુરી કરનાર નીકળે તો તો બધાંએ સારાંવાનાં થાય. જોધાણનાથે કહ્યું, કહો તે વાતનો અહીંઆ શો સંબંધ છે ? વીણાએ કહ્યું, બધાએ, તુટેલા

પ્રેમનો હીરો કેવી રીતે જોડયો, તેનું સઘળું ધ્યાન તે વાતમાં દર્શાવેલું છે જોધાણનાથે કહયું, તો તો હાલ દેશો દેશમાં ઢંઢેરો પીટાવી વાત કહેનારાઓને બોલાવું છું, તેમાંથી કોઈ તમારી વાત પુરી કરનાર નહી નીકળે? વીણાએ કહયું, જો તે વાત પુરી કરનાર નીકળે, તો તો તમારાં ને મારાં બંનેનાં ભાગ્ય જાગે! જોધાણનાથે કહયું તો હાલ ઢંઢેરો પીટાવી દેશોદેશના વાત કરનારાઓને બોલાવું છું, પણ તમે ત્યાં સુધી શું કરશો! વીણાએ કહયું. પતી વીયોગની ચિંતા. જોધાણનાથે કહયું, સતી શા માટે ચીંતા કરો છો! જુવો સાંભળો.

જોધાણનાથ–વીણા ગાયન

( કોમળ કાયા કાં કરમાવો ) એ રાહ

જોધાણનાથ–સતી સીદને મન ગભરાઓ, ધીર રહોને ધારી

વીણા–ધીરજ ધારૂં કયાંથી રાજા, નથી જીંદગી પ્યારી

પ્રાણ પીયુ અધવચ ગુમાવ્યા,

મળવાના વારા નહી આવ્યા,

બનુ હું જોગણ નારી–

જોધાણ—સતી શીદને મન ગભરાઓ, ધીર રહોને ધારી

શોક સહુ મનનો નિવારો, વીચારો કહું તે બાળા

વીણા–વિચાર ધારે અશ્રપારલા પરોવી પહેરૂ માળા

નાથને મળવા દુઃખ ઉઠાવું,

જાનીને જોગણુ પતો મીલાવું.

કેમ કઉ વિસારી–

જોધાણ–સતી શીદને મન ગભરાઓ, ધીર રહોને ધારી

જોધાણનાથે કહ્યું, સુંદરી નાહકની ચિંતા તજી દીયો, અને બીજી બાબતમાં મન લગાડો, વીણાએ કહ્યું રાજાજી! તે કેમ બને? પતંગીઆનું ધ્યાન જે દીપક ઉપર લાગેલું છે તે ફેરવી શકાય છે? માંછલાનું ધ્યાન જે પાણી સાથે લાગેલું છે તે જુદુ થાય તેમ છે? તેમ સતીનું ધ્યાન પતી તરફ લાગેલું હોય, તે કેવી રીતે ફેરવાય! સતીને કરવાનું બીજુ હોયજ નહી જુવો સાંભળો.

વીણા— ગાયન.

( આશું બોલો આશું બોલો ) એ રાહ.

સતી કરે શું? સતી કરે શું? રે રાજાજી સતી—
જપે જાપ બેઠી સંસાર, પતી રામ નામનો ઉચાર–રાજાજી
બ્રહ્માંડ ડાબોદા ભલે, કે કાપો તીક્ષણધાર
આળપંપાળ તજીને, સતી, એક પતી રટે નીરધાર
શીવ છત્રપતિ રત્ન શોભાવી અન્ય કરે શા વિચાર!
ગાય, ઉચારે, નામ પતીનું, જેમાં સતી ઉદ્ધાર—
ખાન પતીમાં ને પાન પતિમાં ગાન પતિમાં છે સાર
ડેક મુકે નહી જીવ જતાં સતી જાણી સાર સંસાર—

વીણાના વીચાર સાંભળી જોધાણનાથે તેને ધન્યવાદ

આવ્યો અને વાત કહેનારાઓને તેડાવાનું કહી રાજા .... બાર તરફ ગયા, રાજા ગયા, ત્યાં વીણાએ વિચાર્યું. .... રાજીતો ગયા, માહળીઆની વાત અક્ષરે અક્ષર સાચી તેમાં શક નથી. રાજકીયારાની વાત કહેનારાઓને બોલાવા માટે સસરાજી ઢંઢેરો પીટાવી દેશે દેશના વાત કહેનારાઓને બોલાવશે, પરાક્રમી પ્રીયતમ હયાત હશે તો તો ચેતી જશે. ને અહીં આવશે; પતી શીંવાય તે વાત બીજાથી થાય તેવા નથી. માટે હવે છેલ્લો ઉપાય લીધો છે. કાદપી પતી મળી જશે તો મારૂ અને રાજાજીનું ભાગ્ય ફળી જશે; ને છેવટમાં નહિજ મળે, તો સતીને બીજું શું કરવાનું હોય? કાશી જઈ કરવત લઇશ, કે હીમાલયમાં જઈ આ પાપી કાયા ગળી જશે એ પ્રમાણે વિચાર કરી સતી પતા ધ્યાનમાં ગુલતાન થઈ.

કઠીઆરો બાર મહીના સુધી જોગી વેશમાં પ્રીયાની શોધમાં ગામો ગામ, અને જંગલે જંગલ ફર્યો, છતાં પ્રિયાનો પત્તો મળ્યો નહીં. તેને થોડીક ખબર હતી, કે તે પોતાના રાજ્યમાં જોધપુરમાં છે? છેવટે થઈ સીદ્ધપુર તરફ આવવા નીકળ્યો તેણે વિચાર્યું કે જ્યાંથી ગુમ થઇ છે, ત્યાંથીજ પતો મળશે, એવા વીચારે તે સિદ્ધપુર પાછો ગોરને ઘેર આવ્યો.

ગોરને ઘેર આવીને પુછ્યું, ગોર મહારાજ; ....

પ્રિયાનો પતો ક્યાંઇ મળ્યો ! ગોરે કહ્યું, તમે કોણ છો ? ને પ્રિયા શેની ! કઠીઆરાએ કહ્યું આજથી બાર મહીના ઉપર હમો માતૃ શ્રાદ્ધ કરવા આવ્યાં હતાં, તે તમોને યાદ છે ? ગોરે કહ્યું, જોધપુરનાથ આવ્યા ત્યારે આવ્યા હતા તે તમેજ કે ! કઠીયારે કહ્યું, હા ગોરમહારાજ તેજ, ગોરે કહ્યું. ત્યારે તો તમે રાજકુંવર જેવા દેખાતા હતા, ને અત્યારે જોગી કેમ થયા છો ? કઠીઆરાએ કહ્યું, કરમની કઠણાઈ એ, પ્રિયાના વિયોગે, કેમ ક્યાંઇ પતો મેળવી આપશો ? ગોરે કહ્યું હું પતો ક્યાંથી મેળવી આપું પણ જોધાણનાથનો આ ગામમાં ઢંઢેરો ફર્યો છે, કે ન્હાનું મોટું જે કોઇ રાજકઠીયારાની વાત જાણતું હોય, તેમણે જોધપુર દરબારમાં હાજર થવું; જો રાજકઠીયારાની વાત પરદેશી રાજકુંવરીને પસંદ પડશે, તો મન ગમતાં ઇનામ મળશે. માટે જોધપુર જાઓ, વખતે પતો મળે તો ?

પરદેશી કુંવરીને રાજકઠીયારાની વાત, એવાં વચન ગોરના મુખથી સાંભળી અચંબો પામ્યો; અને સતીને ધન્યવાદ આપવા લાગ્યો; તેના મનને નિશ્ચય થયો, કે પ્રિયાનો પત્તો મળ્યો, મારાજ રાજમાં છે. માદળીઆ માંહીની ચીઠીની વાત તેણે કોઇને કરી હોય તેમ લાગતું નથી, માટે આલય સીધો જોધપુર જઈ રાજ કઠીયારાની વાત કહી સતીનો સંતાપ દુર કરૂં અને પોતાને પણ આનંદ પમાડું એવો વીચાર કરી સીધો જોધપુર આવવા નીકળ્યો.

જોધપુરના ઉપવનમાં ધમો અને જાલમસંહ બન્ને જણા શુરૂ ચેલો બની આજ બાર બાર મહીનાથી વીણાને જોધપુરના દરબારમાંથી ઉઠાવાની ઇચ્છાએ અડંગા નાંખી પડયા છે, છતાં તેમનો દરબાર ગઢ નજરે જોવાનો પણ દાવ આવ્યો નથી, તેથી દરબાર ગઢમાં પ્રવેશ કરવાની પેરવીમાં જ મચી રહેલા છે, અને તેને માટે ધમો મોટો સંત બન્યો છે, અને જાલીમસીંહ ચેલો બન્યો છે, અને ઝુંપડી બાંધી શેહેરની નજદીકમાંજ પડયા છે.

કઠીયારો આ બનાવટી સંત ચેલાના ઝુપડા પાસે આવી પહોંચ્યો ત્યાં ઢંઢેરો પીટનાર તે રસ્તે થઇને નીકળ્યો, અને ઢંઢેરો પીટયો. જે કોઇ નાહાનુ મોહોટુ રાજકઠીયારાની વાત જાણતું હોય તેમણે જોધાણનાથના દરબારમાં આવી રાજકઠીયારાની વાત કહેવી; તે વાત પરદેશી રાજકુંવરીને પસંદ પડશે, તો મન ગમતાં ઇનામ મળશે.

એ પ્રમાણે ઢંઢેરો સાંભળી કઠીઆરાએ કહ્યું, જાઓ તમારા રાજાજીને કહો કે એક જોગી વાત કહેનાર આવ્યો છે. ઢંઢેરો પીટનારે કહ્યું, જોગી મહારાજ ! તમારા જેવા તો હજારો આવી ગયા, અને ધક્કા ખાઇને ચાલ્યા ગયા.

કઠીયારાએ કહ્યું, મને બરોબર આવડે છે, માટે જાઓ તમારા રાજાજીને જાહેર કરો. ઢંઢેરો પીટનારે કહ્યું જાહેર કરવાની કાંઇ જરૂર નથી, રાજકઠીયારાની વાત કહેનારને માટે જોધપુરનો રાજદરબાર ખુલ્લો છે, કઠીઆરે

કહ્યું, પરદેશી રાજકુંવરી કોણ છે ? ઢંઢેરો પીટનારે કહ્યું, તેની મને ખબર નથી, જો વાત જાણતા હોય તો ચાલો.

ઢંઢેરો પીટનારની ને કઠીઆરાની વાતચીત સાંભળી જાલમસીંહે ધમાને કહ્યું, સંતદાસ ! સાંભળ્યું ! ધમો કહે શું ? જાલમસીંહ કહે, શું શું ! પેલાઓની વાત ? ધમે કહ્યું શી ? જાલમસીંહે કહ્યું, રાજકઠીઆરાની વાર્તા કહેનારને માટે જોધાપુરનો દરબાર ખુલ્લો છે ! ધમે કહ્યુ તેનું શું છે ! જાલમસીંહે કહ્યું, આજ બાર બાર મહીના થઈ ગયા, છતાં દરબાર ગઢ જોવા પામ્યા નથી, તો આ અવસર ખોવો નહી, ચાલ્ય થા તૈયાર ? તેમના પહેલા પહોચી જઈએ ને રાજકઠીઆરાની વાત કહીએ. ધમે કહ્યું મને તો આવડતી નથી, જાલમસીંહે કહ્યુ ચાલ્ય થોડી તુ કહેજે, ને થોડી હું કહીશ, ભલા એ બહાને આજ દરબારગઢનાં તો દર્શન થશે ? ધમો કહે ત્યારે ચાલો.

ઢંઢેરો પીટનાર અને કઠીયારો વાતચીત કરતા ત્યાંથી દરબારગઢ તરફ ગયા, તે પહેલાં ધમો અને જાલમસીંહ દરબારગઢ પાસે પહોંચી ગયાં, અને છડીદાર મારફત રાજકઠીયારાની વાતા કહેનાર એક સાધુ આવ્યો છે, તેવી ખબર દરબારમાં આપી.

# પ્રકરણ ૮ મું.

એક આફ્રીને રહી અને વેઠયુ વીયોગ દુ:ખ
સમતાથી પતી મેળવી પામી સંયોગ સુખ

જોધાણુનાથ દરબાર ભરી બેઠા છે, સતી સુંદરી વીણા પડદામાં બેઠેલી છે, ત્યાં જોધાણુનાથે કહ્યું, સતી સુંદરી ! ઘણા ઘણા વાર્તાઓ કહેનારાઓ આવી ગયા છતાં કોઇની વાત તમારી વાતને મળતી આવતી નથી, વીણાએ કહ્યુ, તો રાજાજી મને મારા પતીની શોધમાં જવાની આજ્ઞા આપો, જોગણ વેશે દેશોદેશ ફરી પરાક્રમી પ્રિય તમનો પત્તા મેળવીશ; એ પ્રમાણે સતી વાત કરે છે; ત્યાં છડીદારે આવીને કહ્યું. કૃપા-નાથ ! કોઇ બે જોગી વાત કહેનારા આવ્યા છે, જોધાણુનાથે કહ્યું, તેમને સુખેથી પ્રવેશ કરાવો હુકમ મળતાં છડીદારે ધમલાને અને જાલમસીંહને દરબારમાં દાખલ કર્યા.

જોધપુરનો દરબાર જોઇ ધમો અને જાલમસીંહ દીંગ થઈ ગયા. દરબારગઢની શોભા દરબારીનો દોર દમામ ! અને જોધાણુનાથની રાજસી છટા ! તે જોઇને અચંબો પામી, કાંઇ નવાઈ જેવું નહોતું.

દરબારગઢમાં પ્રવેશ કરી વાર્તા કહેનાર માટે ગોઠવેલા આસન ઉપર બંને જણા બીરાજમાન થયા. અને વાત કહેવા માટે અંદરોઅંદર હાંહાંતુશ કરવા લાગ્યા, ધમો જાલમસીંહને કહે કે તું કહે, ને જાલમસીંહ ધમાને કહે કે તું કહે, એ પ્રમાણે અંદર અંદર ગુસપુસ કરવા લાગ્યા; છેવટે જાલમસીંહે વાત ઉપાડી.

જાલમસીંહે કહ્યું એક હતો કઠીઆરો; ત્યાં ધમાએ કહ્યુ, તેનો બાપ હતો રાજા. આ શબ્દો સાંભળી વીણાએ પડદામાંથી કહ્યું નહી; વીણાનો નહીંનો શબ્દ સાંભળી છડીદારે તેમને આસન ઉપરથી ઉઠાડી મુક્યા; તેમને ઉઠાડી મુક્યા, ત્યાં ઢંઢેરો પીટનાર દરબારગઢમાં આવ્યો, અને એક જોગી વાર્તા કહેનાર આવ્યા છે, તેવી ખબર આપી.

જોધાણનાથે કહ્યું, સુખેથી આવે વાર્તા કહેનાર માટે જોધપુરનો દરબાર ખુલ્લોજ છે. આ પ્રમાણે આજ્ઞા થતાં કઠીયારો જોગી વેશમાં દરબાર ગઢમાં દાખલ થયો, અને વાર્તા કહેનાર માટે જે આસન ગોઠવ્યું હતું, તેના ઉપર આવીને બેઠો,

વાત કહેવા આવનાર જોગીનું અલૌકિક તેજ, અને ભવ્ય કપાળ જોઈ જોધાણનાથે કહ્યું, જોગીરાજ ! શું તમને રાજકઠીયારાની વાત આવડે છે ? જોગીરૂપમાં કઠીઆરાએ કહ્યું, હાજી પણ પ્રથમ મારી એક શરત કબુલવી પડશે. ત્યાર બાદ વાત શરૂ થશે, જોધાણનાથે કહ્યું, શી ? કઠીઆરાએ

કહ્યું, મારી વાતમાં કોઈથી વચમાં બોલાશે નહી; ને જો વચમાં કોઈ બોલશે તો વાત અધુરી મુકાશે; કેમ કબુલ ! દરબાર સમસ્તે કહ્યું, હા કબુલ.

દરબાર સમસ્તની કબુલાત લઈ જોગી રૂપમાં કઠીઆરાએ કહ્યું. હે સકળ રાજનમાં શીરોમણી રાજા જેષાણુનાથ ! હે ? સતી સુંદરી ! હે સકળ દરબારીઓ ! વાત શરૂ થાય છે. એમ કહી વાત ઉપાડી.

રાજકઠીયારાની વાત.

ભરતખંડમાં સુંદીર ગામ, ક્ષત્રીઓનું મોટું ધામ:
જજજા નામે પુરનો ધણી, સનામે રાણી પદમણી.

આ વાત સાંભળી જેષાણુનાથ અચંબો પામ્યા, અને વચ્ચે નહી બોલવાની આપેલી કબુલાતની વાત બીલકુલ વીસરી ગયા અને કહ્યું જ એટલે જેષાણુનાથ ! અને સ એટલે સોઢી રાણી તો નહી ! જેષણુનાથ આ વચનો બોલ્યા, ત્યાં કઠીઆરાએ કહ્યું, વચમાં બોલ્યા તેથી વાત રહી. એમ કહી આસન ઉપરથી ઉઠીને ઉભો થઈ ગયો, અને જવા માંડયું.

કઠીયારે જવા માંડયું, ત્યાં પ્રધાનજીએ ઉભા થઈ જોગીરૂપમાં કઠીયારાને શમજાવ્યો અને કહ્યું, એટલી ભુલની ક્ષમા કરો, અને વાત આગળ ચાલુ કરો, પ્રધાનજીની આજીજીથી કઠીયારો આસન ઉપર બીરાજમાન થયો, અને પાછી વાત શરૂ કરી.

( રાજકઠીયારાની વાર્તા ચાલુ )

એક દિવસ નિશાએ રાય, પાસે રાણી ચાંપે પાય;
રાત દિવસનો પડયો વિવાદ, હોડ કરી કીધો સંવાદ;
ચઢા ઉતરી બેને થાય, રાજા હઠમાં આવી જાય;
હાજી આએ હાજીહા કરી, કાળી રાત બપોરે ઠરી;
ગર્ભવંતી ગુણવંતી નાર, મુકી રાત્રે વન મોઝાર;
રોતી પીટતી રાણી ગઇ, વનમાં પ્રસુત પીડા થઈ.

રાણીને પ્રસુત પીડા થઇ તે વાત સાંભળી જોધાણ નાથની અધીરાઈ વધી, અને પાછી વચ્ચે નહી બોલવાની આપેલી કબુલાત વીસરી ગયા ને કહયું,જોગીરાજ! રાણીને અવતર્યું શું !

રાજાજી વચમાં બોલ્યા, તેથી કઠીઆરાએ કહયું, પાછા વચમાં બોલ્યા, તેથી વાત રહી, એમ કહી આસન ઉપરથી ઉભો થઇ ગયો, તે ઉભો થયો, ત્યાં પ્રધાનજીએ તેની પાસે આવી કાલાવાલા કરી સમજાવ્યો, અને પાછો આસન ઉપર બેસાડયો. જોગીરૂપમાં કઠીયારે આસન ઉપર બીરાજમાન થઇ પાછી વાત શરૂ કરી.

( રાજકઠીઆરાની વાર્તા ચાલુ )

જાયો કુંવર કન્હઇઓ કાન્હ, જાણે બીજો ભુપ નિધાન;
પણ પતીવીણ સતીનું મન કચવાય, જુવે પુત્રને રોવાઇ જાય;
રાણી શોક અધિક મન ધરે, દીકરો લઈ કણીયું પરવરે

સુખ દુઃખના આવ્યા દિન, સતીનું શરીર થાતું ક્ષીણ;
પુત્ર ઉગારી માતા મરે, સદ્ધિ સ્વર્ગ વિશે સંચરે.

જોધાણનાથે રાણીનું મૃત્યુ સાંભળી, એક જબરી હાય મારી હાય ! શોઠી રાણી !

(રાજકઠીયારાની વાર્તા ચાલુ)

મરતાં માદળીયું દિધ હાથ, માતાએ આશીશ સંગાથ;
કુંવર પછી કઠીયારો ઠર્યો, પીતા ક્રોધથી કુંવરી વર્યો,
સતીએ કળકર કાઢયું દૂર; ત્યાંથી આવ્યાં શ્રી સિદ્ધપુર.

જોધાણનાથે કહયું, હેં ! પરણીને સિદ્ધપુર સુધી આવ્યાં ! કઠીયારે કહયું, પાછા વચમાં બોલ્યા ? જોધાણ-નાથે કહયું, હવે આગળ ચલાવો; ત્યાં કઠીયારે વાર્તા આગળ ચલાવી.

(રાજકઠીયારાની વાર્તા ચાલુ)

કપટે કંથ વગડે ઉપડે, સતી સસરાને પાલવડે;

જોધાણનાથ અચંબો પામ્યા, અને કહયું કોણ મારા દકરાની વહુ ! ત્યાં વીણાસુંદરીને પતીનો શક જવાથી એક-દમ પડદામાંથી બહાર આવી, અને કહયું; જોગીરાજ !

(રાજકઠીયારાની વાર્તા ચાલુ)

વીણા—કહો જોગી પતી જઇ રહ્યા ?
કઠીયારો—જંગલમાં જોગી થઇ ગયા.
વીણા—કહો જોગી સસરાનું શું થયું ?

કઠીયારો—પુત્રવધુપર ચિત્તજ ગયું.

દરબાર સમસ્તે અતિ આશ્ચર્યવંત થઇ કહ્યું, હે! જોધાણનાથે કહ્યું, હાય રે ગોઝારા જોધાણનાથ ! દીકરાની વહુ ઉપર નજર કરી ! તને લાખો ફીટકાર છે, એમ કહી પોતે પસ્તાવો કરવા લાગ્યો, અને જોગી રૂપમાં કઠીયારાને કહ્યું; કહો જોગીરાજ !

(રાજકઠીયારાની વાર્તા ચાલુ)

જોધાણનાથ--કુંવર તાતથી કેમ પમાય !

વીણા--સતીને પતીનો સમાગમ ક્યાં થાય !

કઠીયારો—ઉત્તર સામી આંખ્યો કરો,

દક્ષીણ સામા પીઠજ ધરો.

જોધાણનાથે કહ્યું, આ કર્યા ! આ કર્યા ! પણ કુંવર ક્યાં ? વીણાએ કહ્યું, આ કર્યા ! આ કર્યા ! પણ પતી ક્યાં ! કઠીયારાએ કહ્યું, કરો, પછી બતાવું છું. એમ કહી ઉપરનો જોગીનો પોશાક દુર કરી અંદરના રાજવી પોશાકમાં સજ્જ થઇને કહ્યું.

( રાજકઠીરાની વર્તા ચાલુ )

જ્યો પીતા શ્રી જોધાણનાથ !

લે સતી આ તુજ પતીનો હાથ.

( રાજકઠીયારાની વાતો સંપુર્ણ )

જોધાણનાથ કુંવરને ભેટ્યા અને સતીએ પતીને

વંદન કર્યું; જોધાણનાથે પોતાના કુમારને પોતાની ગાદી ઉપર બેસાડયો, અને મનમાં રાણીના મરણના શોક સાથે રત્ન જેવા કુમારને જોઇ હર્ષ પામ્યા. આખો દરબાર આનંદીત થયો, અને દરબારીઓએ રાજાને અને કુમારને આશીશનાં વચનોથી વધાવ્યા.

દરબારીઓ— ગાયન

( વાહ દીવસ વાહ સમય ) એ રાહ

ધન્ય ઘડી ધન્ય દીવસ, ધન્ય સમય જય જય જય જય
પ્રભુની મેહેર, આનંદ લેહેર, કુંવર મળીયા આહાહાહાહા
ભેટાડયા નાથ, કુંવર સાથ, આનંદ આજ આજ
સથી સંગાથ, ભેટડયા નાથ, રાણી પ્રભુ લાજ લાજ—ધન્ય
જેમથી, નેમથી, પ્રેમથી, રેહેમથી,
મળીયા રાજકુમાર ને શાણી સતી ધન્ય ધન્ય—

દરબારમાં આનંદ શીવાય બીજું નામ નહોતું, આનંદ કેમ ન થાય! અણુચિંતવી લક્ષ્મી મળતાં કોને આનંદ ન થાય! અણુચિંતવ્યો લાભ મળતાં કોને આનંદ ન થાય! અણુચિંતવ્યું વ્હાલામાં વ્હાલું હોય તે મનુષ્ય મળતાં કોને આનંદ ન ઉભરાય! તેમજ અણુચિંતવ્યું વાંસીયા મેહેણું ટળ્યું ને રત્ન જેવો કુંવર મળ્યો તેથી જોધાણનાથને આનંદ થાય, તે કાંઇ વિશેશ નવાઇની વાત ન કહેવાય.

આ પ્રમાણે સર્વ દરબારમાં આનંદ ફેલાઇ રહ્યો છે, ત્યાં ધમાએ કહ્યું, જાલમસીંહ ! આતો નદીનું પાણી મહાસાગરને મળી ગયું, અને આપણે રહયા રખડતા ! જાલમસીંહે કહ્યું દોસ્ત ! ગભરાય છે શા માટે ? જ્યારે જોધપુરના દરબારમાંથી ઉપાડીએ ત્યારે હું બુઢ્ઢો સંતદાસ અને આ ચેલો રામદાસ બે ખરા. ધમે કહ્યું. કેવી રીતે ? જાલમસીંહે કહ્યું, કેવા રીતે શું ! યુક્તિથી; ધમે કહ્યું, ઠીક છે હાલ મોતીએ ચોક તો પુરો,

એ પ્રમાણે માંહોમાંહી વાત કરતા પોતાના મુકામ તરફ જવા નીકળ્યા, રસ્તામાં એક યુક્તિ શોધી કાઢી, અને તેથી સાફલ્યતા મળવાની તેમની ખાત્રી થઇ. એ પ્રમાણે વિચારના તરંગમાં ને તરંગમાં પોતાના મુકામે પહોંચ્યા

જોધાણનાથે આજની ખુશાલીમાં દરબારગઢમાં વારાંગનાઓને નાચ કરવા માટે બોલાવી, વારાંગનાઓએ દરબારગઢમાં આવી નાચ કર્યો.

વારાંગનાઓ— નાચ

સખી રૂમઝુમ કરતી આવો નાચો તીરકીટ તીરકીટ ધા.
તકધા....................તકધા....................તકધા.......,
દીયો તાલ તનનનનન તેરના—સખી૦
તેરે તેરે તનનનન દીમ દીમ દીમ તના

ધા.......ધા........ધા તીના તા તીના ના ધીન્ના ન ધીન્ના
કડાંન કડાંન ધા–છીમ છુમ છુમ છક છક છા
હ્યા તાંન આ.........................તોડો કાઢો
રંગમાં..............કડાંનધા................કડાંનધા
સખી ઝૂમ ઝુમ કરતી—

વારાંગનાઓનો નાચ થઈ રહયો, ત્યાં જોધાણનાથે વારાંગનાઓને સારો શીરપાવ આપી વિદાય કરી, અને પોતે કુંવર અમરસીંહ અને સતી સુંદરી વીણાને લઇ રાજ મહેલ તરફ જવા ઉઠયા, અને કચેરી બરખાસ્ત. કરી.

# પ્રકરણ ૯ મું.

ધર્મને ન્હાને ધુતતા ભેખ ધારી સંતદાસ
પાછળ પસ્તાવું પડે જુવો દાખલો ખાસ.

ધમો અને જાલમસીંહ પોતાને ઉતારે ગયા, અને વીચાર કર્યો કે, વીણાને ઝાઝો વખત જોધપુરના દરબારમાં નહી રાખતાં સત્વર ઉઠાવવી, એવો વીચાર કરી પોતે શેવકોદ્વારા ગામમાં બુમ ઉડાડવી કે સંત મહાત્મા! સમાધિસ્ત થયા છે, માટે સર્વે જણે મહાત્માના દર્શને પધારવું એ પ્રમાણે ગામમાં સાદ પડાવી ધમો મોટો સિદ્ધ બની સમાધીમાં બેઠો, અને જાલમસીંહ ચેલો બની મહાત્માની સેવામાં ગુંથાણો

સાદ પડનારે ગામમાં સાદ પાડયો કે, ગામની ભાગોળે એક મહંત મહાત્મા પુરૂષ પધાર્યા છે, તેઓ સમાધી લેવાના છે, તેથી ગામનું નાહાનું મોહોટું સર્વે મહાત્માનાં દર્શન કરવા પધારજો. એ પ્રમાણે સાદ પાડતો પાડતો સાદ પાડવાવાળો દરબાર ગઢ નજીક આવી પહોચ્યો, ને ઉપર મુજબ સાદ પાડયો,

રાજા જોધાણુનાથ અમર કુમાર સહ દરબાર ગઢમાં આવીને બીરાજ્યા હતા, ત્યાં સાદ પાડનારે સાદ પાડયો. તે સાંભળી સીપાઇને કહ્યું કે, બહાર શેનો સાદ પડે છે, તે તું તપાસ કરી લાવ્ય, સીપાઈને આજ્ઞા મળતાં સીપાઇ બહાર આવ્યો અને સાદ પાડનારને બોલાવી તેની હકીકતથી વાકેફ થઈ દરબારમાં આવ્યો, અને કહ્યું કૃપાનાથ ! એતો ગામની ભાગોળે એક સંત મહાત્મા સમાધિસ્થ થએલા છે, તેમનાં દર્શન કરવા જવાનો સાદ પાડે છે.

સંત મહાત્મા ! તે વળી સમાધિસ્થ થયેલા છે જાણી જોધાણુનાથનું મન તેમના દર્શન માટે દોડયું, અને કુંવરને કહ્યું, અમર કુમાર ! ચાલો આપણે તે સંત મહાત્માનાં દર્શન કરવા જઇએ' અમર કુમારે કહ્યું જેવો પીતાજીનો હુકમ. એ પ્રમાણે કહી દરબારીઓ સહ સંત મહાત્માનાં દર્શન કરવા જોધાણુનાથ અમર કુમાર સાથે સંત મહાત્માના મુકામ તરફ ગયા.

લોકોનાં ટોળેટોળાં મહાત્માનાં દર્શનને કરવા આવવા લાગ્યાં, અને દર્શન કરી સૌ સૌને મુકામે જતું, એ પ્રમાણે જોધાણુનાથ પણ મહાત્મા સમીપ આવ્યા, અને મહાત્માના આડંબરમાં અંજાઇ ગયા; જોધાણુનાથે બનાવટી ચેલાને પુછયું, મહાત્મા સમાધિ મુક્ત કયારે થશે ?

ચેલાએ કહ્યું, મહારાજ ! હમરા ગુરૂ બડા ચમત્કારી હે, મહીને મહીનેકી, છે છે મહીનેકી, ઓર કોઇ દફે બારા બારા મહીનેકી સમાધિ લેતે હે; ઓર જબ સમાધિ લેતે હે, વો સમાધીસે મુક્ત હોવે જહાં તક કુચ ખાતા પીતા નાંહી હે ઓર અગમનિગમ જાનને વાલે બડા સિદ્ધ પુરૂષ હયે.

જોધાણનાથે કહયું, વો સમાધી કાંહાં તક રહેગી ! ચેલાએ કહયું, આજ જો સમાધી લીઈ હે, વો તો ફક્ત તીન દીનકી સમાધી લઇ હય; જોધાણનાથે કહ્યું મહાત્મા સાથે કાંઈ વાતચીત કરવાનું બનશે કે નહી ! ચેલાએ કહ્યુ, ખુશીસે બનેગા, પણ સમાધી મુક્ત હુવા બાદ બનેગા; જોધાણનાથે કહયું, ત્યારે સમાધી મુક્ત થયેથી હું મહાત્માના દર્શન કરવા આવીશ, અને કેટલીક વાતચીત કરવાની મનાવાંછના પુર્ણ કરીશ. એ પ્રમાણે કહી મહાત્માના દર્શન કરી પાછા દરબાર તરફ સીધાવ્યા.

સમાધિસ્ત મહાત્માના ભાવિક ભક્તો ત્યાં એઠાં થએ મહારાજ પાસે અડીંગા લગાવ્યા. બનાવટી ચેલારૂપ જાલ- મસીંહે વીચાર્યું, આ લોકો અહીં બેસશે તો આપણો દાવ ફાવશે નહી, તેથી અડીંગા લગાવીને બેસનારાઓને કહ્યું, ભાઈઓ ! ઇધર બેઠનેકા નહી હે; કભી મહારાજ ધ્યાન ચંગ હો જાયલા તો શ્રાપ દેગા; વાસ્તે દર્શન કર કરકે ચલે જાના. જબ પરમુકે રોજ સમાધિ મુક્ત હોવે તબ આના, હમારા મહાત્મા રોગીકારોગ મીટા દેકે,

દુઃખીકા દુઃખ કાટતે હે, અપુત્રવાનકું પુત્ર દેતાહે,ઔરમહાત્માકી આશીશસે સબકુચ્છ અચ્છા હોતાહે,

શ્રાપની વાતથી અડંગો નાંખી બેસનારાઓએ વિચાર્યું કે ચેલાજીનું કહેવું સત્ય છે: આપણી ગડબડથી ધ્યાન ભંગ થવા સંભવ છે, અને કદાવી શ્રાપ દે, તો આપણું બુરૂથાય; એવો વિચાર કરી સૌ મહાત્માનાં દર્શન કરી પોતાને મુકામે ગયા.

સર્વના ગયા બાદ મહાત્માને ચેલો એકલા પડયા, ત્યાં ચેલાએ કહ્યું, કેમ સંતદાસજી! આપની સિદ્ધાઈની વાત ગામમાં પ્રસરી અને જોધાણનાથે પરમ દીવસે અત્રે આવવાનો વાયદો આપ્યો છે, જોજો આપણો વેશ કળાઈ જાય નહી!

સંતરૂપમાં ધમાએ કહ્યું, તો તે ઠીક, પણ વીણાને ઉપાડવાનો કાંઈ રસ્તો શોધ્યો! ચેલારૂપમાં જાલમસીંહે કહ્યુ, યાર! ગભરાય છે શાને! વીણા દેશને ખાનારી ડાકણ છે તેમ જોધાણનાથને ઠસાવવું; એટલે બેડોપાર, ધમે કહ્યુ, શી રીતે! જાલમસીંહે કહ્યુ, શી રીતે શું પરમ દીવસ તારે પુરો વેશ ભજવવો, તે એજ કે (હાય જોધાણ! હાય અજાણ) એટલાજ શબ્દો બોલવા, એટલે જોધાણનાથ તને વાત પુછશે, ત્યાં બેચાર વાર પુછે ત્યારે કહેવું કે દેશને ખાનાર ડાકીની કન્યા તેના બાપે દેશમાંથી

દુર કરી તે તારે ત્યાં આવી છે. આજસુધી તેની અવધ હતી હવે અવધ પુરી થઇ છે, રઇયતને ખાશે, રાજાને ખાશે, ને દેશની પાયમાલી થશે, હુમ સંતકુ કયા મગર પરોપકારકે લીયે કહેતેહે, એટલા શબ્દો બોલજે પછી હું મારી મેળે તેનો ઘાટ ઉતારીશ. ધર્મે કહ્યું, પણ કાંઈ સાબીતી તો જોઇ શે ! જાલમસીંહે કહ્યું, તેનીપેરવી કરૂં છું. પણ પરમ દીવશે મેં કહ્યા તેજ શબ્દો બોલજે, હું સાબીતીની પેરવીમાં છું. તે મેળવી તને વાકેફ કરીશ, એ પ્રમાણે કહી જાલમસીંહ સાબીતી મેળવવાના વીચારમાં ગુંથાણા.

ત્રીજે દીવસ સવારના પહોરમાં એટ ખવાસ પોતાની સ્ત્રી સહ સંત મહાત્મા પાસે આવ્યો, અને કહયું, મહાત્મા હજી સમાધી મુક્ત થયા નથી! ચેલાએ કહ્યુ. તુમકો કયા કામ હય ! ખવાસે કહયું મહરાજ ? મારી બાયડીને ભુત વળગ્યુંછે, તેથી ઘણી હેરાન થાય છે. અને ખાતી નથી(ચેલે વિચાર્યું આ ઝાડ ઠીક હાથમાં આવ્યું.)ચેલે કહયું વો કયા કયા કામ કરતીહે ! ખવાસે કહયું, મહારાજ જનાનામાં નોકર છે.(જનાનામાં નોકર સાંભળી જાલમસીંહ વધારે ખુશી થયો અને કહયું) તુમ તુમારી ઓરતકું ઇધર રખ જાઓ હમેશ મહાત્મા સમાધિ મુક્ત હોગા તેજ વખતે આંખ ઉઘાડી તુમેરી ઓરતકી તર્ફ નજર કરેગા, કે ભુત

ગુલ સબ ભગ જાઈંગે ખવાસે કહ્યું બહુ સારૂં બાપજી! એમ કહી પોતાની સ્ત્રીને ત્યાં મુકી પોતે પોતાની નોકરી ઉપર ગયો.

ખવાસ ગયો, ત્યાં ખવાસની બૈરીએ ધુણવાનો ઢોંગ કર્યો; ખવાસની સ્ત્રીને ધુણતી જોઈ જાલમસીંહે ચીપીયો લાલચોળ તપાવીને કહ્યું, હવે ઢોંગ જવા દે, તેરા મેં શુરૂ કૃપાસે સમજ ગયા.એસા ભીના હક કા ઢોંગ કરનેકા સબબ તેરા ધનીકું કાબુમેં રખનેકા હે ક્યું? ખવાસની સ્ત્રી બનાવટી ચેલાનું કહેવું સાંભળી તેને પગે પડી અને કહ્યું, આ વાત કોઇ જાણે નહી તેમ રાખશો.

બનાવટી ચેલે કહ્યું, તું કીસકીપાસ નોકરછે ?ખવાસની સ્ત્રીએ કહ્યું કુંવર સાહેબના જનાનામાં છું,આ વાત સાંભળી જાલમસીંહ વધારે ખુશી થયો, અને કહ્યું, વારૂ! હમો તમારૂં પોગળ વેરીશું નહી, પણ એક શરતે! ખવાસની સ્ત્રીએ કહ્યું, શી ? ચેલાએ કહ્યું, હમારે સાધનામાં કોઇ શૌભાગ્યવંતી બાઈના પગે ત્રીશુળના નીશાનની જરૂર છે, તેકામ કરી આપવાનું, ખવાસની સ્ત્રીએ કહ્યું,તે કેવી રીતે! ચેલાએ કહ્યું, કેવી રીતે શું ? તમારી રાણીના ડાબા પગે ત્રીશુળનું નીશાન કરવું તેજ, ખવાસની સ્ત્રીએ કહ્યું,તે શી રીતે બને ? ચેલાએ કહ્યું; હમારે થોડુંજ તારી રાણીનું કાંઇ કાઢી લેવાનું છે ? આ તો ફક્ત સાધનામાં જરૂર છે,

તેથી જ આટલું કામ બતાવ્યું. ખવાસની સ્ત્રીએ કહ્યું,ઠીક છે મહારાજ હું તમારૂ કામ કરીશ, પરંતુ મારી વાત કોઇને જણાવતા નહી, ચેલાએ કહ્યું, તમારી વાત નહી જણાવવાનું હું વચન આપું, પરંતુ પ્રથમ ત્રીશુળનુંનીશાન કરવાનું તું વચન આપ.

આ પ્રમાણે સામસામી વચન લઈ ખવાસની સ્ત્રીને તેને ઘેર વીદાય કરી, પછી ગુરૂરૂપ ધમાને કહયું, કેમ દોસ્ત ! ઠીક કર્યું ને ! ધમાએ કહયું શું ?ચેલાએ કહયું,શું! શું !આ ખવાસની સ્ત્રી નીશાન કરવાની, તે વાત ચોકસ માનવી કારણ તે કાંઈ થોડુંજ જાણે છે કે આપણી કપટની બાજી છે, અને મેં તો તેને સાધનામાં જરૂર જણાવી છે, અને તેના ઢોંગ છુપાવવા વચન આપ્યું છે, એટલેએટલી બાજીમાં તો ફાવ્યા છીએ; પણ હવે બાજી જીતવી તમારા હાથમાં છે ધમાભાઇ !

ધમે કહયું તે તો ઠીક, પણ ત્રીશુળનું નીશાન કરાવી શું કરવા ધાર્યું છે, તે તો કહો ! જાલમસીંહે કહયું, ન સમજ્યો ?ધમે કહયું, જો સમજ્યો હોત, તો પુછત શું કરવા ! જાલમસીંહે કહયું, વીણા દેશને ખાનારી ડાકણ છે તેમ રાજાને જણાવવું, અને કહેવું કે બાપે કાઢી તે અહીંઆં આવીને રહી છે; હવે અવધ પુરી થવા આવી છે, તેથી રાજાને ખાશે, રઇયતને ખાશે, અને દેશની પાયમાલીકરશે;

હમારો તો કહેવાનો ધર્મ તેથી કહ્યુ, તેનો બંદોબસ્ત કરવો ન કરવો તે તમારૂં કામ છે, એમ રાજાને જણાવવું.

ધમે કહ્યું, પણ રાજા માનશે કેવી રીતે? જાલમસીંહે કહ્યું, કેવી રીતે શું? કહેવું કે ખપ્પર યોગણી છે; તેનું નીશાન આજથી ક્ષુપુ હતું, પણ અવધ પુરી થવાથી ખુલ્લુ થયું છે; તે એ કે ત્રીશુળની નીશાની બતાવવી, કે બેડો પાર.

ધમે કહ્યું, ઠીક છે, મોતી એ ચોકતો પુરો. જાલમસીંહે કહ્યું, જો! જો! સામેથી રાજાજી આવતા જણાય છે, માટે આડંબર લગાવી બરોબર ગુરૂ બની જાઓ, એને કહી એ વાત ભુલતો નહી, નહીતર મહેનત વ્યર્થ જશે. અને ઉપરથી શીક્ષા થશે. ધમે કહ્યું તારા જેવા ગુરૂ છતાં વાતને ભુલાયજ કેમ! એમ એ પ્રમાણે કહી બરોબર આડંબર લગાવી ('હાય જોધાણુ—વાય અજાય') એટલાજ શબ્દોની ધુન લગાવીને બેઠો, અને જાલમસીંહ બાજુમાં સ્વસ્થ બેઠો ત્યાં જોધણુનાથ તથા અમરકુમાર આવી પહોંચ્યા, અને જોગીને પ્રણામ કર્યા; "હાય જોધાણુ—હાય અજાણુ" એજ શબ્દો વારંમવાર સીદ્ધના મુખથી નીકળતા જોઇ રાજા તથા કુંવર અચંબો પામ્યા, અને શા માટે આ શબ્દો બોલે છે, તે જાણવાની જીજ્ઞાસા ઉત્પન્ન થવાથી ચેલારૂપ જાલમસીંહને પુછ્યું. ચેલાજી! આ ગુરૂજી શું બોલે છે, તે કાંઇ સમજાતું નથી,

જાલમસીંહે કહયું, હમણી નાંહી જાનતે કે ગુરૂજીને ક્યા ધુન. લગાઈ હે, આપકી ઇચ્છા હોવે તો હમ પુછ દેએ; જોધણનાથે કહ્યું, પુછો તો ખરા, આ ધુન શા બાબત લગાવી છે. કારણ મહાત્મજનોને સંસારની ઉપાધીમાં પડવાની કાંઈ જરૂર હોતી નથી, પરંતુ આતો સંસારી જંજાળ જેવું જણાય છે. ચેલાએ કહયું, ક્યા સબબસે યહ ધુન લગાઈ હેગી વો બાત ગુરૂસે હાલ સુનાતાહું,

આ પ્રમાણે કહી જાલમસીંહે સીદ્ધરૂપ ધમાને કહયું સિદ્ધજી! યહ ધુન કેસી લગાઇ હેગી, વો જાનને કે લીયે જોધાણનાથ આતુર હે, તો યહ ધુન કે હાલ સુનાઓ ઓર ઉસકા સબબ દીખાઓ, આપકે કહે સીવાય વો હાલ હમ કીસતરેહસે જાને કે તુમ ક્યા ધુન લગાતે હો,

ગુરૂરૂપ ધમાએ કહયું, ચેલા પરોપકાર કરના વો સબકા કામ હે ઓર અપને યોગી લોકોકું તો તે મુદામહે, પરોપકાર કરનેકા ઉમંગ દીલમે આયા ઓર ઇસ સબબસે યહ ધુન લગાયા, ચેલાએ કહયું, કેસે પરોપકાર કરનેકાદીલમે આયા. કે યહ ધુન લગાયા, ગુરૂરૂપ ધમાએ કહયું, દેશકું ખાનાર, રાજ્યકા નખ્ખોદ વાળનાર, અને રૈયતકું શોક સમુદ્રમેં ડુબવનાર ડાકીની કન્યા ઇસકા પીતાને નીકાલ દીઈ, તે ડાકીની કન્યા યહ રાજ્યસે આઈ. ઉસકી અવધપુરી હોનેકુ આઈ હે સીદ્ધાઇ કે યોગસે યહ ખબર હમકો પાઈ

હે. રાજાકું ખાયગી, રૈયતકુ ખાયગી, રાજ્યકુ પાયમાલ બનાયગી; યહ ફીકરસે હમ પોકાર કર હે રહે, માનના ન માનના રાજાકી મરજી. રાજ્યકા ઓર રૈયતકા બચાવ કરના વો રાજાકા ખાસ ધર્મ છે, રાજ્ય ઓર પ્રજાકુ આફતસે બચાના વો રાજાકા મુખ્ય કર્મ હે હમને તો સત્ય થા વો સુના દીયા, હમ જોગીકો ક્યા શર્મ હે,

રાજકુમાર અમરસીંહે કહયું, ખોટું ખોટું તદ્દન ખોટું, શું વીણા ડાકીની ! નીશાની ! સીદ્ધરૂપ ધમાએ કહયું, નીશાની વોહીકે ઉસકે પેર મે ખપ્પરકા ચિન્હ ત્રિશુળ આજ તક છુપાથા, પરંતું અવધપુરી હોનેસે ખુલ્લા હુવા હે, ઊસ્કા રશ્તા રાજા ન કરે અને ધર્મ વિરૂદ્ધ વિચરે તો રાજાકી મરજી,

રાજકુંવરે કહયું, વારૂ ! એ નીશાની બતાવશો ચેલાએ કહયું, હાં, હાં, ખુશીસે દીખાઈંગે, યહ સિદ્ધ માહાત્માકુ જુઠ બોલનેકી ક્યા જરૂર ! નીશાન દેખનેસે ખાત્રી હોગી. જોધાણુનાથે કુંવરને કહયું ભાઈ ! એક તો એ સતીનો ઉપકાર વીસરાય તેમ નથી, અને બીજી તરફથી ધર્મને પણ જતો મુકાય તેમ નથી, શું કરવું તેની સમજ પડતી નથી, નીશાન સાથે ખુલાસો મળે, તો પ્રજાનું અને રાજ્યનું રક્ષણ કરવું તે રાજાનો ધર્મ છે, અને તે ધર્મના

ખાડે નહીં આવતાં ખાત્રીમાં નીશાનની વાત મળેતો સીદ્ધ કહે તેમ વર્તવું તે તમારૂં કર્મ છે, માટે ખુશી થઈ ખુલાસો આપો, એને આ શીરપર આવેલી ધર્મની આફતને કાપો,

રાજકુમારે કહયું કઠીઆરામાંથી રાજયકુમાર, બનાવનાર. પીતા પુત્રને મીલાવનાર તે સુંદરી તેવી હોયજ નહી, જોધાણનાથે કહયું, વારૂ કદાપી સીદ્ધનું કહેવું ખરૂં ઠરેતો ! રાજકુમારે કહયું, પીતાની આજ્ઞા પાળવી તે મારી ફરજછે, ધર્મનું રક્ષણ કરવું તે તમારી અરજ છે. સીદ્ધને પુછો કે વખતે તમારૂં કહેવું સત્ય ઠરે. તો શું કરવું ! શુરૂપ ધમાએ કહયું, હમારી પાસે એક પેટી હે વો હમ ભેજદેઇંગે, ઉસમે બંધ કરકે હમેરી પાસ પહુચાના, ફીર હમ ઉસ્કો પૈક કીયા કરકે જમીનમેં ગાડ દેઇંગે; સબકો આફતસે બચાઇંગે જોધાણનાથે કહયું બહુ સારૂ ચેલાજી અમારી સાથે આવો, અને તે નીશાની બતાવો. જાલમસીંહે કહયું, ચલો હમ આતેહે, નીશાન દીખાતે હે, એ પ્રમાણે કહી ચેલાને તેડી જોધાણનાથ તથા રાજકુમાર પોતાના મહેલ તરફ ગયા.



# પ્રકરણ ૧૦ મું.

ધર્મ ઢોંગી થઈ ધુતતા ભેખ ધરી જગમાંહ્ય
ખાત્રી આ દ્રષ્ટાંતથી જુવો દાખવી ચાંહ્ય.

વીણા ભર ઉંઘમાં પોતાના મહેલમાં પડેલી હતી, ત્યાં દાશી હાથમાં ત્રીશુળનું ચિન્હ લઈને આવી, અને વીચાર કરવા માંડયો; આ હું ઘણુંજ ખોટું કરૂં છું, રાણીના ભરોસાનો ગેરઉપયોગ કરૂં છુ. પણ નીશાન કરવાથી રાણીનું કાંઇ બગડતું હોય તો નીસાન ના કરૂં, પણ આથી કાંઈ રાણીનું બગડવાનો સંભવ નથી, આતો બીચારા સિદ્ધનું કામ થાય છે, આપેલું વચન પળાય છે; રાણીબાને જાગ્યા પછી મારો વાંક જણાવીશ, અને ક્ષમા માગીશ, માટે હાલ તો નીશાન કરવુંજ, એવો નિશ્ચય કરી ડાબા પગ ઉપર તે નીશાન છાપીને ચાલી ગઈ, તેને બીચારીને થોડીજ ખબર હતી, કે એ ઠગ ગુરૂ ચેલાનું કાવતરૂં છે, રાણીને દુઃખી કરવાનું બાહાનું છે.

દાસીના ગયા બાદ જોધાણનાથ, અમરકુમાર, તથા જાલમસીંહ ચેલારૂપે આવી પહોંચ્યા ચેલાએ કહયું કયું દીખાઈ? કુંવરે કહયું સાગુર! અરે ભગવાન ન નીકળે તો કેવું સારૂ? મારી કંગાલ દશા દુર કરનાર સુંદરીનો ત્યાગ

કરવો પડશે ! જેવી પ્રભુની ઇચ્છા, એ પ્રમાણે પશ્ચાતાપ કરવા માંડયો.

ચેલાએ કહયું, કયું કીતની દેર હે! હમકુ દેરલગતી હે, ના મરજી હોવે તો તુમેરી મોજ, હમ જાતે હે રાજ-કુમારે કહયું ના મહારાજ ! બતાવો? ચેલાએ પગેથી સાડીનો છેડોઉંચો કરી ત્રીશુળનું નીશાન, કે જે દાસીએ તુરત તુંજ છાપેલું હતુ તે બતાવ્યું, કહયુંદેખો ! દેખો ! દેખો

રાજકુમારે મોટી હાય મારી, અને ચેલાને પેટી મોકલવાનું કહી રજા આપી. ચેલાના ગયા પછીતેણેપશ્ચાતાપ કરવા માંડયો, ત્યાં વીણા જાગી ઉઠી, અને રાજકુમારને વિમાસણમાં પડેલો જોઇ કહયું નાથ ! આમ આટલા બધા દીલગીર શામાટે ! શું આ દાસીનો કાંઈ અપરાધ થયોછે ? તેમ હોય તો નાથ ક્ષમા કરો, અને દિલગીરી પરહરો,

વીણા— ગાયન

(સખીરી!મોહનમંત્રની તાન) એ રાગ

પીયુજી !મુખે મધુરૂ હાસ્ય
ગયું ક્યાં આજે ઉડી ખાસ !–પીયુજી
ધરી ઉર શું રીસને, ખોયો મુખ ઉજાશ
વાંક આવે અબળા વીશે, ડગલે ડગલે વાસ–ગયું૦
ક્ષમાવંત છો નાથજી તજો ઉર ઉદાસ !

વ્હાલા વ્હાલની પ્યાસ, નથી અવરકો આશ,
નાથ ન કરો નીરાશ—ગયું૦

રાખો હઠીલાજી હદ, જબરો જુલમ ન કીજીએ
મુખે મધુરૂ જે હાસ્ય,નાથ મારૂ તે તો મુને દીજીએ
બોલો મધુર મુખ બોલ, વ્હાલે દાસીપર રીઝીએ
ગમે તેવી પણ નાથ છું તમારી
હાસ્ય કરો શાન્તિ ધરો, ને ચિંતા હરે.—રાખો૦

---

માટે નાથ! જે કરવું હોય, તે સુખેથી કરો, આ કાયા અને તેની અંદર રહેલો આત્મા તે સૌ તમારૂંજછે. તેના તમોજ મુખ્તીઆર છો,માટે તેનું દિલ ચ્હાય તે કરો, પણ તમારૂ મધુરૂ મંદ મંદ હસવું તેતો મારૂજ છે, માટે તે મને આપો. બોલો !બોલો ! નાથ બોલો ? રાજકુમારે કહયું, બોળવા બેઠેલો શું બોલું; વીણાએ કહયું, નાથ ! આટલી તુચ્છ માગણીનો પણ સ્વીકાર કરી શકતા નથી ! જૂવો સાંભળો.

ગાયન

અજબ છે પ્રેમ હું પ્યાસી
હૃદય ઈચ્છેછે સાચોએ—અજબ
રૂપ રઢીયાળુ રાજવી, દેવાંશી અવતાર
મધુર હસવું મનવસ્યુ, અન્ય ન ચાહુ લગાર

વઇભવને નવ ચહુ જરી, પરવા નહી તલભારં
મહેલ અટારી માળીઆં, ઇચ્છુ નહી ભરથાર
માગુ ન ઝાંઝર ઝુમણાં; દે નહી નાણું નાથ
માગુ એટલું નાથજી હસી બોલો મુજ સાથ
તજ્યાં મેં સુખ રાજતણાં,રહી હું ભરૂસે ભાવી
નસીબમાં જો હતુ મારા, તાં સર્વે મળ્યું આવી
નીકળ્યા રાજ સુખરાસી..................અજબ

માટે નાથ ! જરા હસીને આ દાસીનો સંતાપ દુર કરો. બોલો ? બોલો ! નાથ: જરા બોલો ! શું તમને જરા પણ દયા આવતી નથી ! કઠીઆરાએ મનમાં પ્રશ્ચાતાપ સાથે પોતાના મનનેજ કહયું "ગાયનું ગળું કાપનાર હું કસાઈ ને તે દયા શાની ?" વીણાએ: કહયું નાથ ! આપની ઉદાસીનું કારણ જણાવા કૃપા કરશો ? રાજકુમારે કહયું, સુંદરી તે વાત તમો પુછશો નહી, તે શીવાય જે કહેવું હોય તે સુખેથી કહો.

આ પ્રમાણે વાત ચાલે છે ત્યાં મહાત્મા ધમાભાઈની મોકલેલી પેટી સેવકદ્વારા આવા પહોંતી; સેવકે કહયું, મહારાજ પેટી આવી છે. રાજકુમારે કહયું તે અહીયાં મુકી તમે બહાર જાઓ; રાજકુમારનો હુકમ થતાંજ સેવકપેટી

મુકી ચાલ્યો ગયો; સેવક ગયો, ત્યાં વીણાએ પુછ્યું,નાથ! આ પેટી શાની ?

રાજકુમારે કહ્યું, સુંદરી ! મારા મનની ઉદાશીની અને આ પેટીની વાત શીવાયની વાતો વીચારો, અને આ પેટીમાં પધારો; અન્ય વાત પુછતાં નહી. વીણાએ કહ્યું, ઓહો ! એજ મારા નાથની ઉદાશીનું કારણ ? અરે એ પેટીમાંતો શું, પરંતુ ભડભડ ભયાનક આગમાં. દવ દવા કરતા દુરંધર દાવાનળમાં, અને ચારે કાંઠે વેહેતા પાણીના પુરમાં પ્રવેશ કરવાની પતી આજ્ઞા આપે,તો દાસી તૈયાર છે; તો પછી આ પેટીના શાભાર છે ? નાથ ? નાથ !આપ હસીને આજ્ઞા આપો, અને આ દાસીનો હર્ષ વધારો, રાજકુમારે કહ્યું,સુંદરી બોલવું રહેવા દઇને પેટીમાં પધારો, પતીની આજ્ઞાને માન આપનાર સતીએ પેટીમાં પ્રવેશ કર્યો. અને કહ્યું, નાથ ?મારૂ તો ગમે તેમ થાવ, પરંતુ પ્રભુ તમોને બચાવે એવી મારી પ્રભુ પાસે અંતરની પ્રાર્થના છે.–

વીણા— ગાયન

(ન રડ તું ઓ હૃદય મારા) એ રાહ.

છો આધાર નોધારાના પ્રભુ માગુ છેવટ જાતાં
દિન અબળા હું કોપયા કંથ,વીનંતી છેપ્રાણ લુટાતાં;

ભલે આ પ્રાણ મુજ જાયે, પતી આજ્ઞા શું લોપાયે ?
ગાઉં ગુણ ગાન પ્યારાના પતી સતી મોક્ષના દાતા–છો.
રૂધીર વરસે મુશળ ધારા, સાચવજો કાય પીયુ પ્યારા
થઇ અળગી હવે તો હું છેવટ પ્રણમું અલગ થાતાં–છો.

વીણા સુંદરી છેવટના પ્રણામ કરી પેટીમાં મૂઠી, ત્યાં પેટી બંધ કરી અને સેવકો પેટીને ઉપાડી સીદ્ધને ત્યાં મુકવા ગયા, પેટી લઈ ગયા બાદ રાજકુમાર ગમગીનીમાં ગીરફતાર બન્યો હાય ! ગુમાવી ! સુકોમળ સુંદરી ગુમાવી, ઉંઘમાં અપછરા આવી, પણ મેં મુરખાએ ન બોલાવી કે ન ચલાવી. હાલ હું ચિત્ત ભ્રમ જેવો બન્યો છું ? બનેલા બનાવથી દિલને આરામ નથી. બળતી ચિંતાગ્નિને ઠારવાનું ઠામ નથી, વીશ્રામનો મુકામ નથી. વાર્તાનો વીશામો એ સુંદરીની સાથે ગયો, હું નિર્ભાગી એકલો રહયો. એ પ્રમાણે પશ્ચાતાપના તાપમાં તપી ગએલો રાજકુમાર પીતા તરફથી આમંત્રણ આવતાં પીતા પાસે ગયો, પરંતુ તેનું પ્રેમી હ્રદય તો પ્રેમની પુતળી વીણા સુંદરીની પાછળજ ચાલ્યું ગયું, એટલે કે પ્રેમ એ શબ્દ તેના અંતરમાંથી સદાને માટે નાબુદજ થઇ ગયો.

## પ્રકરણ ૧૧ મું.

સ્વારથ આ સંસારમાં જગે જગે દેખાય
સમજો સજ્જન મન થકી પાછળથી પસ્તાય.

ધમો પોતાના ઉતારામાં વીચાર નાવ મળમાં શું થાયો હતો, અને જાલમસીંહ ત્યાં હાજર નહોતો ધમે વીચાર્યું ચાલો આજ ઠીકજ થયું, વીણુને ડાકીની ઠરાવી, અને આપણી બાજી ફાવી, અત્યારે સંતદાત જાલમસીંહ ભાઇ પણ નથી, માટે જો અત્યારે રાજમહેલમાં મોકલેલી પેટી વીણુસહ આવે તો વીણુને લઇ પસાર; વેલીની બાબતમાં હરામી જાલમસીંહે મને બનાવ્યો હતો તો વીણુની બાબતમાં હું ફસાવું; પણ પાપી જાલમસીંહના આવતાં પહેલાં પેટી આવી જાય, તો તો ઠીક;અરે પેલા રાજસેવકો પેટી લઇનેજ આવતા જણાય છેને !

રાજ સેવકોને આવતા જોઇ ધમો આડંબર લગાવી બેસી ગયો, ત્યાં રાજ સેવકો પેટી લઇ આવી પહોચ્યા અને સિદ્ધિ વેશમાં ધમાને પગે લાગ્યા. ધમાએ આશીર્વાદ કહયો, ત્યાં સેવકોએ કહયું; મહરાજ આ પેટી લાવ્યા છીએ ધમે કહયું, એને અહીંઆં રહેવાદ્યો, સંતદાસ આંવશે એટલે તેનું ઠેકાણું કરીશું. શેવકોએ કહયું. બહુ સારૂ અમો જઇએ છીએ; ધમે કહયું સુખેથી જાઓ,

સિદ્ધ મહાત્માની રજા મળતાં શેવકો પેટી મુકી વીદાય થઇ ગયા, સેવકો ગયા; ત્યાં ધમો પેટી પાસે આવ્યો, અને કહયું, સંતદાસ ગયા તો આખડા ગયા, હવે મને પેટીમાંથી વીણાને કાઢીને લઇને પસાર થવાદે, પસાર ! એ ભલે અહીંઆં લટકયા રહે; પ્રથમ એણે મને લટકાવ્યો હતો, તો હવે હું એને લટકાવું, અને આ ધમાભાઇનો શોક ભતલાવું, એતો વારા ફરતી વારો છે, કાલ તમારો તો આજ અમારો.

આ પ્રમાણે વિચાર કરી પેટી ઉઘાડી અને વીણાને બહાર કાઢી, વીણા બહાર નીકળી, ત્યાં આ યોગી વેશમાં ધમાને જોઇ અચંબો પામી, અને કહયું, હું અહીં કયાંથી ! મારા પતી કયાં ? જોગીરૂપ ધમાએ કહયું, તેતો રહયા જોધપુરના મહેલમાં વીણાએ આશ્ચર્ય ચક્તિ થઇ પુછયું, ત્યારે મને અહીંઆં લાવ્યું કોણ ! યોગી રૂપ ધમાએ કહયું, આ સેવક પોતે વીણાએ કહયું શા માટે ? ધમાએ કહયું, સિદ્ધી રીતે સાથે આવશો, તો વઇભવ ભોગવવા અને મોજ માણવા માટે, નહીતો દેશને ખાનાર ડાકીની ઠરાવી જમીનમાં જીવતાં દાટી દેવા માટે.

વીણાએ મનમાં વીચાર કર્યો, સમજી ! સમજી ! પતીના મને નહી જણાવાના વીચાર હવે પુર્ણ સમજી ! તેમની ઉદાસીનું કારણ પુરે પુરૂ સમ ઠીક છે જોઉ છું

હવે શું બને છે! આ પ્રમાણે વિચાર કરી ધમાને પુછયું, વારૂ! તમો કોણ છો! ધમે કહયું, દુનીયાની નજરમાં સિદ્ધ, પણ અપ્રસિદ્ધ; વીણાએ કહયું અપ્રસિદ્ધ કોણ! ધમાએ બનાવટી દાઢ કાઢીને કહયું. કોણ શું હું ધમો!

વીણાએ કહયું, ચકોરીને ચંદ્રનો સંયોગ છોડાવનાર કાળ મુખારા હુઆ! તને રોમ રોમ કીડા પડશે, અને સતી અબળાને સતાવામાં સાર નહી કાઢે. ધમે કહયું, પણ સુંદરી મેં તમારૂ શું બગાડયું? વીણાએ કહયું, બધું. ધમાએ કહયું, એટલે! વીણાએ કહયું એટલે શું? મેનાને પોપટનો વિયોગ કરાવાય, તેમાં મેનાનું કાંઇ જાય! ચકલીને ચકલાનો વીયોગ પડાવાય તેમાં ચકલીનું કાંઈ જાય! ધમે કહયું કેમ ન જાય! વિયોગના કારી દુઃખનોજ જખમ થાય.

વીણાએ કહયું, તો મને વિયોગ પડાવ્યો, તેમાં તારા હાથમાં શું આવ્યું! આવી દુષ્ટ બુદ્ધિ તને કોણે બતવી! ધમાએ કહયું પાપી જાલમસીંહે. વીણાએ કહયું એ અભાગીઆનો પણ આમાં હાથ છે કે! ધમે કહયું, તેના કહેવાથીજ આ યુક્તિ ઉઠાવી, અને તમને દેશને ખાનાર ડાકણ ઠરાવી, રાજકુમારના હાથેજ પેટીમાં પુરાવી અને એ પેટી શેવક દ્વારા અહીં આવી.

વીણાએ કહયું, પાપીઆ! એક બહેનનો ભવ બ-

ગાંડયો, તેથી ન ધરાયો કે પાછો મારા તરફ ધાયો, જો અભાગીઆ જો! આ ફાની સંસારમાં ભલાઇની કમાઇ કરીલે, આવાં અઘોર પાપ કર્મ કરી સુખ શું ભોગવ્યું, તે તું બતાવીશ ?

ધમે કહયું, કાંઇજ નહીં મા આપઘાત કરી મરી ગઇ, બાયડી નાતરે ગઇ. અને ધમાભાઇની છેવટ આવી દશા થઈ. વીણાએ કહયું, ભલાભાઈ! આ ભવતો બગડયો, પણ પરભવ સુધાર, જેવી સુઠ મારી જાણી, તેવી વાળી જાણ, પ્રેમી જોડાને વીયોગ કરાવ્યાનો પાપનો પોટલો બાંધ્યો, તે પ્રમાણેજ સંયોગ કરાવી તે પાપનો બોજો હલકો કર; સંસારમાં કાંઇજ નથી, આત્મા મુસાફર સંસાર અટવીની મુસાફરી કરવા આવ્યો છે. મુસાફરીમાં જે કમાવાનું છે તેની કમાઇ કર, નાહકના પાપ ના પોટલા નહીં ભર. જોબન સાંભળ

ગાયન—ભજન.

સંસાર મુસાફરી આવ્યો, પંથી મુસાફર પ્રાણી
વસમી છે વાટયું ભુંડા, ચિત્તમાં લેતું જાણી—પંથી
દુરદેશ જાવુ રહયું, જો તું વિચારી પ્રાણી,
જાવું જરૂર તારે, નકકી લે જાણી—પંથી—સંસાર
સગાંને સંબંધી તારાં, તે સૌ રહેવાનાં ન્યારાં,
સંગે ન આવે કોઈ, મીથ્યા લેમાની—પંથી—મુસાફર

ભર વભદથી અસાર છે, સંસાર તોફાની ખરે !
ઝંપલાવ્યું કાયા નાવ, કંઈ વીચાર, પ્રાણી ઉર અરે
ધારીને સત્ય સુકાન, હલેસુ નીતીનું હાથે ધરે
અસત્ય અનીની ત્રોડતાં શઠ, નિશ્ચે ભવસાગર તરે
ભાનુ ભજન ભગવાન, સંગે રાખ્ય પ્રાણી
તો તો ન આવે પ્રાણી, અંતે કાંઇ હાની--પંથી---સંસાર

માટે માન ભલાભાઈ માન, અસત્ય અને અનિતી કાઢતાં ભવસાગર સુખરૂપ તરીશ. હરીશ્ચંદ્રે પુત્ર ને પત્ની વેચ્યાં, અને પછી પોતે પણ ઢેડને ઘેર વેચાણો, તે એક સત્યનેજ ખાતર શેઠ સગાળશાએ પોતાના પુત્ર કેલૈયાનું માંથુ ખાંડી અતીત માટે રસોઇ બનાવી, તે એક ટેકનેજ ખાતર, કર્ણરાજાએ મરતાં મરતાં દાંત ત્રોડી ભગવાનને સેનાનું દાન આપ્યું તે પણ ટેકનેજ માટે, ભલાભાઇ એવો સાચો ટેક મુકી આવા પાપી કર્મ કરે છે, તો પરભવ શું ગતી થશે, તેનો કાંઇ વીચાર કર્યો !

ધર્મે કહ્યું, ના આ ભવમાં તો આ દશાભોગવું છું, પણ પરભવમાં મારૂં શું થશે; તે સમજાતુ નથી. આ પાપી કાયાથી અનેક પાપ કર્મ થયાં છે, અને કરૂં છું ધીક્કાર છે મને, કે મેં પાપ કર્મમાં પાછું વાળી જોયું નથી. હરામી જાલમડાની-શીખામણીથી વેલીનો ભવ બગાડયો, અને તમારો પણ બગાડવા ધાર્યો, પણ તેમાં ઇશ્વરની

બાપ કૃપાથી, અને તમારાં વચનોથી બચી ગયો છું, બ્હેન વિણા ? આજથી તમે મારી ધર્મની બ્હેન છો, ને હું તમારો ધર્મનો ભાઇ છું,

'વીણાએ કહ્યું', શાબાશ છે વીરા ? આ પ્રમાણે હ્વેથી વર્તીશ, તો ઇશ્વર તારો નીઘેબાન થશે, અને પરભવ સુધરશે. ધમે કહ્યું, બ્હેન ! પેલા પાપીને તો પુરી સજાએ પહોચાડવાની જરૂર છે, કારણ મને અને તમને નડતામાં તે પાપીઓ પાછો પડયો નથી, વીણાએ કહ્યું, તારૂકહેવું સત્ય છે, પણ કેવીરીતે કબજે કરવો ? ધમે કહ્યું, તે કબજે થાય એવી કોઇ યુકિત શોધી કાઢો.

વીણાએ કહ્યું, હા ? હા ! ઠીક યુકિત યાદ આવી છે, આ પેટીમાં વાંદરા પુરો અને આપણે બાજુમાં છુપાઇને તમાસો જોયા કરો. કારણ પાપીચાનું ચિત્ત પેટીમાંજ હશે, માટેજ આવતાની સાથે પેટી ઉઘાડશે ત્યાં પેટીમાં પુરવાથી ખીજવાઇ ગયેલાં વાંદરાં તેને હાલહવાલકરશે, અને પાછળથી તું જઇ કહેજે કે વીણા ક્યાં છે ! તે કહેશે કે વીણા નથી પણ વાંદરાં હતાં; તો તારે કહેવું કે પેટીમાંજ સંતાડી હશે એમ કહી તેને પેટીમાં પેસાડવા યુકિત કરવી, પછી પેટી બંધ કરી રાજકુમાર પાસે લઇ જવી, અને તેનો ન્યાય રાજકુંવર હસ્તક કરાવવો,

આ યુકિત ધમાને પસંદ પડી, અને પેટીમાં વાંદરાં

પુરી ધમો અને વેલી બાજુમાં સંતાઈ બેઠાં; તેઓ બાજુમાં છુપાઈ બેઠાં, ત્યાં જાલમસીહ આવી પહોંચ્યો, અને પેટી જોઈ ખુશી થયો, અને બાજુમાં ધમાને નહી જોવાથી કહ્યું સીદ્ધ કયાંક ગયા લાગે છે; બાજુ જોતાં સિદ્ધ નહી જોવાથી કહ્યું સિદ્ધ ગયા તો આઘડા ગયા, પેટીમાંથી પ્રીયાને લઇને પસાર થવા દે પસાર.

વીણાને પેટીમાંથી કાઢી લઈને નાશી જવાના વીચારથી તે પેટી પાસે ગયો, અને કહેવા માંડયું. હે? મનમોહની ! હે મોહીની ! પ્રાણ પ્રીયા ? આવ આવ એકદમ ભેટી લે. એ પ્રમાણે કહી પેટી ઉઘાડી, ત્યાં પેટીમાં પુરાવાથી ખીજવાએલાં વાંદરાં તેને વળગ્યાં, અને તેનાં કપડાં વીખેરી ફાડી નાંખી તેને ઉઝરડા ભરવાની સાથે હાલ હવાલ કર્યો.

વાંદરાં ગયાં, ત્યાં જાલમસીંહ સ્વસ્થ થયો, અને વિચારમાં પડયો; ત્યાં ધમો છુપાઈને આ બીના જોતો હતો તે તેની પાસે આવ્યો. પાસે આવી જાલમસીંહને કહ્યું, પ્રીયા કયાં ! જાલમસીંહે કહ્યું, અહીં તો પ્રીયાએ નથી ને બીઆએ નથી, પેટીમાંથી તો મોટાં ભુદ નીકળ્યાં ભુદ. આ જો હાલ હવાલ કર્યો છે તે, ધમે કહ્યું, ઓળખું છું જાલમસીંહભાઇ ઓળખું છું; વેલીની બાબતમાંછેતર્યો હતો, તેમ આમાં પણ છેતરવો ધાર્યો હશે કેમ ! વારે વારે છેતરાવાનો નથી, તે નક્કી સમજજો જાલમસીંહભાઇ.

જાલમસીંહે કહ્યું. ભાઇ ! તને કોણ છેતરે છે. તારા સોગન ખાઈને કહું છું કે પેટીમાં પ્રિયાને બદલે મોટાં બુઢ હતાં, ધમાભાઈ ચાલ બતાવું, કહી પેટી પાસે ગયા, અને વાંદરાંની હગાર બતાવી કહ્યું, જો આ વાંદરાંની હગાર, હવે ખાત્રી થઇ, ધમે કહ્યું, પેટીના પડદામાં સંતાડી હશે, અને મને બનાવે છે, પણ એમ બનવાનો નથી સમજ્યો ! અંદર પેસી પેલો પડદો ઉંચો કરી બતાવ્ય તો ખાત્રી થાય.

ધમાની ખાત્રી કરાવા જાલમસીંહ પેટીમાં ઉતર્યો, અને પડદો ઉંચો કરવા નીચો નમ્યો, જાલમસીંહ નીચે નમ્યો, ત્યાં ધમે પેટી બંધ કરી સાંકળ દઈ દીધી, અને જાલમસીંહને પેટીમાં સપડાવ્યો જાલમસીંહને પેટીમાં બંધ કર્યો, ત્યાં અંદરથી બુમો પાડવા માંડી, કે ધમા ઉઘાડ ! ધમે કહ્યું, હું નહી ઉઘાડું, પણ જોધાણનાથ ઉઘાડશે માટે હાલતો પેટીમાં બેઠા બેઠા ઇશ્વરનું ભજન કરો, જેથી પાપનો ભાર હલકો થાય.

જાલમસીંહને સપડાવ્યો, ત્યાં વીણા જે બાજુમાં હતી તે ધમા પાસે આવી. એને કહ્યું. બ્હેન ! તેં ઘણી સારી યુક્તિ બતાવી, જેથી પાપીને દીધો સપડાવી, હવે આ પેટીને શું કરવી ! વીણાએ કહ્યું, ચાલો રજકુમાર પાસે લઈ જઇએ, અને રાજકુમારનો સંદેહ ટાળીએ. ધમે કહ્યું, બહુ સારૂ બ્હેન ચાલો એવો નિશ્ચય કરી વીણાએ

જોગણનું સ્વરૂપ ધારણ કર્યું અને ધમો અને વીણા બંને જોગી વેશમાં પેટીને લઇ દરબાર ગઢ તરફ ગયાં

---

## પ્રકરણ ૧૨ મું.

---

જળથી જેવો મીનનો દીપક જેમ પતંગ
સારસ જોડી વીણુ મરે અજબ પ્રેમનો રંગ

પેટીને વિદાય કરી, અમરકુમાર ગમગીનીમાં ગિરફતાર બનેલો પોતાના એકાંત આવાસમાં વીચારના વમનમાં ગુંથાયેલો બેઠો હતો. મન સાથે વીચાર એ કરતો હતો, કે, વાહ પ્રભુ! તારી લીલા અજબ છે. શું વીણા ડાકીની ના ના તેમ તો હોયજ નહી, અરે પણ ત્રીશુળનું નીશાન શેનું? મનને કોઈ રીતની ખાત્રી મળતી નથી. મન વીચાર વમળામાં ગુંચાયું છે, કડીઆરાની આ સ્થીતી કરનાર વીણા ડાકીની હો કે દેવી હો, પણ આ અભાગીને તો દેવીજ હતી. શું સિદ્ધની સિદ્ધાઈ ખાટી! નાના તેતો બનેજ કેમ? સિદ્ધને શું સ્વાર્થ હતો કે ખોટું કહે, આનું ખરૂં તાત્પર્ય સમજાતું નથી.

આ પ્રમાણે વીચારના વમળમાં ગુંચાયેલો મન સાથે વીચાર માળાના મણકામાં ગુંથાયેલો હતો, ત્યાં પેલી દાસી

કે જેણે ત્રીશુળનું નીશાન છાપ્યુ હતું તે આવી,ને વીણાને નહી જોતાં કુંવરને પુછયું, કે વીણા બા ક્યાં ? દાસીના પુછવાથી રાજકુમારનો વીચાર માળાનો મણકો તુટી ગયો, અને દાસી સામે જોઇને કહયું તારે શું કામ છે ?

દાસીએ કહયું, મારે તેમની પાસે એક માફી માગવાની છે, રાજકુમારે કહયું, શી બાબતની ! દાશીએ કહયું, એક યોગીને સાધનામાં સતી સ્ત્રીના પગે ત્રીશુળના નીશાનની જરૂર હતી તેથી વીણા બા નિંદ્રાધિન હતાં, ત્યાં મેં તેમના પગે ત્રીશુળનું નીશાન છાપ્યું હતું, તે બાબતની માફી માગવાની હતી.

દાશીની આ વાત સાંભળી કુમારે નિસ્વાસ નાંખ્યો, અને કહ્યું, હાય હાય ? તેં તેનું નખ્ખોદ કાઢયું છે. જા એકદમ પીતાજી પાસે જા, અને આ હકીકતથી વાકેફ કર. જગતને ફસાવનાર એ પાપી જોગીઓ, સ્વાર્થી સિધ્ધો, અને ભુલાવામાં નાખનારભમટાઓનું મહંતરને માટે સત્યાનાશ કેમ જતું નહી હોય, હાયરે વીણા સુંદરી ! આ પ્રમાણે બોલે છે ત્યાં નેપથ્યમાંથી નીચે પ્રમાણે અવાજ થયો.

તુળસી આ સંસારમાં, ભાત ભાત કે લોક
પ્રિછયા વિણુ નહી માનીએ, શાસ્ત્રવાણી રોક.

ઉપરથી સાખી સાંભળી ત્યાં રાજકુમાર એકદમ ચોંકયો, અને સેવકને બોલાવી પુછયું કે જોતો કોણ છે

સેવકે કહ્યું, એતો એક બુઢ્ઢો બાવો તેની છોકરી સહ ભીક્ષા માગવા આવ્યો છે તે ગાય છે. બુઢા બાવાનું નામ સાંભળ્યું ત્યાં કહ્યું એવાં ભેખધારી સાધુડાંને તો દેખો ત્યાંથી ઠાર કરવાં જોઇએ. દુનિયાનું સદંતરને માટે સત્યાનાશ કાઢનાર એ વેશ ધારી સાધુડાજ છે. એ પ્રમાણે સેવક સાથે વાત કરે છે ત્યાં પાછો નેપથ્યમાંથી ફરીથી અવાજ આવ્યો,

દાઝેલા જીવ દુધથી શીદ તરછોડે છાશ
સાહસથી સુખ સૌ જશે વળશે સત્યાનાશ.

આ પ્રમાણે બોલતી વીણા સુંદરી જોગી વેશમાં મહેલમાં રાજકુમાર પાસે આવીને ઉભી. જોગણ વેશમાં વીણાને જોઇ રાજકુવરના દીલમાં પ્રેમી અંકુરો ઉત્પન્ન થયા, અને તે જોગણ પાસે આવીને ઉભો અને કહ્યું, તમે કોણ છો ! ક્યાં રહો ? અને આટલી નાની ઉમ્મરમા જોગ લેવાનું કારણ શું તે જણાવશો !

જોગી વેશમાં વીણાએ કહ્યું, ભલા પ્રાણી ? વો ક્યા પુછતે હો હમ કોન હે વો હમ ખુદ નાંહી જાણતે હેં તો તુમેરેકું કીસતરેહ કહેવે કે હમ વોહે. ઓર હમેરા રેહેનેકા પુછતે હો, તો હમ સારી દુનીયામે રહેતે સબબ આજ ઇધર તો કલ દુસરી જગેપે, હમેરા સ્થાન એક નહી કે તુમેરેકુ હમ દીખલા શકે; ઓર છોટી ઉમ્મરમે જોગ લેનેકા કારણ ક્યા વો સુનો,

જુઠા સ્વપ્ના વત્ત સંસાર માયાકા શીર જુઠા માર
અલખ ભજી હોના ભવપાર ઉસીલીયે. ક્રીયા ભેખ સ્વીકાર

વીણાએ કહ્યું, માટેજભેખ ધારણ કરી સંસાર છોડ દીયાહે. રાજકુંવરે કહ્યું શું સંસારમાં રહીને અલખ ભજાતા નથી, કે જોગી થવું, સગા સંગીને તજવાં. અને તેમની હાય લેવી વીણાએ કહ્યું,

ક્રીસકી બેટી ક્રીસીકા બાપ, જીવ અકેલાહી આપો આપ,
સ્વારથકે સબ જાનો તાપ, માયામેં મત ખા ભુલ થાપ.

વીણાએ કહ્યું, સબ સ્વાર્થકી જાલહે, સ્વપ્નવત્ત આલપંપાલહે. વોહ જ્ઞાની સંસારમે કબ આયા કબ જાનેકા ઇસકી કીસીકુ ખબર નહી, ઇસલીયે જીવકે લીયે જો કામ કરનેકા ઊસમે વખત લગાના નાંહી. કલકરના વો આજ કરના, આજ કરના વો અબ કરના, ધરમકા કામમે ઢીલ નાંહી કરાના વો સત પુરૂષકા બચન હે.

રાજકુમારે કહ્યુ, તુમેરી સંગમે કોન હે વોતો કહો ? વીણાએ કહ્યું, હમેરા બુઢા બાવા હે; રાજકુમારે કહ્યું શુ તમારે જોગી લોકોને પણ બાપ ખરા કે વીણાએ કહ્યું, કહેનેમે તો હે; સંસારકી જુડી સગાઇ મેતો કહે લાતે હે પરંતુ--

જુઠી સગાઇ જુઠા રંગ સ્વારથ માયા જોડી અંગ
આત્મા જાતાં કાયા ભંગ, કોઉન આવે જીવકે સંગ

રાજકુમારે કહ્યું વાહ ! તમોને જોગ લીધે કેટલો

વખત થયો! વીણાએ કહ્યું, વખતકા પુછતે હો! જીસી વખ્ત માયાકી જંજાલ છોડ દી, ઉસી વખ્ત અંગમે કફની જોડદી, ઓર માયાકુ તોડદી. રાજકુમારે કહ્યું, વારૂ! સંસાર સુખ અનુભવ્યું છે કે નહી। વીણાએ કહ્યું વો કયા પુછતે હો; જુઠે આ સંસાર ઇસમે સુખ કયસા? કાય મે સુખ હે! તુમ કીસ બાતસે સુખ માનતે હો! પૈસે મે સુખ હે! જો પૈસે મે સુખ હોતા, તો તવંગર લોક હાય હાય કરકે કેસે મરતે! જો ગરીબાઇમે સુખ હોતા, તો ગરીબ પેર ઘસતે કેસે મરતે! જો પ્રેમમે સુખ હોતા, તો પ્રેમી પ્રેમમે કેસે મરતા? સંતોષ સમાન સુખ કીસીમે નહી, પન વો હે કીધર! હમ તો યહ જોગી વેસમે કાયાકો કષ્ટ દેકર અલખકો સ્મરને મે હી સુખ માનતેહે.

રાજકુમારે કહ્યું, મારી ઇચ્છા પણ તમારો બોધ સાંભળી જોગી થઇ જવાનો થયો છે; વીણાએ કહ્યું, તુમે રેકું દુઃખ કયા હે, કે જોગ લીયે ચહા તે હો! રાજ-કુમારે કહ્યું, દુઃખનું શું પુછોછો? મેં અભાગીઆએ એક ઘોર પાપ કર્મ કર્યું છે, અને તે પણ સ્ત્રી હત્યાનું.

વીણાએ આશ્ચર્ય ચકિત થઇ કહ્યું, કયા સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત કીયા હે! નહી ચાહીએ, નહી ચાહીએ, સ્ત્રી હત્યા કરને વાલેકા ઘરકી ભીક્ષા નહી ચાહીએ; એ પ્રમાણે કહી વીણાએ ચાલવા માંડયું, ત્યાં રાજકુમારે વીણાનો હાથ પક-

ડયો, વીણાનો હાથ પકડયો ત્યાં વીણાએ કહ્યુ, રાજકુમાર ! વો કયા કરતે હો !

વીણા— અભયાત

બીચારકે કુચ દીલમે મેરા હાથ છોડદો
સંસારી હોજી આપ અન્યસે પ્રીતી જોડદો
હમહે જોગી ફકકડ બોલો હમસે કામ કયા
જોગીયુંકુ પકડનેસે કહો આરામ કયા
હેરાન કયું કરો હમે બનકે બેવફા
આયગા બાબા હમેરા હોવેગા ખફા,

વીણાએ કહ્યું, રાજકુમાર ! મેરા હાથ છોડો, મેરે બાબા આયગા, તો ખફા હોગા. રાજકુમારે કહ્યું, શું તમારે પણ તમારા બાબાની બીક રાખવી પડે છે કે ! વીણાએ કહ્યુ, કયું ન રખે, દુનિયાદારી મેતો રખનીજ ચાહીએ. રાજકુમારે કહ્યું, તમારે જોગીને દુનીયાદારી કેવી ! વીણાએ કહ્યું, દુનિયામે રહેવે તો દુનિયાદારી કેસે તજે, માયાસે છુટે વો, દુનીયાસે છુટે નાહી, દુનિયા કબ છુટેગી કે યા દેહમેસે આત્મા ચલા જાયગા, યા દેહ છુટેગી તબ દુનિયા છુટેગી; ઔર દુનયામે રહે તો દુનિયાદારીમે રહેના ચાહીએ. અબ મેરા હાથ છોડદો, કોઇ દેખેગા તો કયા બીચાર કરેગા ! રાજકુમારે કહ્યું, મારા મનનું સમાધાન થયા શીવાય હું તાપી છોડનાર નથી. વીણાએ કહ્યુ, જરા સુનો !

વીણા—કુમાર—      ગાયન

અલગ હો કુંવર મેરે અંગસે
હમ સ્મરતે હૈ નાથ      અલગ હો.
બન જંગલકે બાસી હમેરે
હૈ હમ જોગીયો કે બાલ

કુમાર—હમે છીએ પ્રજાપાળ

વીણા—અલગ હો કુંવર મેરે અંગસે
દેખો પ્રજાકા પાળ તુમેરે
નહી પીછાને મેમી રંગ
પ્રેમળ બાળા બીચારીકે
કાહે રંગ મેઘ ભંગ      અલગ૦
જોહેમ ગીરી ગયા અંગમેરે
કીયા છોડ કંસકે સંગ

કુમાર—હાથરેગુમાવ્યું રત્ન હાથથી
મરમ કષ્ટ સીર પ્રસંગ

વીણા—.......................................અલગ૦

વીણાએ કહ્યું ! કુંવરજી ! અબ મુજે છોડદો; રાજકુમારે કહ્યું, પ્રથમ મને આ હત્યાથી છોડાવો, પછી સુખેથી જાઓ. વીણાએ કહ્યું, આ હત્યા કરનેવાલા કોઇ તરેહસે છુટ શકતા નહી; રાજકુમારે કહ્યું, તો તમારી સાથે રાખો, આપ રમણીય, અને ભવ સાગર તરીશ વીણાએ કહ્યુ.

નાહક જીદ કર્યું કરતેહો, હેરાન કરતેહો; રાજકુમારે કહ્યું, ચાહાય તે થાય પરંતુ સ્ત્રી હત્યાથી છોડાઓ, નહાતો સાથે રાખવા કબુલ થાઓ, તે સીવાય કદી છોડનાર નથી.

વીણાએ કહ્યું, હાં ! હાં ! અબ મુજે યાદ આયા, હમેરે બાવાજીકી પાસ મંદર હય, સાક્ષાત દેહધારી સાલી· ગરામ અંદર હય, વો તુમો સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાયગા સ્ત્રી હત્યાસે છુડાયગા, રાજકુમારે કહ્યું, તો તમારા બાવાને બોલાવો, તે સ્ત્રી હત્યાનું પ્રાશ્ચીત સંભળાવો, રાજકુમારે કહયું, ત્યાં વીણાએ ( ધમાને ) બુમ પાડી, બાબા ઇધર આઓ, ઓર યે રાજકુમારકુ સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાઓ.

ધમો, રાજકુમાર પાસે આવ્યો, અને કહ્યું, બેટા સાલંગરામકા મંદર અંદર લાતા હું, ઓર રાજકુમારકુ સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાતાહું. વીણાએ કહ્યું, બા બા ! મેં બાજુમેં જાતીહું, અભી આતી હું. તુમ સાલીગરામકા મંદીર લાઓ ઓર રાજકુમારકુ સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાઓ.

ધમાએ ઉપર પ્રમાણે કહી વીણા પોતાનો જોગણ વેશ દુર કરી પોતાનો પોશાક બદલવા બાજુમાં ગઈ. ત્યાં ધમાએ કહયું રાજકુમાર ! જરા આઇએ, મંદરકો હાથ લગાઇએ, રાજકુમારે તથા ધમાએ બંને જણાએ મળી પેટી પેટી કેજેમાં જાલમસીંહને સપડાવ્યો હતો તે મહેલમાં આણી.

પેટીને જોઇ રાજકુમાર અચંબો પામ્યો, અને કહયું,

અરે ! એતો એજ પેલી ઘોજારી પેટી ? ધમાએ કહ્યું, અરે પેટી બેટી કાયકી ! વોતો સાલીંગરામકા મંદર હય, સાક્ષાત દેહધારી સાલીંગરામ અંદર હય, રાજકુમારે કહ્યું, બહુ સારૂ બુઢા બાવાજી ? હવે સ્ત્રી હત્યાનું પ્રાશ્ચીત સુણાવો સ્ત્રી હત્યાથી છોડાવો ધમાએ કહ્યું, રાજકુમાર ! જો આ સાલીંગરામ બોલેગા. વોહી કરના પડેગા; રાજકુમારે કહ્યું, જે કહેશે તે કરવા તૈયાર છુ; ધમાએ કહ્યું, તો આપ. શરીરપે શસ્રો ધારન કરકે તૈયાર બનો, બાદ સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીતસુનો, રાજકુમારે કહ્યું, શસ્ત્ર ધારણ કરવાની જરૂર શી છે !

ધમે કહ્યું આપ ક્ષત્રી હો, ઉસીલીયે કરના ચાહીએ; આપ આપકા ધર્માનુસાર તૈયાર હોનેકા નહી, બ્હાલ સાલીગરામ તુમેરેકુ સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાનેકા નહી. ધમાની આ વાત સાંભળી રાજકુમાર શસ્ત્રો સજી સજ થઈ પેટી પાસે ઉભો રહયો, ત્યાં ધમે કહ્યું કુવરસાહેબ બરાબર સ્કુરતીમે રહેના અબીમે સાલીંગરામકો બુલાતા હું, ઓર સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાતા હું,

આ પ્રમાણે રાજકુંવર સ્કુરતી ધરી ઉભો, ત્યાં ધમે કહ્યું, સાલીંગરામજી. સ્ત્રી હત્યાકા પ્રાશ્ચીત સુનાઓ, બોલો ? બોલો ? ધમો બોલી રહયો, ત્યાં પેટીમાંથી જાલમસીંહે કહ્યું, બોલો.બોલો, રાજકુંવર અચંબો પામ્યો ને કહ્યું

આશું ! ધમે કહયું. કુંવરસાહેબ ? આ હત્યાકા પ્રાશ્ચીત દીખલાતાહું; એ પ્રમાણે કહી પેટી ઉઘાડી ત્યાં જાલમસીંહ ઉભો થયો, તેને કુંવરના કબજામાં બરોબર લેવડાવી કહયું દેખો યે આ હત્યાકા પ્રાશ્ચીત આપો આપજાહે.

રાજકુમાર જાલમસીંહને જોઇ અચંબો પામ્યો, અને કહયું. અરેઆતો એજ ! હરામી સંતદાસ ? બોલ્ય હરામી ? વીણા ક્યાં ? જાલમસીંહે ભાગ્યા તુટયા શબ્દોમાં કહયું હમ ઇસકુ જમીનમે દાટને જાતેથે, વ્હાંસે ભગ ગઇ. ધમે કહયું. પાપીઆ ? મ્હોતની છેલ્લી ઘટીએ પહોચ્યો, હવે તો કાંઈ સાચુ બોલ; એ પ્રમાણે કહી બનાવટી દાઢી મુછ દુર કરી રાજકુમારને કહયું, કુંવરસાહેબ ! હુ બુઢો સિદ્ધ નથી, અને જાલમસીંહનાં દાઢી મુછો બનાવટી હતાં તે ખેચી કાઢીને કહયું. આ સંતનાથ પણ નથી, આ ઠાકોર જાલમસીંહ, ને હું ધમલો માળી.

ધમાના આ શબ્દો સાંભળી રાજકુમાર અચંબો પામ્યો અને કહયું, કોણ જાલમસીંહ ? અને ધમલો માળી ધમે કહયું હા હરામીએ મને ચઢાવી વેલીનો ભવ બગડાવી છેવટ ઠગાઈની બાજી ચલાવી. વીણા દેશને ખાનારી ડાકીની છે તેમ જાહેરમાં લાવી છેવટે ઉપાડી જવાની દાનતે પેટીમાં પુરાવી મંગાવી, હમારી ઠગાઇ ગઇ ફાવી, અને વીણા સહ પેટી આવી, પેટી ઉપાડી મેં વીણા બ્હેનને

બહાર કાઢયાં, તેમણે મને બોધનાં વચનો સુણાવ્યાં, ત્યાં મારી મતી ઠેકાણે આવી, ને વીણા બાએ યુક્તિ બતાવી, તે યુક્તિથી આ પાપીઆને પેટીમાં દીધો સપડાવી. તમારો વ્હેમ દુર કરવા પેટી અત્રે લાવી વીણાબાસહ અમો આપની પાસે આવ્યાં.

રાજકુમારે અધિરા થઇને પુછયું, વીણા કયાં ? ધમાએ કહ્યું, પ્રથમ આ પાપીને યોગ્ય સજા કરો, પછી વીણાબા આવે છે. રાજકુમારે ચાર સીપાઇઓને બોલાવ્યા અને જાલમસીંહને બાંધીને ડુંગર ઉપરથી ફેંકી દેવાની સીપાઇઓને આજ્ઞા કરી. આ પ્રમાણે આજ્ઞા થઇ ત્યાં જાલમસીંહને સીપાઇઓએ પકડયો અને આગળ કર્યો; આ પ્રમાણે સજા ઉઠાવાની આવી તેથી છેવટે જાલમસીંહે કહ્યું, મુવો મુવો, હાય હું મુવો, બીજાને નાંખવા જતાં જાતેજ પુર્યો કુવો.

જાલમસીંહ— દુહો

કરશું તેવું પામવું, જુવો નજર દ્રષ્ટાંત
મુજ સમ પાપી જગ વીશે આમજ આવે અંત

આ પ્રમાણે જાલમસીંહને સીપાઇઓ લઇ ગયા, ત્યાં રાજકુમારે કહ્યું, વીણા કયાં ! ધમે કહ્યું આવે છે, જરા શાન્તિ રાખો આ પ્રમાણે ધમો કહે છે ત્યાં નેપથ્યમાંથી અવાજ આવ્યો,

વીણા—

બ્હેમ ટાળ્યો રૂદીયા તણો હૃદય વળ્યું પ્રિત પંથ
સત્ય સહાયક શ્રીહરી દુઃખનો આવ્યો અંત

રાજકુમારે કહ્યું, અરે એતે એજ સ્વર ! નકકી વીણા સુંદરીનોજ ? આવ આવ વહાલી ! તારા પાપી પતીને ભેટ. પાછો બીજીવાર નેપથ્થ્યમાંથી ઉચ્ચાર થયો.

વીણા—તન તરૂવર મન છાંયડો શીતળ પ્રેમી નીર
તાપ નીવારી નાથજી ! બેશી પીઓ ધરી ધીર

છેટેથી વીણાને આવતી જોઈ રાજકુંવર સામો ગયો અને વીણાને ભેટી પડયો. વી ાને રાજકુમાર ભેટયાં, ત્યાં બંનેની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં, રાજકુમારે કહયું, સુંદરી ! હું તમારો અપરાધી છું, માટે મને ક્ષમા કરો. વીણાએ કહ્યું, નાથ ! એ શું બોલ્યા ! સંસારના રંગ ઢંગ ન્યારા છે; ફરેબથી મ્હોટા મ્હોટા ફસ્યા, તો તમો કોણ ! ભગવાને પાર્વતીનું રૂપ લઇ ભષ્માસુરને ભોળવી માંથે હાથ મુકાવ્યો, પાર્વતીએ ભીલારાણીનું રૂપ લઇ શંકરને ભરમાવ્યા, તો એવા દેવ દાનવો ભુલ્યા છે, તો તમોને હું તો એક પામર પ્રાણી છીએ.

રાજકુમારે કહયું, વ્હાલી ! તને વીતવામાં બાકી રહી નથી. વીણાએ કહયુ, નાથ ! જો આ ધમાની બુદ્ધિ ઠેકાણે આવી નહોત, તો આ વખત આવત નહી, પણ

પ્રભુ કૃપાએ તેની બુદ્ધિ ઠેકાણે આવી, ને આવી આનંદની ઘડી પ્રભુએ બતાવી. રાજકુમારે કહ્યું, પણ તમને હેરાન મેળવનાર તેશ હતોને!

વીણાએ કહ્યું, નાથ! સંગતથી ભલભલાની બુદ્ધિ બગડે છે તો આતે કોણ! હરામી જાલમડાની સંગે રહેવાથી આની મતી બગડી હતી, પરંતુ બોધ વારીથી તે બીગાડ દુર થયો, તે મતી સ્વચ્છ થઈ; તેને મે ધર્મનો ભાઈ કહ્યો છે, ને તમારા દરબારમાં યોગ્ય જગ્યાએ દાખલ કરી દેવાનો છે. ( ધમાને ) ધમા! હાલતો તું મહેલમાં જા. ધમે કહ્યું, બહુ સારૂ બા જાઉછું, એમ કહી બંનેને નમી મહેલમાં ગયો.

ધમો ગયો ત્યાં રાજકુમારે કહ્યું, સુઘડ સુંદરી? હવે તમારી શું ઈચ્છા છે. જે ઈચ્છા હોય, તે સુખેથી જણાવો. વીણાએ કહ્યું, નાથ! દુઃખનું વાદળ દુર થઈ સુખ સુર્ય ઉદય થયો છે, ખામીમાં ખામી એજ કે આ સર્વ હકીકત મારા પીતાજીને જણાવાની ઈચ્છા છે, જેથી તેઓ હુંપદનો પસ્તાવો કરી પાપ કર્મ ખપાવે.

રાજકુમારે કહ્યું, શું કરવું! વીણાએ કહ્યું, આપ અત્રેથી એક પત્ર લખો, તેમાં લખવું કે તમારી પુત્રી તમોને મળવા આતુર છે. તેથી પત્ર વાંચી તુરત આ ત૦

શરૂ આવવું. તમારો પત્ર વાંચી તેઓ અત્રે તુરત આવશે. મારૂ નામ લખતા નહી, બાંધેભારેજ લખી જણાવવું રાજકુમારે કહયું, બહુ સારૂ પ્રીયા, હાલજ પત્ર લખી બોલાવું છુ. ચાલો મહેલમાં જઇ પત્ર લખી પ્રથમ અનુચરને વીદાય કરીએ; એ પ્રમાણે વર્તાવિનોદ કરતુ પ્રેમી જોડું મહેલમાં ગયું.



## પ્રકરણ ૧૩ મું.

છાજ્યા નહી અભીમાન, જગતમાં કોને જાણો,
રામે રોળ્યો દસ શીશ, અભીમાને પરમાણો.

વેલીને લઈને તાંતોલખાં ગવઈઓ નાશી ગયો હતો, તેણે વેલીને નાચનારી બનાવી હતી, મુળે વેલીને નાચવાનો શોખ હતો તેથી તે નાચતાં શીખી હતી, એટલે ગવઈઓ વેલીના નાચવા ઉપર નિર્વાહ ચલાવતો હતો. એમ ફરતાં ફરતાં તાંતોલખાં તથા વેલી જોધપુર આવી પહોંચ્યાં.

જોધપુર શહેરનો વૈભવ, ગામની બાંધણી વીગેરે જોઈ, વેલીને મનમાં લાગી આવ્યુ, અને તે ગમગીનીમાં ગીરફતાર બની. તેણે મન સાથે કહયું, વાહ ભગવાન તારી લીલા! જે જોધપુરના દરબારમાં રાજ રાણી થઈ માણવું ધાર્યું હતું, તે જોધપુરમાં નાચનારી તરીકે આવી છું;

આ પ્રમાણે વેલી ગમગીનીમાં ગીરફતાર બનેલી વીચારમાં ગુંથાએલી હતી, ત્યાં તાંતોલખાંએ કહ્યું, વેલી! દેખો વો જોધપુરકા દરબાર હે, નાચ બરાબર કરના,સમજ ગયે. વેલીએ કહ્યું,તાંતોલખાંજી! જોધપુરના દરબારમાં નાચવામાં મારો પગ નહી ઉપડે,

તાંતોખાંએ કહ્યું; કયોં ! વેલીએ કહ્યું, જે દરબારમાં મેં રાજરાણી થઈ મહાલવા ધારેલું, તે દરબારમાં નાચનારી થઈને નાચવાનું કામ મ્હારાથી નહી બને. તાંતોલખાંએ કહ્યું એસા ઉમદા દરબારમેંસે અછા ઇનામ મીલનેકી આશા હે. વો કામ તેરેસે નાહી બને ! વેલીએ કહ્યું,ના નહી બને. તાંતોલખાંએ કહ્યું, એસે મોખે ગુમાયગી છો પ્રીર છોટે રજવાડેસે કયા પાયગી ? મોસમ ગુમાયગી, તો પ્રીર કયા ખાયગી ? રાખ કે ધુલ,

વેલીએ કહ્યું, ચહાય તેમ હો, પરંતુ આ દરબારમાં તોં કદાપીકાળે હું નાચનારી નથી; તાંતોલખાંએ વેલીની હઠ જોઈ વેલી સામે ચાબુક ઉપાડી. અને બે ચાર ફટકા લગાવી કહ્યું, કયોં નહી નાચેગી કયા ?

વેલીને ચબુકના ફટકા પડયા, ત્યાં વેલીએ કહ્યું, નાચીશ. તાંતોલખાંએ કહ્યું, યા ચાબુકમેં ગુન અજબ હે, કારણ કીયા હેં કે, ""બુધે જાર બાજરી, બુધે નાર પાધરી; બુધે ડાબું દોહોવા દે. બુધે છોકરૂં છાનું રહે." કહેવતાનુસાર ચાબુક પડયા કે કૈસી ઠેકાણે આઈ; ચલો અબ વો ગાના શરૂ કરો. વેલીએ ગાવાનું શરૂ કર્યું.

તોરા દાવર દર દાર્યા શાહા

વેલીએ ગાવા માંડયું બેસુરૂ ગાયન જોઈ તાંતોલખાંએ ચાળા પાડયા ન કહ્યું, તારે દાવર દર દર્યા શાહા

યહ બેસુરા ગાયન કાંહાંસે સીખલાઈ. વોહ ચાલુ કરો.

વેલીએ કહયું, કીયું ? તાંતોલખાંએ કહયું. વો ફુલનકી બહારકા ! વેલીએ ગાયન શરૂ કર્યું.

ગાયન.

( પ્યારે તોરે અંગમે ) એ રાહ.

પ્યારે તોરે ચમનમે ફુલનકી બહાર હો,
ચમનમે બહાર હો, સુમનકી બહાર હો. પ્યારી૦
રાજનસે રજી રહો, સાજનસે સજી રહો,
તાજ તેરે રાજકા, ચાહ ઔર પ્યારહો. પ્યારી૦

શેઅર

હો મુબારક હમેં અય ખુશીકા દરબાર કીયા
ખલ્કકે ખાવીંદને શુભ અવસર વોહ દીયા;
શાહ દુલહા રહેતા હશ્ર રહો આબાદ જોડી
ઉસ્કો હાંસીલ હો ખુશી; અલ્હાહિ વિઘ્ન ત્રોડી–રાજનસે૦

તાંતોલખાંએ ખુશી થઇ કહયું, હાં ! વોહ ગાના ખાસ જોધપુરકે દરબારકે લીયે બનાયે હે, ઔર વોહ આનેપે અચ્છા ઇનામ લેનેકા હે, સમજ ગયે. અબ ચલો દરબારમે જાનેકી તૈયારી કરકે દરબારમે જાવે (જાય છે.)

રાજા રાયસીંહ ઉપર જોધપુરના રાજકુમારનો પત્ર આવી પહોંચ્યો. પુત્રીનો પત્ર વાંચી રાજા રાયસીંહ ખુશી થયા, અને રાણીને એક સેવકદ્વારા બોલાવી. રાણી આવી, ત્યાં રાજા રાયસીંહે કહયું, આજે ઘણે દહાડે પુત્રીએ યાદ

ક્યાં લાગે છે. એવા અતુલીત રાજવઇભવમાં માતા પીતા ક્યાંથી યાદ આવે, આજે વળી કેઈ દીશાનો વાયુ વાયો શે કે પત્ર લખ્યો.

રાણીએ કહ્યું, પ્રાણનાથ ! આજ દીન સુધી મનને ચીંતા હતી, કે પુત્રીને પરણીને ગયેં આજ ત્રણ ત્રણ વરસ થવા આવ્યાં, પણ નહી ખર કે ખબર, આજે આ પત્ર વાંચી આનંદ પ્રાપ્ત થયો છે, કહેવત છે કે "હાથી દરબાર. અને છોરૂ સાસારે સારૂ" તેનુ કાંઇ નહી, પણ ખર ખબર ન લખી જણાવે, તો મનને ચિંતા થય તે વાસ્તવીક છે.

રાજાએ કહ્યું; પણ, મને મળવા બોલાવે છે, તો મારે શું કરવું ! રાણીએ કહ્યું, ત્રણ ત્રણ વરસ થયા આવ્યાં, જે પુત્રી એક પળ પણ અલગ રહેલી નહી, તે ત્રણ વરસે મળવા બોલાવે તો આપણે અવશ્ય જવુંજ જોઇએ કારણ કે તે મ્હોટા દરબારમાં રાજરાણી થઈ તેથી તેને અત્રે આવવાનું ન બને, પણ આપણે તો જવુંજ કારણ મારૂમન પણ મારી પુત્રીને મળવા તલપી રહ્યું છે, રાજા રાયસીંહે કહ્યું, તો ચાલો તેયારી કરો, આવતી કાલેજ જોધપુર તરફ નીકળી પડીએ, ને આજે રાજ પ્રધાનજીને બોલાવી હું પણ નીશ્ચિંત થઇ જઉં. કારણ લાંબી વાટ તેથી વખતે મોડું વહેલું પણ થાય, રાણીએ કહ્યું, બહુ સારૂ તમે રાજકાજથી પરવરો ને હું બીજી તેયારી કરૂંછું કહી બંને જણ જોધપુર જવાની તૈયારી કરવા ગયાં, અને બીજે દિવસે તઈયારી કરી જોધપુરના જવા રીસાલાસહ નીકળી પડયા.

---

# પ્રકરણ ૧૪ મું.

પસ્તાવો કરવો પડે ધરી હુંપદ અભીમાન
સંતોશી સુખી સદા ભાગ્ય હોય બળવાન

જોધપુરના દરબારમાં દરબારીઓ આવી ગયા છે ને દરબાર ભરાયો છે. ત્યાં છડીદારી નેકી પોકારી જોધાણનાથ પધાર્યાનુ ભાન દરબારીઓને કર્યું. નેકીનો અવાજ સાંભળી સઘળા દરબારીઓ સ્વસ્થ થઇને બેઠા, અને રાજાજી કચેરીમાં આવતાં સર્વે જણા ઉભા થયા અને નમીને સલામો ભરી પછી રાજાજી આસને બેસતાં સર્વે બીરાજીત થયા. જોધાણનાથ આસને બીરાજમાન થયા, ત્યાં વારાંગનાઓએ નાચ શરૂ કર્યો

કંચનીઓ— નાચ.

ધસારેગ રેસાધ પધ સારે સા.
સારેગ સારેગ ધપ મગ રેસા
ગરેસા ગરેસા. ગરેસા
ધપ સા ગરેસા પપ મા ગરેસા—ધસા
સારે સારેગ ધ પ મ ગરેસા, ગરેસા.

પંપ સા ગરેસા, પપ સા ગરે. પપસા
ગરેશા,–ધસા,

કંચનીઓ— ગાયન.

આનંદે સખી હળી મળી સંગ કરો રંગ ધારી અંગે ઉમંગ
વાર વાર ધારી પ્યાર એક મેકમાં અપાર
ની ધ પ મં ગ રે સા,
લીયો તાલ દઈ ચોતાલ ધીની તક તક
ધીનીતક તક ધીનીતક તક
તધીન કીટ તક ઉમંગ—આનંદે
તા થૈયાં. થૈયાં, નાચેયાં, માચેયાં,
સચેયાં, સાચેયાં, મુકેના ચુકેના,
છન નનનન છુમ —આનંદે

કંચનીઓનો નાચ પુરો થયો, ત્યાં જોધાણનાથે કહ્યું પ્રધાનજી ! આજનો દરબાર ખાસ સતી સુંદરી વીણા માટેજ ભરવામાં આવ્યો છે. રાજા રાયસીંહ આજે આવી પહોચવા જોઇએ, છતાં હજુ કેમ આવ્યા નહી, તેનુ કારણ સમજાતું નથી. પ્રધાનજીએ કહ્યું, કૃપાનાથ ! હમણા આવી પહોચશે, આ પ્રમાણે રાજા જોધાણનાથ તથા પ્રધાન વાત કરે છે ત્યાં દ્વારપાળ ધમો કે જેને છડીદારની જગોએ દાખલ કર્યો હતો, તેણે કહ્યું કૃપાનાથ ! બહાર કોઇ ગવઈઓ આવ્યો છે, અને અંદર આવવા આજ્ઞા માગે છે. જોધાણનાથે કહ્યું, સુખેથી પ્રવેશ કરાવ.

આજ્ઞા મળતાં તાંતોલખાં વેલી સહ દરબારમાં દાખલ થયો, અને જોધાણુ નાથને સલામ કરી, જોધાણુ નાથે કહયું, તમો કોણુ છો, અને કયાંથી આવો છો? તાંતોલખાએ કહયું. રેકુરામ મહારાજાધિરાજ! મેં દુર દેશમાં રહેતાહું, ઓર યહ મેરી લડકી નાચનેકા ઓર ગાનેકા કામ કરતી હે. ઓર મેં બજાતા હું, આજ આપકે શહેરમે આયે ઓર સુનેકી આપને આજ ખુશાલીકા દરબાર ભરી હે, ઉસલીયે મુજરા કરનેકુ આયે હે પરવર દીગાર. આ પ્રમાણે વાત ચીત ચાલે છે ત્યાં રાજકુમાર આવ્યો. અને રાજા રાયસીંહ આવી પહોચ્યાના સમાચાર તેના પીતા જોધાણુ નાથને કહી પોતાના આસને બીરાજમાન થયો, કુવર બીરાજમાન થયો. ત્યાં રાજા રાયસીંહ આવી પહોચ્યા.

રાજા રાયસીંહ આવ્યા તેથી જોધાણુનાથે તાંતોલખાને કહયું, તમો બાજુમાં ઉભા રહો, તમારો મજરો પછીથી કરાવીશુ, રાયસીંહ રાજાએ દરબારમાં પ્રવેશ કરી જોધાણુનાથને સલામ કરી; જોધાણુનાથે તેમની સલામ માનપુર્વક ઝીલી અને કહયું; રાજાજી ? પ્રથમ સસરો જમાઈ મળો, સસરા જમાઈ મળવાનું કહયુ, ત્યાં રાજકુમાર આસનેથી ઉઠી રાજા રાયસીંહ પાસે આવ્યો રાજકુમારને નહીં ઓળખવાથી રાજા રાયસીંહ વીચારમાં પડયો અને વીચાર કર્યો કે કુંવર બીજા આવનાર હશે, આ તેમનો

નાનો કુંમાર હશે. એમ વીચારી કહયું, પણ કૃપાનાથ! મારી પુત્રી કયાં!

જોધાણુનાથે કહર્યું, રાજાજી! હાલજ આવે છે; આજનો દરબાર ખાસ તેના માટેજ ભરવામાં આવ્યો છે. એ પ્રમાણે જોધાણુનાથે કહયું, ત્યાં વીણાસુંદરી સલજ કચેરીમાં આવી, અને પોતાના પીતાને સવિનય પ્રણામ કર્યો.

રાયસીંહે કહયું, દીકરી વેલી! ખુશીમાં તો છોને? વીણાએ કહયું, પીતાજી? ભુલ્યા, વેલી નહી, પણ વીણા-વીણાનું નામ સાંભળી રાજા અચંબો પામ્યા, અને કહર્યું, અભાગીણી વીણા? બોલ્ય વેલી કયાં? અને તું અહીંઆં કયાંથી?

રાયસીંહે આ પ્રમાણે સવાલ કર્યો, ત્યાં રાજકુમાર કે જે પાસે ઉભો હતો, તેણે કહયું, રાજાજી? ભાગ્યની બાજી વીણા સુંદરી જીતી છે: ને વેલી હારી છે: જે કઠી-આરાને તમોએ વીણાનો હાથ સોંપ્યો હતો, તેજ હું પોતે અમરકુમાર, જોધપુરનો રાજકુમાર. (ધમાને ચોબ-દારના વેશમાં રાયસીંહે જોયો અને કહયું.) ત્યારે જે રાજકુમારને મેં વેલીનો હાથ સોંપ્યો હતો, તેતો આ ચોબદારના પોશાકમાં ઉભો છે, ધમે પાસે આવી કહયું, હા હું તેજ બનાવટી રાજકુમાર ધમલો માળી, પણ હાલ તો જોધપુર દરબારનો ચોબદાર.

આ વાત સાંભળી રાજા રાયસીંહ અચંબો પામ્યા. અને કહયું, વેલી ક્યાં ! ધમાએ કહયું, તાંતોલખાં ઉપાડી ગયો. તાંતોલખાનું નામ આવ્યું, ત્યાં તાંતોલખાના પગ ધ્રુજવા માંડયા, અને નાચનારીના પોશાકમાં વેલીએ દર- બારની વચમાં પસ્તાવારૂપ ગાયન ગાવુ શરૂ કર્યું.

ગાયન

કરમે લખેલું જે, ભોગવવું નીશ્ચે તે
અભીમાન દુઃખ મુળ છે—કરમે૦
દુપદ પત્થર નાવમાં બેશી સુરખજે
ભવસાગર તરવા ચહે, નીશ્ચે ડુબે તેહ—કરમે૦

મોતી સોંપ્યું મન કરી નીકળ્યું ઝાકળ નીર
સોનું સમજી સંગ કર્યો કર્મે મળ્યું કથીર
સુઘડ નાર ભાગ્યે મળી જેતે
સુખે સુવે નર તેહ—કરમે૦

રાજા રાયસીંહ આ મામીંક ગાયનથી અચંબો પામ્યા અને વેલીને ઓળખીને અચંબો પામીને પુછયું, કોણ દીકરી વેલી ? વેલીએ કહયું, પીતાજી ! હું તમો જેવી રાજવી પીતાની પુત્રી અને વ્હેન વીણા ! હું તમો જેવી કેળવાયેલ સુંદરીની વ્હેન થવાને લાયક નથી. અભણ માતાએ અભીમાન પર્વતની ટોચે ચઢવી, મ્હોટા રાજ-

કુમારસાથે વગાવી પરંતુ ભાગ્યનો વીચારો નહી કર્યો. પાપી જાલમસીંહે ધમાને રાજકુમાર બનાવી આ દશા લવરાવી. હરામી ગવઇયાએ નાચનારી બનાવી દેશોદેશ રાખડાવી છેવટે દશાના અંત જ તમારે ભેટો થવાનો તેથી આ સ્થળે આવી.

વીણા કહ્યું, બ્હેન વેલી ? નાહકનો વીતી વાતનો શોક કરવો નકામો છે. હવે તું મારા મહેલમાં જ રહે ને તારૂં દીલ ચઢાય તેમ કર. આ સર્વ તારૂં પોતાનું સમજી તું અહીંઆંજ રહે. ભાગ્યમાં લખ્યું હતું તે પ્રમાણે બન્યું, હવે શોક કરવો નકામો છે. એક સિદ્ધાંત સ્વામીએ કહ્યું છે, તે સાંભળ.

વીણા— ગાયન

લીખા લેખ બિધિને વોહ અબ યાર ના મીટે
કીજીએ લાખ ઇલાજ પર હોન હાર ના મીટે
સુણ કંહ સચ્ચિદાનંદકો સ્મર સદા પ્રાની
હોવો કલીમલ ખાક બીનકાર ના મીટે—લીખા૦

માટે બ્હેન હવે પ્રભુમાં ચીત્ત લગાડ કે જેથી બેડો થાય પાર; આ ભવ તો બગડયો, પણ પરભવ સુધાર. વેલીએ કહ્યું, બ્હેન વીણા ! મારી પણ ખાસ એજ મરજી છે. પીતાજી ! આ દીન બાળકીની એક અરજી છે. રાયસીંહે કહ્યું, દીકરી ! તારો જન્મારો બગાડનાર હું જ પાપી છું. હું જ પાપી છું.

વેલીએ કહ્યું, પીતાજી ? તમારે શું ? તમે તો જોધપુરનો રાજકુમાર જોઇને વરાવી હતી, પણ કરમે માળી નીકળ્યો, તેમાં તમારો શું દોષ ધન્ય છે બ્હેન વીણા તમારી ટેકને ? ભાગ્ય ઉપર આસ્તા રાખી બેઠાં, અને ન ડગ્યાં, તો આ સાહ્યબી મળી, આસ્તા ફળી. અને તમે કહેલું કે સુઘડ નાર નર સુખે સુનારો તે અક્ષરે અક્ષર કરી બતાવ્યું. પીતાજી ? મારો અર્જ કબુલ કરો રાયસીંહે કહ્યુ, શી વેલીએ કહયું આ સંસાર સર્વ અસાર છે. સ્વપ્નવત્ત છે. આ ભવનું તો બગડયું પણ પરભવનું સુધારવા જોગણ થઇ મઠમાં રહેવાની આજ્ઞા આપો.

વીણાએ કહયું, બ્હેન વેલી ? અમારા મહેલમાં રહો અને સુખેથી પ્રભુનું નામ ચિત્તમાં રાખી રહો: મઠમાં જોગણ થઇ રહેવાથી શું વિશેષતા છે. વેલીએ કહયું; બ્હેન વીણા ? વીશેશતા તો બીજી કાંઇ જ નથી, પણ માયા ઉપાધીમાં રહીને પ્રભુ ભજનમાં ચિત્ત ચોંટશે નહી, માટે ખુશી થઈ આજ્ઞા આપો; પીતાજી તમારા નામને ઝાંખપ નહીજ આવવા દઉ, તેની ખાત્રી રાખજો, ઇશ્વરની એવીજ મરજી છે.

વેલી— ગાયન

હવે મને ભેખ લેવાદો, હરીનું ધાર્યું થવાદો.

પ્રભુગુણુ પ્રેમે ગાવાદો, નશીબનો મેલ જાવાદો
સંસારી જાળ છોડવાદો, મને સંતોષ સીંચાવાદો
પુરવ ભાથુ જમવાદો—હરી૦
ભવરૂપી સાગર છે ખારો, અગાડચો જન્મારો મારો
કરૂ પરભવનો સુધારો, ખુશીથી આજ્ઞા સુજનેદો—હરી૦

માટે પીતાજી ! ખુશી થઈ રજા આપો, બ્હેન તમો પણ રજા અપો. રાજારાયસીંહે કહયું, તારી માતુશ્રી અત્રે આવેલ છે, તેમને અત્રે દરબારમાં બોલાવેલ છે, તે તેઓ આવે તેમની આજ્ઞા પ્રથમ લે. આ પ્રમાણે વાત કરે છે, ત્યાં વેલીની માતુશ્રી (રાજા રાયસીંહની રાણી) દરબારમાં આવી, અને વીણાને રાજ રાણીનો, અને વેલીનો નાચનારીનો પોશાક જોઈ અચંબામાં પડી, રાણી આવી ત્યાં વીણાએ પ્રણામ કર્યા, અને વેલી પણ પ્રણામ કરી ગદગદીત કંઠે, માતુશ્રીને ભેટી પડી.

વેલીનો શોકમય ચહેરો, તથા નાચનારીનો પોશાક જોઇ રાણીએ કહયું, બ્હેન ? તારો આવો સ્વાંગ કેમ ? અને તને આવો જોધપુરના દરબારનો વઇભવ આપ્યો, છતાં ઉદાશી કેમ ? અત્રે કયાંથી ! આનું કારણ કાંઇ સમજાયું નહી,

વેલીએ કહયું, માતાજી ? તમેતો ઘણાએ જોધપુરના દરબારનો વઇભવ આપવા ચાહયો, પણ તે મારા

નશીબનો હોય તો મને મળેને ! તમે વીણાને એક કંગા-
લ કઠીયારો જોઇ વરાવી, પણ તેના નશીબમાં રાજ રાણી,
અને તે પણ આવા જોધપુરના દરબારની રાજ રાણીથવું
લખેલું, તે કેવી રીતે મીથ્યા થાય.

રાણીએ કહ્યું, શું તેણે તારો વઇભવ છીનવી લઇ
તારા આહાલ કર્યા ! વેલીએ કહ્યું, માતાજી ! કોઇનું
કરમ કોઇનાથી છીનવી લેવાતુ નથી. માતાજી ? મારી આ
દશા કરનાર મારૂ ભાગ્ય, અને બીજા ખાસ તમોજ છો.
રાણીએ કહ્યું, શું હું તારૂ બુરૂ કરનાર ? વેલીએ કહ્યું,
હા: જન્મથી મોઢે ચઢાવી ખરી કેળવણી નહી આપી,
અને અભીમાનના પહાડ ઉપર ચઢાવી, તેવીજ આ દશા આવી
તમોએ વીણાને દુ:ખી કરવા મારા પીતાજીને ઉશ્કેરી
અભીમાની બનાવ્યા. અને બાપકર્મી કહેવરાવવાની હઠ
પણ તમેજ લેવડાવી. હું મુરખી અને અજ્ઞાન, કે હું બાપ-
કર્મી કબુલ થઇ, પરંતુ સદ્ કેળવણીથી કેળવાયેલી બ્હેન
વીણાએ એવા અભીમાનનાં વચનો કબુલ નહી કરવા
સાથે પીતાજીને શીખામણ આપી, અને કહ્યું કે આ
અભીમાન તજો, પરંતુ પીતાજી એમજ હઠે ચઢ્યા કે
હુંજ તમોને સુખી કે દુ:ખી કરી શકુછું એજ હુંપદે
મારી આ દશા થઇ, અને નશીબ તળે બ્હેન વીણાની
જીંદગી સુધારી ગઇ.

તમોએ તો જોધપુરનો રાજકુમાર જાણી વરાવી. પણ તે માળી નીકળ્યો, અને મારી આ દશા આવી. વીણા બ્હેનને કંગાલ કઠીયારા સાથે વરાવી છતાં વીણા બ્હેન એકની બે ન થઇ, અને નશીબનાજ આધારે રહી, તો તેના નશીબે અને સદ કેળવણીના પ્રતાપે કઠીઆરાને સાહ્યબીવંત બનાવ્યો, અને છેવટે જોધપુરના રાજકુમાર નીકળ્યા, અને આવા ઉત્તમ વઇભવને પામી ગઇ. માતુશ્રી ? વીશેશમાં એટલુંજ કે તેણે કહેલો અક્ષરે અક્ષર સુધડનાર નર સુખે સુનાર તે સત્ય કરી બતાવ્યો, અને તમારૂ નામ દીપાવ્યું.

રાણીએ કહ્યું, ખરૂં છે બ્હેન ? કહેવત છે કે "ખોદે તે પડે." તેમ તને જોધપુરનો વૈભવ આપવા અને તેને કંગાલ બનાવાનો વિચાર ધાર્યો, પરંતુ ધાર્યું ધુળ મળ્યુ, જોધપુરની રાજગાદીના વૈભવ તેને મળ્યો, અને તું આ દશાને પામી. આ દાખલો દરેક વાંચકવૃંદે લેવાનો છે, કે મારી માફક પોતાનું સુધારી પરનું બગાડવાની મતી કરશે તો પોતાનુ નહી સુધરતાં સામાનુંજ સુધરશે, અને છેવટે મારી માફક પસ્તાવો કરવો પડશે. બ્હેન વીણા ? માબાપના નામને દીપાવાનાર દીકરી વીણા ! મેં તારૂ બગાડવાંમાં બાકી મુકયું નહતું પરંતુ તારૂ બગાડવા જતાં મારૂજ બગડયું, અને તે માડેની માફી આપી આ તારી પાપીણી અપ્પર માતાને કૃતાર્થ કર.

વીણાએ કહયું, માતાજી ? પીતાજી ? એ બાબતમાં માફી આપવા જેવું કંઈજ નહી; કારણ હુતો પ્રથમથીજ કહેતી આવીછું. કે હું તો ઉદ્યોગના ભાઈ ભાગ્યની ભગતાણીછું, અને ભાગ્યથી કરાને જે મળે, તેમાંજ સંતોશીછું; તમે રાજકુમાર જોઇ વરાવા હોત, પરંતુ મારા નશીબમાં દુઃખ હોત તો તમો સુખ શીરીતે કરત; વેલીને ઘણાંએ સુખ કરવા ગયાં, પણ તેના નશીબમાં સંસાર બગાડવો લખેલો તે કયાંથી સુધરે; માટે માતાજી તમારો કાંઇજ દોશ નથી, ભાગ્યમાં લખ્યું હોય, તે બને જવાનું.

વેલીએ કહયું, માતાજી ? મને જોગણ થવાની રજા આપો. આ ભવનો બગાડયો, પણ આવતો ભવ સુધારવા દો, સંસારની મીથ્યા માયા જાળથી મુક્ત થઈ હરીમાં ચીત લગાડવા ધો. જુઠાને છોડીને સાચામાં મન લગાડવા ધો, એક સીદ્ધાંત સ્વામીએ કહયું છે, તે સાંભળો.

વીણા— ગાયન.

જુઠા યહી સંસાર હય છોરદે માયા સભી જુઠા.
અખીર ફના હોનાર હય મોરદે માયા સભી–જુઠા-
કચ્ચી કાયા, જુઠી માયા, સુર્યકી છાયા સમજ
દીલમેં તેરે અહંકાર હય, તોડદે માયા સભી–જુઠા.
જનમ્યા વો જાતે સભી, ખીલ્યા વો ખીર જાય,

ઉદયકા હોના અસ્તહે, કાલ પીંડ કો ખાય-છાર.

માટે માતાજી ? જનમ્યું તે તો જવાનું જ. ખીલ્યું તે તો ખરવાનુંજ, ઉદય તેનો અસ્ત છેજ. કાળ સર્વનો ખાય છે, તો ખુશી થઇ આજ્ઞા આપો, કે જોગણુ થઈ મઠમાં રહી અલખ સંભારૂં, અને પરભવ સુધારૂં.

વીણાએ કહ્યું માતાજી ? તેની એમ ઇચ્છા છે, તો ખુશી થઇ આજ્ઞા આપો, બ્હેન વેલી ? જોધપુરનીજ ભાગોળે મઠ તૈયાર કરાવી આપીશું, ત્યાં રહો અને અલખનીરંજન યાદ કરો; બ્હેન ? તારી એવીજ ઇચ્છા છે, તો પ્રભુ પુર્ણ કરો અને ભવસાગર તરો, માતાજી તમો પણ ખુશી થઈ કબુલ કરો; રાણીએ કહ્યું. બહુ સારૂં; બ્હેન વીણા ! તેની એવીજ ઇચ્છા છે, તો હું ખુશીથી રજા આપું છું.

રાણીની રજા મળતાં વેલી ખુશી થઈ, અને રાજા રાયસીંહ, તથા રાણીને કહ્યું, પીતા માતા ! આજના મંગલ અવસરમાં વીણાનો હાથ રાજકુમારના હાથમાં આપો એટલે ફરીથી વરાવતાં હો તે પ્રમાણે વીણાનો હાથ રાજકુમારના હાથમાં આપો.

રાજા રાયસીંહ તથા રાણીએ વીણા તથા રાજકુમારને પાસે બોલાવી વીણાનો હાથ રાજકઠીઆરાના હાથમાં આપ્યો, અને આશીશ દીધી. રાજા રાણીએ વીણાને આશીશ આપી, ત્યાં વેલીએ કહ્યું, બહેન વીણા ! હું

પણ ઘણીજ ખુશીથી તમાનો હાથ રાજકુમારના હાથમાં સોંપુ છુ, અને એક ટુંક શીક્ષા કહું છું તે ગ્રહણ કરી લેવા મારી વીનંતી છે, વીણાએ કહર્યું. બેહેન ખુશીથી કહો

વેલી— ગાયન

સ્રીના ધર્મ અજબ છે બ્હેની
કહી સંભળાવું આવાર
એક છતાં બની અનેક રૂપે
રીઝવતી ભામની ભરથાર.

ભોજનસમે માતા સરીખુ, હેતતો રાખે
દેતી શીખામણ ગુરૂ સમી, સાચાં વચન ભાખે
વળી મીત્રના જેવી કહાવે છાની વાતતણો વિશ્રામ
આરામ સમયે દાસી પેઠે કરતી પુરણ સેવા કામ
સુખ દુ:ખમાં સમાન રહેતી
સાથી શરીરની ભાગીદાર—એક છતાં૦

---

વીણાએ કહર્યું, બ્હેન વેલી ! તારી અજબ શીખા હું કદાપીકાળે નહી વીસરૂ. બ્હેન! માતા પીતા! આ-જના મંગલીક સમયે મહેલમાં ચાલો, ત્યાં સાથે બેશી ભોજન કરીએ, અને ઇશ્વરે આવો માંગળીક સમય બતા-વ્યો, માટે તે નોધારના આધાર દીનાનાથનું છેવટનું સ્મ-રણ કરી લઇએ.

સવે— સ્તુતી.

સુખકર દુઃખહર જગધર જનપર રેહેમ નજર કરીદે,
રાણી—અભીમાને આ દુઃખ હું પામી, દોષ સર્વ હરી લે;
સર્વ—કરી સજા એની જોઇ કજા, આવુકૃત્ય કરે ન કોઇ જરીએ;
વેલી-છો સત્ય સહાયક દેવ તમારૂ સ્તવન ચિત્ત ધરીએ
વેલી-પરને નાંખવાને જેહ કુપતો ઘડે
પસ્તાય પારાવાર જ્યારે આપ જઇ પડે.
સર્વ—દેખી આ દ્રષ્ટાંત ઉર ન્હીક ધારજો
છે પસ્તાવો પાછળેથી ઉર વીચારજો,

સમાપ્ત

# વાંચવા લાયક પુસ્તકો.

**પૈસા કેમ કમાવા ?**—થોડી મુડીમાંથી લક્ષાધિપતિ કેમ થવાય તેની સંપૂર્ણ સમજણ આ પુસ્તકમાં છે, કીં. ૧–૮–૦ રૂ. આ.

નઝીર ૧–૦

કુંવર પ્રકાશ ૨–૦

સ્વામી દયાનંદ સરસ્વતિ ૨–૦

૨૦૦વર્ષનું પંચાગ—વ્યાપારીઓ અને ધંધાદારીઓને અતિ ઉપયોગી છે. કીં. કાચા પુંઠાના રૂ ૩ અને પાકા પુંઠાના રૂ ૩ાા

ભારતીય સામ્રાજ્ય ૨–૮

અમૃતાનંદ ભક્તિરસથી ભરપુર આખ્યાનનો સંગ્રહ ૩–૦

મનુસ્મૃતિ ૩–૮

સાહિત્યદર્શન ૧–૧૨

સમાજ ૧–૦

પ્રભાત ૧–૮

બાદશાહી કથા કુંજ ૧–૦

## ઘેર બેઠાં અંગ્રેજી શીખવાના પુસ્તકો.

અંગ્રેજી અભ્યાસ—ગુજરાતી ઈંગ્રેજી અને ઈંગ્રેજી ગુજરાતી વાકયો વ્યાકરણના નિયમો, હંમેશાં વપરાતા પુષ્કળ શબ્દોનો ભંડાર, કાગળ ચીઠ્ઠી, તારના નમુના, વિગેરે બાબત શીખવાનું અને બીજી અનેક બાબતો શીખવાનું સાધન કી. ૧–૮

અંબાલાલ સાકરલાલ કૃત મોટી ઈંગ્લીશ ગુજરાતી ડીક્ષનેરી ૭–૦

મોટી પોકેટ ઈંગ્લીશ ગુજરાતી ડીક્ષનેરી પૃષ્ઠ ૧૧૪. ૨–૮

,, પોકેટ ગુજરાતી ઈંગ્લીશ ડીક્ષનેરી પૃષ્ઠ ૧૨૧૮ ૨–૮

નાની ઈં. ગુ. ડીક્ષનેરી ૧–૦

વિચાર સાગર ૫–૦

સુન્દરી સીતા ૨–૮

રાજપુત કથા કુંજ ૧–૮

શાંતિ નિકેતન ૨–૪

ગુપ્ત લક્ષ્મી ૧–૯

રાજા છત્રસાલ ૨–૪

અનુપકુમારી ૨–૦

લંકાની સુંદરી ૪–૦

શ્રીમાન વિજયા ૨–૦

સાહિત્ય જ્ઞાન ભાગ ૧૦. દરેક ૧–૧૨

મનોરંજનના પ્રસુતા ૪–૯

મેનકા ૧–૮

બુધ્ધના રત્નપુતો ૩–૦

સુબોધ રત્નમાળા ૨–૮

ગુજરાતનો ટેલીમાહ ગુક ૨–૮


સેનાપતી તે રયુ ૨–૮

માયાની મોહની ૪–૦

| પુસ્તકો. | રૂ. આ. |
|---|---|
| કુમળું વ્હાણું | ૪–૦ |
| આસા મધર હસ્રો | ૧–૪ |
| મહાત્માજીના ખાનગીપત્રો | ૦–૬ |
| પારસમણી (પારસસંગ્રહ) | ૩–૦ |
| રણછોડલાલનું જીવન ચરિત્ર | ૬–૦ |
| સંસાર | ૧–૮ |
| આદર્શ ગૃહસ્થ [ જાપાનીસ જાસુસ] | ૨–૪ |
| બ્રહ્મ કર્મ | ૧–૪ |
| દ્વિજ કર્મ | ૦–૨ |
| વેદાન્ત સમુચ્ચય | ૨–૮ |
| સદાચાર સમુચ્ચય | ૨–૮ |
| સ્તોત્રસમુચ્ચય | ૦–૬ |
| ચારિત્ર મણિકાન્ત મોટું | ૪–૦ |
| અમર ચરિત્ર ચાર ભાગ દરેક ભાગના | ૩–૮ |
| આપણો ધર્મ | ૪–૦ |
| રાષ્ટ્રીય ગીત | ૧–૦ |
| હિન્દ સ્વરાજ | ૮–૪ |
| રાષ્ટ્ર કીર્તન | ૦–૩ |
| સ્વદેશ ગીત | ૦–૧૨ |
| સોર્ટ સેન્ટેન્સીઝ | ૦–૪ |
| જ્ઞાન ચિંતામણી | ૨–૮ |
| જાદુઈ ફાનસ | ૦–૮ |
| સુવાસીની સરલા | ૦–૧૨ |
| ઇન્દુ કુમારી | ૧–૮ |
| સુગુણ સુંદરી | ૦–૮ |
| બાપારાવ | ૧–૮ |
| રામકૃષ્ણ પરમહંસ | ૪–૦ |
| વિવેકાનંદ જીવનચરિત્ર | ૩–૪ |
| દક્ષિણનો વાઘ | ૩–૦ |
| કૈલાસ માનસરોવર | ૨–૮ |
| પંચાસરનો જયશીખરી ભાગ૧ | ૩–૦ |
| ,, ,, ૨ જો | ૩–૦ |
| બેકનના નિબંધ | ૬–૬ |
| શારિરીક માનસિક શિક્ષણ | ૦–૬ |
| સંગ્રામ ક્ષેત્ર | ૦–૬ |
| ધર્મ બિંદુ | ૨–૦ |
| નાશીક (પંચવટી)યાત્રા | ૦–૧૨ |
| વિચિત્ર પ્રેમપંખીણી | ૩–૮ |
| ગુલસાના | ૧–૮ |
| ગુલામી વેપાર ભાગ ૧ લો | ૧–૧૨ |
| ,, ,, ૨ જો | ૧–૧૨ |
| માયાનો બઝાર ભાગ ૧ લો | ૨–૮ |
| ,, ,, ૨ જો | ૦–૮ |
| સચિત્ર વેણુવેલી ૧ લો | ૦–૧૦ |
| ,, ,, ૨ જો | ૦–૧૦ |
| સચિત્ર રાજકહીઆરો | ૧–૪ |
| બેભાગ ભેગા | ૧–૪ |
| સચિત્ર સતિ દ્રૌપદીનોવેલો | ૦–૧૦ |
| ભાગ ૧ લો | ૦–૧૦ |
| ,, ૨ જો | ૦–૧૦ |

સુખે સુવે સંસારમાં, ભાગ્યવંત કુંભાર,
ચીન્તા બાંધી ચાકડે, ધન્ય ધન્ય અવતાર.

૬



ધન્યવાદ દમનારને, ખરે [illegible] કુંભાર,
જે ધરનાર સુખસથી, તે સુખમાં સુનાર

રણછોડલાલ મોતીલાલ બુકસેલર.

કીમત રૂ. ૦-૧-૦